# દૈનિક મુંબઈ સમાચાર

૨૦૩ વર્ષ

R.N.I. No. 1563/1957 ★

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપના: ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તક: ૨૦૩ ■ Volume 67 ■ Issue 237 ■ વિક્રમ સંવત ૨૦૮૦

■ આશ્વિન સુદ - ૩ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 5 October 2024, Saturday ■ REGD.No. MCS/058/2024-26

શનિવાર, ૫ ઑક્ટોબર ૨૦૨૪, કિંમત ₹ ૧૦.૦૦ | વીકએન્ડ પૂર્તિ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u





# ૧૦ વર્ષમાં ૭૫ હજાર જેટલી મેડિકલ સીટો વધારવામાં આવશેઃ અમિત શાહ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ આરોગ્ય સેવાઓ સાથે સાથે તેમણે મેડિકલ કોલેજો પણ ચાલુ કરી છે. મેડિકલની સીટો માત્ર નથી વધારી, પરંતુ સંપૂર્ણ આરોગ્ય સેવા વિના મૂલ્ય મળી રહે તે પ્રકારની હૉસ્પિટલનું નિર્માણ કરવામાં આવી રહ્યું છે. આગામી ૧૦ વર્ષમાં ૭૫ હજાર જેટલી મેડિકલ સીટો વધારવામાં આવશે. તેની સાથે પી.એચ.સી., સી.એસ.સી. અપગ્રેડેશન પણ કરવામાં આવી રહ્યું છે. નાગરિકોને દવાઓ સસ્તી મળી રહે તે માટે જેનરિક ઔષધી સેન્ટરોનું નિર્માણ કરવામાં આવ્યું છે. એવું કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહે જણાવ્યું હતું.

અમદાવાદ નજીક અડાલજ ખાતે હીરામણિ આરોગ્યધામનું ઉદ્ઘાટન કરતાં તેમણે વધુમાં જણાવ્યું હતું કે, દેશના વડા પ્રધાન નરેન્દ્રભાઇ મોદીએ ૩૭ યોજનાઓના એક આરોગ્ય રક્ષા ચક્રથી દેશના ૧૪૦ કરોડ નાગરિકોના આરોગ્યની ચિંતા કરી છે. એક રાજનેતા સંવેદનશીલતા સાથે અને દીર્ઘદ્રષ્ટિથી પોતાનું કાર્ય કેવી રીતે કરે છે, તેનું ઉમદા દ્રષ્ટાંત વડા પ્રધાનશ્રીએ પૂરું પાડ્યું છે.

કેન્દ્રીય પ્રધાને વધુમાં ઉમેર્યું હતું કે, ફાસ્ટ જીવન અને પ્રદૂષણયુક્ત વાતાવરણ સાથે જમીન પ્રદૂષિત થવાથી પાણી પણ દૂષિત થયું છે. તેની અસર માનવ શરીર ઉપર થઈ રહી છે. એવા રોગો કે જેને લાંબા સમય સુધી સાતત્યપૂર્ણ આરોગ્ય સેવાની જરૂર હોય છે. તેવી આરોગ્ય સેવાઓ સામાન્ય નાગરિકો અને ગરીબોને ખૂબ મોંઘી પડે છે. નરહરીભાઈ અમીનના ઉમદા ભાવના કારણે તેમના માતા પિતાની સ્મૃતિમાં આ હીરામણિ આરોગ્યધામનું નિર્માણ થયું છે. તમામ આરોગ્ય સેવાઓને ધ્યાનમાં રાખી હીરામણિ આરોગ્યધામનું નિર્માણ કરવામાં આવ્યું છે.

તેમણે એવો દાવો કર્યો હતો કે, આઝાદીના ૭૦ વર્ષ સુધી જનસુખાકારીના ક્ષેત્રમાં આરોગ્ય ક્ષેત્રના અનેક પાસાઓને આવરી લેવામાં આવ્યા નહિ. દેશના વડા પ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ બારીકાઈથી અભ્યાસ કરી હોલિસ્ટિક એપ્રોચ સાથે દેશના નાગરિકો માટે આરોગ્ય સેવાઓ સુદ્રઢ બનાવી છે. તેમણે સ્વચ્છતા અભિયાન શરૂ કરી ૨૦ જેટલા સામાન્ય રોગો દૂર કર્યા છે. દરેક ઘરને શુદ્ધ પીવાનું પાણી આપીને નાના મોટા રોગો દૂર કર્યા છે. ઘરે ઘરે શૌચાલય બનાવીને પણ રોગોને દૂર કરવાનો ઉમદા પ્રયત્ન કર્યો છે. નાગરિકો આરોગ્ય પ્રત્યે જાગૃત બને તે માટે યોગને પ્રાધાન્ય આપ્યું છે. ગરીબ અને સામાન્ય પરિવારના ૬૦ કરોડ લોકોને રૂ.પાંચ લાખ સુધીની આરોગ્ય સેવાના કવચ માટે આયુષ્યમાન કાર્ડનું રક્ષણ આપ્યું છે. આ પ્રસંગે રાજ્યના મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે, ગુજરાતમાં મેડિકલ કૉલેજોની સીટો બમણી થઈ છે, ૨૦૧૪માં ગુજરાતમાં મેડિકલ કૉલેજ ૧૪ હતી, જે આજે ૪૦ થઈ છે. આદિજાતિ વિસ્તારમાં પણ મેડિકલ કૉલેજ શરૂ થઈ છે.

આ પ્રસંગે હીરામણિ આરોગ્યધામના મેનેજિંગ ટ્રસ્ટી ડો.વરુણ અમીન, રાજ્યસભાના સાંસદ નરહરિભાઇ અમીન, પરિમલ નથવાણી સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. દરમિયાન ગાંધીનગરના કુડાસણ ખાતે રૂ.૧૭ કરોડના ખર્ચે તૈયાર થયેલા આંતરરાષ્ટ્રીય કક્ષાના 'ગૌરવપથ'ને અમિત શાહે ગાંધીનગર-વાસીઓ માટે ખુલ્લો મૂક્યો હતો.

# સ્ટેચ્યૂ ઓફ યુનિટી ખાતે નવરાત્રિનું રાષ્ટ્રીય એકતા માટે ગરબાની થીમ પર આયોજન

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ:સ્ટેચ્યૂ ઓફ યુનિટી ખાતે શક્તિ પર્વ શુભ નવરાત્રીનું રાષ્ટ્રીય એકતા માટે ગરબાની થીમ પર તા. ૫ અને ૬ ઓકટોબર ૨૦૨૪ ના રોજ રાત્રે ૮ થી ૧૨ દરમ્યાન નર્મદા ડેમ વ્યુ પોઇન્ટ - ૧ ખાતે આયોજન કરવામાં આવ્યું છે, સમગ્ર આયોજન ગુજરાત પ્રવાસન વિભાગ અને સ્ટેચ્યૂ ઓફ યુનિટીના સંયુકત ઉપક્રમે આયોજન કરવામાં આવ્યુ છે. નવરાત્રી દરમ્યાન એકતા નગર ખાતે પ્રવાસે આવતા પ્રવાસીઓ અને એકતાનગરવાસીઓ અને અત્રે ફરજ બજાવતા કર્મયોગીઓ માટે ગુજરાત પ્રવાસન વિભાગ અને સ્ટેચ્યૂ ઓફ યુનિટીના સંયુકત ઉપક્રમે શક્તિ પર્વ શુભ નવરાત્રીનું રાષ્ટ્રીય એકતા માટે ગરબાની થીમ પર સમગ્ર આયોજન ઘડવામાં આવ્યું છે. એકતા ગરબા મહોત્સવ નર્મદા ડેમ વ્યુ પોઇન્ટ -૧ ખાતે તા. ૫ અને ૬ ઓક્ટોબર ૨૦૨૪ દરમ્યાન રાત્રીના ૮ થી ૧૨ સુધી યોજાશે. આ અંગે માહિતી આપતા સ્ટેચ્યૂ ઓફ યુનિટીના અધિક કલેકટર નારાયણ માધુ અને ગોપાલ બામણીયાએ જણાવ્યું હતું કે, સ્ટેચ્યૂ ઓફ યૂનિટી આજે વૈશ્વિક પ્રવાસન સ્થળ બન્યું છે, અહિંયા તહેવારો દરમ્યાન અનેક કાર્યક્રમોના આયોજન કરવામાં આવે છે, તે જ ઉપક્રમમાં સ્ટેચ્યૂ ઓફ યુનિટી ખાતે ગુજરાત પ્રવાસન વિભાગ અને સ્ટેચ્યૂ ઓફ યુનિટીના સંયુકત ઉપક્રમે એકતા માટે ગરબાની થીમ પર એકતા ગરબા મહોત્સવનું આયોજન કરવામાં આવ્યુ છે, જેમાં તમામ લોકો નિઃશુલ્ક ધોરણે ભાગ લઇ શકે તેવી સુંદર વ્યવસ્થા કરવામાં આવી છે.

# અલગ સહકાર મંત્રાલયની રચનાના વડા પ્રધાનના નિર્ણયની ઈતિહાસમાં નોંધ લેવાશેઃ અમિત શાહ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સહકાર વિભાગના અલગ મંત્રાલયની રચના વડા પ્રધાન મોદીના સૌથી મહત્ત્વપૂર્ણ નિર્ણયોમાંના એક તરીકે ઇતિહાસમાં નોંધાશે. સમગ્ર ભારતમાં સહકારી સંસ્થાઓનો ''સપ્રમાણ વિકાસ'' સુનિશ્ચિત થયો છે એવું કેન્દ્રીય ગૃહ અને સહકારિતા પ્રધાન અમિત શાહે જણાવ્યું હતું.

ગાંધીનગરના મહાત્મા મંદિર કન્વેન્શન સેન્ટર ખાતે સંસ્થાની શતાબ્દી નિમિત્તે યોજાયેલા કાર્યક્રમમાં બેંક અને અન્ય સહકારી સંસ્થાઓ સાથે સંકળાયેલા લોકોને સંબોધિન કરતા તેમણે કહ્યું હતું કે, અમદાવાદ ડિસ્ટ્રિક્ટ કો-ઓપરેટિવ (એડીસી) બૅન્કના મેનેજમેન્ટને જિલ્લામાં આરોગ્ય, પોષણ અને શિક્ષણ સંબંધિત સેવાઓ પૂરી પાડવાની જવાબદારી ઉપાડી લેવી જોઇએ. ભૂતકાળમાં બૅન્કના ચેરમેન તરીકે ફરજ બજાવતા શાહે અધિકારીઓને આ પાસાઓ પર વિગતવાર પ્રોજેક્ટ તૈયાર કરવા અને અન્ય સહકારી સંસ્થાઓની મદદથી જમીની સ્તર પર તેનો અમલ કરવાનો પ્રયાસ કરવા પણ તેમણે જણાવ્યું હતું.

એડીસી બૅન્કે અન્ય સહકારી સંસ્થાઓની મદદથી અમદાવાદ જિલ્લામાં આરોગ્ય, પોષણ અને શિક્ષણ સંબંધિત સેવાઓ પૂરી પાડવાની જવાબદારી ઉપાડવી જોઈએ અને કેન્દ્ર અને રાજ્ય સરકારોને જવાબદારીમાંથી મુક્ત કરવી જોઈએ એવું જણાવીને તેમણે વધુમાં ઉમેર્યું હતું કે, બેંકે આ ત્રણ પાસાઓ પર વિગતવાર પ્રોજેક્ટ તૈયાર કરવો જોઈએ અને અન્ય સહકારી સંસ્થાઓની મદદથી તેને જમીની સ્તર પર અમલમાં મૂકવાનો પ્રયાસ કરવો જોઈએ, આ માટે તેમણે મદદની ખાતરી આપી હતી.

તેમણે જણાવ્યું એવું પણ કહ્યું હતું કે એડીસી બૅન્ક રૂ. ૧૦૦ કરોડના વાર્ષિક નફા અને શૂન્ય નોન-પર્ફોર્મિંગ એસેટ સાથે ''ભારતની સૌથી મજબૂત જિલ્લા સહકારી બૅન્ક'' તરીકે ઉભરી આવી છે. સહકાર વિભાગમાં અલગ મંત્રાલયના અભાવે અસમાન વૃદ્ધિનો અનુભવ કર્યો હતો. લોકો એક અલગ મંત્રાલયની માગ કરી રહ્યા હતા. કારણ કે કૃષિ મંત્રાલયના સંયુક્ત સચિવ ૭૦ લાંબા વર્ષોથી આ વિશાળ ક્ષેત્રની બાબતોને સંભાળી રહ્યા હતા. તે વડા પ્રધાન મોદીએ જ આપ્યું હતું. એક અલગ મંત્રાલય બનાવીને સહકારી ચળવળને જીવનનો નવો પટારો ખોલ્યો છે, એવું જણાવીને તેમણે વધુમાં ઉમેર્યું હતું કે, ભારત જેવા વિશાળ દેશ માટે આર્થિક વિકાસ એ વિકાસનું એકમાત્ર માપદંડ ન હોઈ શકે. માત્ર આર્થિક વિકાસ હાંસલ કરીને દેશ પ્રગતિ કરી શકતો નથી. હું દ્રઢપણે માનું છું કે સહકારી ચળવળ ૧૩૦ કરોડ લોકોનું કલ્યાણ સુનિશ્ચિત કરી શકે છે. આ ચળવળ ૧૨૦ વર્ષ પહેલાં જ્યારે શરૂ થઈ હતી ત્યારે તે આજે વધુ સુસંગત છે.

આ અંગે તેમણે એક ઉદાહરણ ટાંકતા જણાવ્યું હતું કે, અમૂલ, જેનું વાર્ષિક ટર્નઓવર રૂ. ૬૦,૦૦૦ કરોડ છે, તે ગુજરાતમાં લગભગ ૩૫ લાખ મહિલાઓને રોજગાર પ્રદાન કરે છે, અને તેમાંથી કેટલીક સંસ્થાને દૂધ સપ્લાય કરીને લાખો રૂપિયા કમાય છે.

# ભુજની પાલારા જેલમાંથી બે બિનવારસ સ્માર્ટફોન મળ્યાં

ભુજઃ સતત વિવાદોમાં ઘેરાયેલી રહેતી ભુજની પાલારા ખાસ જેલમાં બંદિવાનો પાસેથી મોબાઇલ ફોન જેવી અનેક પ્રતિબંધિત ચીજ-વસ્તુઓ મળી આવવાના બનાવો સતત સામે આવી રહ્યા છે ત્યારે ફરી એકવાર આ હાઈ સિક્યોરિટી જેલમાંથી અમદાવાદની જડતી સ્ક્વોડને બે બિનવારસુ મોબાઇલ ફોન મળી આવતાં જેલતંત્ર દોડતું થયું છે. શહેરના બી ડિવિઝન પોલીસ મથકે જેલર જડતી સ્ક્વોડના ડી.આર.કરંગીયાએ નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યા મુજબ, ગત બુધવારે રાત્રે હાથ ધરેલી તપાસમાં સર્કલ નંબર ૨ના યાર્ડ નંબર ૧૧ની બૅરેક નંબર ૯ પાસે એક થેલામાંથી બે એન્ડ્રોઇડ સ્માર્ટફોન મળી આવ્યા હતા. બે પૈકીના એક મોબાઈલમાં જીયો કંપનીનો ૫જી સીમકાર્ડ એક્ટિવ હાલતમાં હતો જયારે બીજો મોબાઈલ ચાલુ હતો પણ તેમાં સીમકાર્ડ મળ્યું ન હતું. બંને મોબાઇલ ફોન્સને તપાસ માટે એફએસએલમાં મોકલવામાં આવ્યા બાદ વધુ વિગતો સામે આવશે. આ બૅરેકમાં રહેલા કાચા કામના ૧૬ આરોપી અને પાસા અટકાયતી ૩ કેદીઓને મોબાઈલ બાબતે પુચ્છા કરવામાં આવતાં તમામે અજાણતા દર્શાવી હોવાનું બી ડિવિઝન પોલીસ મથકના પી.આઈ વી.બી.પટેલે જણાવ્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે, ભુજના એક આહીર યુવકને હનીટ્રેપમાં ફસાવી તેને આત્મહત્યા કરવા મજબૂર કરનારી ટોળકીના તાર પાલારા જેલમાં રહેલી મનીષા ગોસ્વામી નામની કુખ્યાત મહિલા સાથે જોડાયા હતા અને પોતે જેલમાં રહીને જ પોતાનું નેટવર્ક ચલાવતી હોવાનું પણ તપાસમાં ફલિત થયું હતું. આ જેલની સુરક્ષા વ્યવસ્થાની તપાસ રાજ્યના ગૃહ પ્રધાન હર્ષ સંઘવી અંગત રસ લઈને કરાવે તેવું જાણકારો ઈચ્છી રહ્યા છે.

# ગુજરાત જીએનએફ યુનિ.માં સરકારે માનીતા કુલપતિ નિયુક્ત કર્યાઃ કૉંગ્રેસ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ:નેચરલ ફાર્મિંગ સાયન્સ યુનિ.(જીએનએફએસયુ)ના સ્ટેચ્યુટમાં ફેરફાર કરીને રાજ્ય સરકારે માનીતા કુલપતિ નિયુક્ત કર્યા હોવાના આક્ષેપ સાથે કૉંગ્રેસે આ નિયુક્તિ રદ કરવાની માંગણી કરી છે.

ગુજરાત પ્રદેશ કૉંગ્રેસના પ્રવકતા મનહર પટેલે જણાવ્યું હતું કે, જીએનએસએફયુના અધિનિયમ ૨૦૧૭ ની જોગવાઈ ૨૪(૪), ૨૫(૧૧), અને ૪૨(૫) મુજબ આ યુનિ.ના નિયમિત કુલપતિની નિમણૂક માટેના સ્ટેચ્યુટ ઘડાયેલા નથી એ બહાના નીચે સંચાલક મંડળે એક સરક્યુલેશન એપેન્ડીક્ષ-એ મુજબ કુલપતિની નિમણૂક અંગે અધિનિયમ મુજબ ઘડવામા આવેલા સ્ટેચ્યુટને બહાલી આપી છે. આમ રાજય સરકારે મન મરજીના નવા ધોરણો નક્કી કર્યા અને લાયકાત ન ધરાવતા અરજદાર માટે કુલપતિની નિમણુક સુરક્ષિત કરી છે.

જીએનએસએફયુના સ્ટેચ્યૂટ ઘડાયા નથી અને બીજા કોઈપણ સ્ટેચ્યૂટ ઘડવામાં આવેલા નથી એવા કારણ દર્શાવીને સ્ટેચ્યુટમા ફેરફાર કર્યા છે, પરંતુ રાજ્ય સરકાર પોતાની મૂર્ખતા ત્યાં બહાર કાઢે છે કે જીએનએસએફયુની સ્થાપના અને કાર્યાન્વિત યુનિ. સ્ટેચ્યૂટ કે બંધારણ વગર થઈ ગઈ હતી? રાજ્ય સરકારે યુનિ ના કુલપતિ માટે લાયકાત ધરાવતા અનેક અરજદારોને અવગણી પોતાની પસંદગીના અરજદારને કુલપતિ તરીકે નિયુક્ત કર્યા છે. ડો સી.કે. ટીંબડીયા જ્યારે ઇન્ચાર્જ કુલપતિ હતા ત્યારે પોતાની જગ્યા સુરક્ષિત કરવા ૧૧.૦૫.૨૦૨૩ રોજ રાજ્ય સરકારને કુલપતિની નિમણૂકના ધોરણો બદલવાની રજૂઆત અને દરખાસ્ત મૂકી હતી. અને રાજભવને તેને સ્વીકારી હતી.

સ્ટેચ્યૂમાં ફેરફાર બાદ લાયકાત ન ધરાવતા ડૉ. સી કે ટીંબડીયા નામના પહોંચેલા અરજદાર કુલપતિ બની ગયા છે અને સક્ષમ અરજદારો પોતાની લાયકાત ધરાવતા હોવા છતાં આ નિયુક્તિથી વંચિત રહ્યા છે, આમ ભાજપા સરકારે રાજ્યને સંદેશો આપ્યો કે સરકારની મેલી મુરાદ તમારી સાથે હોય તો લાયકાત વગર પણ કોઈપણ યુનિના કુલપતિ બની શકે છે.

લાયકાત ન ધરાવતા ડૉ. સી કે ટીંબડીયાને કુલપતિ પદેથી વહેલી તકે હટાવવામા આવે એવી માગણી તેમણે કરી હતી.

# સોમનાથમાં બુલડોઝર કાર્યવાહી મામલે સુપ્રીમ કોર્ટે રાજ્ય સરકારનો ઊધડો લીધો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સોમનાથમાં તાજેતરમાં થયેલી મેગા ડિમોલિશનની કાર્યવાહી દરમિયાન મંદિર આસપાસની ૧૦૨ એકર જમીનને ખુલ્લી કરવામાં આવી હતી. જેમા સર્વે નંબર ૧૮૫૧ અને ૧૮૫૨ અંતર્ગત આવતી જગ્યાને દબાણ મુક્ત કરાઈ હતી. આ દરમિયાન ૯ ધાર્મિક દબાણો અને અન્ય ૪૫ દબાણો તોડી પાડવામાં આવ્યા હતા. આ બુલડોઝરની કાર્યવાહી સામે મુસ્લિમ સમાજ તરફથી સમસ્ત પટણી મુસ્લિમ જમાત દ્વારા સુપ્રીમ કોર્ટમાં કન્ટેમ્પ્ટ પિટિશન દાખલ કરવામાં આવી હતી.

આ મામલે શુક્રવારે જસ્ટિસ બીઆર ગવઈ અને જસ્ટિસ કેવી વિશ્વનાથનની બેન્ચે સુપ્રીમ કોર્ટમાં સુનાવણી હાથ ધરી હતી, સુનાવણી દરમિયાન સુપ્રીમ કોર્ટે એમ પણ કહ્યું હતું કે, જો બુલડોઝર કાર્યવાહી અયોગ્ય રીતે કરેલી જણાશે અને અમારા આદેશની અવમાનના કરાઈ હશે તો અમે તેને પૂનઃ સ્થાપિત કરવાનો આદેશ આપીશુ અને જવાબદાર અધિકારીઓને પણ જેલમાં મોકલીશુ. સુપ્રીમ કોર્ટે સોમનાથના જિલ્લા કલેક્ટર અને અન્ય અધિકારીઓને નોટિસ ફટકારી જવાબ માંગ્યો હતો. આ સાથે જ ગુજરાત સરકારને જવાબ દાખલ કરવા માટે કહેવામાં આવ્યું હતું. હવે આ કેસની આગામી સુનાવણી ૧૬ ઓક્ટોબરે થશે.

અરજીમાં સમગ્ર પટણી મુસ્લિમ જમાતે સુપ્રીમ કોર્ટના ૧૭ સપ્ટેમ્બરના આદેશના ઉલ્લંઘન સામે કાર્યવાહી કરવાની માગ કરી હતી. સોમનાથ મંદિરથી ૩૪૦ મીટર દૂર ઘરો અને દરગાહ બનાવવામાં આવી હતી, પટણી મુસ્લિમ જમાતના વકીલ સંજય હેગડેએ સુપ્રીમ કોર્ટમાં જણાવ્યું હતું કે સુપ્રીમના આદેશ છતાં ગુજરાતમાં અધિકારીઓએ બુલડોઝરની કાર્યવાહી કરી હતી. અહીં ૫૭ એકર વિસ્તારમાં આવેલી લગભગ ૫ દરગાહ, ૧૦ મસ્જિદ અને મુસ્લિમ સમુદાયનાં ૪૫ ઘરો પર બુલડોઝરનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

એડવોકેટ સંજય હેગડેએ કહ્યું હતું કે, આ મામલો ૧૯૦૩માં બનેલી દરગાહ, કબરો અને ઘરો સાથે સંબંધિત છે. આપવામાં આવેલી નોટિસમાં પણ બુલડોઝરની કાર્યવાહીનો કોઈ ઉલ્લેખ નથી.આ કાર્યવાહી સુપ્રીમ કોર્ટના આદેશ વિરુદ્ધ છે, કોર્ટની પરવાનગી વગર કોઈ કાર્યવાહી ન કરવી જોઈએ. ગુણધર્મો કોઈપણ અપવાદ હેઠળ આવતા નથી.

ગુજરાત સરકાર તરફથી સુપ્રીમ કોર્ટમાં હાજર રહેલા સોલિસિટર જનરલ તુષાર મહેતાએ જણાવ્યું હતું કે બુલડોઝરની કાર્યવાહી ૧૭ સપ્ટેમ્બરના આદેશ હેઠળ અપવાદ છે. સરકારી જમીન કબજા હેઠળ હતી, જેના પર ૨૦૨૩થી કાર્યવાહી ચાલી રહી છે. સરકારે નોટિસ આપી હતી. દરેકને સાંભળવાની તક આપી હતી. આ તમામ અતિક્રમણો જળાશય એટલે કે દરિયાની નજીક છે.

# ગુજરાતમાં નવરાત્રિ દરમિયાન ૭૩૭ ટીમ તહેનાતઃ શહેર-જિલ્લામાં ૨૦૯ કંટ્રોલરૂમ કાર્યરત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં આ આદ્ય શક્તિના આરાધનાના પર્વ નવલા નોરતાનો પ્રારંભ થઈ ચુક્યો છે, આ દરમિયાન નવરાત્રીના આ તહેવારોમાં નાગરીકોની ખાસ કરીને મહિલાઓની સુરક્ષા અને સલામતી માટે ગુજરાત પોલીસ ૯ દિવસ સુધી ખડે પગે ફરજ બજાવશે. નવરાત્રી દરમ્યાન દરેક મહિલાઓ અને દીકરીઓ સુરક્ષિત રીતે ભયમુક્ત વાતાવરણમાં ગરબા રમીને ઘરે પરત જઈ શકે તે માટે તમામ શહેર-જિલ્લાઓમાં મળીને કુલ ૭૩૭ ટીમ તૈનાત કરવામાં આવી છે. આ શી ટીમ પરંપરાગત પહેરવેશમાં ફરજ બજાવશે.

કોઈ પણ સ્થળે છેડતીના બનાવો ના બને અને દીકરીઓ સુરક્ષિત રીતે ગરબા રમી શકે તે માટે આ ટીમો સતત ચાંપતી નજર રાખશે. આ ઉપરાંત અવાવરું જગ્યાએ સતત પેટ્રોલિંગ પણ કરશે અને ઘરે જવા માટે કોઈ બહેન દીકરીઓને રાત્રે વાહન ન મળે તો ૧૦૦ નંબર અથવા ૧૮૧ નંબર પર ફોન કરવાથી તેઓને મદદ પણ કરવામાં આવશે.

નવરાત્રી પર્વ દરમ્યાન તમામ શહેર-જિલ્લામાં ૨૦૯ જેટલા કંટ્રોલરૂમ કાર્યરત કરવામાં આવ્યા છે. કંટ્રોલરૂમમાંથી સમગ્ર ગતિવીધીઓનું કેમેરા દ્વારા મોનીટરીંગ કરવામાં આવી રહ્યું છે. જેનું ઉચ્ચ પોલીસ અધિકારી કક્ષાએ સતત સુપરવિઝન કરવામાં આવી રહ્યું છે. નવરાત્રી દરમ્યાન તમામ શહેર-જિલ્લા ખાતે ૫,૧૫૨ સીસીટીવી કેમેરા લગાવવામાં આવ્યા છે.

ગરબા રમવા અને જોવા માટે મોટી સંખ્યામાં લોકો આવતા હોય છે જેના કારણે એક જગ્યાએથી બીજી જગ્યાએ સતત અવરજવર રહેતી હોય છે. જેને ધ્યાને લઇ આવા વિસ્તારોમાં સતત પેટ્રોલિંગ કરવામાં આવી રહ્યું છે અને ક્યાંય ટ્રાફિકની સમસ્યા ન સર્જાય તેનું પણ ધ્યાન રાખવામાં આવી રહ્યું છે. શહેર વિસ્તારની સાથે સાથે ગામડાઓમાં યોજાતા ગરબા દરમિયાન વિશેષ તકેદારી રાખવા માટે જીઆરડી જવાનોને પણ તૈનાત કરાયા છે જેથી અંતરિયાળ વિસ્તારોમાં પણ કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહેશે.

# વડોદરા નવરાત્રિ ફેસ્ટિવલમાં ખેલૈયાઓના પ્રવેશ માટે તિલક ફરજિયાત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વડોદરામાં નવલખી મેદાનમાં આયોજિત વડોદરા નવરાત્રિ ફેસ્ટિવલ (વીએનએફ)માં યુવાનોને તિલક કરી પ્રવેશ અપાયો હતો. આ મુદ્દે ડભોઈના ધારાસભ્ય શૈલેષ મહેતાએ પણ કહ્યું કે તિલક વગરનો કોઈપણ યુવાન દેખાય તો તેને ઊંચકીને બહાર કાઢી નાખો. વડોદરા નવરાત્રિ ફેસ્ટિવલમાં હજારોની સંખ્યામાં ખેલૈયાઓ ઝુમી ઊઠ્યા હતા. નવરાત્રિના પ્રથમ દિવસે આવેલા યુવાનોને તિલક બાદ જ પ્રવેશ આપવામાં આવતો હતો. યુવાનોમાં પણ તિલકને લઇને ઉત્સાહ જોવા મળ્યો હતો. આ સાથે ડભોઈના ધારાસભ્ય શૈલેષ મહેતાએ પણ 'નો તિલક નો એન્ટ્રી' બાબતે નિવેદન આપ્યું હતું. તેમણે કહ્યું હતું કે, તિલક વગરનો કોઈપણ યુવાન દેખાય તો તેને ઊંચકીને બહાર મૂકી દો. અહીંયાથી જે નિયમ બન્યો હોય તેને ગુજરાત આખું માન આપતું હોય તો અહીંયા નિયમ બનાવનાર જ ન પાલન કરે તો કેમ ચાલે? ડભોઇમાં પણ તિલક કરી પ્રવેશ આપવામાં આવ્યો હતો.

વડોદરા નવરાત્રિ ફેસ્ટિવલમાં એક પરંપરા રહી છે કે 'નો તિલક નો એન્ટ્રી' એનો હેતું માત્ર એટલો છે કે, હિન્દુ ધર્મની પરંપરા મુજબ તિલકનું એક મહત્ત્વનું સ્થાન છે. આ પરંપરાને જાળવવા માટે ખેલૈયાને ફરજિયાત તિલક કરી પ્રવેશ આપવામા આવે છે.

# વિશ્વનું સૌથી મોટું ફિશ ફેક્ટરી જહાજ અલંગમાં ભંગાવવા માટે આવ્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ભાવનગરનું અલંગ શિપ બ્રેકિંગ માટે સમગ્ર વિશ્વમાં જાણીતું છે, અહીં વિશાળ જહાજ તોડવામાં આવે છે અને વેપારીઓ તેમાંથી અલગ-અલગ વસ્તુઓ બનાવીને વેચતા હોય છે, અલંગમાં વિશ્વનું સૌથી મોટું ફિશ ફેક્ટરી શિપ ભંગાવવા માટે આવી પહોંચ્યું હતું. આ જહાજ વર્ષ ૧૯૮૦માં બનાવવામાં આવ્યું હતું.

મોટર વેસલ દિવો જહાજ સમગ્ર વિશ્વનું સૌથી મોટુ ફિશ ફેક્ટરી શિપ છે. રશિયાના દિવો જહાજનું વજન ૨૬,૧૩૬ મેટ્રિક ટન છે, જ્યારે અલંગના પ્લોટ નંબર ૧૬૯ના માલિકે આ જહાજને ખરીદ્યું હોવાનું જાણવા મળી છે. રશિયાથી આ જહાજ તેની અંતિમ સફર પૂરી કરી અલંગ ખાતે ભંગાવવા આવી પહોંચ્યું હતું.

વર્ષ ૨૦૨૪ના શરૂઆતના ૯ મહિના દરમિયાન કુલ ૭૩ જહાજ અલંગ પહોંચ્યાં છે, અને તેનું કુલ વજન ૫૩૭૭૫૯.૪૯ મે.ટન છે. સપ્ટેમ્બર માસ દરમિયાન અલંગમાં ફક્ત ૬ જહાજ બીચ થયા છે, અને તેનું કુલ વજન ૩૮,૩૮૮ મે.ટન છે.

સપ્ટેમ્બર-૨૦૨૩ દરમિયાન અલંગ ખાતે કુલ ૧૨ શિપ બીચ થયા હતા અને તેનું કુલ વજન ૬૫૪૮૯.૭૮ મેટ્રિક ટન હતું.

# વલસાડ નજીક હિટ એન્ડ રનમાં બે લોકોનાં મોતઃ કારચાલક ફરાર

અમદાવાદઃ વલસાડ નજીક નંદાવલા ગામે હિટ એન્ડ રનની ઘટના બની હતી, જેમાં કાર ચાલક અકસ્માત સર્જી ફરાર થઈ ગયો હતો, આ ગમખ્વાર અકસ્માતમાં બે વ્યકિતના ઘટના સ્થળે જ મોત થયાં હતાં.

વલસાડ રૂરલ પોલીસે ઘટના સ્થળે પહોંચીને વધુ તપાસ હાથ ધરી હતી. પોલીસે મૃતદેહનો કબજો મેળવીને પીએમ અર્થે મોકલી આપ્યા છે, સમગ્ર ઘટનામાં પોલીસે સીસીટીવી પણ તપાસ્યા છે અને આ મામલે વધુ તપાસ માટે આસપાસના ચાર રસ્તાના સીસીટીવી પણ મેળવવામાં આવી રહ્યાં છે.

આ મામલે મળતી વિગતો મુજબ, વલસાડના નેશનલ હાઈવે ૪૮ પર કુંડી અને નંદાવલા ગામ નજીક ફુલ સ્પીડે આવી રહેલા કાર ચાલકે ટુ વ્હીલરને અડફેટે લેતા વાહન પર જઈ રહેલા બન્ને વ્યકિતઓના ઘટના સ્થળે મોત થયા હતા, આસપાસના લોકોએ ૧૦૮ એમ્બ્યુલંસને પણ બોલાવી, પરંતુ સારવાર મળે તે પહેલા બન્ને લોકો મોતને ભેટ્યા હતા.

વલસાડ રૂરલ પોલીસે સમગ્ર ઘટના અંગે પરિવારના સભ્યોને જાણ કરી હતી અને આસપાસના સ્થાનિકોના નિવેદન નોંધ્યા હતા.

# સૌરાષ્ટ્ર-કચ્છ પર મેઘરાજા મહેરબાનઃ સરેરાશ કરતાં ૭૫ ટકા વધુ વરસાદ ખાબક્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાંથી નૈઋત્ય ચોમાસાએ વિદાય લીધી હોવા અંગે હવામાન વિભાગે જાહેરાત કરી હતી, ચાલુ વર્ષે રાજયને ધમરોળનારા મેઘરાજાએ સરેરાશ કરતા ૮ ટકા વધુ વરસાદ વરસાવ્યો હતો, આ વર્ષની ચોમાસાની સિઝનની મહત્ત્વની બાબતો અંગે હવામાન વિભાગે રિપોર્ટ જાહેર કર્યો હતો. તેમાં એમ કહેવાયું હતું કે, ગુજરાતે સિઝન દરમ્યાન ૬૬ દિવસ અતિભારે વરસાદનો અનુભવ કર્યો હતો.

જે દરમિયાન શહેર કે તાલુકામાં ચોવીસ કલાકનો વરસાદ ૨૦૪ મિમી છે, ૮ ઈંચ કરતા વધુ રહ્યો હતો. સમગ્ર ભારતમાં અતિભારે વરસાદના દિવસોની સંખ્યા ૩૦૦ નોંધાઈ છે તે દ્રષ્ટિએ તેમાંથી અતિભારે વરસાદની ૨૦ ટકા ઘટના માત્ર ગુજરાતમાં જ નોંધાઈ હતી. હવામાન વિભાગે સ્પષ્ટ કર્યું હતું કે, અતિભારે વરસાદના દિવસને નહીં પણ ઘટનાઓને ગણતરીમાં લેવાય છે. એક જ દિવસમાં એકથી વધુ ઘટનાઓ પણ બની હતી.

દેશના તમામ સબ ડિવિઝનોમાંથી સૌરાષ્ટ્ર-કચ્છમાં સૌથી વધુ સરેરાશ કરતાં ૭૫ ટકા વરસાદ નોંધાયો હતો. બીજા ક્રમે પશ્ચિમ રાજસ્થાનમાં સરેરાશ કરતાં ૭૨ ટકા તથા પૂર્વ રાજસ્થાન સરેરાશ કરતાં ૪૭ ટકા વધુ વરસાદ સાથે ત્રીજા સ્થાને રહ્યું હતું.

રિપોર્ટમાં એમ દર્શાવાયું છે કે જુલાઈ માસમાં અતિભારે વરસાદની ૧૨ ઘટના બની તે મોટાભાગે સૌરાષ્ટ્રમાં હતી. ઓગસ્ટમાં આવી ૫૦ ઘટના કચ્છ-સૌરાષ્ટ્ર તથા મધ્ય-દક્ષિણ ગુજરાતમાં બની હતી. સપ્ટેમ્બરમાં આવી ચાર ઘટના મધ્ય અને દક્ષિણ ગુજરાતમાં નોંધાઈ હતી. આ ઉપરાંત ગુજરાત સિવાય અતિ ભારે વરસાદના સૌથી વધુ ૩૭ ઘટનાક્રમ મહારાષ્ટ્રમાં તેલંગાણામાં ૨૭ તથા ત્યારબાદ ઊતરપ્રદેશ-કર્ણાટકમાં ૨૧-૨૧ ઘટના બની હતી. ગુજરાતમાં ગત વર્ષે ૨૦૨૩માં અતિભારે વરસાદની ૩૦ ઘટના હતી તે આ વખતે ૬૬ થતા ડબલ કરતાં વધી ગઈ છે.

ગુજરાત હવામાન વિભાગના વડાએ જણાવ્યું હતું કે, અતિભારે વરસાદ વરસવા પાછળ અનેકવિધ કારણો જવાબદાર છે. સરેરાશ કરતાં વધુ વરસાદ ધરાવતા રાજયોમાં ગુજરાત મોખરે છે. આ વર્ષે બંગાળની ખાડી સતત રૌદ્ર સ્વરૂપ પકડતી રહી હતી. લો-પ્રેસરની ૧૪ અને ડિપ્રેસનની ૧૪ સીસ્ટમ બની હતી તે મોટાભાગે ઉત્તર પશ્ચિમ દિશામાં આગળ ધપતા ગુજરાત અને રાજસ્થાન ઝપટે ચડતા રહ્યા છે.

આ વર્ષે ચોમાસું રેખા પણ નોર્મલ કરતાં દક્ષિણ તરફ ઝુકેલી રહી હતી. પરીણામે મધ્ય ભારત ક્ષેત્રમાં પ્રભાવ પડયો હતો. આ દિવસોમાં ગુજરાતના અનેક ભાગોમાં વરસાદી તાંડવ સર્જાયું હતું. જુલાઈમાં દેવભૂમિ દ્વારકા તથા પોરબંદર જળબંબાકાર બનતા હતા. જ્યારે ઓગસ્ટમાં જૂનાગઢ ગીર સોમનાથનો વારો નીકળ્યો હતો સપ્ટેમ્બરમાં વડોદરા, અમદાવાદ તથા સુરત જેવાં શહેરોમાં આ સ્થિતિ સર્જાઈ હતી.

હવામાન નિષ્ણાંતોના જણાવ્યા પ્રમાણે ચોમાસાની સિઝનનો કુલ વરસાદ ગુજરાતમાં સરેરાશથી ૧૩૮ ટકા વધુ છે. કચ્છમાં સરેરાશથી ૧૮૫ ટકા, સૌરાષ્ટ્રમાં ૧૪૮ ટકા.દક્ષિણ ગુજરાતમાં ૧૪૧ ટકા, મધ્ય ગુજરાતમાં ૧૩૩ ટકા તથા ઉત્તર ગુજરાતમાં ૧૧૫ ટકા થયો છે.


દૈનિક મુંબઈ સમાચાર

૨૦૩ વર્ષ

R.N.I. No. 1563/1957 ★

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૩ ■ Volume 67 ■ Issue 237 ■ વિક્રમ સંવત ૨૦૮૦
■ આશ્વિન સુદ - ૩ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 5 October 2024, Saturday ■ REGD.No. MCS/058/2024-26

શનિવાર, ૫ ઑક્ટોબર ૨૦૨૪, કિંમત ₹ ૧૦.૦૦ | વીકએન્ડ પૂર્તિ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u




‘સામાન્ય લોકોનું જીવનધોરણ બહુ સારું થશે’

# દેશના નાગરિકોની માથાદીઠ આવક બમણી થશેઃ નિર્મલા સીતારમણ




નવી દિલ્હીઃ કેન્દ્રનાં નાણાં પ્રધાન નિર્મલા સીતારમણે શુક્રવારે દાવો કર્યો હતો કે દેશના નાગરિકોની સરેરાશ માથાદીઠ આવક આગામી પાંચ વર્ષમાં લગભગ બમણી થઇ જશે.

તેમણે જણાવ્યું હતું કે સરકાર દ્વારા છેલ્લાં દસ વર્ષ દરમિયાન હાથ ધરવામાં આવેલા માળખાકીય સુધારાને લીધે આગામી દાયકામાં દેશના સામાન્ય નાગરિકોનું જીવનધોરણ બહુ જ સારું થઇ જશે.

કેન્દ્રનાં નાણાં પ્રધાને અહીં આયોજિત ‘કૌટિલ્ય આર્થિક સંમેલન’ (ઇકોનોમિક કોન્ક્લેવ)ની ત્રીજી એડિશનને સંબોધતા જણાવ્યું હતું કે દેશના અર્થતંત્રમાં મોટો સુધારો થયો છે અને તેનો ક્રમ સૌથી મોટું અર્થતંત્ર ધરાવતા રાષ્ટ્રમાં દસમા સ્થાનેથી આગળ આવીને પાંચમો થઇ ગયો છે.

તેમણે જણાવ્યું હતું કે આંતરરાષ્ટ્રીય નાણાં ભંડોળ (આઇએમએફ)ના આંકડા મુજબ ભારતના નાગરિકોની સરેરાશ માથાદીઠ આવક ૨,૭૩૦ ડૉલર થતાં ૭૫ વર્ષ લાગ્યા હતા, પરંતુ આગામી પાંચ વર્ષમાં સરેરાશ માથાદીઠ આવકમાં બીજા ૨,૦૦૦ ડૉલરનો ઉમેરો થશે. તેની સાથે ભારતના સામાન્ય લોકોનું જીવનધોરણ બહુ સારું થઇ જશે.

નિર્મલા સીતારમણે જણાવ્યું હતું કે દુનિયામાં જ્યારે અનેક દેશો વચ્ચે યુદ્ધ ચાલી રહ્યું છે, તેવા સંજોગમાં (વિશ્વની ૧૮ ટકા વસતિ ધરાવતા) ભારતના ૧.૪ અબજ નાગરિકોની સરેરાશ માથાદીઠ આવક થોડા વર્ષમાં બમણી થઇ જશે.

તેમણે દાવો કર્યો હતો કે ભારતના ગ્રામીણ વિસ્તારમાં આવકની અસમાનતાનો નિર્દેશાંક (ગિની કોએફિસિયન્ટ) ૦.૨૮૩થી ઘટીને ૦.૨૬૬ થઇ ગયો છે, જ્યારે શહેરી વિસ્તારમાં ૦.૩૬૩થી ઘટીને ૦.૩૧૪ થઇ ગયો છે. આગામી દસ વર્ષ દરમિયાન આ આર્થિક સુધારો ચાલુ રહેવાની આશા છે. (એજન્સી)■




## શુદ્ધ સોનું પહેલી જ વખત ₹ ૭૬,૦૦૦ની નજીક

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મધ્ય પૂર્વના દેશોમાં વધી રહેલા રાજકીય-ભૌગોલિક તણાવને ધ્યાનમાં લેતા આજે લંડન ખાતે સોના અને ચાંદીમાં રોકાણકારોની સલામતી માટેની માગ ખૂલતાં ભાવમાં સુધારાતરફી વલણ રહ્યા બાદ રોકાણકારોની નજર તો આજે મોડી સાંજે જાહેર થનારા અમેરિકાના પૅ રૉલ ડેટા પર હોવાથી ખાસ કરીને સોનામાં વધ્યા મથાળેથી ઘટાડો આવ્યો હતો અને હાજર તથા વાયદામાં ભાવ ટકેલા રહ્યા હતા, જ્યારે ચાંદીમાં ધીમો સુધારો આવ્યો હતો. આમ એકંદરે વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલ સાથે આજે સ્થાનિક ઝવેરી બજારમાં સોનાના ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૩૪૮થી ૩૪૯નો સુધારો આવ્યો હતો, જેમાં શુદ્ધ સોનાના ભાવ રૂ. ૭૬,૦૦૦ની લગોલગ બંધ રહ્યા હતા, જ્યારે ચાંદીના ભાવ કિલોદીઠ રૂ. ૧૫૨૯ વધી આવ્યા હતા. બજારનાં

(જુઓ પાનું ૨) ▶▶

## છત્તીસગઢમાં 30 નક્સલવાદી ઠાર

છત્તીસગઢઃ છત્તીસગઢના બસ્તર વિસ્તારમાં શુક્રવારે પોલીસ અર્ધલશ્કરી દળ અને ડીઆરજીએ હાથ ધરેલી સંયુક્ત કાર્યવાહી દરમિયાન જવાનો સાથેની અથડામણમાં ૩૦ નક્સલવાદી ઠાર મરાયા હતા. જોકે આ આંકડો વધે તેવી શક્યતા હોવાનું તેમણે કહ્યું હતું.

નક્સલવાદ વિરોધી અભિયાન દરમિયાન શુક્રવારે નારાયણપુરા અને વીજાપુર સંયુક્ત દળને આ સફળતા મળી હતી. ઘટનાસ્થળેથી એકે-૪૭, એસએલઆર જેવાં હથિયારો તેમ જ મોટી માત્રામાં વિસ્ફોટકો પણ મળી આવ્યાં હતાં.

(જુઓ પાનું ૨) ▶▶






**યુદ્ધમાં ફરજઃ** લેબેનોનમાં યુદ્ધના વિનાશ વચ્ચે જીવ બચાવવા નાસી રહેલો ફોટોગ્રાફર. (એપી/પીટીઆઇ)

## ઇઝરાયલ પર ફરી હુમલો કરવાની ઇરાનની ચીમકી

તહેરાનઃ ઇરાનના સર્વોચ્ચ નેતાએ પોતાના દેશના લશ્કર દ્વારા તાજેતરમાં ઇઝરાયલ પર કરાયેલા મિસાઇલ હુમલાની શુક્રવારે પ્રશંસા કરીને જણાવ્યું હતું કે જો જરૂર જણાશે, તો ઇરાન ફરી ઇઝરાયલ પર મોટા પાયે મિસાઇલ હુમલા કરશે.

ઇરાનના નેતા આયાતોલ્લાહ અલી ખામેનીએ અંદાજે પાંચ વર્ષ બાદ પહેલી વખત શુક્રવારની નમાજમાં હાજર રહેલા લોકોને સંબોધતા જણાવ્યું

(જુઓ પાનું ૨) ▶▶

પીએમ કિસાન યોજના

## વડા પ્રધાન ₹ ૨૦,૦૦૦ કરોડનો ૧૮મો હપ્તો આજે છૂટો કરશે

### મહારાષ્ટ્રના ખેડૂતોને મળશે વધુ ₹ ૨,૦૦૦ કરોડ

નવી દિલ્હીઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદી શનિવારે પીએમ-કિસાન યોજનાનો રૂ. ૨૦,૦૦૦ કરોડનો ૧૮મો હપ્તો છૂટો કરશે જેને કારણે દેશના ૯.૪ કરોડ કરતાં પણ વધુ ખેડૂતોને લાભ થશે.

મહારાષ્ટ્રના વાશિમ ખાતે યોજાનારા એક સમારોહ દરમિયાન ડિરેક્ટ બૅનિફિટ ટ્રાન્સફર (ડીબીટી) મારફતે આ રકમ છૂટી કરવામાં આવશે, એમ સત્તાવાર બહાર પાડવામાં આવેલા નિવેદનમાં જણાવવામાં આવ્યું હતું. રાજ્યની નમો શેતકરી મહાસન્માન યોજના અંતર્ગત મહારાષ્ટ્રના ખેડૂતોને વધારાના રૂ. ૨,૦૦૦ કરોડ મળશે.

૧૮મા હપ્તાની રકમ છૂટી કરવાની સાથે જ આ યોજના અંતર્ગત અત્યાર સુધીમાં ફાળવવામાં આવેલી રકમનો કુલ

(જુઓ પાનું ૨) ▶▶

## ઇન્કમ ટૅક્સની ફરી આકારણીની ૯૦,૦૦૦ નોટિસ માન્ય રખાઇ

નવી દિલ્હીઃ સર્વોચ્ચ અદાલતે આવકવેરાના જૂના કાયદાની જોગવાઇ હેઠળ મહેસૂલ વિભાગ દ્વારા ૨૦૨૧ની પહેલી એપ્રિલ પછી અપાયેલી ફરી આકારણી (રિએસેસમેન્ટ) માટેની અંદાજે ૯૦,૦૦૦ નોટિસને યોગ્ય ઠેરવીને બહાલી આપતા આવકવેરા વિભાગને મોટી રાહત મળી હતી.

સર્વોચ્ચ અદાલતે અગાઉ વિવિધ વડી અદાલતે આપેલા સંબંધિત અનેક ચુકાદાને રદ કર્યા હતા. આવકવેરા ધારા હેઠળ ફરી આકારણી કરવાની નોટિસ આપવાની સમય-મર્યાદા ૨૦૨૧ના ‘ટૅક્સેશન ઍન્ડ અધર લૉઝ (રિલેક્સેશન ઍન્ડ અમેન્ડમેન્ટ ઑફ સર્ટેન પ્રોવિઝન્સ) એક્ટ (ટીઓએલએ)’ હેઠળ લંબાવવાનો

(જુઓ પાનું ૨) ▶▶






LIKE & FOLLOW: /Mumbaisamachar4u

એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# યુએનએસસીમાં કાયમી સભ્યપદની ભારતની ઈચ્છા નહીં ફળે

**ભારતને** યુનાઈટેડ નેશન્સ સિક્યુરિટી કાઉન્સિલ (યુએનએસસી)માં કાયમી સભ્યપદનો મુદ્દો ફરી ચર્ચામાં છે. એક તરફ યુનાઈટેડ નેશન્સના સંમેલનમાં ભારતે ફરી એક વાર યુનાઈટેડ નેશન્સ સિક્યુરિટી કાઉન્સિલ (યુએનએસસી)માં પોતાને કાયમી સભ્યપદ આપવાનો મુદ્દો ઉગ્રતાથી ઉઠાવ્યો તો બીજી તરફ સોશિયલ મીડિયામાં એક પોસ્ટ વાઇરલ થઈ રહી છે. આ પોસ્ટમાં દાવો કરવામાં આવી રહ્યો છે કે, ભારત વીટો પાવર સાથે યુએનએસસીનું કાયમી સભ્ય બની ગયું છે. યુએનએસસીમાં અગાઉ માત્ર પાંચ દેશો પાસે વીટો વાપર સાથે કાયમી સભ્યપદનો આ દરજ્જો હતો પણ હવે છ દેશો પાસે વીટો પાવર સાથે કાયમી સભ્યપદ છે.

વોટ્સએપમાં ફોરવર્ડ કરાતા મેસેજ બહાર જેમની દુનિયા નથી એવા અબૂધ ને ગમાર લોકો આ પોસ્ટને વાઇરલ કરી રહ્યા છે તેથી યુનાઈટેડ નેશન્સમાં ભારતને કાયમી સભ્યપદ મળ્યું હોય કે ના મળ્યું હોય પણ વોટ્સએપ પર તો મળી જ ગયું છે. જે લોકો આ પોસ્ટને વાઇરલ કરી રહ્યા છે એ લોકોમાં એટલી અક્કલ પણ નથી કે કમ સે કમ યુનાઈટેડ નેશન્સની વેબસાઈટ પર જઈને ચકાસણી કરી લે. એટલી બુદ્ધિ ના ચાલે તો કોઈ પણ ન્યુઝ વેબસાઈટ પર જઈને તપાસ કરે તો પણ ભારત વીટો પાવર સાથે યુએનએસસીનું કાયમી સભ્ય બની ગયું છે કે નહીં તેની ખબર પડી જાય પણ આ દેશની બહુમતી પ્રજાએ અજ્ઞાનીઓ દ્વારા ફેલાવાતી વાતોને જ જ્ઞાન માનવાનો નિર્ધાર કરી લીધો છે તેથી આવા મેસેજ વાઇરલ થયા કરે છે.

ખેર, કહેવાની જરૂર જ નથી કે સોશિયલ મીડિયા પર વાઇરલ થઈ રહેલી પોસ્ટને લઈને કરવામાં આવેલો દાવો ખોટો છે. ભારત વીટો પાવર સાથે યુએનએસસીનું કાયમી સભ્ય બની જાય એ સમાચાર એટલા મોટા છે કે દિવસો લગી મીડિયામાં તેને લગતા સમાચારો આવ્યા કરે અને દિવસો લગી તેની ચર્ચા પણ ચાલ્યા કરે. મીડિયામાં અત્યારે એવું કશું નથી કેમ કે ભારતને હજુ પણ યુએનએસસીમાં કાયમી સભ્યપદ નથી મળ્યું કે વીટો પાવર પણ મળ્યો નથી. ભારતને વીટો પાવર સાથે યુએનએસસીમાં કાયમી સભ્યપદ મળી ગયું હોત તો આખા દેશમાં જશ્નનો માહોલ હોત ને તેનો જશ ખાટવા માટે શું શું થઈ ગયું હોત એ પણ કહેવાની જરૂર નથી.

જે લોકો આ દાવાને સાચો માની બેઠાં છે તેમણે એક વાત સમજવાની જરૂર છે. ભારતની સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદ (યુએનએસસી)માં કાયમી સભ્યપદની માગ બહુ જૂની છે પણ આ માગ કદાચ ક્યારેય પૂરી નહીં થાય ને તેનું કારણ ચીન છે. યુએનએસસીના વર્તમાન પાંચ કાયમી સભ્યોમાંથી અમેરિકા, ઈંગ્લેન્ડ, રશિયા અને ફ્રાન્સે વારંવાર પુનરોચ્ચાર કર્યો છે કે તેઓ યુએનએસસીમાં કાયમ સભ્યપદના ભારતના દાવાની તરફેણમાં છે પણ ચીન એકમાત્ર એવો દેશ છે જે ભારતની તરફેણમાં નથી ને કોઈ કાળે ભારતની તરફેણમાં નહીં થાય.

આ વાત સમજવા માટે યુએનએસસીનું માળખું ને કાયમી સભ્યપદ માટે શું કરવું પડે એ સમજવું જરૂરી છે. યુનાઈટેડ નેશન્સ સિક્યુરિટી કાઉન્સિલમાં કુલ ૧૫ સભ્યો છે. યુનાઈટેડ નેશન્સના નિયમ પ્રમાણે બહુમતી સભ્યો ઠરાવની તરફેણમાં મત આપે તો ઠરાવ પસાર થાય પણ સાથે સાથે નિયમ છે કે સિક્યુરિટી કાઉન્સિલના પાંચ કાયમી સભ્યોમાંથી કોઈ વીટો વાપરે તો પણ ઠરાવ પસાર ના થાય.

અમેરિકા, રશિયા, ચીન, ઈંગ્લેન્ડ અને ફ્રાન્સ એ પાંચ સભ્યો પાસે વીટો પાવર છે. આ પાંચમાંથી કોઈ પણ સભ્યને વાંધો પડે તો યુનાઈટેડ નેશન્સની કોઈ પણ દરખાસ્તનું પડીકું થઈ જાય. યુનાઈટેડ નેશન્સમાં અસલી પાવર વીટો પાવરવાળા ૫ સભ્ય દેશો પાસે છે ને બાકીના ૧૦ તો ઉચકૂચિયા છે. આ ઉચકૂચિયા ૧૦ સભ્યો બદલાયા કરે છે જ્યારે અમેરિકા, રશિયા, ચીન, ઈંગ્લેન્ડ અને ફ્રાન્સ એ પાંચ સભ્યો કાયમી છે ને તેમનું રાજ ચાલે છે. યુએનએસસીમાં કાયમી સભ્યપદ મેળવવાનો નિર્ણય પણ આ પાંચ દેશો પાસે છે પણ ચીન આપણી વિરુદ્ધ હોવાથી આપણે વરસોથી અમેરિકા, રશિયા, ચીન, ઈંગ્લેન્ડ અને ફ્રાન્સ એ પાંચ સભ્યોની પંગતમાં બેસીને છઠ્ઠો દેશ બનવા મથ્યા કરીએ છીએ ને અમેરિકાને અછોવાનાં કરીએ છીએ પણ મેળ પડતો નથી.

અમેરિકા સહિતના દેશો આપણને કાયમી સભ્યપદ આપવાની વાતો કરે છે પણ વાસ્તવમાં એ બધા આપણને મૂરખ બનાવ્યા કરે છે. આ વાતને સમજવા માટે થોડોક જૂનો ઈતિહાસ જાણી લઈએ. અમેરિકા આપણને ઠાલું આશ્વાસન આપ્યા કરતું તેથી આપણે છેવટે ૨૦૧૭ના ઓક્ટોબરમાં અમેરિકાને યુનાઈટેડ નેશન્સમાં ભારતને કાયમી સભ્યપદનો ઠરાવ લાવવા કહેલું. અમેરિકાએ પહેલાં ગલ્લાંતલ્લાં કર્યાં પછી હાથ અધ્ધર કરીને જાહેર કરી દીધું કે, ભારતને યુનાઈટેડ નેશન્સ સિક્યુરિટી કાઉન્સિલમાં વીટો પાવર સાથે કાયમી સભ્યપદ મળી શકે એમ નથી.

અમેરિકાનો દાવો હતો કે, ભારતને યુનાઈટેડ નેશન્સ સિક્યુરિટી કાઉન્સિલમાં કાયમી સભ્યપદ આપવા માટે બંધારણ બદલવું પડે તેમ છે. અમેરિકાને યુનાઈટેડ નેશન્સના બંધારણમાં સુધારા કરવામાં અને ભારતને કાયમી સભ્યપદ આપવામાં વાંધો નથી પણ ચીન ને રશિયા બંધારણ બદલવા તૈયાર નથી તેથી ભારતને કાયમી સભ્યપદ મળી શકે તેમ નથી.

આ વાતનો સ્પષ્ટ અર્થ એ થયો કે, અત્યારે જેમને વીટો પાવર મળેલો છે એ દેશો નવા કોઈ દેશને વીટો પાવર આપવા તૈયાર નથી તેથી ભારતનો મેળ પડે એમ નથી. અમેરિકાએ ભારતને ગોળી ગળાવેલી કે, ભારતની ઈચ્છા હોય તો વીટો પાવર વિના યુનાઈટેડ નેશન્સ સિક્યુરિટી કાઉન્સિલમાં કાયમી સભ્યપદ અપાવવા અમે કોશિશ કરી શકીએ. યુનાઈટેડ નેશન્સ સિક્યુરિટી કાઉન્સિલમાં અસલી તાકાત વીટો પાવર જ છે. વીટો પાવર વિનાના કાયમી સભ્યપદનો અર્થ જ નથી તેથી ભારતે આ વાતમાં સહમતી ના આપી.

આ વાત જૂની છે પણ સ્થિતિ બદલાઈ નથી. બલ્કે વધારે ખરાબ થઈ છે. ૨૦૨૦માં ગલવાન ખીણમાં થયેલી અથડામણ પછી ચીન સાથેના આપણા સંબંધો વધારે ખરાબ થઈ ગયા છે. ચીનને અત્યારે પાકિસ્તાનનાં હિતો સાચવવામાં વધારે રસ છે એ બધું જોતાં ચીન કદી ભારતની તરફેણ કરશે નહીં ને આપણને કદી યુએનએસસીમાં કાયમી સભ્યપદ મળશે નહીં. બલ્કે કોઈને પણ કાયમી સભ્યપદ મળે તેમ નથી. ભારતની સાથે સાથે ગ્રુપ ઓફ ફોર દેશોના અન્ય સભ્યો જર્મની, જાપાન અને બ્રાઝિલ પણ યુએન સિક્યુરિટી કાઉન્સિલમાં કાયમી સભ્યપદ માગી રહ્યા છે પણ કોઈની ઈચ્છા નહીં ફળે. ■

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

(ઉત્તરાયણ સૌર શરદઋતુ),
શનિવાર, તા. ૫-૧૦-૨૦૨૪

- ભારતીય દિનાંક ૧૩, માહે આશ્વિન, શકે ૧૯૪૬
- વિક્રમ સંવત ૨૦૮૦, શા. શકે ૧૯૪૬, આશ્વિન સુદ -૩
- જૈન વીર સંવત ૨૫૫૦, માહે આશ્વિન, તિથિ સુદ-૩
- પારસી શહેનશાહી રોજ ૨૨મો ગોવાદ, માહે ૨જો અર્દીબહેશ્ત, સને ૧૩૯૪
- પારસી કદમી રોજ ૨૨મો ગોવાદ, માહે ૩જો ખોરદાદ, સને ૧૩૯૪
- પારસી ફસલી રોજ ૧૮મો રશ્ને, માહે ૭મો મેહેર, સને ૧૩૯૩
- મુસ્લિમ રોજ ૧લો, માહે ૪થો રબી ઉલ આખર, સને ૧૪૪૬
- મીસરી રોજ ૨જો, માહે ૪થો રબી ઉલ આખર, સને ૧૪૪૬
- નક્ષત્ર સ્વાતિ રાત્રે ક. ૨૧-૩૨ સુધી, પછી વિશાખા.
- ચંદ્ર તુલામાં • ચંદ્ર રાશિ નામાક્ષરઃ તુલા (ર, ત)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ.૩૧, અમદાવાદ ક. ૦૬ મિ. ૩૨, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૨૨, અમદાવાદ ક. ૧૮ મિ. ૨૩, સ્ટા. ટા.
- મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ • ઙ્ક
- ભરતી : બપોરે ક. ૧૨-૫૭, મધ્યરાત્રિ પછી ક. ૦૧-૩૫ (તા. ૬)
- ઓટઃ સવારે ક. ૦૬-૪૬, સાંજે ક. ૧૮-૫૭
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૦, 'રાક્ષસ' નામ સંવત્સર પ્રારંભ, શાલિવાહન શક સંવત ૧૯૪૬, 'ક્રોધી' નામ સંવત્સર, આશ્વિન શુક્લ - તૃતીયા. તૃતીયા વૃદ્ધિ તિથિ છે. મુસ્લિમ ૪થો રબી ઉલ આખર માસારંભ. સૂર્ય મહાનક્ષત્ર હસ્ત, વાહન મોર.
- શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ કાર્ય વર્જ્ય છે.
- નવરાત્રિ મહિમાઃ માં દુર્ગાની ત્રીજી શક્તિ ચન્દ્રઘન્ટા છે. માનું સ્વરૂપ પરમ્ શક્તિદાયક અને કલ્યાણકારી છે.મસ્તક ઉપર ઘન્ટના આકારનું અર્ધ ચન્દ્ર ધારણ કરેલ છે. સુવર્ણ સમાન ચમકતું શરીર ધારણ કરેલ દેવી સિંહ પર સવાર છે.શિવયોગી મણિપુર ચક્રમાં દેવીનું ધ્યાન ધરી જપ મંત્ર સાધના કરે છે. નવરાત્રિ પર્વ વિશેષરૂપે બે જ ઋતુઓમાં ઊજવાય છે. શરદ અને વસંત ઋતુમાં. આ ઋતુઓ સર્વ માટે 'યમદંષ્ટ્ર' (યમની દાઢ) કહેવાય છે, કેમ કે તે બહુ કષ્ટદાયક છે, કેમ કે આ ઋતુઓમાં રોગોનું પ્રમાણ વધી જાય છે અને તેથી જ તો નવરાત્રિ વ્રત કરવું તે આરોગ્યની દૃષ્ટિએ પણ ફાયદાકારક છે.
- મુહૂર્ત વિશેષઃ આજ રોજ મહાવીર શ્રી હનુમાનજી તથા વાયુદેવતાના પૂજનનો મહિમા છે. શનિ-રાહુ દેવતાનું પૂજન, હનુમાન ચાલીસા, સુંદરકાંડ પાઠ વાંચન, શાંતિ પૌષ્ટિક, સર્વશાંતિ પૂજા, મહેંદી લગાવવી, નિત્ય થતાં દુકાન-પશુ લે-વેંચ, ખેતીવાડીના કામકાજ, વૃક્ષ રોપવા, ઉપવાટિકા બનાવવી.
- આચમનઃ ચંદ્ર-નેપ્ચૂન ચતુષ્કોણ અનીતિમાન, ચંદ્ર-રાહુ ચતુષ્કોણ શંકાશીલ
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-નેપ્ચૂન ચતુષ્કોણ, ચંદ્ર-રાહુ ચતુષ્કોણ (તા. ૬)
- ગ્રહગોચરઃ સૂર્ય-કન્યા, મંગળ-મિથુન, બુધ-કન્યા, ગુરુ-વૃષભ, શુક્ર-તુલા, વક્રી શનિ-કુંભ, રાહુ-મીન, કેતુ-કન્યા, વક્રી હર્ષલ- વૃષભ, વક્રી નેપ્ચૂન-મીન, વક્રી પ્લુટો-મકર.

## વડા પ્રધાનની મૂડીવાદ-તરફી નીતિઓના 'ચક્રવ્યૂહ'ને તોડવા માટે હરિયાણાના લોકો ફટકો મારશેઃ રાહુલ ગાંધી

નવી દિલ્હીઃ રાહુલ ગાંધીએ એવો દાવો કર્યો હતો કે ભાજપે હરિયાણાની અર્થવ્યવસ્થાને નિષ્ફળ બનાવી છે, બેરોજગારી ફેલાવી છે અને નાના ઉદ્યોગોને નુકસાન પહોંચાડ્યું છે. લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ શુક્રવારે કહ્યું હતું કે રાજ્યના લોકો ટૂંક સમયમાં જ વડા પ્રધાન નરેન્દ્ર મોદીની મૂડીવાદી મિત્રો માટે ઘડી કાઢવામાં આવેલી નીતિઓના 'ચક્રવ્યૂહ'ને તોડવા માટે જોરદાર ફટકો મારશે.

તેમણે એવું વચન આપ્યું હતું કે કૉંગ્રેસ સરકાર કાયમી નોકરીઓ આપશે, હરિયાણાને ડ્રગ ફ્રી બનાવશે અને નાના ઉત્પાદકોને ટેકો આપશે. રાહુલ ગાંધીએ રાજ્યના સર્વસમાવેશક વિકાસની જરૂરિયાત પર ભાર મૂકતાં કહ્યું હતું કે હરિયાણાના લોકો મોદીની નીતિઓને નકારી કાઢશે.

તેમણે એવો પણ આક્ષેપ કર્યો હતો કે ભાજપ દ્વારા ફેલાયેલી બેરોજગારીની બીમારી રાજ્યના યુવાનોના ભાવિને ઊંડા જોખમમાં મૂક્યું છે અને કૉંગ્રેસની સરકાર રોજગાર પરત આવે અને દરેક કુટુંબ સમૃદ્ધ બને તે સુનિશ્ચિત કરશે.

ગાંધીએ એક્સ પર તેમની તાજેતરની વિજય સંકલ્પ યાત્રા દરમિયાન મહિલાઓના જૂથ સાથેની તેમની વાતચીતનો વીડિયો શેર કર્યો હતો.

વીડિયોની સાથે, તેણે એક્સ પર હિન્દીમાં પોતાની પોસ્ટમાં કહ્યું, ભાજપ દ્વારા ફેલાવવામાં આવેલી બેરોજગારીની બીમારીએ હરિયાણાના મૂળ યુવાનોનું ભવિષ્ય અને રાજ્યની સુરક્ષાને ઊંડા જોખમમાં મૂકી દીધી છે.

હરિયાણાની કેટલીક બહેનોએ વિજય સંકલ્પ યાત્રા દરમિયાન આશ્રય આપ્યો, ખૂબ પ્રેમથી ઘરે બનાવેલા રોટલા ખવડાવ્યા અને રાજ્યની જટિલ સમસ્યાઓ પણ સમજાવી, એમ રાહુલ ગાંધીએ કહ્યું હતું.

આજે હરિયાણામાં ભારતમાં સૌથી વધુ બેરોજગારી છે, એમ તેમણે જણાવ્યું હતું.

રાજ્યમાં સત્તામાં આવનારી કૉંગ્રેસ સરકાર ૨ લાખ કાયમી નોકરીઓ આપશે અને હરિયાણાને ડ્રગ ફ્રી બનાવશે, એમ તેમણે જણાવ્યું હતું.

મેં હરિયાણાની બહેનોને વચન આપ્યું છે કે હું આ વિનાશને રોકીશ, હું તેમના બાળકોનું રક્ષણ કરીશ - રોજગાર પરત આવશે, અને દરેક કુટુંબ સમૃદ્ધ થશે, એમ ગાંધીએ ભારપૂર્વક કહ્યું હતું.

એક્સ પરની બીજી પોસ્ટમાં કૉંગ્રેસના ભૂતપૂર્વ વડાએ યાદ કર્યું કે તેમણે તાજેતરમાં ગોહાનામાં સ્વાદિષ્ટ જલેબીઓ અને તેને વધુ વ્યાપક રીતે વેચવાની તક વિશે વાત કરી હતી.

ભારતમાં સમાન નાના ઉત્પાદકોના ૫,૫૦૦ ક્લસ્ટર છે જેઓ યોગ્ય સમર્થન આપવામાં આવે તો વિશ્વ સમક્ષ તેમનાં ઉત્પાદનોનું માર્કેટિંગ કરી શકે છે, એમ તેમણે જણાવ્યું હતું.

તેમને ફાઇનાન્સ, ટેક્નોલોજી, નેટવર્ક્સ, બ્રાન્ડિંગ અને બહેતર સંગઠન પ્રદાન કરવા માટે યોગ્ય નીતિઓની જરૂર છે, એમ રાહુલ ગાંધીએ ભારપૂર્વક જણાવ્યું હતું.

આનાથી વિશ્વ આપણી મીઠાઈ જ નહીં, પરંતુ સોપોરના સફરજન, બલ્લારીના જીન્સ, કોલ્હાપુરી ચપ્પલ, મેઘાલયના અનાનસ, બિહારના મખાના, મુરાદાબાદના પિત્તળના વાસણ અને અન્ય ઘણી વસ્તુઓનો આનંદ માણી શકે છે. બનારસી સાડીઓની વૈશ્વિક સફળતા એક ઉત્તમ ઉદાહરણ છે કે શું શક્ય છે, એમ તેમણે કહ્યું હતું. (પીટીઆઈ)■

## ભગવાન રામનું અપમાન કર્યું છે તો જોઇ લેજોઃ સુપરસ્ટાર પવન કલ્યાણ

મુંબઈઃ સાઉથના સુપરસ્ટાર તેમ જ હાલ આંધ્ર પ્રદેશના નાયબ મુખ્ય પ્રધાન પવન કલ્યાણે હાલમાં જ હિંદુત્વ અને સાંપ્રદાયિકતા વિશે એક ખૂબ જ તીખું ભાષણ આપ્યું હતું જેની ચર્ચા ફક્ત દક્ષિણ ભારતના મીડિયામાં જ નહીં, પરંતુ આખા ભારતમાં થઇ રહી છે. તેમણે સાંપ્રદાયિકતા અને હિંદુત્વ વિશે થઇ રહેલી ચર્ચા વિશે વાત કરતા જણાવ્યું હતું કે હું એક કટ્ટર હિંદુ છું અને મને આ કહેવામાં કોઇ જ સંકોચ નથી. હું એક કટ્ટર સનાતની હિંદુ છું. હું મારા જીવન અને મારી રાજકીય સત્તા, નાયબ મુખ્ય પ્રધાનનું પદ સહિત બધું જ ત્યાગવા માટે તૈયાર છું. હું જ્યારે ૨૧ વર્ષનો હતો ત્યારે મેં આ પ્રતિજ્ઞા લીધી હતી આ જ તિરુપતિ બાલાજીના મંદિરમાં, કે હું સનાતન હિંદુ સંસ્કૃતિનું પાલન કરીશ.

આજે બધા જ કહેવાતા બિન-સાંપ્રદાયિક લોકો હિંદુ ધર્મ, સનાતન ધર્મની મજાક ઉડાવે છે, સનાતન ધર્મ વિશે એલફેલ બોલે છે. આજે ભારતની ધરતી પર બધા જ હિંદુઓ આ પરિસ્થિતિમાંથી પસાર થઇ રહ્યા છે. જો મારી ધરતી પર મારા ધર્મનું અનુસરણ કરવું એ તમને પાપ લાગતું હોય તો હું તમને કહેવા માગું છું કે હું એક કટ્ટર સનાતની હિંદુ છું અને મને એ વાતનો કોઇ સંકોચ નથી. હું ઇસ્લામનું સન્માન કરું છું, હું શીખ, ખ્રિસ્તી, બૌદ્ધ ધર્મનું સન્માન કરું છું, પરંતુ હું એક સનાતની હિંદુ છું.

તેમણે હિંદુ ધર્મ માટે પોતે જીવ દેવા તૈયાર હોવાનું જણાવતા કહ્યું હતું કે સનાતન ધર્મ માટે હું મારો જીવ આપી દેવા પ્રતિબદ્ધ છું. ■

## જયશંકર પાકિસ્તાન જશે

નવી દિલ્હીઃ વિદેશ મંત્રાલયે શુક્રવારે જણાવ્યું હતું કે વિદેશ પ્રધાન એસ. જયશંકર ઑક્ટોબરના મધ્યમાં યોજાનારી શાંઘાઇ કોઓપરેશન ઓર્ગેનાઇઝેશન (એસસીઓ)ની ઑક્ટોબરના મધ્યમાં યોજાનારી બેઠકમાં ભાગ લેવા માટે પાકિસ્તાન જશે.

વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે સંબંધિત જાહેરાત કરી હતી. અગાઉ, ૨૦૧૫ના ડિસેમ્બરમાં અફઘાનિસ્તાનને લગતી પરિષદમાં ભાગ લેવા માટે તે વખતનાં વિદેશ પ્રધાન સુષમા સ્વરાજ ઇસ્લામાબાદ ગયાં હતાં.

પાકિસ્તાન શાંઘાઇ કોઓપરેશન ઓર્ગેનાઇઝેશન (એસસીઓ) કાઉન્સિલના સભ્ય દેશોના વડાની બેઠક ૧૫ અને ૧૬ ઑક્ટોબરે યોજવાનું છે. પ્રવક્તા રણધીર જયસ્વાલે જણાવ્યું હતું કે ઇસ્લામાબાદમાં યોજાનારી આ બેઠકમાં વિદેશ પ્રધાન એસ. જયશંકર હાજરી આપશે.

પાકિસ્તાને વડા પ્રધાન નરેન્દ્ર મોદીને આ બેઠક માટે આમંત્રણ આપ્યું હતું. ભારતે ૨૦૧૯ના ફેબ્રુઆરીમાં પાકિસ્તાનના બાલાકોટ ખાતે ત્રાસવાદીઓની તાલીમ છાવણીઓ પર હુમલા કર્યા, તે પછી બન્ને દેશ વચ્ચેના સંબંધ વધુ વણસ્યા હતા. (એજન્સી)■

## કર્ણાટકમાં દૂષિત પાણી પીધા બાદ ૧,૦૦૦ કરતાં વધુ બીમાર

ઉડુપીઃ કર્ણાટકના ઉડુપી જિલ્લામાં સ્થાનિક ઑવરહેડ વૉટર ટેન્કમાંથી પાણી પીધા બાદ ઉપુન્ડાના ૧,૦૦૦ કરતાં પણ વધુ રહેવાસીઓ બીમાર પડી ગયા હોવાનું આરોગ્ય ખાતાના અધિકારીઓએ શુક્રવારે જણાવ્યું હતું.

જોકે, એમાંથી કોઈની હાલત ગંભીર નથી. સ્થાનિક આરોગ્ય કેન્દ્ર દ્વારા આપવામાં આવેલી દવા લીધા બાદ આમાંનાં મોટાભાગનાં સાજાં થઈ ગયાં હોવાનું તેમણે કહ્યું હતું.

અસરગ્રસ્તોમાંનાં મોટાભાગના બાયન્દુર તાલુકાસ્થિત ઉપુન્ડા ગ્રામપંચાયતના માડિલ અને કાર્કિ કાલી વૉર્ડના હોવાનું તેમણે કહ્યું હતું.

દૂષિત પાણીની એક જ પરિવારના અનેક લોકોને અસર થઈ હોવાનું પણ જાણવા મળ્યું હતું. અમુક ઘરમાં તો એક જ પરિવારના ત્રણથી ચાર જણને અસર થઈ હતી.

ઉડુપી જિલ્લાના આરોગ્ય અધિકારી ડૉ. આઈ. પી. ગદાહે કહ્યું હતું કે આ બંને વૉર્ડમાં સપ્લાય કરવામાં આવતા પાણીમાંથી 'વૉટર બૉર્ન પેથોજેન સાલ્મોનેલા બેસિલરી' નામના જીવાણુ મળી આવ્યા હતા. આ જ ટાંકીના પાણીનો વપરાશ કરતાં આ બંને ગામ

તેમ જ તેની આસપાસના ગામમાં પણ પરિસ્થિતિની ચકાસણી કરવા તપાસ ટુકડી મોકલવામાં આવી હોવાનું તેમણે કહ્યું હતું.

તપાસ દરમિયાન આવા વધુ ૧૫૦ કેસ મળી આવ્યા હતા, એમ તેમણે કહ્યું હતું. (એજન્સી)■

## પહેલા પાનાનું ચાલુ

### શુદ્ધ સોનું

સાધનોના જણાવ્યાનુસાર આજે ૯૯૯ ટચ ચાંદીમાં વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલે સ્ટોકિસ્ટોની સટ્ટાકીય લેવાલી ઉપરાંત ઔદ્યોગિક વપરાશકારો તથા જ્વેલરી ઉત્પાદકોની છૂટીછવાઈ માગને ટેકે ભાવ કિલોદીઠ રૂ. ૧૫૨૯ની તેજી સાથે રૂ. ૯૨,૨૦૦ના મથાળે રહ્યા હતા. તેમ જ સોનામાં પણ વિશ્વ બજાર પાછળ ભાવમાં તેજીનો અન્ડરટોન જળવાઈ રહેતાં ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૩૪૮ વધીને રૂ. ૭૫,૬૬૦ અને ૯૯૯ ટચ સોનાના ભાવ રૂ. ૩૪૯ વધીને રૂ. ૭૫,૯૬૪ના મથાળે રહ્યા હતા. જોકે, આજે તેજીના માહોલમાં રોકાણકારો, સ્ટોકિસ્ટો, જ્વેલરી ઉત્પાદકો અને રિટેલ સ્તરની માગ ખપપૂરતી રહી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

દરમિયાન આજે લંડન ખાતે સત્રના આરંભે રોકાણકારોની સલામતી માટેની માગને ટેકે હાજર અને વાયદામાં સુધારાતરફી વલણ રહ્યા બાદ રોકાણકારોએ આજે મોડી સાંજે જાહેર થનારા જોબ ડેટાને ધ્યાનમાં લેતા સાવચેતીનો અભિગમ અપનાવતા હાજર અને વાયદામાં સોનાના ભાવ ગઈકાલના બંધ આસપાસ અનુક્રમે ઔંસદીઠ ૨૬૫૯.૧૩ ડૉલર અને ૨૬૭૯.૧૦ ડૉલર આસપાસ ટકેલા રહ્યા હતા, જ્યારે ચાંદીના ભાવ ૦.૧ ટકાના સુધારા સાથે ઔંસદીઠ ૩૨.૦૮ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.

એકંદરે મધ્ય પૂર્વમાં ઈઝરાયલ-ઈરાન વચ્ચેના તણાવમાં વધારો થતાં હાલમાં સોનાને સલામતી માટેની માગનો ટેકો મળી રહ્યો છે અને જ્યાં સુધી પરિસ્થિતિ થાળે નહીં પડે ત્યાં સુધી સોનાના ભાવમાં વિક્રમ સપાટી આસપાસ જળવાઈ રહે તેવી શક્યતા કેડિયા કૉમૉડિટીઝનાં ડિરેક્ટર અજય કેડિયાએ વ્યક્ત કરી હતી. નોંધનીય બાબત એ છે કે તહેરાને ઈઝરાયલ પર કરેલા હુમલાના પ્રતિકારમાં અમેરિકા ઈરાનના તેલ મથકો પર હુમલા કરવા માટે ચર્ચા કરી રહ્યું હોવાના અહેવાલ છે. સામાન્યપણે રાજકીય, ભૌગોલિક તણાવ અને આર્થિક અનિશ્ચિતતાઓના સંજોગોમાં સોનામાં સલામતી માટેની માગનો ટેકો મળતો હોય છે.

આજે મોડી સાંજે અમેરિકાના રોજગારીના ડેટાની જાહેરાત પર તેમ જ ન્યૂ યોર્ક ફેડના પ્રમુખ જ્હોન વિલિયમ્સ અને શિકાગો ફેડના પ્રમુખ ઑસ્ટિનના આજના વક્તવ્ય પર રોકાણકારો મીટ માંડીને બેઠા હોવાથી સોનામાં સુધારો મર્યાદિત રહ્યો હોવાનું સૂત્રોએ જણાવતા ઉમેર્યું હતું કે ફેડરલ રિઝર્વ તેની આગામી નવેમ્બર મહિનાની નીતિવિષયક બેઠકમાં વ્યાજદરમાં ૨૫ બેસિસ પૉઈન્ટનો કાપ મૂકે તેવી ૬૫ ટકા શક્યતા સીએમઈ ફેડ વૉચ ટૂલ પર ટ્રેડરો વ્યક્ત કરી રહ્યા છે. જોકે, અમુક વિશ્લેષકોનું માનવું છે કે આગામી મહિનાઓમાં વૈશ્વિક સોનાના ભાવ ઔંસદીઠ ૨૫૦૦થી ૨૮૦૦ ડૉલરની રેન્જમાં જોવા મળશે. ■

### પીએમ કિસાન યોજના

આંક રૂ. ૩.૪૫ લાખ કરોડ કરતાં પણ વધી જશે. આ યોજના અંતર્ગત અત્યાર સુધીમાં દેશના ૧૧ કરોડ કરતાં પણ વધુ ખેડૂતોને લાભ મળ્યો છે.

પીએમ-કિસાન યોજના ૨૪ ફેબ્રુઆરી ૨૦૧૯ના લૉન્ચ કરવામાં આવી હતી. આ યોજના અંતર્ગત જમીન ધરાવતા ખેડૂતોને ત્રણ સમાન હપ્તામાં વરસે રૂ. ૬,૦૦૦ આપવામાં આવે છે. ૧૭ હપ્તામાં મહારાષ્ટ્રને અંદાજે રૂ. ૩૨,૦૦૦ કરોડ મળ્યા છે અને રાજ્યના ૧.૨૦ કરોડ કરતાં પણ વધુ ખેડૂતોને તેનો લાભ મળ્યો છે. ૧૮મા હપ્તામાં મહારાષ્ટ્રના લગભગ ૯૧.૫૧ લાખ કરોડ ખેડૂતોને રૂ. ૧,૯૦૦ કરોડ કરતાં પણ વધુ રકમ મળશે. પ્રતિડોઝ કિંમતમાં અંદાજે રૂ. ૨૦૦નો ઘટાડો થાય તે માટે ઈન્ડિજિનિયસ સેક્સ સૉર્ટેડ સિમન પ્રોડક્શન ટૅક્નોલૉજી તેમ જ ગાય અને ભેંસ માટે પશુસંવર્ધન ખાતા દ્વારા વિકસાવવામાં આવેલી યુનિફાઈડ જૅનોમિક ચીપ પણ મોદી લૉન્ચ કરશે. ખેડૂતોને દિવસે પણ વીજળી મળી રહે તેમ જ તેઓ વધારાની આવક માટે જમીન લીઝ પર આપી શકે તે માટે એમએસકેવીવાય ૨.૦ યોજના અંતર્ગત ૧૯ મૅગાવૉટની ક્ષમતા ધરાવતા પાંચ સોલાર પાર્કનું પણ મોદી લોકાર્પણ કરશે. કેયુએસયુએમ-સી સ્કીમ અંતર્ગત ૩,૦૦૦ મૅગાવૉટની યોજના માટે ઍવોર્ડનું ઈ-વિતરણ અને ૮,૨૦૦ ખેડૂતોના ફાર્મર્સ પ્રોડ્યૂસર્સ ઑર્ગેનાઈઝેશન (એફપીઓ)નું લોકાર્પણ પણ સમારોહ દરમિયાન કરવામાં આવશે. મહારાષ્ટ્રના ગવર્નર સી. પી. રાધાક્રિષ્નન, કેન્દ્રીય પ્રધાન શિવ રાજસિંહ ચૌહાણ, રાજીવ રંજન સિંહ, મુખ્ય પ્રધાન એકનાથ શિંદે, નાયબ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ અને અજિત પવાર આ સમારોહમાં હાજરી આપશે. રાજ્યો, કેન્દ્રશાસિત પ્રદેશોના ૨.૫ કરોડથી પણ વધુ ખેડૂતો દેશભરના વિવિધ કેન્દ્રમાંથી વૅબકાસ્ટ મારફતે પીએમ-કિસાન ઉત્સવ દિવસની ઉજવણીમાં ભાગ લેશે. (એજન્સી)■

### ઈન્કમ ટૅક્સની

ઇનકાર કરતા વડી અદાલતોના ચુકાદાને સર્વોચ્ચ અદાલતે રદબાતલ કર્યા હતા.

કોવિડ-૧૯ના રોગચાળા વખતે આવકવેરો ભરવાની સમય-મર્યાદા વધારવા ૨૦૨૧ના 'ટૅક્સેશન ઍન્ડ અધર લૉઝ (રિલેક્સેશન ઍન્ડ અમેન્ડમેન્ટ ઑફ સર્ટેન પ્રોવિઝન્સ) એક્ટ (ટીઓએલએ)'ને અમલમાં મુકાયો હતો. મુખ્ય ન્યાયાધીશ ડી. વાય. ચંદ્રચૂડ અને ન્યાયાધીશ જે. બી. પારડીવાલા તેમ જ ન્યાયાધીશ મનોજ મિશ્રાની બનેલી બૅન્ચે ૨૦૨૧ના 'ટૅક્સેશન ઍન્ડ અધર લૉઝ (રિલેક્સેશન ઍન્ડ અમેન્ડમેન્ટ ઑફ સર્ટેન પ્રોવિઝન્સ) એક્ટ (ટીઓએલએ)' અને ફાઇનાન્શિયલ એક્ટને લગતા કેસના સંબંધમાં ૧૧૨ પાનાંનો ચુકાદો આપ્યો હતો. દેશની વિવિધ વડી અદાલતમાં ફરી આકારણીને પડકારતી આશરે ૯૦,૦૦૦થી વધુ અરજી કરાઇ હતી અને તેમાંની અનેક અરજીમાં કરદાતાની તરફેણમાં ચુકાદા અપાયા હોવાથી ઇન્કમ ટૅક્સ ડિપાર્ટમેન્ટે આ સંબંધમાં સર્વોચ્ચ અદાલતમાં ધા નાખી હતી. (એજન્સી)■

### ઈઝરાયલ પર

હતું કે ઇરાનનાં સશસ્ત્ર દળોએ ઇઝરાયલ પર કરેલા મિસાઇલ હુમલા 'પ્રશંસનીય કામ' હતું.

ઇરાને મંગળવારે ઇઝરાયલ પર અંદાજે ૧૮૦ મિસાઇલ છોડ્યા હતા. ઇઝરાયલ અને ઇરાન તેમ જ તેના સાથી દેશો વચ્ચેનું યુદ્ધ વણસી રહ્યું છે અને તેની વિશ્વભરમાં માઠી અસર થઇ રહી છે. દરમિયાન, ઇઝરાયલે દાવો કર્યો હતો કે અમે ઇરાન દ્વારા છોડાયેલા મોટા ભાગના મિસાઇલ આકાશમાં જ તોડી પાડ્યા હતા.

અમેરિકાએ જણાવ્યું હતું કે ઇરાન દ્વારા ઇઝરાયલ પર છોડાયેલા મિસાઇલો આકાશમાં તોડી પાડવામાં અમે જેરુસલેમને સહાય કરી હતી.

આમ છતાં, ઇરાન હજી દાવો કરે છે કે અમે છોડેલા મોટા ભાગના મિસાઇલ લક્ષ્ય પર પડ્યા હતા. જાનમાલની હાનિનો ચોક્કસ આંકડો હજી નથી મળ્યો.

ઇરાનના ૮૦ વર્ષીય આયાતોલ્લાહ અલી ખામેનીએ તહેરાનમાંની શુક્રવારની નમાજ માટેની મુખ્ય જગ્યા મોસલ્લા મસ્જિદ અને આસપાસ ભેગા થયેલા હજારો લોકોને ૪૦ મિનિટ સુધી સંબોધ્યા હતા.

તેમણે જણાવ્યું હતું કે હમાસના નેતૃત્વ હેઠળ ૨૦૨૩ની સાતમી ઑક્ટોબરે કરાયેલો દક્ષિણ ઇઝરાયલ પરનો હુમલો પેલેસ્ટાઇનના લોકોની સલામતીને ધ્યાનમાં રાખીને કરાયો હતો. (એજન્સી)■

### છત્તીસગઢમાં

જોકે આ અથડામણમાં સંયુક્ત દળની ટુકડીનો એક પણ જવાન ઘાયલ થયો હોવાનાં કોઈ અહેવાલ નથી. જાણવા મળ્યા મુજબ શનિવારે જવાનો ઠાર મરાયેલા નક્સલવાદીઓના મૃતદેહ લઈને નારાયણપુર મુખ્યાલયે પહોંચશે. ઠાર મરાયેલા નક્સલવાદીઓની અહીં ઓળખ કરવામાં આવશે. છેલ્લા આઠ

મહિનામાં અલગ અલગ અથડામણમાં ૧૬૫ નક્સલવાદી ઠાર મરાયા હોવાનું અધિકારીઓએ કહ્યું હતું. નારાયણપુરા અને દાંતેવાડા જિલ્લાની સીમા પર મોટા પ્રમાણમાં નક્સલવાદીઓની હાજરીની મળેલી બાતમીને પગલે સંયુક્ત દળના જવાનોને નક્સલવાદવિરોધી કાર્યવાહી કરવા મોકલવામાં આવ્યા હતા.

સંયુક્ત દળના જવાનો બપોરે એક વાગે ઘટનાસ્થળે પહોંચતાં જ નક્સલવાદીઓએ ગોળીબાર શરૂ કરી દીધો હતો.

સંયુક્ત દળના જવાનોએ જવાબી કાર્યવાહી કરતાં વળતો ગોળીબાર કર્યો હતો જેમાં ઓછામાં ઓછાં ૩૦ નક્સલવાદી ઠાર મરાયા હતા. ■



Narendra Modi
Prime Minister



Eknath Shinde
Chief Minister

# A Gift of Inclusive Development Projects Worth ₹33,000 Crore for Maharashtra

## Groundbreaking, Inauguration and Distribution of Benefits for Ambitious Projects

By the Hon. Prime Minister
**Narendra Modi**



### Maharashtra's first underground Metro

**Colaba-Bandra-SEEPZ :Mumbai Metro Line-3 Inauguration of phase-I Aarey JVLR to Bandra-Kurla Complex station**

- Expected to cater to about 17 lakh passengers daily
- 12.69 km long metro line between Aarey-JVLR-BKC
- Total Stations- 10 (9 underground + 1 at grade)



### Thane's traffic jam would be history


**Groundbreaking ceremony of Thane Integral Ring Metro Rail Project**

- Infrastructure project is a key initiative to address the growing transportation needs of Thane
- Total Length 29 km.
- Modern and well equipped 22 stations

### Eastern freeway extension...Save on fuel and time.

**Groundbreaking ceremony of Elevated Eastern Freeway extension from Chheda Nagar Ghatkopar to Anand Nagar Thane**

- Seamless connectivity from South Mumbai to Thane
- It will Help connect Thane, Navi Mumbai and Eastern suburbs with South Mumbai.
- 13.40 km Elevated corridor from Chheda Nagar to Anand Nagar, Thane.



### State of the art infrastructure, Building an Excellent future

**Foundation stone laying ceremony of Infrastructure works under NAINA town planning schemes**

- A city equipped with world-class facilities and based on sustainable development
- Development of 42 sq. km. area under 1st Phase of the project
- Includes 9 Flyovers, 12 Minor Bridges, 26 Pedestrian Underpass, 1 Vehicular Underpass & 17.59 KM Roads





### Substantial space will welcome Thane citizens

**Groundbreaking Ceremony of Thane Municipal Corporation's New Building**

- Providing benefits to citizens of Thane by accommodating most Municipal offices at a centrally located building
- A Building structure inspired by fort design
- 32 floor high rise administrative office building and 5 floor building for Mahasabha



### Empowered Women... Pride for Nation

**Felicitation of the Beneficiaries of Mukhyamantri Majhi Ladki Bahin Yojana**

- Economic empowerment of women gains momentum
- Representative Distribution of Benefit to Women Beneficiaries
- Benefits have been distributed to over 1.96 crore Sister's so far

Saturday, 5th October 2024
01:00 PM
Boriwade Ground, Ghodbundar Road, Thane



Directorate General of Information and Public Relations, Government of Maharashtra /MahaDGIPR mahasamvad.in MAHARASHTRADGIPR Live on : DD NEWS


(ROC 3964)

અધૂરા પ્રોજેક્ટની રિબિન કાપવાની ધમાધમ

# મલાડ મીઠ ચોકીના પુલની એક લેન આવતી કાલે ખુલ્લી મુકાશે

મુંબઈ: મહારાષ્ટ્રમાં ગમે તે ઘડીએ વિધાનસભાની ચૂંટણી જાહેર થવાની શક્યતા સાથે તરત જ આચારસંહિતા અમલમાં આવી જશે. આ પહેલા અધુરાં ઈન્ફ્રાસ્ટ્રક્ટર પ્રોજેક્ટનું ઉદ્‌ઘાટન કરવાની સરકારને ઉતાવળ છે. મલાડ (પશ્ચિમ)માં મીઠ ચોકી જંકશન પર લિંક રોડ પર બાંધવામાં આવી રહેલા ફ્લાયઓવરની એક લેનનું લોકાર્પણ આવા જ એક રવિવારે કરાશે. મલાડ-માર્વેથી વેસ્ટર્ન એક્સપ્રેસ હાઈવે તરફ જતા એટલે કે પશ્ચિમથી પૂર્વ તરફ જનારા મીઠ ચોકી જંકશન પર નાગરિકોને ભારે ટ્રાફિક જૅમનો સામનો કરવો પડતો હતો. તેથી સુધરાઈએ અહીં નટીથ આકારનો ફ્લાયઓવર બાંધવાનો નિર્ણય લીધો હતો. ૧૧ એપ્રિલ, ૨૦૨૨ના રોજ ફ્લાયઓવર બાંધવાના કામનું ભૂમિપૂજન કરવામાં આવ્યું હતું. માર્વેથી વેસ્ટર્ન એક્સપ્રેસ હાઈવે પર જતા રોડ અને માર્વેથી ગોરેગામ તરફ જનારા રોડ એ મુજબની ફ્લાયઓવરની રચના છે. તેમાંથી માર્વેથી વેસ્ટર્ન એક્સપ્રેસ તરફ જનારા સિંગલ રોડને વાહનવ્યવહાર માટે આવતી કાલે ખુલ્લો મુકાશે છે. આ રોડની લંબાઈ ૩૯૦ મીટર અને પહોળાઈ આઠ મીટર છે. દહિસરથી અંધેરી (પશ્ચિમ) મેટ્રો-બેના એલિવેટેડ રૂટને કારણે પાલિકાએ બાંધેલા ફ્લાયઓવરની ઊંચાઈ પર મર્યાદા આવી છે. તેથી આ ફ્લાયઓવરનો ઉપયોગ ફક્ત લાઈટ વાહનો માટે જ કરવામાં આવવાનો છે. તો માર્વે તરફથી ગોરેગામ તરફ જનારા ફ્લાયઓવરનો રોડ ડિસેમ્બર ૨૦૨૪ અંત સુધીમાં ખુલ્લો મૂકવાનું આયોજન છે. આ પૂરા પ્રોજેક્ટ માટે પંચાવન કરોડ રૂપિયાનો ખર્ચ અંદાજિત છે.

## ડિસેમ્બર, ૨૦૨૪ની ડેડલાઈન

આ પુલનું કામ તેના અંતિમ તબક્કામાં છે. આગામી ત્રણ મહિનામાં તેનું કામ પૂરું કરીને ડિસેમ્બર, ૨૦૨૪માં પૂરો ફ્લાયઓવર ખુલ્લો મૂકવામાં આવશે એવો દાવો પાલિકાએ કર્યો છે. ફ્લાયઓવર બની ગયા બાદ ટ્રાફિકમાં રાહત મળશે. જે લોકો મનોર, મઢ અને માલવણીથી મલાડ રેલવે સ્ટેશન તરફ જાય છે તેમની માટે આ પુલ રાહતરૂપ બની રહેશે. નટી-આકારથનો ફ્લાયઓવર જમણી બાજુ ગિરિધર પાર્ક બ્રિજથી નીકળશે અને મલાડ ક્રીક ઉપરથી પસાર થશે. તો પુલની પશ્ચિમ બાજુ સેન્ટ જોસેફ સ્કૂલથી નીકળશે અને આગળ મલાડ સ્ટેશન અને વેસ્ટર્ન એક્સપ્રેસ હાઈવે તરફ જશે. પુલનો બીજો રસ્તો દક્ષિણ તરફ જશે અને તેને કારણે પુલ નટીથ આકારનો જણાશે. આ દક્ષિણ તરફનો રોડ લિન્ક રોડ પર ઊતરશે અને ત્યાંથી વાહનચાલકો ઈન્ફિનિટી મોલ અને અંધેરી તરફ આગળ વધી શકશે.

## ફ્લાયઓવર બાંધવામાં છબરડો?

અંધેરીના ગોખલે બ્રિજ અને બરફીવાલ પુલ વચ્ચે પાલિકાના અધિકારીઓની ભૂલને કારણે લગભગ અઢી મીટરનું અંતર રહી ગયું હતું અને તેમને સમાંતર લાવવામાં નાકે દમ આવી ગયો હતો, તેવો જ છબરડો મલાડની મીઠ ચોકી જંકશન પર બાંધવામાં આવેલા પુલમાં કરવામાં આવ્યો હોવાનો વિડિયો સોશિયલ મીડિયા પર ઑગસ્ટમાં ફરી વળ્યો હતો. મલાડના મીઠ ચોકી જંકશન પર નિર્માણાધિન ફ્લાયઓવર અને ઉપરથી પસાર થતી મેટ્રો લાઈન વચ્ચે બહુ ઓછું અંતર છે ત્યારે આ ફ્લાયઓવર બાબતે પાલિકાના ઉચ્ચ અધિકારી અગાઉ કહી ચૂક્યા છે કે એક વખત પુલનું બાંધકામ પૂરું થઈ જશે ત્યારબાદ તેને વર્તમાન સ્થિતિથી નીચે લાવવામાં આવશે. પુલનું બાંધકામ પૂરું થયા બાદ અહીં ઊંચા વાહનો પર પ્રતિબંધ રહેશે અને તે માટે હાઈટ બેરિયર્સ બેસાડવાનું પ્રસ્તાવિત છે.

## સુધરાઈની સ્કૂલની બિલ્ડિંગનું પણ લોકાર્પણ

મલાડ (પશ્ચિમ) પરિસરમાં માલવણી-માર્વે રોડ સ્થિત માલવણી ટાઉનશિપ મહાનગરપાલિકા સ્કૂલ બિલ્ડિંગનું પણ લોકાર્પણ સમારંભ રવિવારે, છ ઑક્ટોબરના કરવામાં આવવાનો છે. માલવણી ટાઉનશીપ મહાનગરપાલિકાની સ્કૂલની સ્થાપના ૧૯૬૬માં કરવામાં આવી હતી. અગાઉ અહીં ગ્રાઉન્ડ પ્લસ એક માળની બિલ્ડિંગ હતી. આ બિલ્ડિંગને ૨૦૨૦માં તોડી પાડવામાં આવી હતી અને ત્યારબાદ ગ્રાઉન્ડ પ્લસ છ માળની બિલ્ડિંગ બાંધવામાં આવી હતી. નવી બંધાયેલી બિલ્ડિંગમાં ૧૦૪ ક્લાસરૂમ છે, તેની પાછળ ૫૬ કરોડ ૭૨ લાખ રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો છે. માલવણી ટાઉનશીપ કૉમ્પ્લેક્સમાં કુલ ૨,૮૨૭ વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે.

# મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ રત્નાગિરીમાં ₹ ૨૯,૫૫૦ કરોડના રોકાણના બે પ્રોજેક્ટને મંજૂરી આપી

એરોસ્પેસ અને સંરક્ષણ ક્ષેત્રે રાજ્યનો પ્રથમ મેગા પ્રોજેક્ટ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ આજે રત્નાગિરીમાં વાટાડ, ઝારગાંવ મહારાષ્ટ્ર ઔદ્યોગિક વિકાસ નિગમ વિસ્તારમાં ૨૯,૫૫૦ કરોડના રોકાણના બે પ્રોજેક્ટને મંજૂરી આપી છે. જેના કારણે ૩૮,૧૨૦ નોકરીઓનું સર્જન થશે. આ હાઇ-ટેક ઇન્વેસ્ટમેન્ટ પ્રોજેક્ટ્સમાં સિલિકોન વેફર્સ, એટીએમપી, ફેબ અને સ્પેસ ટેકનોલોજી (એરોસ્પેસ) અને ડિફેન્સનો સમાવેશ થાય છે.

મુખ્ય પ્રધાન એકનાથ શિંદની અધ્યક્ષતામાં ઉદ્યોગ વિભાગની કેબિનેટ પેટા સમિતિની બેઠક મંત્રાલયમાં યોજાઈ હતી. આ પ્રસંગે નાયબ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ, નાયબ મુખ્ય પ્રધાન અજિત પવાર, ઉદ્યોગ પ્રધાન ઉદય સામંત વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

હાઇ-ટેક સિલિકોન વેફર્સ, ફેબ્સ, એટીએમપી બનાવવા માટે રાજ્યમાં વેલ્લોર ઇન્ફોર્મેશન ટેક્નોલોજી પાર્ક કંપનીનો આ ત્રીજો મેગા પ્રોજેક્ટ છે. આ પ્રોજેક્ટ વાટાડ અને ઝડગાંવ એમઆઈડીસી વિસ્તારોમાં કરવામાં આવશે. આ પ્રોજેક્ટમાં ૧૯,૫૫૦ કરોડ રૂપિયાનું રોકાણ કરવામાં આવશે. તે ૩૩ હજાર પ્રત્યક્ષ અને પરોક્ષ રોજગારીનું સર્જન કરશે. બીજો પ્રોજેક્ટ રિલાયન્સ ઈન્ફ્રાસ્ટ્રક્ચર કંપનીનો છે અને તે એરોસ્પેસ અને ડિફેન્સ સેક્ટરમાં સામગ્રીના ઉત્પાદન માટેનો એક વિશાળ પ્રોજેક્ટ છે. આ પ્રોજેક્ટમાં ૧૦ હજાર કરોડનું રોકાણ કરવામાં આવશે. તેના દ્વારા ૪૫૦૦ નોકરીઓનું સર્જન થશે. એરોસ્પેસ અને સંરક્ષણ ક્ષેત્રે રાજ્યનો આ પ્રથમ મેગા પ્રોજેક્ટ છે. આ બંને પ્રોજેક્ટ આ વિસ્તારમાં રોજગારી અને વ્યાપારી પ્રવૃત્તિઓમાં વધારો કરીને સ્થાનિક અર્થતંત્રને નોંધપાત્ર રીતે વેગ આપશે. આ પ્રોજેક્ટ ટેક્નોલોજીકલ ઈનોવેશન સંશોધન અને વિકાસને પ્રોત્સાહન આપશે, મજબૂત સ્થાનિક સપ્લાય ચેઈન વિકસાવશે અને સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગ ક્ષેત્રને મોટા પ્રમાણમાં લાભ અપાવવામાં મદદ કરશે. આ પ્રોજેક્ટ્સ સ્થાનિક કામદારો માટે તાલીમ અને કૌશલ્ય વિકાસની તકો પૂરી પાડશે, તેમની રોજગાર ક્ષમતા અને ઉભરતી તકનીકોમાં કૌશલ્ય વધારવામાં મદદ કરશે, એમ એકનાથ શિંદેએ કહ્યું હતું.

# પ્રેમિકાની અશ્લીલ તસવીરો પાડી બ્લૅકમેઈલ કરનારા યુવકને કોયતાના 30 ઘા ઝીંકી પતાવ્યો

હત્યા પછી આરોપી પ્રેમી જાતે જ પોલીસ સમક્ષ હાજર થયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

થાણે: પ્રેમિકાની અશ્લીલ તસવીરો પાડી તેને બ્લૅકમેઈલ કરનારા યુવકને પ્રેમીએ કોયતાના ૩૦ જેટલા ઘા ઝીંકી કથિત હત્યા કરી હોવાની ઘટના થાણેમાં બની હતી. હત્યા પછી આરોપી પ્રેમી જાતે જ પોલીસ સ્ટેશને ગયો હતો અને પોતે કરેલા ગુનાની માહિતી આપી હતી.

કોપરી પોલીસે આરોપી મયૂરેશ નંદકુમાર ધુમાળ (૨૪) વિરુદ્ધ ગુનો નોંધી તેની ધરપકડ કરી હતી. પોલીસે મયૂરેની ૨૦ વર્ષની પ્રેમિકાને પણ પૂછપરછ માટે તાબામાં લીધી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. પોલીસ ફરિયાદ અનુસાર યુવતી ૨૮ એપ્રિલે એક લગ્નસમારંભમાં ગઈ હતી, જ્યાં તેની ઓળખાણ થાણેના કોપરી વિસ્તારના અષ્ટવિનાયક ચોક ખાતેની સંચાર સોસાયટીમાં રહેતા સ્વયં સતીશ પરાંજપે (૨૪) સાથે થઈ હતી. આ સોસાયટીના ભાડેના ફ્લૅટમાં પરાંજપે એકલો રહેતો હતો. ફરિયાદમાં આક્ષેપ કરાયો હતો કે કારમાં ફેરવવાને બહાને આરોપી યુવતીને તેના ઘરે લઈ ગયો હતો, જ્યાં તેને ઘેનયુક્ત ઠંડું પીણું પિવડાવવામાં આવ્યું હતું. આરોપીએ અર્ધબેભાન અવસ્થામાં યુવતીની નિર્વસ્ત્ર તસવીરો પાડી લીધી હતી. બાદમાં તસવીરોથી બ્લૅકમેઈલ કરી આરોપી યુવતીને મળવા આવવા દબાણ કરવા લાગ્યો હતો. કહેવાય છે કે પરાંજપેનો ત્રાસ વધી જતાં યુવતીએ તેના પ્રેમી ધુમાળને તેની સાથે બનેલી ઘટનાની જાણ કરી હતી. ધુમાળે મોબાઈલ ફોનમાંથી અશ્લીલ તસવીરો ડિલિટ કરવાનું કહેવા છતાં પરાંજપે તેની વાત માનવા તૈયાર નહોતો. પરિણામે ધુમાળે તેનો કાંટો કાઢવાનું નક્કી કર્યું હતું.

ગુરુવારની રાતે આરોપી કોયતા સાથે પરાંજપેના ઘર પાસે પહોંચ્યો હતો. ખાસ્સો સમય રાહ જોયા છતાં પરાંજપે આવ્યો નહોતો. આખરે શુક્રવારે ધુમાળ ફરી કોયતો લઈને પરાંજપેના ઘરે ગયો હતો. બન્ને વચ્ચે બોલાચાલી પછી ધુમાળે કોયતાના ઉપરાછાપરી ઘા ઝીંક્યા હતા.

# ઓવૈસી અને એમવીએ વચ્ચે થશે ચૂંટણી જોડાણ?

મુંબઈ: લોકસભાની ચૂંટણીમાં સારો દેખાવ કર્યા બાદ મહાવિકાસ આઘાડી મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણીમાં પોતે સત્તા હાથમાં લેવા માટે બધા જ પ્રયાસો કરી રહી છે. જોકે, એવામાં મહાવિકાસ આઘાડી સમક્ષ એઆઇએમઆઇએમ(ઑલ ઇન્ડિયા મજલિસ-એ-ઇત્તેહાદુલ મુસ્લિમીન)ના અધ્યક્ષ તેમ જ સાંસદ અસદુદ્દીન ઓવૈસીની પાર્ટીએ ગઠબંધન માટે પ્રસ્તાવ મૂક્યો છે. આ પહેલા પણ એઆઇએમઆઇએમ દ્વારા મહાવિકાસ આઘાડીને પ્રસ્તાવ મોકલવામાં આવ્યો છે, પરંતુ હજી સુધી તેનો કોઇ જવાબ આપવામાં આવ્યો નથી. જોકે, મહાયુતિને સત્તા બહાર કરવા માટે મહાવિકાસ આઘાડી તત્પર છે ત્યારે આ વિધાનસભાની ચૂંટણી પહેલા એઆઇએમઆઇએમના પ્રસ્તાવ વિશે આ વખતે ગંભીરપણે વિચારણા થઇ શકે, તેવી ચર્ચા છે.

આ વિશે માહિતી આપતા એઆઇએમઆઇએમના નેતા ઇમ્તિયાઝ જલીલે જણાવ્યું હતું કે ૧૦ સપ્ટેમ્બરના રોજ અમે શરદ પવારના પીએ, નાના પટોળે, અમિત દેશમુખને પ્રસ્તાવ મોકલાવ્યો હતો. જો ભાજપને હટાવવો હોય તો આપણે બધાએ એકસાથે આવવું પડશે. જો એ પ્રસ્તાવ માની લે તો અમે ચર્ચા કરીને બેઠકોની વહેંચણી નક્કી કરીશું અને અમારી યાદી પણ તૈયાર છે. અમે પાંચ બેઠકોની જાહેરાત પહેલાં જ કરી દીધી છે. અમે થોડા ફેરફાર કરવા માટે પણ તૈયાર છીએ. રાજ્યમાં અમને મહાયુતિની સરકાર નથી જોઇતી એટલા માટે અમે કોઇપણ બાંધછોડ કરવા માટે તૈયાર છીએ.

# શિવાજીનગરમાં બોગસ નોટોનાં બંડલ, નકલી સોનું જપ્ત: એકની ધરપકડ

મુંબઈ: શિવાજીનગર વિસ્તારમાં પોલીસે બોગસ નોટોના બંડલો અને નકલી સોનું જપ્ત કરીને રીઢા આરોપીની ધરપકડ કરી હતી. આરોપીની ઓળખ નફીસ અબ્દુલ સૈફ તરીકે થઇ હોઇ તેની વિરુદ્ધ પનવેલ, નૌપાડા, અર્નાળા અને સુરતમાં છેતરપિંડીના ગુના દાખલ છે.

શિવાજીનગર પોલીસ સ્ટેશનના અધિકારીને માહિતી મળી હતી કે એક વ્યક્તિ પાસે બોગસ નોટો અને નકલી સોનું છે, જેનો ઉપયોગ તે લોકોને છેતરવા માટે કરતો હોય છે. આથી પોલીસની ટીમે ગુરુવારે નફીસ સૈફના ઘરે છાપો માર્યો હતો. પોલીસે ઘરની તલાશી લેતાં ૫૦૦ અને ૧૦૦ રૂપિયાના દરનાં ૬૫૦ બંડલ, જ્યારે ૨૦૦૦ રૂપિયાના ૮૬ બંડલ મળી આવ્યાં હતાં. આ નોટો બોગસ હોવાનું તપાસમાં જણાયું હતું. બીજી તરફ પોલીસને નકલી સોનું પણ મળ્યું હતું. દરમિયાન પોલીસે નફીસ સૈફ વિરુદ્ધ ગુનો દાખલ કરીને તેની ધરપકડ કરી હતી.

# વરિષ્ઠ વિધાનસભ્ય બબનદાદા શિંદેએ પણ અજિત પવારનો સાથ છોડયો

સોલાપુર: રાજ્યના સોલાપુર જિલ્લાની માઢા વિધાનસભા બેઠક પર સળંગ છ ચૂંટણીમાં વિશાળ બહુમતીથી વિજય મેળવનાર વરિષ્ઠ વિધાનસભ્ય બબનદાદા શિંદેએ આ વખતે અજિતદાદા સામેથી મોં ફેરવી લીધું હોય તેમ લાગી રહ્યું છે. આ વખતે તેઓ પુત્રને ચૂંટણીના મેદાનમાં ઉતારી રહ્યા છે અને એ માટે શરદ પવારને અનેક વખત મળી ચૂક્યા છે. કાર્યકર્તાઓએ શરદ પવાર પાસે રણજિત શિંદે માટે ઉમેદવારી માગી છે અને જો સાહેબ ટિકિટ નહીં આપે તો તેઓ પોતાના પુત્રને અપક્ષ તરીકે મેદાનમાં ઉતારશે એવું વલણ અપનાવ્યું છે. પરિણામે અજિત પવારની મુશ્કેલી વધવાની સંભાવના છે. મહાયુતિ વતી ઉમેદવારી સો ટકા મળવાની હોવા છતાં તમે કેમ મોઢું ફેરવી રહ્યા છો એ વિશે તેમણે એક વાક્યમાં જવાબ આપ્યો કે હવે એ વિશે વાત કરવાનો કોઈ અર્થ નથી. અજિતદાદા અને મહાયુતિને બાયબાય કરી દીધું છે. વધુમાં વિધાનસભ્ય શિંદેએ જણાવ્યું હતું કે ભત્રીજો ધનરાજ શિંદે બળવો કરી રહ્યા હોવાનું ધ્યાનમાં આવતા અમારો ઘરેલુ મુદ્દો પૂરો થઈ ગયો છે. ભાજપના વિધાનસભ્ય રણજિતસિંહ મોહિતે પાટીલ પણ તુતારી ચિહ્ન હેઠળ ચૂંટણી લડવાનો પ્રયાસ કરી રહ્યા છે. આ અંગે શિંદેએ જણાવ્યું હતું કે ચૂંટણીના મેદાનમાં કોણ આવે છે તેનાથી અમને કોઈ ફરક નહીં પડે.' થોડા દિવસ પહેલાં અજિતદાદાની જન સન્માન યાત્રા માઢામાં આવી ત્યારે તેમાં બબનદાદા શિંદેએ હાજરી આપી શક્તિ પ્રદર્શન કર્યું હતું.

# કાપકૂપ સાથે 'ઈમર્જન્સી' દિવાળીમાં રિલીઝ થશે?

મુંબઈ: કંગના રનૌટની 'ઈમર્જન્સી' ફિલ્મના સહ-નિર્માતા ઝી એન્ટરટેઇનમેન્ટ એન્ટરપ્રાઇઝ સેન્સર બૉર્ડે સૂચવેલી કાપકૂપ કરવા સાથે સંમત હોવાની જાણકારી શુક્રવારે બોમ્બે હાઇ કોર્ટને આપવામાં આવી હતી. ઝીનું પ્રતિનિધિત્વ કરનારા વરિષ્ઠ વકીલ શરણ જગતિયાનીએ જણાવ્યું હતું કે જરૂરી કાપકૂપ કરવામાં આવશે અને સર્ટિફિકેટ મેળવવા ફિલ્મ સેન્ટ્રલ બોર્ડ ઓફ ફિલ્મ સર્ટિફિકેશન (સીબીએફસી) સમક્ષ રજૂ કરવામાં આવશે. સીબીએફસીના વરિષ્ઠ વકીલ અભિનવ ચંદ્રચૂડે જણાવ્યું હતું સૂચિત કાપકૂપ પછી રજૂ કરવામાં આવેલી ફિલ્મની ચકાસણી કરી બે અઠવાડિયામાં સર્ટિફિકેટ આપવામાં આવશે. ન્યાયમૂર્તિ બી. પી. કોલાબાવાલા અને ન્યાયમૂર્તિ ફિરદોશ પૂનીવાલાની ખંડપીઠે નિવેદનો સ્વીકારી ઝી એન્ટરટેઇનમેન્ટની અરજીનો નિકાલ કર્યો હતો. વિગતવાર આદેશ પછી આપવામાં આવશે એમ અદાલતે જણાવ્યું હતું. ૬ સપ્ટેમ્બરે રિલીઝ થનારી આ ફિલ્મ સીબીએફસી સર્ટિફિકેટ અંગે સેન્સર બોર્ડ સાથેની ગૂંચને કારણે અટવાઈ ગઈ હતી. (પીટીઆઈ)

# ગોવિંદાને હૉસ્પિટલમાંથી રજા

મુંબઈ: બોલીવૂડ એક્ટર ગોવિંદાના ચાહકો માટે સારા સમાચાર છે. ત્રણ દિવસ પહેલા પગમાં અકસ્માતે ગોળી વાગવાથી હૉસ્પિટલમાં દાખલ થયેલા ગોવિંદાને હવે રજા આપી દેવામાં આવી છે. તેઓ વ્હીલચેરમાં બેસીને હૉસ્પિટલની બહાર આવ્યા હતા અને હાથ જોડીને ચાહકોનો આભાર માન્યો હતો. આ દરમિયાન તેમની પત્ની સુનીતા અને પુત્રી ટીના પણ તેમની સાથે જોવા મળી હતી. સોશિયલ મીડિયા પર શેર થઇ રહેલા એક વીડિયોમાં ગોવિંદાના પગ પર પ્લાસ્ટર જોવા મળે છે, ગોવિંદા ઘણા લોકોની સાથે હૉસ્પિટલની બહાર નીકળતો જોવા મળે છે. ગોવિંદાએ હાથ જોડ્યા અને તેમના પર પ્રેમ વરસાવવા બદલ ચાહકોનો આભાર માન્યો હતો. ૧ ઑક્ટોબર મંગળવારની સવારે તેમની લાઇસન્સવાળી રિવોલ્વર વડે અકસ્માતે પગમાં ગોળી વાગી જતાં ગોવિંદાને હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. ગોવિંદા કોલકાતા જવાની તૈયારી કરી રહ્યા હતા, ત્યારે આ ઘટના બની હતી, સવારે ૪.૪૫ વાગ્યે આ ઘટના બની હતી.

મુંબઈની ક્રિટિકેર હૉસ્પિટલમાં ત્રણ દિવસ દાખલ રહ્યા બાદ ગોવિંદાને હવે રજા આપવામાં આવી છે.

આજે બપોરે ૧ વાગ્યે ગોવિંદાને હૉસ્પિટલમાંથી રજા આપવામાં આવી છે. તેને જોવા માટે હૉસ્પિટલની બહાર તેના ચાહકોની ભીડ જોવા મળી રહી છે.

## હિન્દુ મરણ

**કોળી પટેલ**

ગામ ગડત હાલ ગ્રાન્ટરોડ હસુમતી લલ્લુભાઈ પટેલ (ઉં. વ. ૮૪) તા. ૨૫-૯-૨૪ના અવસાન પામેલ છે. તે સુભાષભાઈ, સ્વ. નરેન્દ્રભાઈ, અશોકભાઈ, વંદનાબેનના માતોશ્રી. તે મીનાક્ષીબેન, હેમાબેન, વિશાલભાઈના સાસુ. તે સ્વ. ભગવાનદાસ, સ્વ. હરકિશનદાસ, ઈશ્વરભાઈ, સ્વ. લક્ષ્મીબેનના બેન. સ્વ. યશ, અક્ષતના દાદી. મિહીરના નાની. પુચ્છપાણી તા. ૬-૧૦-૨૪ના રવિવારે બપોરે ૩ થી ૪ રાખવામાં આવેલ છે. ઠે: ૯૩, ભંડારી સ્ટ્રીટ, પારેખ ભુવન, ગોલ દેઉળ, ૩જા માળે, રૂમ - ૧૨, ગ્રાન્ટરોડ પૂર્વ.

**શિહોર સંપ્રદાય ઔદિચ્ય અગીયારશે બ્રાહ્મણ**

શિહોર હાલ બોરીવલી નિવાસી સ્વ.વિમળાબેન અને ઇચ્છાશંકર મહેતાના જયેષ્ઠ પુત્ર જયંતભાઈ (ઉં. વ. ૭૦) તા.૩-૧૦-૨૪ને ગુરુવારે કૈલાસવાસી થયા છે. તે શિતલબેન (કોકિલા)ના પતિ. તુષારભાઈ, સ્વ.ઉષાબેન ભાસ્કરરાય, ગં.સ્વ. કુસુમબેન સુરેશકુમાર, મધુબેન દિલીપકુમાર, સ્વ. ઉર્મિલાબેન નીતિનકુમાર, કીર્તિબેન અશોકકુમાર, હર્ષાબેન અમરીષકુમારના ભાઈ. પારૂલબેનના જેઠ. સ્વ.શારદાબેન બળવંતરાય જાનીના જમાઈ. લૌકિક પ્રથા બંધ છે.

**કપોળ વૈષ્ણવ**

ભાવનગરવાળા સ્વ. ચંદ્રભાગા નાનુભાઇ ગાંધીના સુપુત્ર બિપિનભાઇ (ઉં. વ. ૭૯) કિર્તીભાઇના નાનાભાઇ. નીલાબેનના પતિ. સિદ્ધાર્થ વિશાલના પિતાશ્રી. કોમલના સસરા. સિહોરવાળા કાંતિલાલ ભુતાના જમાઇ. તા. ૩-૧૦-૨૪ના ગુરુવારે મુંબઇમાં શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા તથા લૌકિક ક્રિયા બંધ રાખેલ છે.

**શ્રીમાળી સોની**

ગં. સ્વ. રમાબેન સોની (વઢવાણા) (ઉં. વ. ૮૫) તા. ૩-૧૦-૨૪ના ગુરુવારના શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. કાંતિલાલ દામોદર સોની (દુધવાળા)ના ધર્મપત્ની. પ્રભુદાસ દામોદર સોનીના ભાભી. નયનાબેનના જેઠાણી. ઉમેશ, મનોજ, છાયા જગદીશ લાદીગરા, ભાવના અશ્વિન આડેસરાના માતુશ્રી. મણીબેન ચુનીલાલ પાટડીયાના પુત્રી. રેણુકા અને ગીતાના સાસુ. ભક્તિસભા શનિવાર, તા. ૫-૧૦-૨૪ના શનિવાર ૪થી ૫.૩૦. ઠે. મેવાડ ભવન, એલબીએસ માર્ગ, ભાંડુપ (વેસ્ટ).

**કચ્છી રાજગોર**

ગામ ગુંદિયાલી શેબાઈબાગના સ્વ. દિનેશ વ્યાસ, સ્વ. લક્ષ્મીબેન નાનજી વ્યાસના પુત્ર. ભારતીબેનના પતિ. પરેશ તનવીના પિતા. દક્ષિતાબેન અને હિતેનભાઈના સસરા. ચુનીલાલ, સ્વ. શંભુલાલ, મયારામ, સ્વ. મણીશંકર, ગં.સ્વ. શાંતાબેન, ગં.સ્વ. હીરાબેન અને મંજૂલાબેનના ભાઈ. ગામ ગોધરાના ગં.સ્વ. ગુણવંતીબેન ભાઈલાલ ભટ્ટના જમાઈ તા. ૧-૧૦-૨૪ના રામશરણ પામેલ છે. તેમની સાદડી તા. ૫-૧૦-૨૪ના ૪થી ૬ સ્થળ: શ્રી કચ્છીરાજગોર મિત્ર મંડળ મુંબઈ, રૂમ નં. ૬, લવકુશ એપાર્ટમેન્ટ, એમ.જી. રોડ, પાંચ રસ્તા, મુલુંડ (વેસ્ટ).

**કચ્છી લોહાણા**

સ્વ. વીરબાઈ વાલજી દાવડા કચ્છ ગામ વાયોર હાલે પીંપરી પુના નિવાસીના પુત્રવધૂ. સ્વ. રામજી વાલજી દાવડાના ધર્મપત્ની ગં.સ્વ. ઝવેરબેન (ઉં.વ. ૯૫) તે બુધવાર, તા. ૨-૧૦-૨૪ના રામશરણ પામેલ છે. ભગવાનદાસ, કિશોરભાઈ, જીતેન્દ્રભાઈ, રાજેશભાઈ, સંજયભાઈ, નિલેશભાઈ, જયેશભાઈ, સુશીલાબેન મુલજીભાઈ રૂપારેલ, શારદાબેન નરોતમભાઈ, સ્વ. ગીતાબેન જગદીશભાઈ, સીતાબેન વસંતભાઈ, દેવયાનીબેન હિતેશભાઈના માતુશ્રી. હીરાગૌરીબેન, નીતાબેન, નીરુપમાબેન, મીનાબેન, મધુબેન અને નિકિતાબેનના સાસુમા. સ્વ. ઓધવજી લાલજી કારિયા કચ્છ ગામ ખારઈના પુત્રી. બંને પક્ષની પ્રાર્થનાસભા તા. ૫-૧૦-૨૪, શનિવારના ૪થી ૬ લૌકિક વ્યવહાર બંધ છે. સ્થળ: અગ્રશેન ભવન, ૩જે માળ, બોમ્બે સિલેક્શન પાસે, બોમ્બે પુના રોડ, ચિંચવડ.

**લુહાર**

ભાવનગર નિવાસી અને હાલ મીરારોડ હસમુખભાઈ વનમાળીદાસ ચૌહાણ (ઉં. વ. ૫૯) તા. ૩.૧૦.૨૪ના રામચરણ પામેલ છે. તે મીતાબેનના પતિ. રવીભાઈ તથા નિધીબેન ચિરાગકુમાર હરસોરાના પિતા. ગૌતમભાઈ વનમાળીદાસ ચૌહાણના નાનાભાઈ. નિરવભાઈ, હિમાંશુભાઈ, શીતલબેન મેહુલકુમાર પંચાલના કાકા. સદગત બેસણું તા.૫.૧૦.૨૪ને શનિવાર ૫ થી ૭, લુહાર- સુતાર જ્ઞાતિની વાડી, બોરીવલી (ઈસ્ટ).

**દમણીયા દરજી**

ખારવાલા હાલ બોરીવલી સ્વ.અનિતાબેન દમણીયા (ઉં. વ. ૭૬) ૨૬/૯/૨૪ના શ્રીજીશરણ પામેલ છે. તે નિરંજનભાઈ ઠાકોરદાસ દમણીયાના ધર્મપત્ની, જીજ્ઞેશ, હેમાક્ષીના માતુશ્રી. જતીન વાપિવાલા તથા પ્રિતીના સાસુ. ક્રિયાના દાદી, કૌશિક તથા અવનીના નાની. પ્રાર્થનાસભા ૭/૧૦/૨૪ના ૪ થી ૬. ઠાકુર વિલેજ હોલ, ચેલેન્જર ટાવરની સામે, પીઝા હટની પાછળ, ઠાકુર વિલેજ, કાંદિવલી ઈસ્ટ.

**નાગર બ્રાહ્મણ**

હાલ દહિસર નિવાસી સ્વ.શર્મિષ્ઠાબેન તથા સ્વ.ગિરીશકાંત કુમારકાંત મહેતાના સુપુત્ર પ્રદીપભાઈ મહેતા (ઉં. વ. ૭૨) ૨/૧૦/૨૪ના કૈલાશવાસી થયેલ છે. તે ભારતીબેનના પતિ. ત્રિષ્ણા, પ્રાચી તથા રોમીલના પિતા. નિશાંતકુમાર નીતિનભાઈ ગુંદરીયા, દર્શનકુમાર ચંદ્રકાંતભાઈ વોરાના સસરા. પ્રકાશભાઈ, ગં.સ્વ.પ્રતીક્ષાબેન ચંપકભાઈ મહેતાના ભાઈ. સાસરાપક્ષે પાર્લાવાળા સ્વ.શાંતાબેન, સ્વ.ધૂપદભાઈ ઇન્દ્રમણિશંકર જોષીના જમાઈ. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**પરજીયા સોની**

રમેશભાઈ સોની (ઉં. વ. ૭૦) નડિયાદવાળા હાલ મુંબઈ ૩૦/૯/૨૪ના શ્રીજીશરણ પામેલ છે. તે અરુણાબેનના પતિ. સ્વ.જગજીવનદાસ મગનલાલ સોની તથા સ્વ.શાંતાબેન નડિયાદવાળાના સુપુત્ર. તારાબેન રમેશચંદ્ર સોની, ઠાકોરભાઈના ભાઈ. હેમાંગી, શિવાંગીના પિતા. પરીન ધનજીભાઈ પટેલના સસરા. બેસણું ૭/૧૦/૨૪ના ૧૨ થી ૨. ફ્લેટ નં એ ૧, માતૃછાયા બિલ્ડીંગ, શીમ્પોલી રોડ, બ્રમ્હા વિષ્ણુ મહેશ મંદિર પાસે, બોરીવલી વેસ્ટ.

**કપોળ**

સિહોરવાળા હાલ મલાડ સ્વ.વલ્લભદાસ ત્રિકમજી ભુતાના ધર્મપત્ની સરસ્વતી (ઉં. વ. ૮૫) તા.૨.૧૦.૨૪ના બુધવારે શ્રીજીચરણ પામેલ છે. સ્વ.સતિષ, બિપિન, નરેન્દ્ર (નાનું)ના માતુશ્રી. શૈલા, વિજયા, જ્યોતિના સાસુ. ભાવનગરવાળા સ્વ.જયંતીલાલ ભગવાનદાસ મહેતાના પુત્રી. સ્વ.કાળીદાસ, સ્વ.બળવંતરાય, સ્વ.કંચનબેન, સ્વ.લીલાવતીબેન, સ્વ.ગંગાબેન, સ્વ.ઈચ્છાબેન, સ્વ.જયાબેનના ભાભી. લૌકિક પ્રથા તથા પ્રાર્થનાસભા બંધ રાખેલ છે.

**સોરઠિયા બ્રહ્મક્ષત્રિય**

શિહોર નિવાસી હાલ કાંદિવલી બિપિનચંદ્ર જોગી (ઉં. વ. ૬૭) તા.૦૩/૧૦/૨૪ના શ્રીજીચરણ પામેલ છે. તે જસુબેન અમૃતલાલ જોગીના પુત્ર. ગોકળદાસ ભગવાનદાસના ભત્રીજા. નલિની અરવિંદ, દીપક જોગી, શોભના દવે, મીના ભુછડા, કુંદન કોઠારીના ભાઈ પ્રાણજીવનભાઈ લલ્લુભાઈ શનિશ્ચરાના ભાણેજ. કેતન અને વિશાલના મોટાબાપા. લૌકિક પ્રથા બંધ છે.

**કચ્છી લોહાણા**

દમયંતીબેન શાંતીલાલ કેશરીયાના પૌત્ર કચ્છ ગામ નરેડા (લખપત) હાલે ડૉમ્બીવલી ધારા મહેશ કેશરીયાના પુત્ર વ્યોમ (ઉં. વ. ૧૧) તા. ૪-૧૦-૨૪ના રામ સ્મરણ પામેલ છે. દમયંતીબેન ગંગારામ રાયકુંડલીયાના દોહિત્ર. હેતલ ભાવેશ કેશરીયાના ભત્રીજા. ચેતના વીરેશ ગણાત્રાના ભત્રીજા, સાગર, અક્ષ, સીયા, મીત, પ્રથમ, પ્રીત, મહીમ, ધ્રુવના ભાઈ. બંને પક્ષની પ્રાર્થનાસભા રવિવાર તા. ૬-૧૦-૨૦૨૪ના ૫ થી ૬.૩૦, શ્રી બ્રંમાડેશ્વર ભક્ત મંડળ હોલ, આર્ય સમાજની પાછળ, જવાહરલાલ નહેરૂ રોડ, મુલુન્ડ-વેસ્ટ. લૌકિક વ્યવહાર બંધ છે.

**કચ્છી લોહાણા**

નિમિષ ઠક્કર (ઉં. વ. ૬૮) તે સ્વ. જ્યોત્સનાબેન તથા સ્વ.માવજીભાઈ કેશવજીભાઈના પુત્ર. ગામ ભુજ હાલ માટુંગા છાયાબેનના પતિ. સ્વ. સરલાબેન મંગલદાસ ભીમજી આઈયા, ગામ તેરાના જમાઈ. પુજા મેહુલ પરીખ તેમજ દેવંગના પિતાશ્રી. કમલેશ અને સોનલબેન કિશોરભાઈ ભીંડેના ભાઈ, તા. ૩-૧૦-૨૪ના શ્રીજીના શરણે ગયા છે. પ્રાર્થનાસભા રાખેલ નથી, લૌકિક વ્યવહાર બંધ છે.

**ગોહિલવાડ દશા શ્રીમાળી વણિક**

ઉમરાળા નિવાસી હાલ ઘાટકોપર સ્વ. અનંતરાય ચુનીલાલ મહેતાના ધર્મપત્ની. ગં.સ્વ.હસુમતીબેન મહેતા (ઉં. વ. ૯૨) તા. ૦૩-૧૦-૨૪ના શ્રીજીચરણ પામ્યા છે. તે દર્શના કેતનકુમાર મહેતા, કૌશલ મહેતાના માતુશ્રી. સ્વ. કેતનકુમાર ભૂપેન્દ્રભાઈ ત્થા શિલ્પા મહેતાના સાસુ. ઉર્વિશના દાદી ત્થા ભૂંભલી નિવાસી હાલ મુંબઈ સ્વ.નિર્મળાબેન જયંતિલાલ મહેતાના સુપુત્રી, લૌકિક વ્યવહાર રાખેલ નથી.

## પારસી મરણ

ધન એમ ગોકલ તે મરહૂમ મીનુના ધન્યાની. તે મરહૂમો આલામાય જાહગીર ભરુચાના દીકરી. તે રુશાદ, દારાયશના માતાજી. તે નાતાશાના સાસુજી. તે મરહૂમો પીલુ, શેરુ, કેતી, દીના, ને રુસીના બહેન. તે ક્રિયા ને ચેરાગના બપઈજી. (ઉં.વ. ૯૦) રે.ઠે: બ-૫૦૧, બનય બેરી એપાર્ટમેન્ટ, યારી રોડ ડેપો અંધેરી (વેસ્ટ), મુંબઈ-૪૦૦૦૬૧. ઉઠમણાંની ક્રિયા: તા. ૫-૧૦-૨૪ને દિને બપોરે ૩.૪૦ વાગે. બેનદરા તાતા અગ્યારીમાં છેજી.

**ચેન્નાઈ**

એ. દીનશાહ બેહરામજી વઝીફદાર મરહૂમ મનીના ખાવીદ. એ બોમી વઝીફદાર (પંથકી ચેનાઈ અગિયારી)ના બાવાજી. તે મરહૂમ નીલુફર બોમી વઝીફદારના સસરા. એ પાઉરૂશાસ્પ ને વહીશતાના બપાવાજી. તે પીનાઝ પાઉરૂશાસ્પ વઝીફદારના બપાવા સસરા. તે મરહૂમો નાજામાય બેહરામજી વઝીફદારના દીકરા. તે મરહૂમો તેહમીના બરજોરજી ભીવંડીવાલાના જમાઈ. (ઉં.વ. ૯૨) રે.ઠે: ૨૦/૮૩ વેસ્ત માધા ચર્ચ રોડ, કલ્બવાલા પારસી અગીયારી રોયાપુરમ ચેન્નાઈ-૧૩.

## જૈન મરણ

**વાગડ વિ. ઓ. જૈન**

ગામ વણોઇના સ્વ. વેલજી જસા સાંયા બૌવા (ઉં. વ. ૮૨) સોમવાર, તા. ૩૦-૯-૨૪ના દેશમાં અવસાન પામેલ છે. સ્વ. વિંઝઇબેન જસાના પુત્ર. મુરઇબેનના પતિ. સ્વ. દીપક, મગન, દમુ, મનિષા, મંજુના પિતા. રીંકુના સસરા. પાંચાલાલ, સ્વ. કેશવજી, સ્વ. મુરઇબેન, સ્વ. અમૃત, દિવાળીના ભાઇ. નિમુના જેઠ. નંદાસરના મોંઘીબેન હિરજી વાલજી વિસરીયાના જમાઇ. પ્રાર્થનાસભા રાખેલ નથી. ઠે. વણોઇ (કચ્છ).

**વિશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

જામનગર નિવાસી હાલ ઘાટકોપર સ્વ. હરસુખલાલ પુનાતરના ધર્મપત્ની હંસાબેન પુનાતર (ઉં. વ. ૮૮) તે પ્રિતીબેનના માતુશ્રી. મિલનભાઈ ચીમનલાલ દોશીના સાસુજી. મણીબેન મોહનલાલ પુનાતરના પુત્રવધૂ. નગીનભાઈ, જયાબેન શાંતીલાલ, દમયંતી મગનલાલ, ઈન્દુબેન છોટાલાલના ભાભી. શણગારબેન લખમીચંદ ઠાકરશીના દિકરી તા. ૦૪-૧૦-૨૪ના અરિહંતશરણ પામેલ છે. પ્રાર્થનાસભા રવિવાર તા.૦૬-૧૦-૨૪ના ૧૦.૩૦ થી ૧૨.૦૦. જોલી જીમખાના, ઘાટકોપર.

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

મોરબી નિવાસી હાલ ઘાટકોપર પ્રભાબેન મહેતા (ઉં. વ. ૯૩) તે સ્વ. જયંતિલાલ શીવલાલ મહેતાના પત્ની. સ્વ.મણીબેન શીવલાલ મહેતાના પુત્રવધૂ. સ્વ. જયાબેન મગનલાલ મહેતાના પુત્રી. હર્ષા, ભરત, જયશ્રી, કલ્પના, નીતાના માતુશ્રી. રાજેશભાઈ, બીનાબેન, શિરીષભાઈ, શૈલેશભાઈ, જતીનભાઈના સાસુ. બુધવાર તા. ૨-૧૦-૨૪ના અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

ગોપાલ ગ્રામ નિવાસી હાલ કાંદિવલી સ્વ.મગનલાલ વનમાળીદાસ ઝાટકીયાના સુપુત્ર અશ્વિનભાઈ (ઉં. વ. ૬૪) તે ગં.સ્વ. કાન્તાબેનના સુપુત્ર, જ્યોતિબેનના પતિ. સાગર અને વિધીના પિતાશ્રી. હસમુખભાઈ, વિનોદરાય, કુંદનબેન ચીમનલાલ મોયાણી, સ્વ. કલ્પનાબેન કિરીટકુમાર હેમાણીના ભાઈ, સસુરપક્ષે સ્વ. રસિકલાલ મગનલાલ મિયાણીના જમાઈ. તા. ૦૩-૧૦-૨૪ ગુરૂવારના અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

માપરના વશનજી પુનશી છાડવા (ઉં. વ. ૭૧) ૨-૧૦-૨૪ના અવસાન પામેલ છે. બુધ્ધીબેન પુનશી વેલજીના પુત્ર. તરલાબેન (લક્ષ્મી)ના પતિ. મીતેષના પિતા. ગોધરા લક્ષ્મીબેન, તલકશીભાઇ, રતીલાલ, સ્વ. શાંતિલાલના ભાઇ. ભોજાયના માતુશ્રી નેણબાઇ દેવજી શીવજીના જમાઇ. પ્રાર્થના રાખેલ નથી. ચક્ષુદાન-ત્વચાદાન કરેલ છે. નિ. મીતેષ વશનજી છાડવા, ૭૦૨, મનહર વિલા, જૈન દેરાસર માર્ગ, સાંતાક્રુઝ (વે).

તુંબડીના જગદીશ બૌવા (ઉં. વ.૬૩) તા.૨.૧૦.૨૪ ના અવસાન પામેલ છે. ઝવેરબેન ખીમજી મેઘજીના પુત્ર. પ્રફુલાના પતિ, ખંતી, મયંકના પિતા. અમૃત, જેવંતી, જયંતી, નુતન, નિતીનના ભાઇ. તુંબડી ગંગાબાઈ દેવજી ઉમરશીના જમાઈ. પ્રા. શ્રી. વ. સ્થા. જૈન શ્રા. સં. કરશન લઘુ નીસર હોલ, દાદર(વે). ટા. ૪ થી ૫.૩૦.

નાની તુંબડીના ધનજી (બાબુભાઇ) મોણશી પદમશી સતીઆ (ઉં. વ. ૯૩) તા. ૩-૧૦-૨૪ના અવસાન પામેલ છે. તેજબાઇ મોણશી પદમશીના પુત્ર. હેમલતાના પતિ. ભરત, હરીશ, ભારતી, પ્રીતીના પિતા. નાનજી, લક્ષ્મીબેન, ધનબાઇ, જેઠીબાઇના ભાઇ. નાના ભાડીયા ભાણજી જેવત રાંભીયાના જમાઇ. પ્રાર્થના રાખેલ નથી. નિ. ભરત સતીઆ, ૧૨૦૫, પ્રથમેશ પુજા, સીંપોલી, બોરીવલી (વે.).


નાની ખાખરના ફિલિપ હિતેનચંદ શાહ/દેઢિયા (ઉં. વ. ૫૧) તા. ૨-૧૦-૨૦૨૪ના અવસાન પામેલ છે. મધુબેન હિતેનચંદ મોરારજીના સુપુત્ર. સેજલના પતિ. યુગ, દેવના પિતાશ્રી. નયનના ભાઈ. નીલમબેન ચંપકલાલ ખીમજી છેડાના જમાઈ. ચક્ષુદાન કરેલ છે. પ્રા. યોગી સભાગૃહ, દાદર. ટા. ૩ થી ૪.૩૦.

ટુંડાના મીના (મધુ) ગડા (ઉં. વ. ૬૮) તા.૩-૧૦-૨૪ના અવસાન પામેલ છે. રતનબેન પ્રેમજી રાયશીના પુત્રવધૂ. દામજીના પત્ની. ફેની (શીતલ), ક્રેજી, કીમ (કોમલ), પ્રીતેશના માતા. લક્ષ્મીબેન મગનલાલ મારૂના સુપુત્રી. અરવિંદ, ભરત, સવિતા, વિમળાના બેન. પ્રાર્થના રાખેલ નથી. નિ. મીના (મધુ) ગડા, જે-૬૦૧, નવનીત નગર, દેશલેપાડા, ડોંબિવલી (ઈ).

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-૩૦ સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) ક્યાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|



Deepak Somaiya






Deepak Somaiya



Deepak Somaiya


પાંચ દિવસમાં બીજી કેબિનેટની બેઠક

# એન. એ. ટેક્સ નાબૂદ અને જૈનોના કલ્યાણ માટે મહામંડળ

## આ બે સહિત ૩૮ નિર્ણય એકનાથ શિંદે સરકાર દ્વારા લેવાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મહારાષ્ટ્ર કેબિનેટની મહત્ત્વની બેઠકનું આયોજન શુક્રવારે કરવામાં આવ્યું હતું. આગામી વિધાનસભાની ચૂંટણીને ધ્યાનમાં રાખીને આ બેઠકમાં અનેક મહત્ત્વના નિર્ણયો લેવામાં આવ્યા હતા. જેમાં જૈનોને માટે મહામંડળની સ્થાપના, એન. એ. ટેક્સને નાબૂદ કરવાનો નિર્ણય અને મહારાષ્ટ્રમાં ઐતિહાસિક ઇમારતોને નુકસાન પહોંચાડવા બદલ બે વર્ષની જેલની સજાનો નિર્ણય સામેલ છે.

એક અઠવાડિયાની અંદર બીજી કેબિનેટની બેઠક લેવામાં આવી હતી અને તેમાં મહારાષ્ટ્ર સરકારે લીધેલા ૩૮ નિર્ણયમાં રાજ્યના જૈન સમુદાય માટે આર્થિક કલ્યાણ નિગમની સ્થાપનાના પ્રસ્તાવને મંજૂરી આપી હતી. આ ઉપરાંત બારી, તેલી, હિંદુ ખાટીક, લોનારી જેવા સમુદાયો માટે નાણાકીય વિકાસ નિગમની સ્થાપના કરવાનો પણ નિર્ણય લેવામાં આવ્યો હતો, જેઓ ઓબીસી સેગમેન્ટનો ભાગ છે, જ્યારે બૌદ્ધ ધર્મની સાંસ્કૃતિક અને શૈક્ષણિક સંસ્થાઓને ૧૦ લાખ રૂપિયા સુધીનું અનુદાન આપવામાં આવશે. આ પહેલાં સોમવારે કેબિનેટની બેઠકમાં ૩૨ નિર્ણય લેવામાં આવ્યા હતા.

મુખ્ય પ્રધાન એકનાથ શિંદેની અધ્યક્ષતામાં મળેલી કેબિનેટની બેઠકમાં ગામડાંની બહાર રહેણાંક મકાનો, વ્યવસાયિક અને ઔદ્યોગિક ઉપયોગ માટેની ઇમારતો વગેરે પર વસૂલ કરવામાં આવતા બિન-કૃષિ (એન.એ.) ટેક્સ માફ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો.

મહારાષ્ટ્ર કેબિનેટે મહારાષ્ટ્રમાં જૂની અને ઐતિહાસિક ઇમારતોને નુકસાન પહોંચાડવા અંગે કાયદો બનાવવાનો પ્રસ્તાવ પસાર કર્યો છે. નવા પ્રસ્તાવિત કાયદા અનુસાર જૂની અને ઐતિહાસિક ઇમારતોને નુકસાન પહોંચાડનાર વ્યક્તિને બે વર્ષની જેલ અને એક લાખ રૂપિયાનો દંડ થશે.

રાજ્ય સરકાર દ્વારા રાજ્યમાં બિન-કૃષિ વેરો સંપૂર્ણપણે માફ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. પ્રાચીન અને ઐતિહાસિક ઈમારતોને નુકસાન પહોંચાડવા માટે બે વર્ષની સજા અને એક લાખનો દંડ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. ■

## ૨૩ મહિનામાં ૨૫,૬૪૦ નિર્ણય

મુંબઈ: લોકસભાની ચૂંટણી પહેલા મહાયુતિ સરકારમાં નિર્ણયો લેવાની ગતિ થોડી મંદ હતી, પણ હવે સરકારે 'નિર્ણય ગતિમાન, મહારાષ્ટ્ર વેગવાન' પ્રમાણે લોકસભાની ચૂંટણીના પરિણામ જાહેર થયા બાદ ફટાફટ નિર્ણયો લેવાની શરૂઆત કરી અને એ અંગેના સરકારી પરિપત્ર (જીઆર) પણ બહાર પાડ્યા. પહેલી જુલાઇથી ત્રીજી ઓક્ટોબર સુધી ૧૨૫ દિવસમાં ૮,૩૦૭ (રોજના સરેરાશ ૬૭) નિર્ણય લેવામાં આવ્યા હતા.

અગાઉ ૨૦૧૯માં વિધાનસભાની ચૂંટણી બાદ ઉદ્ધવ ઠાકરેએ મુખ્ય પ્રધાન તરીકેનો અખત્યાર સંભાળ્યો હતો. ૨૮મી સપ્ટેમ્બર, ૨૦૧૯થી ૨૯મી જૂન, ૨૦૨૨ એમ ૩૧ મહિનામાં મહાવિકાસ આઘાડીની સરકારે મુખ્ય પ્રધાન ઠાકરેના નેતૃત્વ હેઠળ ૨૫,૬૩૮ નિર્ણય લઇ જીઆર બહાર કાઢ્યા હતા. ૩૦મી જૂન, ૨૦૨૨ના એકનાથ શિંદે મુખ્ય પ્રધાન બન્યા હતા અને તાત્કાલિક નિર્ણયો લેવાનું શરૂ કર્યું હતું. તેમના કાર્યકાળમાં લોકસભાની ચૂંટણી માટેની બે મહિના આચારસંહિતા હતી. તેમ છતાં ૨૩ મહિનામાં શિંદેએ જેટલા નિર્ણયો લીધા એટલા નિર્ણય ઉદ્ધવ ઠાકરેની સરકારે ૩૧ મહિનામાં પણ લીધા નહોતા. મહાયુતિની સરકારે ૨૩ મહિનામાં ૨૫,૬૪૦ નિર્ણયો લીધા હતા. લોકસભાની ચૂંટણી બાદ મહાયુતિ સરકારે લીધેલા કેટલાક નિર્ણયોને કારણે રાજ્યની તિજોરી પર તેનો બોજો પડ્યો હોવાનું પણ જણાઇ રહ્યું છે. મહાયુતિ સરકારે છેલ્લા ૧૫ દિવસમાં ૧,૯૦૦ જીઆર બહાર પાડ્યા છે. ■

# બુધ-ગુરુ-શુક્રવારે રાતે બાર વાગ્યા સુધી ગરબાની રમઝટ જામશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: નવરાત્રિમાં મન મૂકીને ગરબા-દાંડિયા રમનારા ખેલૈયાઓ માટે ખુશ ખબર આવ્યા છે. છેલ્લા ત્રણ દિવસ એટલે કે બુધ, ગુરુ અને શુક્રવારે રમવાની સમયમર્યાદામાં છૂટ આપવામાં આવી હોવાથી રાતે ૧૨ વાગ્યા સુધી ગરબાની રમઝટ જામશે.

મુંબઈમાં નવરાત્રિમાં રાતે ૧૦ વાગ્યા પછી લાઉડસ્પીકરો વગાડવા પર પ્રતિબંધ હોવાથી ગરબારાસ બંધ કરી દેવા પડે છે, પણ શુક્રવારે કલેક્ટર ઑફિસ દ્વારા બહાર પડાયેલા આદેશથી ખલૈયાઓમાં આનંદ છવાઈ જાય એવા સમાચાર આવ્યા છે.

આદેશ અનુસાર ૯, ૧૦ અને ૧૧ ઑક્ટોબરે રાતે ૧૨ વાગ્યા સુધી નવરાત્રિમાં લાઉડસ્પીકર વગાડવાની છૂટ આપી છે, જેને કારણે રંગરસિયાઓ ૧૨ વાગ્યા સુધી ગરબા રમી શકશે.

જોકે આ પરવાનગી કેન્દ્રીય પર્યાવરણ મંત્રાલયના ધ્વનિ પ્રદૂષણ નિયમોને આધીન રહીને આપવામાં આવી છે. એટલે કે નવરાત્રિ આયોજકોએ ધ્વનિ પ્રદૂષણના નિયમો-નિયંત્રણોનું પાલન કરીને લાઉડસ્પીકરોનો ઉપયોગ કરવાનો રહેશે. ■

# મહારાષ્ટ્રના પ્રધાન સંજય રાઠોડની કારનો અકસ્માત

મુંબઈ: મહારાષ્ટ્રના જમીન-પાણી સંવર્ધન ખાતાના પ્રધાન સંજય રાઠોડની કાર એક પિક-અપ વૅન સાથે અથડાઇ હોવાની ઘટના શુક્રવારે બની હતી. જોકે, આ ઘટનામાં રાઠોડને કોઇ ઇજા થઇ નહોતી. આ ઘટનામાં પિક-અપ વૅનનો ડ્રાઇવર જખમી થયો હોવાની માહિતી પોલીસ અધિકારી પાસેથી મળી હતી.

પોલીસ પાસેથી મળેલી માહિતી મુજબ આ ઘટના અરની પોલીસ સ્ટેશનના વિસ્તારમાં આવતા કોપરા ગામના દિગ્રસ નજીક બપોરે આશરે બે વાગ્યે બની હતી.

વડા પ્રધાન નરેન્દ્ર મોદી મહારાષ્ટ્રની મુલાકાતે છે ત્યારે તેમના આગમનની તૈયારીઓની સમીક્ષા કર્યા બાદ વાશિમ જિલ્લાથી યવતમાળ આવી રહ્યા હતા એ વખતે રાઠોડની કારને અકસ્માત નડ્યો હતો. ઉલ્લેખનીય છે કે વડા પ્રધાન નરેન્દ્ર મોદી શનિવારે યવતમાળ જિલ્લાની મુલાકાતે આવવાના છે. રાઠોડ યવતમાળ જિલ્લાનાં પાલક પ્રધાન પણ છે. તેમણે જ ઇજાગ્રસ્ત થયેલા ડ્રાઇવરને હૉસ્પિટલ પહોંચાડ્યા હોવાની માહિતી પણ અધિકારીએ આપી હતી. આ ઘટના બાદ એક પત્રકાર પરિષદમાં પણ રાઠોડે પોતાને થયેલા અકસ્માતની માહિતી આપી હતી. જોકે, તેમના કાફલાને નડેલા અકસ્માતની ઘટનામાં તે જે કારમાં બેઠા હતા તે કારને કોઇ નુકસાન ન થયું હોવાનું તેમણે આ દરમિયાન જણાવ્યું હતું. ■

# વડા પ્રધાન મોદી આજે મુંબઈમાં

## એમએમઆરના ૩૨,૮૦૦ કરોડના પ્રોજેક્ટને આપશે લીલી ઝંડી

મુંબઈ: સિડકો નવી મુંબઈ એરપોર્ટ ઈન્ફ્લુઅન્સ નોટિફાઈડ એરિયા (નૈના)ની ટાઉન પ્લાનિંગ સ્કીમ (ટીપીએસ) બેથી સાતનાં માળખાકીય સુવિધાનાં કામો પાંચમી ઓક્ટોબરથી શરૂ કરશે. આ કામો ૨૫૫૦.૫૮ કરોડ રૂપિયાના ખર્ચે થવાના છે. વડા પ્રધાન નરેન્દ્ર મોદી તેમની પાંચમી ઓક્ટોબરે અહીંની મુલાકાત દરમિયાન કામોનું ભૂમિપૂજન કરવાના છે. આ ઉપરાંત તેઓ શહેરમાં વિવિધ માળખાકીય પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન અને લોકાર્પણ કરવાના છે. આ તમામ પ્રોજેક્ટ્સ પાછળ ૩૨૮૦૦ કરોડ રૂપિયાનો ખર્ચ કરવામાં આવશે. આમ કુલ મહારાષ્ટ્રના ૫૬,૦૦૦ કરોડથી વધુના પ્રોજેક્ટ્સને મોદી લીલી ઝંડી આપશે.

નૈનાનાં કામોમાં ૬૦ મીટર અને ૪૫ મીટરના રસ્તાને પહોળા કરવા, ફ્લાયઓવર, પુલ, વાહનો અંડરપાસ, રાહદારી અંડરપાસ જેવા નાના-મોટા માળખાઓના નિર્માણનો સમાવેશ થાય છે. આમાં સ્ટ્રીટ લાઈટ જેવાં ઈલેક્ટ્રિક કામોનો પણ સમાવેશ થાય છે. પ્રોજેક્ટનાં કામો અંગે વિસ્તૃત માહિતી આપતાં સિડકોના એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું કે નૈના ટીપીએસ બે અને ૭માં નવ ફ્લાયઓવર બાંધવામાં આવશે, જ્યારે ૧૨ નાના બ્રિજ, ૨૬ રાહદારી અંડરપાસ અને એક વાહન અંડરપાસનો સમાવેશ થાય છે. એવી જ રીતે કુલ ૧૭.૫૯ કિમી રોડનું કામ હાથ ધરવામાં આવશે, જેમાં ૬૦ મીટરનો ૩.૭૧ કિમી રોડ, ૪૫ મીટરનો ૧૩.૨૮ કિમી રોડ અને ૩૦ મીટરનો ૦.૬ કિમીના રોડનું કામ હાથ ધરવામાં આવશે. આમાં ૨૬.૬૬ કિમીના સ્ટોર્મ વોટર ડ્રેઈન અને યુટિલિટી ટ્રેન્ચીસ, ૩૨.૯૩ કિમીનો વોટર સપ્લાય અને ૨૫.૭૬૮ કિમી સીવરેજ નેટવર્કનો સમાવેશ થતો હોવાનું અધિકારીએ જણાવ્યું હતું. ■

# પીએમ સાંતાક્રુઝથી બીકેસી પ્રવાસ કરી નવી મેટ્રો લાઇન ખુલ્લી મૂકશે

મુંબઈ: શહેરના અત્યંત મહત્ત્વાકાંક્ષી પ્રોજેક્ટ અને જાહેર પરિવહન ક્ષેત્રમાં ક્રાંતિ તરીકે જોવામાં આવતા મુંબઈ મેટ્રો-૩ પ્રોજેક્ટનું વડા પ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે ઉદ્ઘાટન કરવામાં આવનાર છે. મેટ્રોની આ એક્વા લાઇનનો પહેલા તબક્કાનો આંશિક હિસ્સો વડા પ્રધાન મોદીના હસ્તે આ મહિને ખુલ્લો મૂકવામાં આવશે, જે આરે કોલોનીથી બાંદ્રા-કુર્લા કોમ્પ્લેક્સ(બીકેસી) સુધી શરૂ કરવામાં આવશે. ખુદ વડા પ્રધાન સાંતાક્રુઝથી બીકેસી આ મેટ્રોમાં પ્રવાસ કરવાના છે. પહેલા તબક્કામાં દસ સ્ટેશનોનો સમાવેશ થશે. આ મેટ્રો થવાના કારણે મુંબઈના ટ્રાફિકનો ભાર હળવો થશે અને પ્રવાસીઓને જાહેર પરિવહનની મોટી સુવિધા મળશે. ઉલ્લેખનીય છે કે આ આખો પ્રોજેક્ટ ૩૩.૫ કિલોમીટરનો છે જે શહેરના દક્ષિણ, મધ્ય અને પશ્ચિમ મુંબઈને આવરી લેશે અને તેમાં કુલ ૨૭ સ્ટેશનોનો સમાવેશ થાય છે. ખાસ કરીને પશ્ચિમના ઉપનગરોમાં ટ્રાફિકની સમસ્યા આ પ્રોજેક્ટના કારણે હળવી થશે અને શહેરના વેપારી કેન્દ્રો તરીકે જાણીતા સ્થળો તેમ જ ઇન્ટરનેશનલ ઍરપોર્ટને પણ જોડશે.

આ આખી મેટ્રો લાઇન શરૂ થયા બાદ તે નરીમન પોઇન્ટ, મુંબઈ સેન્ટ્રલ, વરલી, દાદર સહિત મુંબઈ ઇન્ટરનેશનલ ઍરપોર્ટ જેવા સ્થળોને જોડશે. આનાથી પ્રવાસનો સમય પણ ઘટશે અને સાંતાક્રુઝ અને ઘાટકોપર જેવા સ્થળોએ ઊભી થતી ટ્રાફિકની સમસ્યામાંથી પણ પ્રવાસીઓને છૂટકારો મળશે. મહારાષ્ટ્રની મુલાકાતે આવનારા વડા પ્રધાન મોદી ૫૬,૦૦૦ કરોડ રૂપિયાના વિવિધ પ્રોજેક્ટનું અનાવરણ કરશે એ દરમિયાન આ પ્રોજેક્ટનું ઉદ્ઘાટન પણ તેમના હસ્તે કરાશે. ઉલ્લેખનીય છે કે આમુંબઈની પહેલી જ અંડરગ્રાઉન્ડ મેટ્રોલાઇન હશે અને ઓક્ટોબરમાં શરૂ થનારી આ સેવાના કારણે બીકેસીથી આરે કોલોનીનુ અંતર ફક્ત ત્રીસ મિનિટમાં જ કાપી શકાશે. ■

# પુણેમાં નિર્ભયાવાળી: યુવતી પર ગેન્ગરેપ

## વિરોધ કરનાર પુરુષ મિત્રની કરી મારપીટ

પુણે: પુણેમાં નિર્જન સ્થળે ૨૧ વર્ષની યુવતી પર ત્રણ નરાધમે સામૂહિક બળાત્કાર ગુજાર્યો હતો, જ્યારે યુવતીના મિત્રને વૃક્ષ સાથે બાંધી તેની મારપીટ કરી હતી.

પોલીસના જણાવ્યા અનુસાર બોપદેવ ઘાર વિસ્તારમાં ગુરુવારે રાતે ૧૧ વાગ્યાની આસપાસ આ ઘટના બની હતી અને પોલીસે બીજે દિવસે બે શંકાસ્પદના સ્કેચ જારી કરીને આરોપીઓની શોધ આદરી હતી, જ્યારે આરોપીને પકડવા નાગરિકોની મદદ માગી હતી. કોંઢવા પોલીસ સ્ટેશનના અધિકારીએ જણાવ્યું હતું કે પીડિત યુવતી તેના મિત્ર સાથે ગુરુવારે રાતે બોપદેવ ઘાર વિસ્તારમાં ગઇ હતી, ત્યારે ત્રણ અજાણ્યા શખસોએ યુવતી પર સામૂહિક બળાત્કાર ગુજાર્યો હતો.

એડિશનલ પોલીસ કમિશનર રંજન કુમાર શર્માએ જણાવ્યું હતું કે આરોપીઓએ યુવતીના મિત્રને પ્રથમ વૃક્ષ સાથે બાંધી દીધો હતો. બાદમાં તેમણે યુવતી પર બળાત્કાર ગુજાર્યો હતો.

પીડિતા તેના મિત્ર સાથે શુક્રવારે વહેલી સવારે પાંચ વાગ્યે સરકાર સંચાલિત સાસૂન જનરલ હોસ્પિટલમાં આવ્યા બાદ પોલીસને ઘટનાની જાણ થઇ હતી.

પીડિતાની ફરિયાદને આધારે પોલીસે ગુનો દાખલ કર્યો હતો અને આરોપીઓને પકડવા માટે ૧૦ ટીમ તૈયાર કરવામાં આવી હતી. શર્માએ જણાવ્યું હતું કે પીડિતા અને તેના મિત્રએ આપેલા વર્ણન પરથી પોલીસે બે શંકાસ્પદના સ્કેચ તૈયાર કર્યા હતા. આ બનાવ બાદ તપાસના ભાગરૂપે ફોરેન્સિક ટીમ અને ડોગ સ્કવોડને ઘટનાસ્થળે પાઠવવામાં આવી હતી. (પીટીઆઇ)■

# નાયબ સ્પીકરનો મંત્રાલયના ત્રીજા માળથી સીધો કૂદકો

## ...પણ પડ્યા સેફ્ટી નેટમાં: ધનગર સમુદાયને અનુસૂચિત જાતિના દરજ્જા આપવાનો વિરોધ



મુંબઈ: મંત્રાલયમાં શુક્રવારે થયેલા હાઇ વૉલ્ટેજ ડ્રામામાં મહારાષ્ટ્ર વિધાનસભાના નાયબ સ્પીકર નરહરી ઝિરવાલ સહિત અમુક આદિવાસી નેતાઓએ ધનગર સમુદાયને અનુસૂચિત જાતિ (એસટી)નો દરજ્જો આપવાનો વિરોધ કરવા ત્રીજા માળેથી સેફ્ટી નેટ (સુરક્ષા જાળી) પર કૂદી પડ્યા હતા. આ ઘટનામાં કોઇને પણ ઇજા પહોંચી નહોતી, એમ સૂત્રોએ જણાવ્યું હતું.

સેફ્ટી નેટ પર કૂદનારા નેતાઓમાં એનસીપીના બે વિધાનસભ્ય ઝિરવાલ અને કિરણ લહામ્ટે અને ભાજપના આદિવાસી સાંસદ હેમંત સાવરાનો સમાવેશ થાય છે.

મંત્રાલયમાં આત્મહત્યાના પ્રયાસની વારંવાર બનતી ઘટનાને ધ્યાનમાં રાખીને ૨૦૧૮માં સેફ્ટી નેટ બેસાડવામાં આવી હતી. નેતાઓને નેટ પરથી બહાર કાઢ્યા બાદ તેઓ ગ્રાઉન્ડ ફ્લોરના પેસેજ પર બેઠા હતા અને દાવો કર્યો હતો કે મુખ્ય પ્રધાન એકનાથ શિંદે ક્વૉટા મુદ્દે તેમની સાથે ચર્ચા કરવા મળી રહ્યા નથી. 'હું સૌપ્રથમ આદિવાસી છું અને ત્યાર બાદ વિધાનસભ્ય અને સ્પીકર. મુખ્ય પ્રધાને પ્રદર્શનકારીઓને મળવું જોઇએ', એમ ઝિરવાલે પત્રકારોને જણાવ્યું હતું.

ભાજપના વિધાન પરિષદના સભ્ય ગોપીચંદ પડલકરે જણાવ્યું હતું કે ઝિરવાલ બંધારણીય પદ ધરાવે છે અને તેમને આ પ્રકારનું પગલું ભરવાની કોઇ જરૂર જ નહોતી. મહારાષ્ટ્રમાં પંચાયત (એક્સટેન્શન ટુ શેડ્યુલ્ડ એરિયા) એક્ટ (પેસા) હેઠળ થઇ રહેલી ભરતીને રોકવા સામે છેલ્લા પંદર દિવસથી વિરોધ કરી રહેલા વિદ્યાર્થીઓને રાજ્ય સરકારે સુરક્ષા પૂરી પાડવી જોઇએ, એમ ઝિરવાલે જણાવ્યું હતું. ■

# જોગેશ્વરી-ગોરેગામમાં ત્રણ બોગસ કૉલ સેન્ટરનો પર્દાફાશ: ૩૬ની ધરપકડ

## પ્રતિબંધિત દવા વેચવાને બહાને વિદેશી નાગરિકોને છેતરતા હતા

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: જોગેશ્વરી અને ગોરેગામ વિસ્તારમાં ચાલી રહેલા ત્રણ બોગસ કૉલ સેન્ટરનો મુંબઈ ક્રાઇમ બ્રાન્ચે પર્દાફાશ કરીને ૩૬ જણની ધરપકડ કરી હતી. આરોપીઓ પ્રતિબંધિત દવા વેચવાને બહાને વિદેશી નાગરિકો સાથે છેતરપિંડી કરતા હતા, જ્યારે લોન અપાવવાને બહાને ગ્રાહકો પાસેથી પૈસા પડાવતા હતા, એમ અધિકારીએ કહ્યું હતું. ક્રાઇમ બ્રાન્ચ યુનિટ-૧૦ અને ૧૨ના અધિકારીઓને માહિતી મળી હતી કે કેટલાક શખસો ગેરકાયદે કૉલ સેન્ટર ચલાવીને ભારતીય-વિદેશી નાગરિકોને છેતરી રહ્યા છે. આથી કૉલ સેન્ટર પર કાર્યવાહી કરવા માટે પોલીસની ટીમ્સ તૈયાર કરવામાં આવી હતી અને જોગેશ્વરી પશ્ચિમમાં બેહરામબાગ ખાતે ઇમારતના બે ફ્લેટમાં, જ્યારે ગોરેગામ પૂર્વમાં આરે કોલોની ખાતે એક સ્થળે ચાલતા કૉલ સેન્ટરમાં રેઇડ પાડવામાં આવી હતી.

યુનિટ-૧૦ની ટીમે બે કૉલ સેન્ટરમાંથી ૧૨ કમ્પ્યુટર, લેપટોપ, હાર્ડ ડિસ્ક, બે મોબાઇલ તથા અન્ય મતા જપ્ત કરીને ૧૦ સેલ્સ ઓપરેટર, બે માલિક સહિત ૧૨ની ધરપકડ કરી હતી, જ્યારે યુનિટ-૧૨ની ટીમે આરે કોલોની ખાતેના કોલ સેન્ટરમાંથી ૩૩ મોબાઇલ, ચાર મોનિટર, સીપીયુ, રાઉટર અને લેપટોપ જપ્ત કરીને ૨૪ જણની ધરપકડ કરી હતી. પોલીસના જણાવ્યા અનુસાર જોગેશ્વરીના કૉલ સેન્ટર્સમાં આરોપીઓ વીઓઆઇપી કૉલ દ્વારા વિદેશી નાગરિકોનો સંપર્ક સાધતા હતા અને વાયેગ્રા, ટ્રામાડોલ વિગેરે પ્રતિબંધિ દવાઓ વેચવાને બહાને તેમની પાસેથી ઓનલાઇન પૈસા પડાવતા હતા. તો ગોરેગામના કોલ સેન્ટરમાં આરોપીઓ ગ્રાહકોનો સંપર્ક સાધીને તેમને લોન અપાવવાનું જુઠ્ઠાણું ચલાવીને પ્રોસેસિંગ ફીને નામે છેતરપિંડી આચરતા હતા. ■

# અહમદનગર જિલ્લાનું નામ અહિલ્યાનગર

## કેન્દ્ર સરકારની મંજૂરી મળી

મુંબઈ: કેન્દ્રીય ગૃહ મંત્રાલય તરફથી મહારાષ્ટ્રના અહમદનગર જિલ્લાનું નામ બદલીને અહિલ્યાનગર રાખવા માટેના પ્રસ્તાવને મંજૂરી મળી ગઇ છે, એમ રાજ્યના મહેસૂલ ખાતાના પ્રધાન રાધાકૃષ્ણ વિખે-પાટીલે શુક્રવારે જણાવ્યું હતું.

પત્રકારો સાથેની વાતચીતમાં તેમણે કહ્યું હતું કે આ વર્ષમાં માર્ચમાં રાજ્યની કેબિનેટ બેઠકમાં અહમદનગરનું નામ બદલવા માટેનો નિર્ણય લેવાયો હતો અને કેન્દ્ર પાસે પરવાનગી માગવામાં આવી હતી.

આ નામને મુદ્દે ઘણા વર્ષોથી વિવાદ ચાલી રહ્યો હતો અને અંતે નામ બદવલવાનો ફેંસલો કરાયો હતો.

મધ્ય પ્રદેશના ઇન્દોરના ૧૮મી સદીનાં શાસક અહિલ્યાબાઇ હોલ્કર અહેમદનગર જિલ્લાના જ હતા. તેથી તેમના નામ પરથી આ જિલ્લાનું નામ રાખવાનું નક્કી કરવામાં આવ્યું હતું. ■


દિગંબર મુમુક્ષુ જૈન



વાંકાનેર નિવાસી હાલ પવઈ (મુંબઈ) શૈલેશ પ્રફુલ્લચંદ્ર સંઘવીના ધર્મપત્ની

**અ.સૌ. સ્મિતાબેન** (ઉ.વ. ૬૯)

નું દેહ પરિવર્તન ગુરૂવાર તા. ૩-૧૦-૨૦૨૪ ના રોજ થયેલ છે.

તે ઋષિત- મનન ના માતુશ્રી, સ્મિતા-બોસ્કી ના સાસુ, સિધ્ધાંત, વેદાંત, વીર તથા રિયાના દાદીશ્રી, ડો. આશાબેન મડિયાના ભાભી, મહેશભાઈ ના ભાઈના પત્ની, નયનાબેન સંઘવીના દેરાણી તથા સ્વ. રતિભાઈ તથા હીરાબેન ઉદાણીના પુત્રી.

**સદ્ગતની પ્રાર્થના સભા રવિવાર તા. ૦૬-૧૦-૨૦૨૪ ના રોજ બપોરે ૩.૩૦ થી ૫.૦૦ પરમ કેશવ બાગ, નવરોજી લેન, ઘાટકોપર (વેસ્ટ) રાખેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.**


# જાતીય સતામણીની ફરિયાદ કર્યા પછી પીડિતા ગાયબ થઇ

મુંબઈ: ૨૯ વર્ષની મહિલાની જાતીય સતામણી કરવા બદલ બે જણ સામે ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. આ પ્રકરણે પોલીસમાં ફરિયાદ નોંધાવ્યા બાદ પીડિત મહિલા ગાયબ થઇ ગઇ હતી, એમ પોલીસે જણાવ્યું હતું. જાતીય સતામણીનો ભોગ બન્યા બાદ પીડિતાને મહિલા સુધારગૃહમાં રાખવામાં આવી હતી, જ્યાંથી તે ગાયબ થઇ જતાં પોલીસે તેની શોધ આદરી હતી. પીડિતાને ૨૨ સપ્ટેમ્બરે નવી મુંબઈના નેરુલ વિસ્તારની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા બાદ આ ઘટના પ્રકાશમાં આવી હતી. નેરુલ પોલીસ સ્ટેશનની ટીમ પીડિતાનું નિવેદન નોંધવા માટે ગઇ હતી, જેમાં તેણે જણાવ્યું હતું કે દક્ષિણ મુંબઈમાં છત્રપતિ શિવાજી મહારાજ ટર્મિનસ (સીએસએમટી) નજીક તેની કથિત જાતીય સતામણી કરવામાં આવી હતી. આ પ્રકરણે સીએસએમટી રેલવે પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ કરવામાં આવ્યો હતો અને પ્રાથમિક તપાસ બાદ કેસ એમઆરએ માર્ગ પોલીસ સ્ટેશનમાં ટ્રાન્સફર કરાયો હતો. આ પ્રકરણે તપાસ હાથ ધરવામાં આવી રહી હોઇ પોલીસ ટીમ પીડિતા અને બંને આરોપીની શોધ ચલાવી રહી છે. ■


**શ્રી વર્ધમાન સ્થા. જૈન શ્રાવક સંઘ હીંગવાલા લેન**

શ્રી ડુંગરસિંહજી મહારાજ ચોક, ઘાટકોપર (પૂ.) ૪૦૦ ૦૭૭

**સ્વામી વાત્સલ્ય**

અમારા શ્રી સંઘના પુણ્યોદયે ઈ.સ. ૨૦૨૪ના લીંબડી ગોપાલ સંપ્રદાયના પ.પૂ. રામ ઉત્તમ મુનિ પરિવારના સુશિષ્યા પૂ. પ્રિયદર્શનાજી મહાસતીજી આદિ થાણા ૧૧ના સાંનિધ્યમાં ભવ્ય ચાતુર્માસની આરાધના ચાલી રહી છે. આ પ્રસંગે સ્વામી વાત્સલ્ય સંઘ જમણના ભાગ્યશાળી કાયમી દાતા સ્વ. મુક્તાબેન હસમુખભાઈ દોશી પરિવારના શ્રી કમલેશભાઈ અને શ્રી કેતનભાઈ દ્વારા રવિવાર તા. ૬.૧૦.૨૦૨૪ના રોજ સંઘમાં સવારના ૧૧.૩૦ થી ૧.૦૦ વાગ્યા સુધી રાખવામાં આવેલ છે. ઘાટકોપરનાં શ્રાવક-શ્રાવિકાઓને લાભ લેવા વિનંતી.

**PAC n DELIVER**
**INTERNATIONAL COURIER**
Send parcels to your Children & loved ones in **CANADA, UK, USA & WORLD WIDE** including Garments, Farsan, Chocolates, Sweets, Gifts, Eatables, Medicines & any permissible item & get benefited with **SPECIAL rates.**
Contact : Mr. ANUJ SANGOI
8879991866
Email - sales@pacndeliver.com
"20 Yrs of Quality Service"


હસ્તી ભાનુશાલી


વિહાન ભાનુશાલી


રાજવી વોરા


ભાવેશ ભાયાણી


હીનલ પરમાર


દીશા ઘેલાણી


સહેલ શાહ


રીમકારા ગડા

**બૃહદ્ મુંબઈ નવરાત્રિ મહાસ્પર્ધા**

# બોરીવલીમાં રંગ રાસ અને 'મુંબઈ સમાચાર'ના સથવારે ભૂમિ ત્રિવેદીના સૂર પર...

## મન મોર બની થનગાટ કરે

પ્રોફેશનલ નવરાત્રિનું પાકું સરનામું બની ગયેલા બોરીવલીમાં બીજે નોરતે શુક્રવારે 'મુંબઈ સમાચાર'ની નવરાત્રિ મહાસ્પર્ધાનું આયોજન કરાયું હતું. બોરીવલી પશ્ચિમમાં ચીકુવાડી પરિસરમાં આવેલા બાળાસાહેબ ઠાકરે મનોરંજન ઉદ્યાનમાં આયોજિત રંગ રાસ નવરાત્રિ સંગ 'મુંબઈ સમાચાર' મહાસ્પર્ધાએ ખેલૈયાઓમાં અનેરો ઉત્સાહ જગાવ્યો હતો. ખેલૈયાઓ ચણિયાચોળી અને કેડિયુ પહેરીને આવ્યા હોવાથી મેદાનમાં એક અનેરું દૃશ્ય તરી આવ્યું હતું. મેદાનમાં નિર્માણ કરાયેલા સુંદર મંદિરમાં આરતી પછી ગરબાની શરૂઆત કરાઈ હતી. સિંગર ભૂમિ ત્રિવેદીના કંઠે ગવાયેલાં ગીતો પર ખેલૈયાઓ મંત્રમુગ્ધ બની ગરબે રમ્યા હતા.

બોલીવૂડની જાણીતી સિંગર ભૂમિ ત્રિવેદી સંગ અંબર દેસાઈ, અલકા મંદાકિની અને મેહુલ પ્રજાપતિએ સુરીલા અવાજમાં ખલૈયાઓને ગરબાને હિલોળે ચઢાવ્યા હતા. આખો માહોલ રંગરસિયાઓને ગરબાની તાલ પર કૂદવા લલચાવે એવો હતો. ખેલૈયાઓ જે રીતે ગરબાના સ્ટેપ્સ કરી રહ્યા હતા એ જોઇને 'મુંબઈ સમાચાર'ના જજને કયા ખેલૈયાઓ પર પસંદગીનો કળશ ઢોળવો તેની વિમાસણ થઇ હતી.

મહાસ્પર્ધાના પ્રાયોજક ચંદન માઉથફ્રેશનર, જેવીએમ સ્પેસીસ, ઈવેન્ટ સ્પોન્સર્ડ રચના સલૂન, ટ્રોફી પાર્ટનર બીએન જ્વેલર્સ, ગિફ્ટિંગ પાર્ટનર નેનો નાઈન, રેન્ડેઝેવોસ, પાલખી, દામજી શામજી ગ્રુપ, ફ્રેન્ડ્સ રિસોર્ટસ, અરોન રિસોર્ટ, સમર પ્લાઝા, જશ હોલિડેસ એન્ડ મેમોરીસ, ખાનવેલ રિસોર્ટ-સિલવાસા, અરિહંત હોલિડેસ, ટ્રિપ ટુ થાઈલેન્ડ, એસબીસીન અને હેરલોજિક બ્રાન્ડ-મિશા ઈમ્પેક્સ, હેર સ્ટુડિયો છે.

વિશાળ મેદાનમાં દોઢ લાખ સ્ક્વેર ફૂટના વૂડન પ્લૅટફોર્મ અને ભવ્ય એલઈડી બેકડ્રોપ સ્ટેજ સાથે આખા મેદાનમાં એલઈડી સ્ક્રીનની ગોઠવણ કરાઈ હતી. સ્ટેજ પર ડિસ્કો લાઈટની સાથે મેદાનમાં અનેક જગ્યાએ કરાયેલી લાઈટિંગ આંખોને આંજી નાખે એવી હતી. મેદાનમાં નવરાત્રિરસિકોની સુરક્ષા પ્રત્યે પણ ઘણું ધ્યાન અપાયું હતું. એ સિવાય સીટિંગ ગૅલેરીની પણ વ્યવસ્થા રાખવામાં આવી હતી.

'મુંબઈ સમાચારે' યોજેલી મહાસ્પર્ધા 'રમો ઝૂમો અને જીતો'માં જે સ્પર્ધકોને ઈનામ મળ્યાં હતાં તેમને 'મુંબઈ સમાચાર' બિરદાવે છે. દરેક સ્પર્ધકોને ટ્રોફી અને ગિફ્ટ આપવામાં આવશે. મહાસ્પર્ધામાં પસંદ કરાયેલા વિજેતાઓ માટે 'મુંબઈ સમાચાર' સતત ત્રીજું વર્ષ બમ્પર ઈનામોની વણઝાર લઇને આવ્યું છે, જેમાં ૧૦ દંપતી માટે થાઈલેન્ડની ટ્રિપ, બે કપલ માટે ભૂતાનમાં સ્ટે ઉપરાંત ગિફ્ટ વાઉચર્સ અને રોકડ તો છોગામાં... આવાં ઈનામો મુખ્ય આકર્ષણનું કેન્દ્ર બની રહેશે.






**બીજા નોરતાના જજ:** ચાર્મી કક્કડ, સંજય સોની, અમિત સોની, જિજ્ઞેશ ભુતા, પિનાકીન શાહ, યશ દરેકર, ભાવિશા શાહ, હેમેન્દ્ર મિસ્ત્રી.

(તસવીરોઃ જયપ્રકાશ કેળકર)

### સૌ વિજેતાઓને અભિનંદન

આજે શનિવારે ત્રીજા નોરતે 'મુંબઈ સમાચાર' સંગાથે નવરાત્રિ જલસો, વિલેપાર્લે પૂર્વમાં આવેલી સહારા સ્ટાર હોટેલના સફાયર બેન્કવેટમાં ખેલૈયાઓ ઝૂમશે અને ઈનામો પણ મેળવશે.



સોનલ કામદાર


ખુશ્બૂ ધકાણ


મહેશ વિશાવડિયા


વિનીત ગડા


પરમ મહેતા


રિયાઝ નાગડા


નીલ નાગડા


ધ્વીજ મહેતા


આરાધ્યા ગિરી


કોમલ શાહ


આર્ય પરમાર


નીતા ગોહિલ


મુંબઈ સમાચાર દ્વિશતાબ્દી મહોત્સવની ઉજવણી નિમિત્તે

બૃહદ મુંબઈ નવરાત્રિ મહાસ્પર્ધા

રોજેરોજ ઈનામોની વણઝાર

રમો, ઝૂમો અને જીતો

૩ ઓક્ટોબરથી ૧૧ ઓક્ટોબર

મુંબઈ સમાચારની મહાસ્પર્ધા મુંબઈનાં આઠ સેન્ટરોમાં યોજવામાં આવી છે, જેમાંથી રોજેરોજ અનેક કેટેગરીમાં વિજેતાઓની પસંદગી કરવામાં આવશે. વિજેતાઓનો ફાઈનલ રાઉન્ડ રમાડવામાં આવશે.

મહાસ્પર્ધામાં પ્રોફેશનલ જજની નિમણૂક કરવામાં આવી છે અને તેમના દ્વારા પસંદગી કરાયેલા વિજેતાઓને ટ્રોફી અને ગિફ્ટ એનાયત કરવામાં આવશે. વિજેતાઓને તેમનાં ઈનામો ફાઈનલને દિવસે મળશે.

આજના જજ :

બિજલ ટેલર, જૈનેશ શાહ, મેઘના શેઠ અને નમિતા ઠક્કર

આટલું જ નહીં, રોજેરોજ જે ખેલૈયાઓ વિજેતા બનશે તેમનો ફોટો અને અહેવાલ મુંબઈ સમાચારમાં પ્રકાશિત કરવામાં આવશે.

ફાઈનલ શુક્રવાર, તા. ૧૧-૧૦-૨૦૨૪

ફાઈનલ અને અન્ય સેન્ટરો માટે જોતા રહો મુંબઈ સમાચાર

નોરતું ત્રીજું | નવરાત્રિ જલસો | સહારા સ્ટાર હૉટેલ, શેફાયર બેન્કવેટ, ૭૦-સી નેહરુ રોડ, પાર્લા (ઈસ્ટ)

મહાસ્પર્ધામાં બમ્પર ઈનામો

થાઈલેન્ડ ટ્રિપ (૧૦ કપલ)

ભૂતાનની ટિકિટ સ્ટે (બે કપલ)

ગિફ્ટ વાઉચર્સ તેમ જ ટ્રોફી

ઓલ ઈન્ડિયા હોટેલ વાઉચર્સ

+ લાખોનાં રોકડ ઈનામો તો છોગામાં.

...તો ગરબાની રમઝટ બોલાવવા માટે થઈ જાવ તૈયાર

visit: www.bombaysamachar.com

પ્રાયોજકઃ Chandan MOUTH FRESHENER Khane ki Happy Ending!

Platinum Jewellery Maker

Renddezvous where soulmates meet

NanoNine® INNOVATIVE KITCHENWARE

Since 1980 RACHNA SALON Be Beautiful, Be You

Event sponsored by

JVM SPACES a mehta group venture

B.N. JEWELLERS® INDIA PRIVATE LIMITED. Trophy partner

Oz2Thailand

SB SEEN GET NOTICED

HAIRLOGIC THE RIGHT BASICS

Gifting partners

Since 1983 HARI HARI HAIR STUDIO

Gifting partners

PALKHE (Brand by Palkhi)

DS DAMJI SHAMJI SHAH GROUP SINCE 1962

F·R·I·E·N·D·S RESORT

ARIHANT HOLIDAYS

Jash Holidays & Memoriies Destination & Event Management Company DMC For Bhutan & Russia

SUMMER PLAZA FUN ON THE MOUNTAINS

ARON RESORT

Khanvel RESORT SILVASSA

DIGITAL GLOBAL GARBA

સહયોગઃ જિતુભાઈ મહેતા, દુષ્યંત સોની, અમિત સોની અને મનીષા શેઠ


# રેલવેનું ખાનગીકરણ કરવાનો સવાલ જ ઊભો નથી થતોઃ રેલવે પ્રધાન

નાશિકઃ રેલવેનું ખાનગીકરણ કરવાનો સવાલ જ ઊભો થતો નથી, એમ જણાવતા કેન્દ્રીય રેલવે પ્રધાન અશ્વિની વૈષ્ણવે દરેકને સુવિધાપૂર્ણ સેવા પૂરી પાડવાનો રાષ્ટ્રીય પરિવહનનો મુખ્ય ઉદ્દેશ્ય હોવા પર ભાર મૂક્યો હતો. લોકો ૧૦૦૦ કિલોમીટર સુધી ૪૦૦ રૂપિયામાં આરામથી પ્રવાસ કરી શકે એ અમારો મુખ્ય હેતુ છે. આગામી પાંચ વર્ષમાં રેલવેની કાયાપલટ કરી દેવામાં આવશે. વંદે ભારત, નમો ભારત જેવી ટ્રેનો, કવચ ટ્રેન પ્રોટેકશન સિસ્ટમને અમલમાં મૂકી આ ફેરફાર કરવામાં આવશે. ■

## સિટી ન્યૂઝ

# રેડિયો ફ્રિક્વન્સી મશીન ચોરીને હોન્ગકોન્ગ અને ચીનમાં વેચનારી ટોળકી પકડાઈ

### સૉફ્ટવેર અને હાર્ડવેરમાં ફેરફાર કરી મશીન ફરી કાળાબજારમાં વેચાતાં હોવાની પોલીસને શંકા

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મોબાઈલ ટાવર પર નેટવર્ક માટે બેસાડવામાં આવેલાં રેડિયો ફ્રિક્વન્સી મશીન ચોરીને હૉન્ગકોન્ગ અને ચીનમાં વેચનારી ટોળકીને મીરા-ભાયંદર વસઈ-વિરાર પોલીસે પકડી પાડી હતી. દેશનાં અનેક રાજ્યોમાં મોબાઈલ ટાવર પરથી મશીન ચોરનારી આ ટોળકી પાસેથી પોલીસે ૩૬ મશીન જપ્ત કર્યાં હતાં. સૉફ્ટવેર અને હાર્ડવેરમાં ફેરફાર કરીને મશીનને કાળાબજારમાં ફરી વેચવામાં આવતાં હોવાની શંકા પોલીસે વ્યક્ત કરી હતી.

ક્રાઈમ બ્રાન્ચ યુનિટ-૩ની ટીમે પકડી પાડેલા આરોપીઓની ઓળખ શુભમ બિનયકુમાર યાદવ (૨૪), શૈલેષ રામઅભિલાશ યાદવ (૨૫), કપૂરચંદ્ર સુરેશ ગુપ્તા (૨૫), બન્સીલાલ કેવલચંદ જૈન (૫૦), ઝાકીર મોહમ્મદ સલીમ મલિક (૨૫), ઝૈદ અન્વર મલિક (૧૯) અને મોહમ્મદ ઝુનેદ મોહમ્મદ આરીફ મલિક (૨૪) તરીકે થઈ હતી. પોલીસ ફરિયાદ અનુસાર નાલાસોપારા પૂર્વમાં મોબાઈલ સર્વિસ પ્રોવાઈડર કંપની દ્વારા ફાઈવ-જી નેટવર્ક માટે મોબાઈલ ટાવર પર આધુનિક રેડિયો ફ્રિક્વન્સી મશીન બેસાડવામાં આવ્યું હતું.

આ મશીન ૨૨ ઑગસ્ટની બપોરે અજાણ્યા શખસે ચોર્યું હોવાની ફરિયાદ આચોલે પોલીસ સ્ટેશનમાં નોંધાઈ હતી. તાજેતરના સમયગાળામાં આ રીતે મશીન ચોરીની ઉપરાછાપરી ઘટનાઓ બનતાં ક્રાઈમ બ્રાન્ચને તપાસનો આદેશ અપાયો હતો. આસિસ્ટન્ટ પોલીસ કમિશનર (ક્રાઈમ) મદન બલ્લાળના માર્ગદર્શન હેઠળ ઇન્સ્પેક્ટર પ્રમોદ બડાખની ટીમે ટેક્નિકલ બાબતોનો અભ્યાસ કરી શુભમ, શૈલેષ, કપૂરચંદ્ર અને બન્સીલાલને મુંબઈથી પકડી પાડ્યા હતા. તેમણે આપેલી માહિતી પરથી ઝાકીર અને ઝૈદને દિલ્હીથી, જ્યારે મોહમ્મદ ઝુનેદને ઉત્તર પ્રદેશના ગાઝિયાબાદથી તાબામાં લેવાયા હતા.

પૂછપરછમાં આરોપીએ કબૂલ્યું હતું કે મશીન ચોરીને હોન્ગકોન્ગ અને ચીનમાં ગેરકાયદે રીતે વેચવામાં આવતાં હતાં. તેમની પાસેથી અંદાજે ૪૦ લાખ રૂપિયાની કિંમતનાં મશીન-કાર્ડ્સ જપ્ત કરવામાં આવ્યાં હતાં. ■

# હર્ષવર્ધન પાટીલે કર્યા ભાજપને રામ-રામઃ હવે શરદ પવારની સાથે

મુંબઈઃ છેલ્લાં અનેક વખતથી ભાજપના મોટા ગજાના નેતા હર્ષવર્ધન પાટીલ શરદ પવાર જૂથની એનસીપી(રાષ્ટ્રવાદી કૉંગ્રેસ)માં સામેલ થવાના હોવાની ચર્ચા ચાલી રહી એવામાં આખરે હર્ષવર્ધન પાટીલે પોતે જ મહોર મારી હતી અને પોતાના સમર્થકો સાથે પોતે શરદ પવારના પક્ષમાં સામેલ થયા હતા. ઉલ્લેખનીય છે કે હર્ષવર્ધન પાટીલ ગુરુવારે શરદ પવારને તેમના નિવાસસ્થાન 'સિલ્વર ઑક'માં મળ્યા હતા. જ્યાર પછી તેમણે દાવો કર્યો હતો કે શરદ પવારે તેમને તેમના પક્ષમાં સામેલ થઇને વિધાનસભાની ચૂંટણી લડવા માટે આમંત્રણ આપ્યું હતું. આ આમંત્રણ સ્વીકારતા તેમણે શુક્રવારે શરદ પવારના પક્ષમાં સત્તાવાર રીતે પ્રવેશ કર્યો હતો. ઉલ્લેખનીય છે કે મહારાષ્ટ્રના રાજકારણમાં હર્ષવર્ધન પાટીલનું કદ ખૂબ જ મોટું છે અને તે ચાર વખત ઇંદાપુર બેઠક પરથી વિધાનસભ્ય બની ચૂક્યા છે તેમ જ ભૂતપૂર્વ પ્રધાન પણ રહી ચૂક્યા છે.

પ્રવેશ કરતા પૂર્વે તેમણે પત્રકારો સાથે વાતચીત કરતા તેમણે જણાવ્યું હતું કે મેં નાયબ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ સાથે નિર્ણય લેતા પહેલા વાત કરી હતી. અમે અઢી કલાક સુધી આ બાબતે ચર્ચા કરી હતી. જોકે, ઇંદાપુરની બેઠક મહાયુતિની બેઠક વહેંચણીમાં દત્તાત્રેય ભારણે(અજિત પવાર જૂથની એનસીપીના હાલના વિધાનસભ્ય)ના ભાગે જઇ રહી હતી. ફડણવીસે મને અન્ય વિકલ્પો પણ આપ્યા હતા. જોકે, મને જે મારા માટે એ વિકલ્પો યોગ્ય લાગ્યા હોવા છતાં મારા સમર્થકો અને મારા મતવિસ્તારના લોકોને તે ક્યારેય માન્યમાં આવે તેવા નહોતા. પોતાના સમર્થકો સાથે બેઠક યોજી પછી જ નિર્ણય લીધો હોવાનું પણ તેમણે કહ્યું હતું. હવે હર્ષવર્ધન પાટીલના શરદ પવાર જૂથમાં સામેલ થયા બાદ શરદ પવારના પક્ષને ચૂંટણીમાં કેટલો ફાયદો થાય છે, તેના પર બધાની નજર રહેશે. ■

# આજે મધરાતથી ગોરેગામ અને કાંદિવલી વચ્ચે ૧૦ કલાકનો બ્લોક

મુંબઈઃ પશ્ચિમ રેલવેમાં પાંચમી અને છઠ્ઠી લાઇનના કામ માટે ગોરેગામ અને કાંદિવલી વચ્ચે શનિવારે (આજે) રાત્રે ૧૧.૦૦ વાગ્યાથી રવિવારે સવારે ૯.૦૦ વાગ્યા સુધી ૧૦ કલાકનો બ્લોક હાથ ધરવામાં આવ્યો છે. આ સિવાય ગોરેગામ અને કાંદિવલી વચ્ચે ફાસ્ટ અપ લાઇન પર રાત્રે ૧૧.૦૦ વાગ્યાથી ૩.૩૦ કલાક સુધી વધારાનો સાડા ચાર કલાકનો બ્લોક પણ લેવામાં આવ્યો છે.

આ બ્લોકને કારણે અંદાજે પચાસ ટ્રેનો રદ કરવામાં આવશે જ્યારે બોરીવલી અને ગોરેગામ વચ્ચે ૧૧ બોરીવલી સ્લો લોકલને આંશિક રીતે રદ કરવામાં આવશે. બાકીની અસરગ્રસ્ત ટ્રેનોને સંપૂર્ણ રીતે રદ કરવામાં આવશે.

વિરાર-અંધેરીની રાત્રે ૧૦.૪૪એ વિરારથી ઊપડતી ટ્રેન બોરીવલી પર ટર્મિનેટ કરવામાં આવશે. આ સિવાય ૧૧.૫૫ની અંધેરી-ભાયંદર ફાસ્ટ લોકલ અંધેરીના બદલે બોરીવલીથી દોડાવવામાં આવશે. બ્લોક દરમિયાન અંધેરી-બોરીવલી વચ્ચે અપ ફાસ્ટ લાઇનની ટ્રેનોને અપ સ્લો લાઇન પર ડાઇવર્ટ કરવામાં આવશે.

અમુક ટ્રેનો રદ કરાશે અથવા ટર્મિનેટ કરાશે. ગોરેગામ અને કાંદિવલી વચ્ચેનો બ્લોક પૂરો થયો બાદ કાંદિવલી અને બોરીવલી વચ્ચે છઠ્ઠી લાઇન બિછાવવાનું કામ હાથ ધરવામાં આવનાર હોવાથી બ્લોક લેવામાં આવશે અને તે માર્ચ, ૨૦૨૫ સુધી પૂર્ણ થવાની શક્યતા છે. ગોરેગામ અને બોરીવલી વચ્ચે ટર્મિનેટ કરવામાં આવશે. ■

# પાટીદાર સ્વજન-સહારા સ્ટારના નવરાત્રિ

## જલસામાં બીજા દિવસે છવાઇ હરિયાળી



પાટીદાર સ્વજન, શ્રી વિલેપાર્લે પાટીદાર મંડળ દ્વારા રજૂ કરવામાં આવેલા નવરાત્રિ જલસો ૨૦૨૪ સહારા સ્ટારના ફુલ્લી એરકન્ડિશન્ડ સફાયર બોલરૂમમાં બીજે દિવસે ખેલૈયાઓએ ધૂમ મચાવી દીધી હતી. રાજા દક્ષના પુત્રી માતા પાર્વતીનું સતી સ્વરૂપ એ જ કુમારિકા તરીકે માતા બ્રહ્મચારિણીના રૂપે પૂજાય છે. નોરતાના બીજા દિવસે માતા બ્રહ્મચારિણીની પૂજા કરાય છે. માતાજીની ભક્તિભાવે આરતી કર્યા બાદ ગરબા રમવાની શરૂઆત કરવામાં આવી હતી.

'લીલી લીમડી રે લીલો નાગર વેલનો છોડ...'ની જેમ બીજા દિવસનો જ રંગ પણ લીલો. લીલા રંગના વસ્ત્રો પરિધાન કરીને ગરબે ઘૂમતા ખેલૈયાઓએ સંપૂર્ણ હૉલમાં હરિયાળી ફેલાવી દીધી હતી અને એમા સંગાથ મળ્યો ગાયક-ગાયિકાઓ અને વાજિંત્ર વાદકોનો.

પાટીદાર સ્વજન આયોજિત નવરાત્રિમાં બીજા દિવસના નોરતાના લીલાછમ વાતાવરણમાં માટીની ભીનાશને યાદ કરાવતા મનીષા સાવલાના સ્વર, કોકીલકંઠી આરતી વારા, સૂર સમ્રાટ સ્વપ્નીલ મિસ્ત્રી અને છોટા પૅકેટ બડા ધમાકા એટલે પ્રશાંત શાહ જ્યારે ધૂમ મચાવીને જાદુ વિખેરે છે ત્યારે માતાજી પોતે પાટીદાર સહારા સ્ટારના પ્રાંગણમાં ગરબે રમવા આવ્યા હોવાનો અનુભવ થયો હતો.

નવરાત્રિ જલસોના આયોજક ભાર્ગવભાઈ પટેલ અને જગત કિલ્લાવાલા પણ ખેલૈયાઓને કોઇ તકલીફ ન પડે તેની વારંવાર ખાતરી કરતા હોય છે. અહીં ખેલૈયાઓની સુવિધામાં કોઇ કસર બાકી મુકાઇ નથી. નવરાત્રિના થોડા મહિના પહેલાંથી જ ભાર્ગવભાઇ અને જગતભાઇ તૈયારીઓ કરવા લાગ્યા હતા. એશિયાના સૌથી વિશાળ પીલરલેસ બેન્કવેટમાં ખેલૈયાઓ ઝૂમી શકે એ માટે સિંગર અને સાજિંદાઓ પણ ભારે મહેનત કરી રહ્યા છે. સહારા સ્ટારની અનેક ખાસિયતો છે, જેમ કે અહીંના સંગીતકારો, સિંગર્સ, વેન્યુ, આકર્ષક ઈનામો અને ફૂડ પણ ઉત્તમ કક્ષાનું.



નેટવર્ક-૧૮ના એડિટર અને જર્નાલિસ્ટ પ્રીતિ સોમપુરા અતિથિ વિશેષ તરીકે પધાર્યા હતા.

નવરાત્રિ જલસોમાં પ્રવેશ મેળવવા માટે ખેલૈયાઓમાં એટલો બધો ઉત્સાહ જોવા મળી રહ્યો હતો કે સાંજે સાડાછ વાગ્યાથી જ લાંબી લાઈન જોવા મળી હતી. પરંપરાગત ડ્રેસમાં સજ્જ થઇને આવેલા ખેલૈયાઓ ભક્તિભાવપૂર્વક આરતી કર્યા બાદ તરત જ મન મૂકીને ગરબે ઝૂમ્યા હતા. સિંગરોએ પોતાનો સ્વર આપીને ખેલૈયાઓને મંત્રમુગ્ધ કરી દીધા હતા. આ વિશાળ હોલમાં નવરાત્રિનો આનંદ માણવાની તક જતી કરવા જેવી નથી.

ગરબાની પવિત્રતા સાથે સમાજ ઉપયોગી બહુ પવિત્ર અને વર્તમાન પરિસ્થિતિમાં બહુ જરૂરી ગણાતા 'અવયવદાન' અંગે જાગરૂકતા ફેલાવવાનું બીડું પણ આયોજકો ભાર્ગવભાઇ અને જગતભાઇએ ઝડપ્યું છે. રોજેરોજ ખેલૈયાઓને અવયવદાનની જરૂરિયાત અને મહત્તા વિશે સમજાવવામાં આવે છે જેથી આજની યુવા પેઢી આ અંગે પોતે જાગરૂક થાય અને તેમના વડીલોને પણ જાગરૂક કરે. ■

# બીજા નોરતે 'પ્રેરણા રાસ-૨૦૨૪'માં જામ્યો અદ્વિતીય માહોલ



મેઘરાજાએ ખમૈયા કર્યા બાદ આ વર્ષે ખેલૈયાઓ નવરાત્રિને રંગે બરાબરના રંગાઈ રહ્યા છે. પ્રથમ દિવસે કાલિદાસ 'ગ્રાઉન્ડ ફૂલ' કર્યા બાદ બીજા નોરતે ખેલૈયાઓ તથા રાસ-ગરબા રસિકોએ મુલુન્ડની બરાબર મધ્યમાં આવેલા કાલિદાસના વિશાળ ગ્રાઉન્ડમાં આયોજિત પ્રેરણા રાસ ૨૦૨૪માં અદ્વિતીય અને અદ્ભુત માહોલ સર્જ્યો હતો. 'મા અંબે'ની આરાધના સાથે સાથે લોકપ્રિય ભક્તિગીતો અને લોકગીતોની પરંપરાને જાળવી રાખતા 'પ્રેરણા રાસ'માં ગઈકાલે સંગીતની દુનિયામાં ''એમજે'' નામથી પ્રસિદ્ધ એવા વર્સેટાઈલ સિંગર મનીષ જોશી, પોતાની લોકગાયકી દ્વારા અપાર ચાહના મેળવનાર અષાઢી ગાયક નીરવ બારોટ, કોકિલ કંઠી ગાયિકા અર્પિતા ઠક્કર, કચ્છી કોયલ શ્રુતિ કલ્યાણી અને મખમલી અવાજના ધણી રાહુલ પુરેચા પણ તેમના સુમધુર અવાજમાં ભક્તિ ગીતો, લોકગીતો તથા માતાની સ્તુતિ કરી આપણી ભવ્ય સંસ્કૃતિના દર્શન કરાવ્યાં હતાં. ■

લોકોના અભૂતપૂર્વ પ્રેમ બદલ પ્રેરણા રાસના માર્ગદર્શક મનોજ કોટકે જણાવ્યું કે ''ખેલૈયાઓ પ્રેરણા રાસમાં થિરકવા આતુર હતા. અમે તે દરેક રાસ-ગરબા પ્રેમીની પસંદગીને ધ્યાનમાં રાખીને પ્રેરણા રાસ ૨૦૨૪માં ગીત સંગીતની છણાવટ કરી છે. આ જ કારણ છે કે પ્રેરણા રાસને લોકોનો અતુલ્ય પ્રતિસાદ અને પ્રેમ મળી રહ્યો છે. અમે આવનારા દિવસોમાં પણ શ્રેષ્ઠ આપવાની અમારી પરંપરાને બરકરાર રાખશું.''

*****

ગઈકાલે પ્રેરણા રાસમાં બીજા નોરતે તું કાળી ને કલ્યાણી રે..., મંગલ દીવડાની મંગલ જ્યોતિ..., મારો સોનાનો ઘડુલો રે..., ઇંધણા વીણવા ગઈ'તી મોરી સૈયર... જેવાં પ્રસિદ્ધ લોકગીતો અને ભક્તિ ગીતોની ધૂન પર ખેલૈયાઓ થીરકતા જોવા મળ્યા હતા.

*****

### 'પ્રેરણા રાસ-૨૦૨૪' વિશેષ રાઉન્ડ

આજે સાંજે ૩ થી ૫ સિનિયર સિટિઝનો માટે રાસગરબા દાંડિયાનો વિશેષ રાઉન્ડ.

### પ્રેરણા રાસ ૨૦૨૪ ઓન સોશ્યલ મીડિયા

ઈન્સ્ટાગ્રામઃ https://www.instagram.com/prernaraasnavratri
ફેસબુકઃ https://www.facebook.com/PrernaRaasNavratri

### પ્રેરણા રાસ ૨૦૨૪નો ઘર બેઠા લાઈવ આનંદ માણો

* Prerna Events યુટ્યુબ ચેનલ
https://youtube.com/prernaevents

તે ઉપરાંત...

* Hathway Cable Channel No. 871, * In Cable Channel No. 992, * Home Cable Channel No. 985

### ગઈ કાલે પ્રેરણા રાસમાં પધારેલા મહાનુભાવો, સમાજો અને સંસ્થાઓ...

શ્રી મિહિરભાઈ કોટેચા (મુલુંડ-એમએલએ) વિધાનસભ્ય-મુલુંડ વિધાનસભા
શ્રી સચિન ગુજાલ (ડીસીપી-ઝોન-૭)
શ્રી દળવીજી (એસીપી-મુલુંડ ડિવિઝન)
શ્રી અજય જોશી (સિનિયર ઈન્સ્પેક્ટર-મુલુંડ પોલીસ સ્ટેશન)
શ્રી રાજેશ થૂલ (એક્ઝિક્યુટિવ એન્જિનિયર-એમએસઈ ડીસીએલ-મુલુંડ)
શ્રીમતી સુકેશીની થૂલ (સક્ષમ ફાઉન્ડેશન)
શ્રી આર. ડી. ચોબે (ઝૂંપડપટ્ટી મોર્ચા, મુંબઈ)
શ્રી વિનોદ કુમાર દુબે (બીજેપી વૉર્ડ-૧૧૦)
શ્રી આર. ડી. યાદવ (બીજેપી ઝેડપીએમ મુંબઈ પ્રેસિડેન્ટ)

૧ કચ્છી દશા ઓસવાલ સમાજ - કેડીઓ
૨ મુલુંડ એકતા એસ્ટેટ એજન્ટ એસો.
૩ શ્રી મુલુંડ હાલાઈ લોહાણા સમાજ
૪ શ્રી મુલુંડ ગુજરાતી સમાજ
૫ શ્રી પ્રજાપિતા બ્રહ્માકુમારીઝ
૬ શ્રી મુલુંડ ઉત્તર ભારતીય સમાજ
૭ શ્રી મુલુંડ કેરાલા સમાજ
૮ પ્રગતિ ફાઉન્ડેશન - હીરામોંઘી હૉસ્પિટલ
૯ ઘનશાલ - ગોવર્ધનનગર
૧૦ સચખંડ દરબાર સિંધી સમાજ
૧૧ પંજાબી શીખ સમાજ ભાંડુપ
૧૨ મુલુંડ શોપકીપર્સ વેલ્ફેર એસોસિયેશન
૧૩ એમએસઈબી ઓફિસર્સ
૧૪ જ્વેલ પરિવાર - ઘાટકોપર
૧૫ જેજેસી ચેરિટેબલ - ઘાટકોપર
૧૬ મુલુંડ (ઈસ્ટ) રિયલ એસ્ટેટ

### ખેલૈયાઓ માટે સ્પર્ધાત્મક ગુર્જરમાત રાઉન્ડ અને ઈનામોની વણઝાર

''પ્રેરણા રાસ ૨૦૨૪'' માં ગુરુવાર તા. ૦૩/૧૦/૨૦૨૪થી લઈને શનિવાર તા. ૦૫/૧૦/૨૦૨૪ સુધી ''ગુર્જરમાત રાઉન્ડ'' અને સોમવાર તા. ૦૭/૧૦/૨૦૨૪ના રોજ ''ગુર્જરમાત મેગા રાઉન્ડ'' નું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં વિજેતા ખેલૈયાઓને દરરોજ આકર્ષક પુરસ્કારોથી નવાજવામાં આવશે... આ સ્પર્ધામાં પ્રત્યેક વ્યક્તિ ભાગ લઈ શકશે...ઓપન ફોર ઓલ...

# નૈતિક અને હિયાન નાગડાએ મચાવી ધૂમ

## ઢોલના નાદે ડોંબિવલીવાસીઓને કર્યા મંત્રમુગ્ધ



ડૉ. શ્રીકાંત શિંદે આયોજિત ડોંબિવલી રાસ રંગ-૨૦૨૪માં પ્રિન્સ હિયાન નૈતિક નાગડાએ ડોમ્બિવલીવાસીઓને ઢોલના નાદે ઘેલા કર્યા છે. સામાન્ય રીતે ડોંબિવલી-કલ્યાણના રસ્તાઓ સૂમસામ રહેતા હોય છે, પણ નવરાત્રિમાં તેની રોનક અલગ જ હોય છે. ખાસ કરીને ડીએનસી ગ્રાઉન્ડ પરની રોનક તમે અનોખી જ જણાશે. ડોંબિવલીમાં નૈતિક નાગડાનું ફેન ફોલોઈંગ એટલું જબરદસ્ત છે કે અહીં કીડીયારું ઊમટતું હોય છે. ડૉ. શ્રીકાંત શિંદેના પ્રયાસથી તેઓને ઘરઆંગણે નવરાત્રિમાં અંબેમાની ભક્તિ કરવાનો સુનહરો મોકો મળ્યો છે.


ડોંબિવલીના નવરાત્રિ પ્રાંગણમાં ભવ્ય મંદિરમાં પૂજારી દ્વારા ભાવથી પૂજા અર્ચના થયા બાદ આયોજકો અને નૈતિક નાગડાના સાજિંદાઓ શ્રદ્ધાથી આરતી કરે છે. કોશા પંડ્યા અને દિવ્યા જોશી અહીં મા અંબેમાની આરતીને ખૂબ જ મધુર અવાજમાં ભાવથી ગાય છે. આરતી પૂરી થયા બાદ તરત જ પ્રિન્સ હિયાન નૈતિક નાગડા અને તેના ચપળ સાજિંદાનું સુમધુર સંગીત શરૂ થઇ જાય છે અને મેદાનમાં હાજર મા અંબેમાના ભક્તો ભાવથી ગરબા-રાસ રમવાનું શરૂ કરી દે છે.





ગ્રાઉન્ડનું લાઈટ ડેકોરેશન અદ્ભુત છે. સ્ટેજ પરની એલઈડી પૂરા ગ્રાઉન્ડના ખેલૈયાઓને અદ્ભુત રીતે દર્શાવે છે. ત્યારે ડૉ. શ્રીકાંત શિંદેના ચપળ સ્વયંસેવકોની ફોજ નવરાત્રિ પટાંગણમાં ચાંપતી તકેદારી રાખે છે. પહેલા દિવસે ખેલૈયાઓએ ધૂમ મચાવ્યા બાદ બીજા દિવસે પણ અહીં ઓવર ક્રાઉડ રહ્યું હતું. મા અંબેમાની આરાધના કર્યા બાદ ખેલૈયાઓ નૈતિક અને હિયાન નાગડાના ઢોલના નાદે ઝૂમ્યા હતા. માત્ર ડોંબિવલી જ નહીં, પણ કલ્યાણ, બદલાપુર અને કસારાથી પણ ખેલૈયાઓએ અહીં આવીને મન મૂકીને નાચ્યા હતા. અભૂતપૂર્વ માનવમેદની વચ્ચે ખેલૈયાઓ મા અંબેમાની ભક્તિમાં લીન રહેતા હોય છે અને ગરબાના તાલે ઝૂમતા હોય છે.

# ઈસ્ટ હો યા વેસ્ટ થાણે રાસ રંગ ઈઝ બેસ્ટ



ક્રેડાઈ એમસીએચઆઈ થાણે આયોજિત થાણે રાસ રંગ-૨૦૨૪ના નવરાત્રિના બીજા દિવસે થાણે ઓક્ટ્રોય ગ્રાઉન્ડના નવરાત્રિના પટાંગણમાં લોકોમાં એક જ સૂર જોવા મળ્યો હતો કે ઈસ્ટ હો યા વેસ્ટ થાણે રાસ રંગ ઈઝ બેસ્ટ. રાસ સંગના મુખ્ય આયોજક જિત મહેતા તેમની સફળતાનો શ્રેય હંમેશાં રાસ રંગના મુખ્ય સ્પોન્સર આશર ગ્રુપના અજયભાઈ આશર અને મહારાષ્ટ્રના લોકલાડીલા મુખ્ય પ્રધાન એકનાથજી શિંદેસેહાબને આપે છે. તેઓનો સહકાર હંમેશાં જિતુભાઈ મહેતાને મળતો રહ્યો છે. દર વર્ષની જેમ આ વર્ષે પણ જિતુભાઈ મહેતાની મેગા નવરાત્રિની સફળતાના સાક્ષી બનવા સાયન-માટુંગા ઝાલાવાડ જૈન મંડળના રાજેશભાઈ ગોપાણી, ઘાટકોપર જેજેસી પિન્ક પંતનગરના પ્રવરભાઈ કોટીચા, જેજેસી રજવાડીના સુનીલભાઈ શાહ, કાઠિયાવાડ સોશિયલ સેન્ટરના કિશોરભાઈ દોશી, ઘાટકોપરના સહિયારી ગ્રપનાં કાજલબેન જયેશભાઈ શેઠ વગેરે પધાર્યા હતા અને મેગા નવરાત્રિના સફળ આયોજન બદલ અભિનંદન આપ્યાં હતાં. થાણે રાસ રંગ-૨૦૨૪ નવરાત્રિના બે દિવસમાં હનીફ-અસલમ અને સોરઠિયો અવાજ ગાયક ઉમેશ બારોટ ઉત્સાહ અને ઉમંગથી સ્ટેજ ગજાવે છે. સ્ટેજ પરથી હેલી મજમુદાર, રૂપાલી કશ્યપ જ્યારે સુરીલા અવાજમાં નવરાત્રિ પટાંગણના રંગરસિયાઓને પૂછે છે કે 'મારે ટોડલે બેઠો મોર ક્યાં બોલે,' ત્યારે લોકો એક જ સૂરમાં કહે છે કે 'થાણે રાસ રંગમાં મોરલો બોલે રમવાને આવો.' અને ઉમેશ બારોટ લલકારે કે કૃષ્ણ ભગવાન ચાલ્યા થાણે નગરીમાં, હાલોને થાણે રાસ રંગમાં રમવા. થાણે રાસ રંગના આયોજકોએ ખેલૈયાઓને અપીલ કરતાં કહ્યું હતું કે થાણેના ઓક્ટ્રોય મેદાનમાં દરરોજ સમયસર સાત વાગ્યે આરતી થઇ જાય છે અને હનીફ-અસલમનું બેન્ડ સાડાસાત વાગ્યે શરૂ થઇ જાય છે તો દરેકને વહેલાસર આવી જવા માટે વિનંતી. ■





**ત્રીજા નોરતાના જજઃ** ડૉ. ચાર્મી શાહ, યોગેશ શાહ, દીપ્તિ વોરા, રાજેશ જોશી, સુનીલ પડિયા.

### થાણે રાસ રંગના મુખ્ય આયોજક જિતુભાઈ મહેતા

ક્રેડાઈ એમસીએચઆઈ થાણે મેગા નવરાત્રિનું આયોજન ૨૦૧૭થી કરી રહ્યું છે. પ્રથમ આયોજનથી મુખ્ય આયોજક જિતુભાઈ મહેતા રહ્યા છે. તેઓનો વસવાટ ઘાટકોપરમાં, તેઓ ઘાટકોપર લાયન્સ ક્લબમાં પ્રમુખપદે રહી સેવા આપી ચૂક્યા છે. તેઓએ ઘાટકોપર ગુજરાતી સમાજની સ્થાપના ૧૯૯૮માં કરી ત્યારથી તેઓ પ્રમુખપદે છે. ઘાટકોપર ગુજરાતી સમાજના નેજા હેઠળ મેગા નવરાત્રિ, ભાગવત સપ્તાહ, મેડિકલ કેમ્પ, બ્લડ ડોનેશન કેમ્પો કર્યા છે. હાલમાં તેઓ જ્વેલ ગેલેક્ષી ગ્રુપમાં જોડાયેલા છે તથા તેઓ કાઠિયાવાડ સ્થા. જૈન સમાજના ટ્રસ્ટી છે, તેમ જ એમસીએચઆઈ, થાણેના પ્રેસિડેન્ટ છે. ■

### આયોજક જિતુ મહેતાના શુભેચ્છકોની હાજરી

મિસ્ટર અને મિસીસ અમર ઠાકુર, મિસ્ટર અને મિસીસ શૈલશ પુરાણીક, હર્ષાબેન મહેતા, સચિન મિરાણી, ફૈયાઝ વિરાણી, ભાવેશ ગાંધી, જય વોરા, નિમિત્ત મહેતા અને સંજય મહેતા. ■

# આવતી કાલની પાકિસ્તાન સામેની મૅચ પહેલાં ભારતની મહિલા ટીમ માટે ખતરો કેમ થોડો વધી ગયો?





પાકિસ્તાને ગુરુવારે શ્રીલંકાને ૩૧ રનથી હરાવી દીધું હતું. રવિવારે હરમનપ્રીત કૌરના સુકાનમાં ભારતીય ટીમ કટ્ટર હરીફ પાકિસ્તાનને જોરદાર ટક્કર આપશે અને ટ્રોફી જીતવા માટે પોતે કેમ ફેવરિટ છે એવા પર્ફોર્મન્સથી સૌને ચોંકાવી દેશે એવી પાકી ધારણા છે.

દુબઈઃ ગુરુવારે યુએઇમાં શરૂ થયેલા મહિલાઓના ટી-૨૦ વર્લ્ડ કપની આમ તો દરેક મૅચ રોમાંચક બની રહેવાની છે, પરંતુ ભારત-પાકિસ્તાનના ૬ ઑક્ટોબર, રવિવાર (બપોરે ૩.૩૦ વાગ્યાથી) મુકાબલા પર સૌની નજર રહેશે. ભાગ્યે જ કોઈ ક્રિકેટપ્રેમી હશે જે આ હાઈ-વૉલ્ટેજ મૅચ જોવાનું કે એની ઝીણી-ઝીણી વિગતો મેળવવાનું ચૂકી જશે. ટી-૨૦ ઇન્ટરનૅશનલ્સમાં પાકિસ્તાન સામે ભારત ૧૨-૩ના વિનિંગ-રેશિયો સાથે ઘણું આગળ છે, પરંતુ ગુરુવારે શારજાહમાં પાકિસ્તાને એશિયન ચૅમ્પિયન શ્રીલંકાને હરાવીને ભારતીય ટીમને થોડી ચિંતામાં તો મૂકી જ દીધી કહેવાય.

વર્લ્ડ કપ પહેલાંની પોતાની બન્ને વૉર્મ-અપ મૅચમાં પાકિસ્તાન હારી ગયું હતું, પરંતુ ભારત જીતી ગયું હતું એમ છતાં ભારતે હવે અલર્ટ થઈ જવું પડશે.

વૉર્મ-અપ મુકાબલામાં પાકિસ્તાનનો બાંગ્લાદેશ સામે ૨૩ રનથી અને સ્કૉટલૅન્ડ જેવી નવીસવી ટીમ સામે આઠ વિકેટે પરાજય થયો હતો. બીજી બાજુ, ભારતે વેસ્ટ ઇન્ડિઝને ૨૦ રનથી અને સાઉથ આફ્રિકાને ૨૮ રનથી હરાવ્યું હતું.

જોકે હવે સિનારિયો બદલાઈ ગયો છે. મુખ્ય સ્પર્ધા શરૂ થઈ ગઈ છે. પાકિસ્તાને સ્ટાર ખેલાડીઓવાળા એશિયન ચૅમ્પિયન શ્રીલંકાને ગુરુવારે રાત્રે શારજાહમાં ૩૧ રનથી હરાવ્યું હતું. ફાતિમા સનાની ટીમે બૅટિંગ લીધા પછી ૨૦ ઓવરમાં માત્ર ૧૧૬ રન બનાવ્યા હતા, જેના જવાબમાં શ્રીલંકન ટીમ ૨૦ ઓવરમાં નવ વિકેટે માત્ર ૮૫ રન બનાવી શકી હતી. ખુદ કૅપ્ટન ફાતિમા સના (૧૦ રનમાં બે વિકેટ), સાદિયા ઇકબાલ (૧૭ રનમાં ત્રણ વિકેટ), ઓમઇમા સોહેલ (૧૭ રનમાં બે વિકેટ) અને નશરા સંધુ (૧૫ રનમાં બે વિકેટ) સહિતની સાત પાકિસ્તાની બોલર્સ સામે શ્રીલંકન ટીમે ઘૂંટણિયા ટેકવ્યા હતા.

પાકિસ્તાન સામે રમનાર શ્રીલંકન ટીમમાં મહિલા ટી-૨૦ની પાંચમા નંબરની ઑલરાઉન્ડર અને છઠ્ઠા નંબરની બૅટર ચમારી અથાપથ્થુ સામેલ હતી. વિશ્વની સાતમા નંબરની બોલર ઇનોશી પ્રિયદર્શિની ફર્નાન્ડોનો પણ શ્રીલંકન ઇલેવનમાં સમાવેશ હતો એમ છતાં પાકિસ્તાન સામે આ એશિયન વિજેતા ટીમે પરાજય જોવો પડ્યો. કૅપ્ટન અથાપથ્થુએ પાકિસ્તાનની ત્રણ વિકેટ લઈને સનસનાટી મચાવી દીધી હતી. જોકે ઓપનિંગમાં અથાપથ્થુએ હજી માંડ છ રન બનાવ્યા હતા ત્યાં હરીફ સુકાની ફાતિમા સનાએ મિડિયમ પેસ બોલિંગની કમાલથી તેને કૅચઆઉટ કરાવીને વહેલી પૅવિલિયન ભેગી કરી દીધી હતી. પાકિસ્તાનની મહિલા ટીમ શારજાહથી જબરદસ્ત જોશ અને જુસ્સા સાથે દુબઈ પહોંચી છે. બીજી તરફ, ન્યૂ ઝીલૅન્ડ સામેની શુક્રવારની મૅચ બાદ ભારતીય ટીમે કટ્ટર હરીફ પાકિસ્તાન સામેની ટક્કર માટે ૧૦૦ ટકા ક્ષમતાથી પ્રૅક્ટિસ કરવી પડશે અને પછી ૨૦૦ ટકા મનોબળ સાથે આવતી કાલની મૅચમાં રમવું પડશે.■

## વર્લ્ડ કપમાં ભારતીય મહિલાઓ પહેલી મૅચમાં હારી

### ન્યૂ ઝીલૅન્ડના ૧૬૦/૪ સામે ભારતના ૧૦૨/૧૦

દુબઈઃ અહીં મહિલાઓના ટી-૨૦ વર્લ્ડ કપમાં ભારતનો પોતાની પ્રથમ મૅચમાં ન્યૂ ઝીલૅન્ડ સામે ૫૮ રનથી પરાજય થયો હતો.

ભારતીય ટીમ ૧૬૫ રનના લક્ષ્યાંક સામે ૧૦૨ ઑલઆઉટ થઈ હતી. ટોચની ત્રણેય બૅટર સાવ ઓછા સ્કોરમાં આઉટ થઈ જવાને કારણે ભારત માટે જીતવાનું ત્યારે જ મુશ્કેલ થઈ ગયું હતું. કૅપ્ટન હરમનપ્રીત કૌરે ૧૫ રન, વાઇસ-કૅપ્ટન સ્મૃતિ મંધાનાએ ૧૨ રન અને શેફાલી વર્માએ બે રન બનાવ્યા હતા. જેમાઇમા રૉડ્રિગ્સ (૧૩) અને વિકેટકીપર રિચા ઘોષ (૧૨) પાસે મોટી ભાગીદારીની અપેક્ષા હતી, પણ તેઓ પણ ઓછા સ્કોરમાં આઉટ થઈ ગઈ હતી.

એ પહેલાં, ન્યૂ ઝીલૅન્ડની કૅપ્ટન સૉફી ડિવાઇને ટૉસ જીત્યા બાદ બૅટિંગ પસંદ કરી હતી અને તેની ટીમે ૨૦ ઓવરમાં ચાર વિકેટે ૧૬૦ રન બનાવ્યા હતા જેમાં ખુદ કૅપ્ટનના અણનમ ૫૭ રન હતા જે તેણે ૩૬ બૉલમાં સાત ફોરની મદદથી બનાવ્યા હતા. ઓપનર જ્યોર્જિયા પ્લિમરે ૩૪ રન અને સાથી ઓપનર સુઝી બેટ્સે ૨૭ રન બનાવ્યા હતા. ભારતીય બોલર્સમાં પેસ બોલર રેણુકા સિંહે બે વિકેટ અને એક-એક વિકેટ અરુંધતી રેડ્ડીએ અને આશા શોભનાએ લીધી હતી. જોકે મુખ્ય ત્રણ બોલર દીપ્તિ શર્મા, શ્રેયંકા પાટીલ અને પૂજા વસ્ત્રાકરને વિકેટ નહોતી મળી.

દુબઈની આ જ પિચ પર બપોરે વેસ્ટ ઇન્ડિઝ સામે રમાયેલી મૅચમાં સાઉથ આફ્રિકાએ ૧૩ બૉલ બાકી રાખીને ૧૦ વિકેટના માર્જિનથી વિજય મેળવ્યો હતો.

કિવી કૅપ્ટન ડિવાઇને ભારત સામેની મૅચ પહેલાં કહ્યું, 'આ પિચમાં ખાસ કંઈ ફેરફાર થયો હોવાનું લાગતું ન હોવાથી મેં બૅટિંગ પસંદ કરીને ફટકાબાજીથી તોતિંગ સ્કોર નોંધાવવાનું નક્કી કર્યું.' ■

**બન્ને દેશની ટીમઃ**


ભારતઃ હરમનપ્રીત કૌર (કૅપ્ટન), સ્મૃતિ મંધાના (વાઇસ-કૅપ્ટન), રિચા ઘોષ (વિકેટકીપર), શેફાલી વર્મા, જેમાઇમા રૉડ્રિગ્સ, દીપ્તિ શર્મા, અરુંધતી રેડ્ડી, પૂજા વસ્ત્રાકર, શ્રેયંકા પાટીલ, આશા શોભના અને રેણુકા સિંહ ઠાકુર.

ન્યૂ ઝીલૅન્ડઃ સૉફી ડિવાઇન (કૅપ્ટન), સુઝી બેટ્સ, જ્યોર્જિયા પ્લિમર, ઍમેલી કેર, બ્રૂક હૉલ્લિડે, મૅડી ગ્રીન, ઇસાબેલ ગેઝ (વિકેટકીપર), જેસ કેર, રૉઝમેરી મેઇર, લીઆ તાહુહુ અને એડન કાર્સન.

## રાશિદ ખાન સહિત ચારેય ભાઈઓ એક જ માંડવે લગ્ન કરવા બેસી ગયા



રાશિદ ખાન અને તેના ભાઈઓ વચ્ચે અફઘાનિસ્તાનના ઑલરાઉન્ડર મોહમ્મદ નબીએ બેસીને સોશિયલ મીડિયાના ફોટો માટે પોઝ આપ્યો હતો. રાશિદ સહિત ચાર ભાઈઓના લગ્ન કાબુલની ઈમ્પિરિયલ કૉન્ટિનેન્ટલ હોટેલમાં થયા હતા.




કાબુલઃ અફઘાનિસ્તાનના ક્રિકેટ કૅપ્ટન રાશિદ ખાને ગુરુવાર, ત્રીજી ઑક્ટોબરે કાબુલમાં લગ્ન કર્યા હતા. તેની સાથે તેના ત્રણ ભાઈઓએ પણ એ જ દિવસે, એ જ હોટેલના આલીશાન હૉલમાં નિકાહ કર્યા હતા.

રાશિદ ખાન ઉપરાંત આમિર ખલીલ, ઝાકિઉલ્લા અને રઝા ખાનની એક જ દિવસે એક જ સ્થળે વેડિંગ સેરેમની યોજાતાં કાબુલમાં અનોખો માહોલ સર્જાયો હતો.

આ મહા લગ્ન સમારોહમાં અફઘાનિસ્તાન ક્રિકેટ ટીમના ખેલાડીઓ તેમ જ દેશની હસ્તીઓએ હાજરી આપી હતી. સમારોહમાં હાજર અફઘાની ક્રિકેટર્સમાં ખાસ કરીને મોહમ્મદ નબી, અઝમતુલ્લા ઓમરઝાઈ, નજીબુલ્લા ઝદ્રાન, રેહમત શાહ અને મુજીબ ઉર રેહમાનનો સમાવેશ હતો.

રાશિદ ખાન અને તેના ત્રણેય ભાઈઓએ પરંપરાગત પખ્તૂન રિવાજો પ્રમાણે લગ્ન કર્યા હતા. આ ભવ્ય અને સંયુક્ત મૅરેજ સેરેમની પાટનગર કાબુલની ઇમ્પિરિયલ કૉન્ટિનેન્ટલ હોટેલમાં યોજાઈ હતી.

સોશિયલ મીડિયામાં રાશિદ ખાનને અસંખ્ય ચાહકોની શુભેચ્છા મળી હતી.

રાશિદ ખાન આઇપીએલમાં ગુજરાત ટાઇટન્સ ટીમ વતી રમે છે અને આ ટીમના ફ્રૅન્ચાઇઝીએ એક્સ (ટ્વિટર) પર રાશિદ ખાનના લગ્ન સમારોહની તસવીરો અપલોડ કરીને તેને શુભેચ્છા આપી હતી.

રાશિદ ખાનના સુકાનમાં અફઘાનિસ્તાનની ટીમ જૂનમાં ટી-૨૦ વર્લ્ડ કપની સેમિ ફાઇનલમાં પહોંચી હતી. એમાં સાઉથ આફ્રિકા સામે અફઘાનિસ્તાનનો પરાજય થયો હતો અને છેવટે ભારતે સાઉથ આફ્રિકાને ફાઇનલમાં હરાવીને ટ્રોફી જીતી લીધી હતી. તાજેતરમાં અફઘાનની ટીમે સાઉથ આફ્રિકાને ત્રણ મૅચની વન-ડે શ્રેણીમાં ૨-૧થી હરાવીને નવો ઇતિહાસ સર્જ્યો હતો. રાશિદ ખાને એ શ્રેણીની બીજી મૅચમાં (પોતાના જન્મદિને) પાંચ વિકેટ લઈને સાઉથ આફ્રિકન ટીમને પરાજય તરફ ધકેલ્યું હતું.

અફઘાનિસ્તાનના ખેલાડીઓ આઇસીસીના ટેસ્ટ-ક્રિકેટ રમતા દેશોમાં એકમાત્ર ભારત સિવાય બાકીના બધા દેશોને હરાવી ચૂક્યું છે. ■

## રેસ્ટનો ધબડકોઃ પૃથ્વીએ મુંબઈને જીતની આશા અપાવી

### ઈશ્વરન ડબલ સેન્ચુરી અને ધ્રુવ જુરેલ સેન્ચુરી ચૂકી ગયો



શુક્રવારે લખનઊમાં મુંબઈની છમાંથી ચાર વિકેટ રેસ્ટ ઑફ ઇન્ડિયાના ઑફ-સ્પિનર સારાંશ જૈને લીધી હતી. (બીસીસીઆઇ)

લખનઊઃ પાંચ દિવસની ઇરાની કપ મૅચમાં શુક્રવારના ચોથા દિવસે મુંબઈના સ્પિનર્સે રેસ્ટ ઑફ ઇન્ડિયાના પ્રથમ દાવમાં ધબડકો બોલાવ્યો ત્યાર બાદ ઓપનર પૃથ્વી શૉએ બીજા દાવમાં આક્રમક બૅટિંગથી ૭૬ રન બનાવીને મુંબઈને વિજયની આશા અપાવી હતી. રમત બંધ રહી ત્યારે મુંબઈનો સેકન્ડ ઇનિંગ્સનો સ્કોર છ વિકેટે ૧૫૩ રન હતો. પ્રથમ દાવની સરસાઈ ગણતાં મુંબઈના કુલ ૨૭૪ રન હતા અને ચાર વિકેટ પડવાની બાકી હતી.

મુંબઈએ પણ બીજા દાવમાં પૃથ્વી શૉ (૭૬ રન, ૧૦૫ બૉલ, એક સિક્સર, આઠ ફોર)ની ઇનિંગ્સને બાદ કરતા એકંદરે ધબડકો જ જોયો હતો. ઓપનર આયુષ મ્હાત્રે (૧૮ બૉલમાં ૧૪ રન) અને પૃથ્વી વચ્ચે બાવન રનની ઓપનિંગ પાર્ટનરશિપ થઈ હતી, પણ ત્યાર બાદ સમયાંતરે વિકેટ પડતી રહી હતી.

ખાસ કરીને કૅપ્ટન અજિંક્ય રહાણે નવ રન બનાવીને, શ્રેયસ ઐયર આઠ રન બનાવીને અને શમ્સ મુલાની શૂન્ય પર આઉટ થઈ ગયો હતો.

પ્રથમ દાવમાં અણનમ ૨૨૨ રન બનાવનાર સરફરાઝ ખાન નવ રને અને તનુષ કોટિયન ૨૦ રને દાવમાં હતો.

મુંબઈની છમાંથી ચાર વિકેટ રેસ્ટ ઑફ ઇન્ડિયા વતી રમતા મધ્ય પ્રદેશના ઑફ-સ્પિનર સારાંશ જૈને લીધી હતી. બે વિકેટ રાજસ્થાનના લેફ્ટ-આર્મ સ્પિનર માનવ સુથારે લીધી હતી.

એ પહેલાં, મુંબઈના પ્રથમ દાવના ૫૩૭ રનના જવાબમાં રેસ્ટ ઑફ ઇન્ડિયાએ ૪૧૬ રન બનાવ્યા હતા. કૅપ્ટન અભિમન્યુ ઈશ્વરન (૧૯૧ રન, ૨૯૨ બૉલ, એક સિક્સર, સોળ ફોર) નવ રન માટે ડબલ સેન્ચુરી ચૂકી ગયો હતો. આ તેની ૨૬મી સદી હતી. વિકેટકીપર ધ્રુવ જુરેલ (૯૩ રન, ૧૨૧ બૉલ, એક સિક્સર, તેર ફોર) સાત રન માટે બીજી ફર્સ્ટ-ક્લાસ સેન્ચુરી ચૂકી ગયો હતો. બન્ને બૅટરને મુંબઈના સ્પિનર શમ્સ મુલાનીએ કૅચઆઉટ કરાવ્યા હતા. ઈશ્વરન-જુરેલ વચ્ચે પાંચમી વિકેટ માટે ૧૬૫ રનની પાર્ટનરશિપ થઈ હતી. રેસ્ટ ઑફ ઇન્ડિયાએ છેલ્લી છ વિકેટ માત્ર ૨૩ રનમાં ગુમાવી હતી. ૩૯૩ રનના સ્કોર પર ચાર જ વિકેટ હતી, પરંતુ એ સ્કોર પર પાંચમી વિકેટ પડી હતી અને પછી ધબડકો શરૂ થયો હતો અને ૪૧૬ રનના સ્કોર પર ટીમ સમેટાઈ ગઈ હતી. શમ્સ મુલાની અને તનુષ કોટિયને ત્રણ-ત્રણ તેમ જ માહિત અવસ્થીએ બે અને મોહમ્મદ જુનેદ ખાને એક વિકેટ લીધી હતી. ■

## આવતી કાલે ભારત-બાંગ્લાદેશની પ્રથમ ટી-૨૦ઃ ભારત ૧૪-૧થી આગળ

### જાડેજાના સ્થાને કોણ?ઃ ગ્વાલિયરમાં સાંજે ૭.૦૦ વાગ્યાથી સિરીઝનો પ્રથમ જંગ

ગ્વાલિયરઃ અહીં આવતી કાલે રવિવાર, ૬ઠ્ઠી ઑક્ટોબરે ભારત અને બાંગ્લાદેશ વચ્ચે સિરીઝની પ્રથમ ટી-૨૦ મૅચ (સાંજે ૭.૦૦) રમાશે.

આ મૅચ માટેના સ્પિનરના સ્થાન માટે મોટી હરીફાઈ જોવા મળશે. કારણ એ છે રવીન્દ્ર જાડેજા ટી-૨૦ ઇન્ટરનૅશનલમાંથી નિવૃત્તિ લઈ ચૂક્યો છે અને તેનું સ્થાન લેવા માટે ટીમમાં ત્રણ સ્પિનર વચ્ચે હરીફાઈ થશે.

રવિ બિશ્નોઈ, વૉશિંગ્ટન સુંદર અને વરુણ ચક્રવર્તી આ મૅચની ઇલેવનમાં સ્થાન મેળવવાની આશા રાખીને બેઠા હશે. લાઇક ફૉર લાઇક વિકલ્પ એટલે કે જાડેજાની જેમ ઑલરાઉન્ડ પર્ફોર્મ કરી શકે એવા આ ત્રણ પ્લેયરમાં માત્ર વૉશિંગ્ટન સુંદરની ગણના થઈ શકે. જોકે હાલમાં ભારતીય ટીમમાં ઘણા ઑલરાઉન્ડર્સ છે એટલે ટીમ-મૅનેજમેન્ટ કદાચ સ્પેશિયલ સ્પિનરને જ લેવાનું પસંદ કરશે. ત્રણેયમાં વૉશિંગ્ટન સુંદર બૅટિંગમાં સારો છે. તેની જેમ બિશ્નોઈ પણ પાવરપ્લેમાં અસરદાર બોલિંગ કરી શકે છે, જ્યારે વરુણ ચક્રવર્તીને આઇપીએલમાંના પર્ફોર્મન્સને કારણે સિલેક્ટરોએ પસંદ કર્યો છે.

ટી-૨૦માં ભારતનો બાંગ્લાદેશ સામે હાથ ઉપર છે. ૧૪માંથી ૧૩ મૅચ ભારતે અને એક મૅચ બાંગ્લાદેશે જીતી છે. ભારત છેલ્લે નવેમ્બર, ૨૦૧૯માં દિલ્હીમાં બાંગ્લાદેશ સામે હાર્યું હતું. ત્યાર પછીની તમામ પાંચ ટી-૨૦માં ભારતે જીત મેળવી છે. છેલ્લે જૂન, ૨૦૨૪માં વેસ્ટ ઇન્ડિઝમાં ભારતે બાંગ્લાદેશને ટી-૨૦ વર્લ્ડ કપના મુકાબલામાં ૫૦ રનથી હરાવ્યું હતું. હાર્દિક પંડ્યાએ સુપર-એઇટ મૅચમાં અણનમ ૫૦ રન બનાવ્યા હતા અને એક વિકેટ પણ લીધી હતી. તેને મૅન ઑફ ધ મૅચનો પુરસ્કાર મળ્યો હતો. કુલદીપ યાદવે સૌથી વધુ ત્રણ વિકેટ લીધી હતી. ■

**બન્ને દેશની ટીમઃ**

ભારતઃ સૂર્યકુમાર યાદવ (કૅપ્ટન), અભિષેક શર્મા, હાર્દિક પંડ્યા, નીતિશ કુમાર રેડ્ડી, રિયાન પરાગ, સંજુ સૅમસન (વિકેટકીપર), જિતેશ શર્મા (વિકેટકીપર), રિન્કુ સિંહ, શિવમ દુબે, વૉશિંગ્ટન સુંદર, અર્શદીપ સિંહ, હર્ષિત રાણા, રવિ બિશ્નોઈ, વરુણ ચક્રવર્તી અને મયંક યાદવ.

બાંગ્લાદેશઃ નજમુલ શૅન્ટો (કૅપ્ટન), જાકર અલી, લિટન દાસ (વિકેટકીપર), પરવેઝ એમોન, તેન્ઝિદ હસન, તૌહિદ રિદોય, મેહદી હસન, મહમુદુલ્લા, મેહદી હસન મિરાઝ, મુસ્તફિઝુર રહમાન, રકિબુલ હસન, રિશાદ હોસૈન, શૉરિફુલ ઇસ્લામ, તેન્ઝિમ સાકિબ અને તાસ્કિન એહમદ.



**મુંબઈના મ્યૂઝિયમમાં બાળકો વચ્ચે ઑલિમ્પિક મેડલ-વિજેતા નીરજ ચોપડા**

ઑલિમ્પિક મેડલિસ્ટ નીરજ ચોપડાએ શુક્રવારે મુંબઈમાં લોઅર પરેલ ખાતેના વિક્ટોરિયા હાઉસમાં મ્યૂઝિયમ ઑફ સૉલ્યૂશન્સ (મુસો)ની મુલાકાત લીધી હતી. ભાલાફેંકના ચૅમ્પિયન નીરજ ચોપડા ૨૦૨૧ની ટોક્યો ઑલિમ્પિક્સમાં ગોલ્ડ મેડલ અને તાજેતરની પૅરિસ ઑલિમ્પિક્સમાં સિલ્વર મેડલ જીત્યો હતો. તેણે આ બન્ને મેડલ જીતવા પાછળના અથાક પરિશ્રમ અને ટેક્નિક વિશેની વાતો બાળકો સમક્ષ કરી હતી અને તેમને પ્રેરક બને એવી વધુ વાતો પણ કરી હતી. (અમય ખરાડે)

## હૅરી મૅગ્વાયરે મૅન્ચેસ્ટર યુનાઇટેડની ટીમને પરાજયથી બચાવી

પોર્ટોઃ મૅન્ચેસ્ટર યુનાઇટેડ (એમયુ)ની ટીમ અહીં યુરોપા લીગમાં ફરી એક મૅચ હારતાં બચી ગઈ હતી. એમયુની પોર્ટો સામેની મૅચ ૩-૩થી ડ્રૉમાં ગઈ હતી.


મૅન્ચેસ્ટરે ૨૦મી મિનિટમાં ૨-૦થી સરસાઈ લીધી હતી, પણ ત્યાર બાદ ૨૭મી મિનિટથી ૫૦મી મિનિટ વચ્ચે પોર્ટોએ ત્રણ ગોલ કરીને ૩-૨થી સરસાઈ પોતાની તરફ લઈ લીધી હતી.

૯૧મી મિનિટમાં હૅરી મૅગ્વાયરે ગોલ કરીને મૅન્ચેસ્ટરને પરાજયથી બચાવવામાં મોટી ભૂમિકા ભજવી હતી.

મૅન્ચેસ્ટરના બ્રુનો ફર્નાન્ડિઝને સતત બીજી મૅચમાં રેડ કાર્ડ બતાવવામાં આવતાં મૅન્ચેસ્ટરની ટીમ ૧૧ને બદલે ૧૦ ખેલાડીથી રમી હતી.

૩૬ ટીમની યુરોપા લીગમાં લૅઝિયો કલબની ટીમ છ પૉઇન્ટ સાથે મોખરે છે. જોકે થોડા નબળા ગોલ-ફરકને કારણે લાયન, ટૉટનમ, એફસીએસબી અને ઍન્ડરલેક્ટ ક્લબની ટીમ છ-છ પૉઇન્ટ સાથે અનુક્રમે બીજા, ત્રીજા, ચોથા અને પાંચમા નંબરે છે. ■

## સાઉથ આફ્રિકાએ વેસ્ટ ઈન્ડિઝની ટીમને ૧૦ વિકેટે કચડી નાખી



સાઉથ આફ્રિકાના બોલિંગ આક્રમણ સામે વેસ્ટ ઈન્ડિઝની ટીમ પ્રેશરમાં આવી ગઈ હતી અને ટપોટપ વિકેટ ગુમાવી બેઠી હતી. (આઇસીસી)

દુબઈઃ અહીં શુક્રવારે ભારત-ન્યૂ ઝીલૅન્ડ સામેની મૅચ પહેલાં બપોરે સાઉથ આફ્રિકા અને વેસ્ટ ઇન્ડિઝ વચ્ચે મહિલાઓના ટી-૨૦ વર્લ્ડ કપની મૅચ રમાઈ હતી. આ મૅચ રસાકસીભરી બનવાની ધારણા હતી, પરંતુ લૉરા વૉલ્વાર્ટની સાઉથ આફ્રિકન ટીમે હૅલી મૅથ્યૂઝની કૅરિબિયન ટીમને ૧૦ વિકેટે કચડીને બધી ધારણા ખોટી પાડી હતી.

સાઉથ આફ્રિકાની ટીમ કૅરિબિયન ટીમ સામે ખૂબ જ મજબૂત સાબિત થઈ હતી.

બૅટિંગ મળ્યા પછી વેસ્ટ ઇન્ડિઝે ૨૦ ઓવરમાં છ વિકેટે ૧૧૮ રન બનાવ્યા હતા જેમાં સ્ટેફની ટેલરે અણનમ ૪૪ રન બનાવ્યા હતા. તેણે ૪૧ બૉલમાં એક સિક્સર અને બે ફોરની મદદથી આ ૪૪ રન બનાવ્યા હતા. બીજી કોઈ બૅટર ૨૦ રન સુધી પણ નહોતી પહોંચી શકી.

સાઉથ આફ્રિકાની લેફ્ટ-આર્મ સ્પિનર નૉનકુલુએકો મલાબાએ સૌથી વધુ ચાર વિકેટ લીધી હતી. કૅરિબિયન ટીમ સાઉથ આફ્રિકન ટીમની સાત બોલરના આક્રમણમાં દબાઈ ગઈ હતી.

સાઉથ આફ્રિકાએ લૉરા વૉલ્વાર્ટ (૫૯ અણનમ, ૫૫ બૉલ, સાત ફોર) અને તૅઝમિન બ્રિટ્સ (૫૭ અણનમ, બાવન બૉલ, છ ફોર)ની ઓપનિંગ જોડીએ ૧૭.૫ ઓવરમાં ૧૧૯ રન બનાવીને વિજય મેળવી લીધો હતો.

વેસ્ટ ઇન્ડિઝની આઠ બોલર્સમાંથી એકેયને વિકેટ નહોતી મળી.

આખી મૅચમાં એક સિક્સર જોવા મળી હતી અને એ સિક્સર વેસ્ટ ઇન્ડિઝની સ્ટેફની ટેલરે ફટકારી હતી.■

## ૪. ધાર્મીક સંબંધી

**નવચંડી યજ્ઞ હવન**
કાર્યક્રમનું આયોજન, નવરાત્રિ દરમિયાન 06/10/2024 રવિવારે કાંદિવલીમાં રાખેલ છે. શ્રી હરી ઈચ્છા ફાઉન્ડેશન - મુકેશભાઈ મજીઠીયા - 9082825482, 9321693211. (૧૪૪૭૫/બી)

## ૫. અંગત

**કાઉન્સિલીંગ Counselling**
લગ્ન પહેલા / લગ્ન પછીની સમસ્યા બાબત, લવ/અફેર બાબત, ડાઈવોર્સ મેટર, ફેમિલી પ્રોબ્લેમ, સામાજિક, શારીરિક, માનસિક, આર્થિક સમસ્યા બાબતોનું કાઉન્સિલીંગ માટે સંપર્ક- શ્રી હરી ઈચ્છા ફાઉન્ડેશન - 9082825482, 9321693211. (૧૪૪૭૭/બી)

## ૬. પરચુરણ

**જ્વેલરી**
મોતીના, સોનાના, હીરાના દાગીના રિપેયર કરાવો. પરોણીગર પટવા - 9821369617/9324805010. (એસડીબી-૨૧૯૦)

## ૭. ખુશખબર

**સિનિયર સિટિઝન**
મુંબઈમાં ૬૫ કે તેથી વધુ વયના વરિષ્ઠ નાગરિકોને નિઃશુલ્ક બપોરનું ટિફિન પહોંચાડશું. શ્રીમતી કુમુદ હિતેશ ચુનીલાલ પોપટલાલ ગુટકા પ્રભાદેવી 9819006404. (એસડીબી-૨૧૮૩)

## ૯. લગ્ન સંબંધી

**જૈન વૈષ્ણવ**
બધા Age ગ્રુપના યુવક-યુવતીઓના Bio-data whatsapp ગ્રુપમાં મળશે. Rs. 500/- "Kapil Sagpan" 9324863855. Sunday Get together છે. (દહેજ નહીં). (બી-૧૪૭૪૩)

■ વિધવા, વિધુર, વડીલો, કુંવારા, કુંવારિકાઓ, હિન્દુ-મુસ્લીમ, ક્રિશ્ચિયન, પારસી, મેમણ, વોરા, ખોજા, અલ્ટ્રામોર્ડન સુખીલગ્ન માટે 9377992110, 7046555148, 9867510027. (દહેજ નહી). (બી-૧૪૯૪૯)

■ બોરીવલીમાં Btech, MBA યુવક 1993 રાજેશ ઠક્કર રાજકોટ ૦૯૪૨૮૨૫૦૦૦૨. (દહેજ નહીં). (બી-૧૪૯૭૩)

■ કાંદિવલીની 2000 બોર્ન કન્યાને NRI જોઈએ રાજેશ રાજકોટ ૦૯૪૨૮૨૫૦૦૦૨. (દહેજ નહીં). (બી-૧૪૯૭૪)

■ દુબઈ સ્થિત Web Developer 1993 કન્યાને દુબઈનાં/ ઓસ્ટ્રેલિયાનાં/ ન્યુઝીલેન્ડનાં યુવક આવકાર્ય. રાજેશ રાજકોટ ૦૯૪૨૮૨૫૦૦૦૨. (દહેજ નહીં). (બી-૧૪૯૭૫)

**મુંબઈ સમાચાર**
વાચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઈપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. મુંબઈ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઈ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રીન્ટર, પબ્લિશર, તંત્રી, મુંબઈ સમાચાર જૂથ પબ્લિકેશનનાં માલિકો તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.
email id for advertisement: samacharadvt@gmail.com

## ૯. લગ્ન સંબંધી

■ દુબઈ ફાર્મા કંપનીમાં મેનેજર યુવક 1988 રાજેશ રાજકોટ ૦૯૪૨૮૨૫૦૦૦૨. (દહેજ નહીં). (બી-૧૪૯૭૫)

**SAPTPADI**
**Highly Qualified Jain, Vaishnav Gujarati, Candidates. "Neela Sheth" - 9833676409 / 7045657510. (No Dowry) (15032-A)**

## ૧૦. મહિલાઓ માટે

■ **વાળ વધારવાના શોખીન માટે હેર ગ્રોથ + હેર લેન્થ માટે હર્બલ + ઓઈલ અને શેમ્પુ અને ફેરનેસ માટેનો સાબુ મળશેઃ 8169723767. (૧૫૦૦૮-એ)**

**કાનનાં મોટાકાણાં**
દવાથી એકજ સીટીંગમાં પુરાવો તરત બુટ્ટી પહેરો. નાક કાન વિંધાવો. બોરીવલીઃ 9969388693 / 7506569229. (બી-૧૪૯૨૪)

**વેડિંગ સેલ**
સ્પેશિયલ ઓફર અપટુ 50% ડિસ્કાઉન્ટ વુમન્સ કાર્નિવલ સેલ ડિઝાઈનર સાડી, પૈઠણી, બનારસી, કાંજીવરમ, ચણિયાચોળી, સલવાર સૂટ- કુર્તી, ગાઉન, 6 અને 9 વારી સાડી. સંપર્ક - ''પલ્લરી'' - દાદરકર બિલ્ડિંગ, ઈન્ડિયન બેન્કની સામે, એન. સી. કેલકર રોડ, દાદર (વેસ્ટ), મુંબઈ. જીપે-પેટીએમ દરેક કાર્ડ સ્વીકાર્ય. (૧૫૦૫૮-સી)

**મહેમાનોનો ઉતારો**
બાપલી બંગલો રોજના ધોરણેથી બોરીવલી/ કાંદિવલીમાં, બર્થડે, સગાઈ, પાર્ટી, એક્ઝિબિશન માટે 9821112796. (૧૫૦૪૬-જી)

## ૧૨. યાત્રા સહેલગાહ

**નિઃશુલ્ક જાત્રા**
મુંબઈમાં ૬૫ વર્ષ ઉપરના માટે એક દિવસીય નેરુલ લોનાવાલામાં જૈન દેરાસર જાત્રા શ્રીમતી કુમુદ હિતેશ ચુનીલાલ પોપટલાલ ગુટકા ૭૩૦૪૪૭૨૫૮૧. (એસડીબી-૨૧૮૪)

■ **નવીજ ઇનોવા ક્રિસ્ટા, કિયા કરન્સ, અર્ટિગા 6 સીટર ભાડે મળશે. ''નીલ - તેજ - ટ્રાવેલ્સ'' - 8828221010 / 9322694599. (બી-૧૪૭૭૯)**




(જેપી-૪૯૪૧-ઈ)

**સંપૂર્ણ રાજસ્થાન**
દર્શન ચિત્તોડગઢ ઉદયપુર શ્રીનાથજી રાણકપુર જોધપુર જેસલમેર રણુંજા બિકાનેર પુષ્કર જયપુર પ્રવાસ દિવસ 13, 29 ડિસેમ્બર. (તમારા નાના/મોટા ગ્રૂપનું આયોજન કરી આપીશું.) જય અંબે ટૂર 9930929799/9869509133. (૧૫૦૨૪-એ)

**દિવાળી પેકેજીસ**
દુબઈ - 39999/-, ગોવા - 7999/-, હિમાચલ, કાશ્મીર વેજીટેરીયન ટુર. 9820002810. (૧૫૦૫૭-બી)

## ૧૪. નોકરી ખાલી છે

**સેલ્સમેનમિત્રો તુરંત જોઈએ છે.**
સાંતાક્રુઝ, ચેમ્બુર, વિરારમાં આવેલ હોમ એપ્લાયંસીસના શોરૂમ માટે ક્રોકરી, સ્ટે. સ્ટીલ યુટેન્સીલ્સ (વાસણો), હોમ એપ્લાયંસીસ, બેડ એન્ડ બાથ, પ્લાસ્ટીક, થર્મોવેર, ગીફ્ટ આર્ટીકલ્સ લાઈનના અનુભવી/બિનઅનુભવી (ફ્રેશ) ઉ.વ. ૨૦ થી ૪૫ સુધીના ખંતીલા, ઈમાનદાર, કામ પ્રત્યે ધગશ ધરાવનાર સેલ્સમેન તથા હેલ્પરમિત્રો તુરંતમાં જોઈએ છે. તે ઉપરાંત કમ્પ્યુટર પર બીલ બનાવી શકે અને કમ્પ્યુટરનું જ્ઞાન ધરાવનાર કેશીયર જોઈએ છે. સારો પગાર / સારી ફેસીલીટી ભવિષ્યમાં આગળ વધવાની એક સુવર્ણ તક.. ઈચ્છુકમિત્રો ફોન કરી રૂબરૂ સંપર્ક કરે. મહાવીર હોમ સ્ટોર માચીસવાલા કમ્પાઉન્ડ, સ્ટે. રોડ, સાંતાક્રુઝ (વે.) મું. ૫૪. અરવિંદભાઈ હરીયા - ૯૯૬૭૦૨૪૩૯૦ સુમીત ગાલા - ૭૫૦૬૭૫૨૩૭૫. (એસડીબી-૨૧૮૬)

■ **ટેલીપ્રાઈમ સોફ્ટવેર માટે 5 વર્ષના અનુભવવાળા એકાઉન્ટંટ જોઈએ. બાહુબલી પ્રિન્ટર્સ એ- ૨૮, ઘાટકોપર ઈન્ડસ્ટ્રીયલ ઈસ્ટેટ, અમ્રુત નગર, ઘાટકોપર (૫), કોલ 9930155496, 7977185551. (૧૫૦૩૮-એ)**

**ઘાટકોપરમાં**
**જૈન કપલને રસોઈમાં એક્સપર્ટ ઉંમર ૪૫ સુધીના ઉચ્ચ જ્ઞાતિના ૨૪ કલાક રહી શકે તેવા જ બેન જોઈએ છે. પગાર મહિને ૨૦૦૦૦/- કોન્ટેકઃ 9820051639. (૧૫૦૫૯-એ)**

## ૧૭. જગ્યા આપવી છે

**ઘાટકોપર (ઈસ્ટ)**
**લક્ષ્મીનગર-૧ બેડરૂમ, હોલ, કિચન, 500' યુઝેબલ કારપેટ, ફુલ્લી ફર્નીશ્ડ ૧ રીઝર્વ્ડ કાર પાર્કિંગ. 90 LAKH. ''જુગ્નું શાહ''-"HOMEALONE PROPERTY''-9833352224. (૧૪૮૬૨/ઈ)**

**અંધેરી (ઈસ્ટ)**
**સ્ટેશનની નજીક, મોર્ડન એમેનીટીઝવાળા પ્રોજેક્ટમાં મોટા 2/3 બેડરૂમ તથા જોડી ફ્લેટો જેમાં 100 ફેમિલીએ બુકિંગ કરાવેલ છે. તેવા A/B/C/D ટાવરમાં વેચાણથી લેવા. ભરત પારેખ 9920675286. (એસડીબી-૨૧૬૨)**

**''વિલેપાર્લે (વેસ્ટ)''**
''ઈર્લામાં 30 વર્ષના અનુભવી રેપ્યુટેડ બિલ્ડરના નવા બંધાતા RERA રજિસ્ટર્ડ પ્રોજેક્ટમાં સ્પેશિયસ 2 બેડરૂમના-718' તથા 747' કાર્પેટ ફ્લેટ્સ (જોડીમાં પણ ઉપલબ્ધ''). ''ટાર્ગેટેડ પઝેશનઃ ડિસેમ્બર, 2025'', (વેચાણ ભાવઃ 35000+++ પ્રતિ કાર્પેટ)''. ''સેમ્પલ ફ્લેટ તૈયાર. સાઈટ વિઝિટ તથા વધુ જાણકારી માટે સંપર્ક'': 9867953968/9870839081. (૧૫૦૨૮-જી)

**''કેમ્પસ કોર્નર-મુકેશ ચોક''**
**કન્વર્ટ 2 બેડરૂમ - 600' કાર્પેટ - ફુલ્લી ફર્નિશ્ડ, પાર્કિંગ. દલાલો માફઃ 9867794205. (૧૫૦૪૫-એ)**

**ઘાટકોપર (ઈસ્ટ)**
**વેચાણથી. તિલક રોડ અને ભાવેશ્વર રોડનાં જંકશન પર, ૧ બેડરૂમ, હોલ, કિચન 410' કારપેટ, હાયર ફ્લોર, પાર્કિંગ સાથે, 1.35 CR, ફર્નિશ્ડ 1.50 CR. નેગોશિએબલ. H.R.PROPERTIES - ''ભિમાણી'' 9820814333. (૧૫૦૩૪-એ)**

**તારદેવ**
ફર્નિશ્ડ 1.5 BHK 500' 2.10 CR, 2 BHK ફર્નિશ્ડ 600' 2.40 CR, 'ભરત સેવક': 9821795643. (૧૫૦૩૧-એ)

**વિલેપાર્લે (વેસ્ટ)**
વેચાણથી- બાપુભાઈ વશી રોડ, સ્પેશિયસ 3-બેડરૂમ તેમજ 4-બેડરૂમ એમિનિટીઝવાળા ટાવરમાં રેડી પઝેશન વિથ OC. ''નવકાર રીઅલ એસ્ટેટ''- 8356990950. (જેપી/૪૯૪૨-બી)

**વિલેપાર્લે (ઈસ્ટ) વેચાણથી**
આઝાદ રોડ - ફાયર બ્રિગેડની બાજુમાં, મીલન સબવે નજીક 3-બેડરૂમ - 1025' - હાયરફ્લોર, રેડી પઝેશન નવા બિલ્ડીંગમાં 3.70 Cr. All Inclusive, For Videos "Navkar Estate" - 9619674640. (જેપી/૪૯૪૦-ઈ)

**વિલેપાર્લે (વેસ્ટ)**
વેચાણથી- ઈર્લા, KLS હોસ્પિટલ પાસે, 9 માળના ટાવરમાં 3-બેડરૂમ 890' અને 5-બેડરૂમ 1800' હાયરફ્લોર બુકિંગમાં લેવા- 9819117722. (જેપી/૪૯૪૨-એ)

**પાર્લા (વેસ્ટ)**
૨ બેડરૂમના ફ્લેટો સ્ટેશન પાસે, ૨,૨૫,૦૦,૦૦૦/- થી ૨,૭૫,૦૦,૦૦૦/- (all inclusive.) બંધાતામાં, પઝેશન માર્ચ - ૨૦૨૫. ''સંજય પટેલ'' 9820292381. (૧૪૪૮૦-એ)

**કાંદિવલી (વેસ્ટ)**
ઓનલી બાયર 1 બેડરૂમ પાર્કિંગ સાથે અનટચ ફ્લેટ મહાવીર નગર પાસે વેચાણથી - 9820990568. (૧૫૦૧૮-સી)

**અંધેરી (વેસ્ટ)**
લલ્લુભાઈ પાર્ક, 1 BHK લીવલાયસંસથી - 50,000/- ભાડુ તથા પંચવટી, ગુલશન, હિમાચલ, હીલ કોર્ટ, એસ.વી.રોડ 1 થી 4 BHK ઓનરશીપ /લીવલાયસંસથી લેવા- વેચવા મળો - ''ગૌતમ જોષી'' 93222 36433 - ''મેહુલ'' 98210 69632. (૧૫૦૨૧-એ)

**ZEN GARDENS**
1 બેડરૂમ, Ready For Fitout, એમ.જી. રોડ, કાંદિવલી (વેસ્ટ) 20+ એમિનિટીઝ 1.23 કરોડ onwards Rera: P51800031317 સંપર્કઃ 9324139241. (જેપી/૪૯૪૪-સી)

**વિલેપારલા ઈસ્ટ**
સ્ટેશન અને માર્કેટથી નજીક પ્રીમિયમ એમીનીટીવાળો ફુલ્લી ફરનીસ્ટ 3 બેડરૂમ, હોલ, કિચન (૧૨૬૦' કારપેટ) પાર્કિંગ સાથે તુરત વેચવાનો છે. ''ઓનર'' - 9820550033/ 9819201737. (૧૪૯૯૬-એ)

**વિલેપાર્લે (ઈસ્ટ)**
**નવી બિલ્ડીંગ - શીલા સ્મૃતિ, તેજપાલ સ્કીમ #3, 2/3/4/6 B H K વેચાણથી OC પ્રાપ્ત, રેરા રજીસ્ટર. સંપર્ક ડેવલોપર @ 9702863994 / 9004873831. (જેપી/૪૯૪૪-બી)**

**જુહુ સ્કીમ**
**3 બેડના 2 જોડી ફ્લેટ્સ, 2607 કાર્પેટ, સી ફેસ, સંપૂર્ણ અમેનીટીઝ સાથે. 3 બેડ 1650 કાર્પેટ. ડિસ્ટ્રેસ સેલ. ઘણા વધુ પ્રોપોઝલ પાર્લા/ જુહુ. 1/2/3/4 ડુપ્લેક્સ ફ્લેટ્સ (વેચાણ/ ભાડેથી). ધીરુભાઈ એસ્ટેટ. 8080202000/ 9821121676. (બી-૧૪૯૩૯)**

■ **5 ગાર્ડન પાસે દાદર પારસી કોલોનિમાં જૂના ભાડાથી 900 કારપેટ 2 બીએચકે લિફ્ટ સાથે. ગાર્ડન સામે શાંત લોકેશન. રીડેવેલપમેન્ટ પાક્કુ. ઓનરઃ 8850311568. (બી-૧૪૯૩૮)**

**ઘાટકોપર-(વેસ્ટમાં):**
કામાલેનમાં-સ્ટેશનની નજીકઃ પહેલે માળે 1 રૂમ-કિચન (330 કાર્પેટ) ભાડેથી 18,000/- ડિપોઝિટ 90,000/- (દલાલ માફ)- 9920079699. (૧૫૦૨૪-બી)

**લોનાવાલા - ખંડાલા**
ફ્લેટો - રોહાઉસ - બંગલાઓ - નાના - મોટા - પ્લોટ લેવા - વેચવા. શ્રીજી - ૯૫૪૫૭૪૧૭૫૫. (બી-૧૪૮૫૦)

**લોનાવાલા**
૩૨૦૦ પ્લોટ એરિયા ૬ બેડરૂમનો બંગલો વેચાણમાં અન્ય ઘણી પ્રપોઝલ. શ્રીજી - ૯૫૪૫૭૪૧૭૫૫. (બી-૧૪૮૫૧)

**JUHU - 4 BED**
**નવા બિલ્ડિંગમાં 12મે માળે, 2 પાર્કિંગ, જિમ-એમેનિટીસ સાથે. અનિલભાઈ 9004900290. (૧૪૯૯૯-એ)**

**JUHU - SEAVIEW 4 BED**
**2350' નવા બિલ્ડિંગમાં, ફુલ સીવ્યુ ફ્લેટ વેચાણથી. અનિલભાઈ 9004900290. (૧૪૯૯૯-બી)**

**JUHU PENTHOUSE**
**3900' હવા ઉજાસવાળા NEW બિલ્ડિંગમાં 4 પાર્કિંગ, જીમ-એમેનિટીસ સાથે વેચાણથી. અનિલભાઈ 9004900290. (૧૪૯૯૯-સી)**

**ચેમ્બુર**
ફ્લેટ, ઓફિસ, દુકાન ભાડેથી - વેચાણથી લેવા-આપવા વર્ધમાન - પ્રોપર્ટીજ - ૯૮૯૨૮ ૩૩૯૩૯. (બી-૧૪૯૨૫)

**ઘાટકોપરમાં ગેરંટી**
**વિચારીને લેશો તો સિંગપાકનાં ભાવમાં કાજુકતરી મળશે, ગમે તેજ લ્યો, ગમ્મે તે ન લ્યો, બજાર-ભાવે ફ્લેટ લેવા-વેચવાના સોદાની ૩૦ દિવસની ગેરંટી. ''ભીમાણી'' 9820814333, 9920814333. (૧૪૫૫૩-એ)**

**કાંદિવલી (વેસ્ટ)**
3 બેડરૂમ, 1040' એમજીરોડ, સ્ટેશન, દેરાસર નજીક વેચાણથી. વિનોદભાઈ 8097960449. (૧૪૪૭૫/એ)

**વિલેપાર્લા (વેસ્ટ)**
4 બેડરૂમ, 2300' લકઝરીયસ, પીસફૂલ લોકેશન, સ્ટેશન, માર્કેટ, દેરાસર નજીક, વેચાણથી. વિનોદભાઈ 8097960449, ભાવેશભાઈ 9324001110. (૧૪૪૭૫/સી)

**કાંદિવલી (વેસ્ટ)**
સ્ટેશન, હવેલી, દેરાસર નજીક, 3 બેડરૂમ, 1044' કાર્પેટ, (With OC) હાયર ફ્લોર, (With Balcony, Amazing View) વેચાણથીઃ 8879181869. (૧૫૦૩૬-એ)

**વિલેપારલા (વેસ્ટ)**
**૨ બેડરૂમનો ફ્લેટ સારા લત્તામાં, ફુલ્લી ફર્નિશ્ડ, જૈન દેરાસર નજીક, ૧ પાર્કિંગ સાથે વેચવાનો. ફોનઃ ૯૮૨૦૯૫૨૦૬૦. (૧૪૪૮૪-એ)**

**પ્રાર્થના સમાજ**
**નવી ઈમારત ૨ બીએચકે વેચાણથી ૯૦૦ કારપેટ, એક્સેલન્ટ કન્ડીશન, હાયરફ્લોર, ૨ કાર પાર્કિંગ, ૪.૪૫ કરોડ, ૯૩૨૨૨૯૬૬૭૪. (એસકે -૨૩૧૭-એ)**

**પરેલ/શિવરી**
અશોક ગાર્ડન્સ / ટાવર્સ ૨/૩/૪/૫ બેડરૂમ લેવા/વેચવા/ભાડેથી - ૯૬૧૯૦૧૪૫૫૫ / ૯૮૨૧૦૧૪૫૫૫. (બી-૧૪૯૪૪)

**બોરીવલી (વેસ્ટ)**
પ્રેમ નગરમાં 1લો માળ, રોડ ફેસિંગ, 1 રૂમ કિચન 275 સ્કવેર ફીટ + 140 sq.ft સ્વતંત્ર ટેરેસ વેલ મેન્ટેન સોસાયટીમાં વ્યાજબી ભાવે વેચાણથી લેવા, Direct Party Contact:- પરેશ પટેલ 9223577250/ 9323177251. (જેપી/૪૯૪૦-એફ)

**તારદેવ**
ભાટીયા હોસ્પિટલ સામે, માતૃમંદિર દેરાશર પાસે, ફર્નિશ્ડ ૨ બેડરૂમ ૮૫૦' કાર્પેટ, ઓનરશીપથી, 98200 34317. (બી-૧૪૯૬૬)

**નેપિયન્સી રોડ - દેરાશર**
૨ BHK ૯૫૦' કાર્પેટ, મિડલ હાયર ફ્લોર, ક્લોજ ગેરેજ, સેમી ફર્નિશ્ડ, મોર્ડન એમેનીટીઝ, તુરંત કબજો (૬ કરોડ) 9757242607. (બી-૧૪૯૬૨)

**વરલી-લોઢાપાર્ક**
૨ BHK - ૯૪૪' કાર્પેટ, ૧ કાર પાર્કિંગ, હાયર ફ્લોર, ૬.૭૨ કરોડ, મોર્ડન એમેનીટીઝ, હેવી ડિસ્કાઉન્ટ, 9757242607. (બી-૧૪૯૬૩)

**વરલી-રૂણવાલ રીજર્વ**
૩ BHK - ૧૫૦૦' કાર્પેટ, સર્વન્ટ/પૂજારૂમ, હાયર ફ્લોર, ૨ કાર પાર્કિંગ, પ્રાઈવેટ લીફ્ટ, ૧ માળ પર એક ફ્લેટ, મોર્ડન એમેનીટીઝ, તુરંત કબજો, OC મળેલ છે. 9757242607. (બી-૧૪૯૬૪)

**વરલી-લોઢાપાર્ક**
3 BHK - 1136'- 8 કરોડ, હાયર ફ્લોર, 2 કાર પાર્કિંગ, મોર્ડન એમેનીટીઝ, તુરંત કબજો. 9757242607. (બી-૧૪૯૬૫)

**સાન્તાક્રુઝ વેસ્ટ**
અર્જન્ટ 2 બેડ વેચાણથી/લીઝ 700' પોદાર સ્કૂલ પાસે, 7045622403. (બી-૧૪૯૬૧)

**સાન્તાક્રુઝ ઈસ્ટ**
**નવાં બિલ્ડિંગમાં 3 બેડરૂમ 950 કારપેટ હાયર ફ્લોર રેડી પઝેશન. લેવા હરિષ 9867048148. (બી-૧૪૯૬૦)**

**અંધેરી ઈસ્ટ ઓફિસો**
**અમેરિકન એલીવેશન ગ્લાસવાળા કોમર્શીયલ બિલ્ડિંગમાં 1લે માળે 18000' ફ્લોર ફ્લેટ, 2જે અને 3જે માળે 18500', 4થે માળે, 12500 કારપેટ 2 લીફ્ટ, ડબલ મલ્ટીપલ બેઝમેન્ટ, આઉટરાઈટથી લેવા હરિષ 9892399459. (બી-૧૪૯૫૯)**

**અંધેરી વેસ્ટ જેપી. રોડ**
**૧ બેડરૂમ ૩૮૫', કાર્પેટ-પાર્કિંગ, OC સાથે, વેચવો છે. જીમ, બાળકો માટે પ્લે એરિયા, ટેરેસ ગાર્ડન, પ્રેયસ મહેતાઃ- 9920039767. (બી-૧૪૯૫૮)**

**3 BHK - માટુંગા - ભાડેથી**
ફાઈવ ગાર્ડન નજીક - ટાવરમાં - પાર્કીંગ - સેમી ફર્નીશ્ડ - તુરંત આપવાનો છે. ''હસમુખભાઈ'' - 9322215082. (૧૫૦૧૬-એ)

**તારદેવ**
3 બેડરૂમ - 1350' - કાર્પેટ - પાર્કિંગ - 7,0000000/= નેગોશીએબલ - શાહ - 9820068382. (૧૪૪૮૫-ડી)

**તારદેવ**
3 બેડરૂમ - 1600' - કાર્પેટ - પાર્કીંગ - 6,50,00000/= નેગોશીએબલ - શાહ- 9820068382. (૧૪૪૮૫-ડી)

**ગોવાલીયા ટેંક**
2 બેડરૂમ - 900' - કાર્પેટ - પાર્કિંગ - 4,50,00000/= નેગોશીએબલ - શાહ - 9820068382. (૧૪૪૮૫-ડી)

**ગોવાલીયા ટેંક**
2 બેડરૂમ - 840' - કાર્પેટ - પાર્કિંગ - 5,50,00000/= નેગોશીએબલ - શાહ - 9820068382. (૧૪૪૮૫-સી)

**ગામદેવી**
3 બેડરૂમ- 825'- પાર્કીંગ - 50000000/= સ્ટેમ્પ ડ્યુટીની સાથે. શાહ- 9820068382. (૧૪૪૮૫-સી)

**વાલકેશ્વર**
3 બેડરૂમ- 900'- કાર્પેટ - પાર્કીંગ - 5,25,00000/= નેગોશીએબલ - શાહ- 9820068382. (૧૪૪૮૫-સી)

**ગ્રાન્ટરોડ**
1 બેડરૂમ - 600' - કાર્પેટ - 1,75,00,000/= શાહ - 9820068382. (૧૪૪૮૫/બી)

**ગ્રાન્ટરોડ**
2 બેડરૂમ - 825' - કાર્પેટ - પાર્કીંગ - 3,35,00,000/= નેગોશીએબલ - શાહ - 9820068382. (૧૪૪૮૫/બી)

**ગામદેવી**
2 બેડરૂમ - 825' - કાર્પેટ - પાર્કીંગ - 3,50,00000/= નેગોશીએબલ - શાહ - 9820068382. (૧૪૪૮૫/બી)

**ગ્રાન્ટરોડ**
3 બેડરૂમ - 785' - કાર્પેટ - ફરનીસ્ટ - 2,75,00,000/= નેગોશીએબલ - શાહ - 9820068382. (૧૪૪૮૫/એ)

**ગ્રાન્ટરોડ**
2 બેડરૂમ - 800' - જુનુ ભાડુ - 2,40,00000/= નેગોશીએબલ - શાહ - 9820068382. (૧૪૪૮૫/એ)

**ગોવાલીયા ટેંક**
2 બેડરૂમ - 700' - કાર્પેટ - પાર્કીંગ - 3,50,00000/= નેગોશીએબલ શાહ - 9820068382. (૧૪૪૮૫-એ)

**બોરીવલી (વેસ્ટ)**
નવામાં, ૨ બેડરૂમનો ફ્લેટ (617') પોડીયમ પાર્કીંગ, 2,11,00,000/=. અતુલ સંગોઈ એસોસીએટસ. 9820203032. (૧૫૦૫૨-બી)

**વાલકેશ્વર**
1730' 4 બેડ ફર્નિશ્ડ સીવ્યુ 2 પાર્કિંગ ભાડે/ વેચાણથી મળશે. 9819569698. (૧૫૦૪૯-સી)

**બાંદ્રા બોરીવલી**
૧/૨/૩/૪ બીએચકે ફ્લેટ્સ/શૉપ્સ વેચવા/ ખરીદવા ભાડેથી લેવા/આપવા સંપર્ક રાજઃ 8459614981/83 (બી-૧૪૯૬૯)

**કાંદિવલી (વેસ્ટ)**
સ્ટેશન 0.5 Km, 5 પોડિયમ + 22 માળના ટાવરમાં 2 બેડરૂમ 1.80 કરોડ Onwards 3 બેડરૂમ 2.55 કરોડ Onwards, 20 + એમીનિટી, પોડિયમ + Rooftop site એસવી રોડ સંપર્ક 9820964062-9820379493. (જેપી/૪૯૪૮-બી)

**બેન્કના સસ્તામાં**
બોરીવલી 670' 88.00.000/- કાંદિવલી 550' 60.00.000/- અંધેરી 825' 1.10.00.000/- મુલુન્ડ 285' 22.00.000/- ભાયનદર 450' 15.00.000/- વસઈ, 6.00.000/- 9209157958, 8097146020. (૧૫૦૫૭-એ)

**ઘાટકોપર (ઈસ્ટ)**
**વેચાણથી. પંતનગર, 2 બેડરૂમ-590' કારપેટ, હાયર ફ્લોર, પાર્કિંગ સાથે, રૂફટોપ એમેનીટીશ. વિશાલ મહેશ ઠક્કર (પ્રોપર્ટી કન્સલટન્ટ) 8879102888. (૧૫૦૫૫-સી)**

**ઘાટકોપર (ઈસ્ટ)**
**વેચાણથી. પંતનગર, 2 બેડરૂમ - 600' કારપેટ + 200' કારપેટ ટેરેસ (મ્હાડા બિલ્ડિંગ રીડેવ્લોપમેન્ટ શક્ય)વિશાલ મહેશ ઠક્કર (પ્રોપર્ટી કન્સલટન્ટ) 8879102888. (૧૫૦૫૫-ડી)**

**ઘાટકોપર (ઈસ્ટ)**
**વેચાણથી. પંતનગર, અરુનકુમાર વૈધ ગાર્ડન પાસે, 3 બેડરૂમ 1100' કારપેટ બાલ્કની ફ્લેટ, લોઅર ફ્લોર સાથે એમેનીટીશ (જીમ/સ્વીમિંગ પુલ) પઝેશન માર્ચ. 2027. વિશાલ મહેશ ઠક્કર (પ્રોપર્ટી કન્સલટન્ટ) 8879102888. (૧૫૦૫૫-ઈ)**

**ઘાટકોપર (ઈસ્ટ)**
**પ્રાઈમ લોકેશન**
**ન્યુ ટાવર, ૬૦'/વલ્લભબાગ, 2/3/4 બેડરૂમ ૨૦૦/૨૭૫/૫૫૦ લાખ. રીસેલ ફ્લેટો લેવા. 7208215105. (૧૫૦૪૮-બી)**

**ઘાટકોપર (ઈસ્ટ) લાસ્ટ ફ્લેટ**
**૬૦' રોડ, ન્યુ ટાવર, ૨ બેડરૂમ રીસેલ ફ્લેટ લેવા. કોલ ઓનર-7208215105. (૧૫૦૪૮-એ)**

**બોરીવલી (વેસ્ટ)**
**દેવીદાસ લેન સેંટ લોરેન્સ સ્કૂલની સામે, 2 બેડરૂમ, 1000' સ્કે. ફીટનો ફ્લેટ FULLY FURNISHED સ્ટીલ્ટ પાર્કિંગ સાથે વેંચાણથી (ઓનર) 9825422613. (૧૫૦૫૧-એ)**

**જુહુસ્કીમમાં વેચાતામાં**
પહેલો રોડ, નવા બિલ્ડિંગમાં, સ્પેશિયસ, સેમી ફર્નીશ્ડ, ૪.૫ બેડરૂમ (૨૩૦૦' કારપેટ), ચાર પાર્કિંગ, ૧૦ કરોડ. લેવા. રાજેશભાઈ : ૯૮૨૦૭૭૨૩૯૦. (૧૫૦૫૩-એ)

**અંધેરી વેસ્ટ**
ભરડાવાડી, જે.પી. રોડ તુરંત વેચવાનો છે. 1 બેડરૂમ ફુલ્લી ફર્નિશ્ડ (CONVERTED 2 BHK) 585 કાર્પેટ, પાર્કિંગ સાથે 1.65 CR, 2 બેડરૂમ 735 કાર્પેટ 2.25 CR, (નવા બિલ્ડિંગમાં), 500 કાર્પેટ 1.60 CR. સંપર્કઃ જિતેશભાઈઃ 9821122362. (૧૫૦૫૦-એ)

(જુઓ પાનું ૧૦) ▶▶






## ૧૭. જગ્યા આપવી છે

■ 1 બેડરૂમના ફ્લેટ તારદેવ, ગિરગામમાં ભાડેથી મળશે. અશોક સાવલા 9819550709 / 8169584913. (૧૫૦૪૯-બી)

**બોરીવલી (વેસ્ટ)**
તનિષ્ક શોરૂમની પાછળ, નવામાં ૨ બેડરૂમ વેચાણથી. ઓનર 7600693142. (૧૫૦૫૨-એ)

**વાલ્કેશ્વર**
પેડર, નેપીયંસી, બ્રીચકેન્ડી, અલ્ટામાઉન્ટ, તારદેવ, ગોવાલિયા ટેંક, મરીન ડ્રાઈવ, ચર્ચગેટ, કફ પરેડ, આકર્ષક ફ્લેટો / કોમર્શીયલ લેવા / વેચવા અને લીવલાઈસન્સથી હાર્દિક એસ્ટેટ - ૯૮૨૦૦૫૬૫૩૩. (એસડીબી-૨૧૮૮)

**વિલેપાર્લે (ઈસ્ટ)**
વેચાણથી- અથર્વ ડેવલોપરના નવા બંધાતા ટાવરમાં, 2 BHK 735' કારપેટ, 3 BHK 1030' કારપેટ, હાયરફ્લોર, વિથ પાર્કિંગ ચિતરંજન રોડ. ''નવકાર એસ્ટેટ'' ધીરેન ગડા - 9594925992 (Monopoly Flat). (જેપી/૪૯૪૭-બી)

**અંધેરી (ઈસ્ટ)**
વેચાણથી- નવા બંધાતા ટાવર, અલંકાર વાઇબ્સમાં, 1 BHK 400' કારપેટ, ચોથા માળે, વિથ 1 પાર્કિંગ, ફિટઆઉટ પઝેશન DEC.-2024, 1.45 Cr. નેગોશિએબલ. ''નવકાર એસ્ટેટ'' ધીરેન ગડા - 9594925992 (Monopoly Flat). (જેપી/૪૯૪૭-સી)

**ઘાટકોપર ઈસ્ટ-**
**ફ્લેટ વેચવાનો છે 1 BHK, 523 sq. ft. કારપેટ, કાર પાર્કિંગ સાથે, 10 ft 6 inch હાઈટ, નવી બિલ્ડિંગ વીથ ઓસી, ગાર્ડનની સામે, શાંત એરિયામાં, સ્પેસિયસ, વેલ મેઈનટેંઈન રજી. સોસાયટી, સારા પાડોશ. 1.45 cr. Negotiable. સંપર્ક:- જીજ્ઞેશ છેડા 9892661495. (૧૫૦૫૬-એ)**

**તારદેવ**
એન્ટરપ્રાઈઝ એપાર્ટમેન્ટ - 1 બેડરૂમનો - હાયર ફ્લોર દેરાસર નજીક લેવા ચેતન શેઠ 9820062638. (૧૫૦૪૬-બી)

**પ્રાર્થનાસમાજ**
2 બેડરૂમનો ફ્લેટ - દેરાસર નજીક પાર્કિંગ સુવિધા - શાંત વાતાવરણ લેવા સંપર્ક ચેતન શેઠ 9820062638. (૧૫૦૪૬-સી)

**સાઉથમુંબઈ**
2-3-4 બેડરૂમના ફ્લેટો વાલકેશ્વર, વોર્ડન, પેડર, તારદેવ, વર્લી, પ્રભાદેવી - આધુનિક સુવિધા- પ્રતિષ્ઠિત સોસાયટી - વેચાણથી/ ભાડેથી લેવા ચેતન શેઠ 9820062638. (૧૫૦૪૬-ડી)

**તારદેવ**
2 બેડરૂમનો આકર્ષક ફ્લેટ - પાર્કિંગ સુવિધા - દેરાસર નજીક - લેવા ચેતન શેઠ 9820062638. (૧૫૦૪૬-ઈ)

**સાઉથમુંબઈ**
2-3-4 બેડરૂમના ફ્લેટો વાલકેશ્વર, ગામદેવી, તારદેવ, વર્લી, પ્રભાદેવી, પરેલ, ભાયખલા, માટુંગા, શિવડી, લોઅરપરેલ બંધાતા ટાવરમાં - આધુનીક સુવિધા - પ્રતિષ્ઠિત બિલ્ડર્સ - સમયસર કબ્જો - આકર્ષક ભાવે/શરતે લેવા ચેતન શેઠ 9820062638. (૧૫૦૪૬-એફ)

**અંધેરી (ઈસ્ટ)**
વેચાણથી - સ્ટેશનની બાજુમાં નવા બંધાતા ટાવર, અલંકાર વાઈબ્સમાં, 4 BHK 1260' કારપેટ, હાયરફ્લોર, 3 સાઈડ ઓપન, વિથ 2 પાર્કિંગ, ફિટઆઉટ પઝેશન DEC. - 2024, ''નવકાર એસ્ટેટ'' ધીરેન ગડા - 9594925992. (Monopoly Flat). (જેપી/૪૯૪૭-ડી)

**વિલેપાર્લે (ઇસ્ટ)**
વેચાણથી - 2 BHK 550' કારપેટ, ઈસ્ટ/ વેસ્ટ એન્ટ્રી, વિથ પાર્કિંગ, M.G. રોડ, બ્રાન્ડ ન્યુ ટાવરમાં, ''નવકાર એસ્ટેટ'' ધીરેન ગડા - 9594925992. (Monopoly Flat). (જેપી/૪૯૪૭-ઈ)

**ઘાટકોપર (ઈસ્ટ)**
**મોકાની જગ્યા, વલ્લભબાગ લેન, અનટચ 3 બેડરૂમ, હોલ, કિચન - ૧૦૩૦' કારપેટ, નવું બિલ્ડિંગ, ફુલ્લી ફર્નિશ્ડ, ૨ કાર પાર્કિંગ, 3.51CR (નેગોશીએબલ) ''જુગ્નુ શાહ'' HOME ALONE PROPERTY - 9833352224. (૧૫૦૫૫-એ)**

**DOSTI FRIENDSHIP MONTH**
Xclusive offer and prices 0% Stamp Duty at Wadala Eastern Bay 2 Bed 2.65 Cr. 3 Bed 3.70 Cr. 4 Bed Jodi Flats 5.15 Cr. 7 Star amenities Free hold Land. +91 89761 02382. (B-14750)

**MATUNGA EAST**
New tower launch, Gated community, 5 acres land, Open spaces, 7 star amenities, 2, 2.5, 3, 3.5 Bed 3.21 to 6 Cr. Special pre launch benefits. 9004078342. (B-14917)

**GAMDEVI**
Dharam Castle, New Tower, OC will come, 3 BHK, 3 Bath, Full Sea View, Parking, 825 carpet, 4.75 Cr. Or Rent 1.10 Lakh. 9892387267. (14994-B)

**PEDDAR ROAD RENT**
**1 BHK, 2 Bathrooms, Furnished, 500 Carpet, Vegetarian only 70000 Owner 9820079583. (SDB-2173)**

## ૧૭. જગ્યા આપવી છે

**VILEPARLE (EAST)**
3 BHK on Outright, Off. Malaviya Road, Nr. Post Office, 1242' Rera Carpet, New Building with OC, Keys with us 45000/- per sq. ft. Call: Navigators Realty - 9967245045 / 8454849049. (15028-E)

**VILEPARLE (EAST)**
3 BHK on Outright, Nr. Adarsh Petrol Pump, Play Ground Road, 946' Rera Carpet, 1 Car Parking, New Building Untouched Flat, Keys with us, OC Received, 4.90 Cr. negotiable. Call: Navigators Realty - 8454849049 / 9967245045. (15028-C)

SALE
SPACIOUS 3 BHK
JUHU GULMOHAR
• Well Maintained Bldg
• 1500' carpet usable
• Fully Furnished Flat
• Westerly Seaview
• 2 covered parking (can be converted to 4)
JAGDISH PAREKH
79 77 355 123
(15022-A)

**VILEPARLE (EAST)**
2 BHK on Outright, Nr. Chintamani Jain Temple, 854' Carpet, 2 Car Parking, Lift, OC, Ready Possession Keys with us. Registered Society Asking 4.60 Cr. negotiable. Call Navigators Realty - 9967245045 / 8454849049. (15028-A)

**BORIVALI (WEST)**
**Spacious fully furnished two bedrooms flat with 3 AC in TPS, Opp. Savarkar Garden, North kuber door for 2.70 cr. Ashok 9867015566. (14997-A)**

**SHETH BEAUMONTE, SION**
Ready OC, beautifully done interiors. All amenities, higher flr, Genuine Seller, 1300 Carpet 7.15 Cr., ICC, Wadala, 3 Bed 2000 carpet 8.75 Cr. 4 Bed, 2100 cpt 10.5 Cr, 9769884999. (B-14946)

**PUNE - PCMC FOR RESALE**
2/3 BHK, READY POSSESSION, Specieous, Luxurious, Regd. Society, Eye Level View, Lift, Cov. Parking, Sun Deck, Pentry, Piped Gas, Chinchwad Stn. Wlk. Distance. 9766552094. (B-14945)

## ૧૮. જગ્યા જોઈએ છે

**અંધેરી (વેસ્ટ)**
લલ્લુભાઈ પાર્કમાં, ત્રણ બેડરૂમ અરજન્ટ ભાડેથી જોઈએ છે. ફક્ત માલિક સંપર્ક કરેઃ જીતુભાઈ: ૯૮૨૦૬૧૩૧૨૮. (૧૫૦૩૦-સી)

**હેવી ડિપોઝિટથી/Heavy Deposite**
જોઈએ છે-ફ્લેટ, ઓફિસ, દુકાન-કાંદિવલી, બોરીવલી, મલાડ, દહિંસર, ગોરેગાવમાં 9082825482, 9321693211. (૧૪૪૭૭/એ)

## ૧૯. ફેક્ટરી વર્કશોપ

**વસઈ - કામણ**
**સાતીવલી- વાલીવ- હાઇવે- સિરસાડ- પોમણ- બાપાને- સસુનવઘર- ઇન્ડસ્ટ્રીયલ- ગાળા- શેડ- યુનિટ- પ્લોટ- લેવા-વેચવા-ભાડેથી - ગોપીભાઇ - 9326472399 જીતેન્દ્રભાઇ - 9320404145. (૧૩૮૦૮-એ)**

**વસઈ**
ઈન્ડસ્ટ્રીયલ ગાળા પ્લોટ લેવા/ વેચવા/ ભાડેથી રુષભ ઉપાધ્યાય 9049625073/ હિતેષ ઉપાધ્યાય 9326470109. (એસડીબી-૨૧૮૯)

**દહીંસર - ચારકોપ**
શેડ ૧૮૦૦' - ૩૦૦૦' પાવરપાણી ભાડેથી લેવા - આપવા. દિનેશ - 9324402779. (એસડીબી-૨૧૮૭)

**AVAILABLE**
Vasai Factory Gala on Rent. 2400 square feet. 9987051997. (15018-A)

**Kaman Gala Rent**
Gala No. C14, 15000 sf, GF 7500, FF 7500, Ganesh Indus Estate, behind Sagar Hotel, Kaman, Goods lift, 50 HP. Tejas - 9820633257. (JP-4948-C)

## ૨૦. ધંધાદારી જગ્યા

**ઓફિસ પાર્લામાં**
ભાડેથી ૧૧૦૦' ફર્નિશ્ડ તથા ૭૦૦' અને ૧૬૦' વેચાણથી આપવાની છે. જીતુભાઈ: ૯૮૨૦૬૧૩૧૨૮. (૧૫૦૩૦-એ)

**પાર્લા (પૂર્વ)**
કોમર્શિયલ જગ્યા/ શોરૂમ - ૧૮૦૦'/ ૨૪૦૦' ઓફિસ ૨૮૦'/ ૬૦૦'/ ૧૦૦૦'/ ૧૫૦૦'. રેડી પઝેશન. ''સંજય પટેલ'' 9820292381. (૧૪૪૮૦/બી)

## ૨૦. ધંધાદારી જગ્યા

**વિલેપાર્લે (વેસ્ટ)**
સ્ટેશન પાસે, ૨૭૫ કારપેટ, (ઓસી સાથે) ઓફિસ વેચાણ/ભાડેથી આપવાની. 9820714782/9324164011. (૧૫૦૩૯-એ)

**વિલેપાર્લે (વેસ્ટ)**
સ્ટેશન પાસે, 1050 કારપેટ (ઓસી સાથે) ઈન્વેસ્ટર્સ માટે ૫ + ૪ વર્ષ માટે ભાડે આપેલ (વેચાણથી આપવાની છે). ૯૮૨૦૭૧૪૭૮૨, ૯૩૨૪૧૬૪૦૧૧. (૧૫૦૩૯-બી)

**ભાડેથી ઓફીસ**
મળશે. સાકીનાકા મેટ્રો સ્ટેશન પાસે, ૩૮૪' રેરા કારપેટ, ''૭૨ કોર્પ બિલ્ડિંગમાં'' સંપર્ક: ૮૧૦૮૩૩૦૩૭૫. (૧૫૦૩૦-ડી)

**કાંદિવલી (ઈસ્ટ)**
સ્ટેશન સામે, આકુર્લી રોડ 1, સિદ્ધિ વિનાયક આર્કેડ, કોમર્શિયલ બિલ્ડિંગમાં 800' ફુટ કારપેટ ઓફિસ (5th FLOOR) WITH WASHROOM, કિચન, પાર્કિંગ, પીલરસેલ, CA CLASSES PATHOLOGY, BOLT, CONSULTING ROOM વગેરે માટે ભાડેથી આપવાની. સંપર્ક: (11 થી 6) 9769622033/ 022-28334910. (૧૫૦૫૧-બી)

**ચર્નીરોડ**
ઠાકુરદ્વારમાં જુના ભાડાની દુકાન વેચવાની છે. 200 સ્કે. ફીટ કારપેટ (ગ્રાઉન્ડ ફ્લોર), 200 સ્કે. ફીટ કારપેટ (પહેલો માળ). સેલ્ફકન્ટેન્ડ, પાણીની સુવિધા સંપર્ક: 8422035665, 8422035689. Email:hanumanprinters2018@gmail.com (૧૫૦૫૮-એ)

**અંધેરી (વેસ્ટ)**
સ્ટેશન, જુહુ ગલી, શોપર્સ સ્ટોપની આજુબાજુમાં ૨૦૦૦' થી ૩૦૦૦' જગ્યા ઓફિસ માટે ભાડેથી જોઈએ છે. સંપર્ક: જીતુભાઈ: ૯૮૨૦૬૧૩૧૨૮. (૧૫૦૫૩-બી)

**નરીમાન પોઈન્ટ - લોઅર પરેલ**
જોઈએ 1500' - 1800' ફર્નિશ્ડ ઓફિસ 4-5 લાખ ભાડે. 9819569698. (૧૫૦૪૯-ડી)

**ઓપેરા હાઊસ**
તિવારી સ્વીટ પાસે ટીપટોપ ફર્નિશ્ડ એરકંડીશન્ડ ઓફિસ 1200' કાર્પેટ આઊટરાઈટ/ લિવલાયસંસથી આપવાની છે. 9820034317. (૧૫૦૫૪-એ)

**''શોરૂમ કિંગ''**
બેન્કને આપેલી પ્રીલિસ્ડ પ્રોપર્ટી સાઉથ મુંબઈમાં 1200', 3.50 લાખ ભાડું, 7.5 cr. ગ્રાન્ટ રોડ ઈસ્ટમાં જુના ભાડાની 300' દુકાન, અંધેરી ઈસ્ટ 350' ઓનરશીપ દુકાન વેચાણથી સ્ટેશન પાસે મળશે. અનેક બેંક માટે 700- 900 કારપેટ દુકાનો વસઈ અંબાડી રોડ, ભાઈંદર, મીરારોડ, બોરીવલી, કાંદિવલી ચારકોપ, બાંદ્રા, ખાર, માહિમ, ઘાટકોપર, LBS રોડ, ચર્નીરોડ, ઓપેરા હાઉસ, મસ્જીદ બંદર, કાલબાદેવીમાં ફક્ત ગ્રાઉન્ડ ફ્લોરમાં ભાડેથી જોઈએ. અશોક સાવલા. 9819550709/ 8169584913. (૧૫૦૪૯-એ)

**ઘાટકોપર (ઈસ્ટ)**
**દુકાન- 622' કારપેટ, ભાડેથી આપવી છે. 1,90,000/= નેગોશીએબલ. રાજ એસ્ટેટ- 9821051136, 8591132359. (૧૫૦૫૫-બી)**

**દસ હજાર/ 10,000/= ભાડેથી**
નાની દુકાન મથુરાદાસ રોડ કાંદીવલી વેસ્ટ, અન્ય પ્રપોઝલો લેવા- આપવા. 9082825482, 9321693211. (૧૪૪૮૬/સી)

**LOWER PAREL**
1200 sqft Office available for Leave & Licence. Only WhatsApp 7304472581 (Owner). (SDB-2185)

**Chembur**
Prime Property, Shop No. 04, 05 Shripal Bldg., Chhaya CHSL, Near Chembur Naka on Highway near Metro Station, 680 sqft. Carpet Area Ground Floor with 520 sqft Mezzanine Floor with 2 Shutter, Toilet, 900 sqft Front open space with Parking. Contact - Devang 9820144154. (B-14970)

**SANTACRUZ (WEST)**
Shop for Sale / Rent, Ground Floor, SV Road, Santacruz (West), 660 sq.ft., 20' front, 12.5" ht, 1 Parking & 1 Washroom. Contact 98203 41756 / 75409 97540. (B-14971)

## ૨૩. મનોરંજન

**''બજેટ મુજબ''**
''નવરાત્રી દાંડિયા'', ''સંગીતસંધ્યા'', ''લગ્નગીત'', ''બર્થડે'', ''ડીજે'', ''એનિવર્સરી'', ''પ્રાર્થના''. ''કમલેશ માંડલિયા''- 9820889938. (૧૫૦૦૬-એ)

## ૨૫. શૈક્ષણીક

**સંગીત ક્લાસ**
હાર્મોનિયમ, કેસિયો, શાસ્ત્રીય સંગીત, ગાયન, ગરબા, રાસ, છંદ, દુહા, લોકગીત તથા શ્લોક શીખો. ૯૯૩૦૪૬૧૭૭૯ ગદાધર. (બી-૧૪૯૫૭)

## ૨૭. ઔષધ ઉપચાર

**આર્થરીટીઝ/ સંધીવાત**
Sure Cure નેચરલ ટ્રીટમેન્ટ. એપોઈન્ટમેન્ટ માટે. 9820513800/ 9820513900. (૧૫૦૫૭-ડી)

## ૨૭. ઔષધ ઉપચાર

**પેશંટની દેખરેખ રાખવા**
8, 12, 24 કલાક માટે અનુભવી, વોર્ડબોય, આયાબાઈ, નર્સ (મેલ/ફિમેલ) મળશે. મુંબઈ/ ગુજરાતમાં સંપર્ક: 8655191176. (૧૫૦૩૬-બી)

**કોઢ-સોરાયસીસ**
ખરજવું, ચામડીની એલર્જી- વેરીકોઝ વેઈન્સ, અલ્સર, સંધિવાનીજળો, આયુર્વેદથી સફળ સારવાર, સૌરાષ્ટ્રના ૩૫ વર્ષના અનુભવી, વૈદ્ય ગોસ્વામી બોરીવલીમાં- ૯૮૯૨૧૮૮૦૯૦. (બી-૧૪૯૬૭)

## ૩૧. નાણાંકીય

■ ''લોન- ડીફોલ્ટર્સ'' બેંકથી સેટલમેન્ટ / ઈન્સ્ટોલમેન્ટ (કોઈપણ-મેટર) (વકીલ મારફત). 9137725086. (બી-૧૪૮૪૪)

**૧૦,૦૦,૦૦૦**
વળતર મહિને ૬૦૦૦ પ્લસ ૧૦ વર્ષમાં ૨૦,૦૦,૦૦૦ અપનો શુભચિન્તક અભય- 9223481847. (બી-૧૪૯૬૮)

## ૩૨. જમીન-મિલકત

**દમણ તેમજ ઉમરગાંવ-સુરત**
N.H.48->1 થી 100 એકર- Industrial/ Residential N.A.- Clear Title with all NOC's. સંપર્ક: Patel Consultant & Developers (Vapi) 9904000075/ 7096000785 "Uttambhai Patel". (૧૫૦૪૪-એ)

**લે-વેચ માટે મળો**
**વેચાણ માટે મળો આણંદ જીલ્લો- ખેડા જીલ્લો તથા વડોદરા જિલ્લામાં પ્રાઈમ લોકેશનમાં જમીન- એગ્રીકલ્ચર જમીન- સ્કીમ લાયક જમીન- પ્લોટ- ફાર્મહાઉસ- ઈન્ડસ્ટ્રીયલ પ્રોપર્ટી લેવા તથા વેચાણ આપવા માટે મળો. ઓમ રિયલ એસ્ટેટ વિદ્યાનગર આણંદ: 9925451560, 9979968466. (૧૫૦૪૭-એ)**



(B-14952)

**''વસઈમાં ઈન્ડસ્ટ્રીયલ''**
''30,000 ફુટ રેડી CC FSI (12 કરોડમાં)''- 9823280848. (૧૫૦૫૭-સી)



(G-2500-A)

**અમદાવાદથી**
25 km અંતરે રોડ ટચ સમેત શિખરતીર્થ (પ્રતિકૃતિ) સામે NA જમીન, (જૈન બંગલો, ફાર્મહાઉસ પ્લોટીંગ/ પ્રોજેક્ટ માટે 3 લાખ વાર સર્વેથી વેચાણથી આપવાની છે. 09825064037. (૧૪૪૮૬/બી)

**ગુજરાતમાં**
સોલાર એનર્જી/ ખેતી/ ઈન્વેસ્ટમેન્ટ માટેની 500થી 1500 વીઘા જમીન વેચાણથી આપવાની છે. 09825064037. (૧૪૪૮૬/એ)

Bunglow For Sale
3 BHK
Virar East
Near Amul Dairy
For Further
Information Contact:
Meghani 9833853302
(B-14977)

JOINT FAMILY PROPERTY of 11 acres land for sale at Mahagaon, Boisar East, 6 Km from Boisar Station, 1.5 Km from upcoming Bullet Train Station and 28 Km from Vadhvan Port. Mob.: 8169150460, bakansara@rediffmail.com (B-14972)

## ૩૩. ધંધાદારી

**દુનિયાભરમાં પાર્સલ**
નાસ્તો, મસાલા, કપડાં, બીજો સામાન હોલસેલમાં અમેરિકા, કેનેડા યુરોપ, ઓસ્ટ્રેલિયા, ન્યુઝીલેન્ડ, યુકે, દુબઈ, સિંગાપુર- 9769691025/ 26822572. (બી-૧૪૮૫૬)

## ૩૩. ધંધાદારી

**દિવાળી ઑફર**
પ્રીતી સાબુઃ સફાઈના ઉત્કૃષ્ટ ઉત્પાદનોની ખરીદી કરી ફ્રી ગીફ્ટ ઘેર બેઠા મેળવો. 022 2305 4000. (બી-૧૪૯૪૭)

**એકાઉન્ટ**
કોઈપણ પ્રકારનું એકાઉન્ટ રેગ્યુલર - તાત્કાલિક તૈયાર કરીને આપીશું. પિયુષભાઈ - 9869587290. (બી-૧૪૮૯૬)

પ્રોપર્ટી વેલ્યુએશન
સોસાયટી ફોર્મેશન
PR કાર્ડ / CTS પ્લાન
પ્રોપર્ટી ટેક્સ
પોઈંટ એડવાઈઝરી
9029077715
(બી-૧૪૯૪૩)

■ એક જ વખત રૂપિયા 2000/-, 3000/-, 4000/- રોકીને એક કેરીના ઝાડના માલિક બનો અને 5 વર્ષ સુધી ઉત્તમ પ્રકારની કેરી મફત ભેટ મેળવો. 9323549091/8104853768. (૧૫૦૨૮-એફ)

## ૩૫. જ્યોતિષ ભવિષ્ય

***શ્રીચામુંડા જ્યોતિષ***
**લગ્નમાં રુકાવટ, જૂની બીમારી, સંતાન, ચિંતા, લવ મેરેજ, પતિદુઃખ, છુટાછેડા, શત્રુથી પરેશાન, ફેમિલી પ્રોબ્લેમ - 9157999811 પારસનગર, જૈન દેરાસર પાસે શંકર ગલ્લી, કાંદિવલી (વેસ્ટ) 022-31970731. (બી-૧૪૯૫૦)**

■ ભાગ્યશ્રી જ્યોતિષ, બોરીવલી (વેસ્ટ), લવ પ્રોબ્લેમ, પ્રેમ લગ્ન, છૂટાછેડા, વ્યાપાર-ફેક્ટરીમાં લાભ, શત્રુ-સૌતન, પતિ-પત્ની ઝઘડા, વ્યસન મુક્તિ. 6355047120. (બી-૧૪૮૮૫)

***શ્રીજી જ્યોતિષ***
અશક્યને શક્ય કરનાર સચોટ નિવારણ. જન્માક્ષર, લગ્ન વિલંબ, સૌતન, પતિ-પત્ની અનબન, પ્રેમીમિલન, (લવ પ્રોબ્લમ, પર્સનલ પ્રોબ્લમ, સ્પેશિયાલિસ્ટ) 9372024547 (ઘાટકોપર) (નિરાશ થયેલા વ્યક્તિઓ ખાસ મળો). (બી-૧૪૯૫૧)

**શ્રીનાથજી જ્યોતિષ (હવેલીવાળા)**
**લવ મેરેજ, પતિ દુઃખ, શત્રુનાશ, બિઝનેસ, લોસ, જૂની બીમારી, હસ્તરેખા, જન્મપત્રિકા, લગ્નમાં રુકાવટ, તુરંત સમાધાન, નિરાશ વ્યક્તિ ખાસ મળો, મલાડ (વેસ્ટ) ફીઝ-500/- 9920991344/ 9833390898/02228898500. (૧૪૯૬૮-એ)**

**માયા જ્યોતિષ**
શ્રાદ્ધક્રિયા, નવરાત્રિ ચંડીપાઠ, વ્યાપારમાં લાભ, ગૃહકલેશ, કર્જમુક્તી, શત્રુપીડા, (પ્રેમી-પ્રેમિકા મિલન સ્પેશિયાલિસ્ટ) 9594273700. (માલાડ). (બી-૧૪૯૧૪)

## ૪૪. પેસ્ટ કન્ટ્રોલ

**એસ પેસ્ટીસાઈડ**
(૧૯૯૩થી) ઉધઈ, વાંદા, માંકડ... કાંદિવલી: 9833523290, 9220789533, ચીરાબજાર: 9029181030. (૧૪૯૨૨-એ)



(બી-૧૪૮૯૮)

■ ''એસ પેસ્ટ કંટ્રોલ'' - ઉધઈ, વાંદા, માંકડ. (હર્બલ). 9773226675 / 9821195720 (કાંદિવલી). (૧૫૦૩૬-સી)

## ૫૨. કુરીઅર્સ

**પરદેશમાં પાર્સલ**
અમેરિકા, લંડન, દુબઈ, દુનિયાભરમાં પહોંચાડીશું ઓમદર્શન- 8879196093/ 9833631359. (બી-૧૪૯૫૫)

**મનસ્વી પાર્સલ**
યુરોપ, અમેરિકા, ન્યુઝીલેન્ડ, ઓસ્ટ્રેલીયા, કેનેડા, દુનિયાભરમાં સસ્તામાં મોકલવા. 9820194719/ 7208019515. (૧૫૦૨૬-એ)

# ટમેટાંમાં લાલચોળ મોંઘવારી, ૮૦ રૂપિયે કિલો

મુંબઈઃ નવરાત્રિનો પવિત્ર પર્વ ચાલી રહ્યો છે અને એવા ટાણે તહેવારના અન્ય ખર્ચાઓ માથે હોય છે એવામાં શાકભાજીના ભાવ આસમાને પહોંચતા ગૃહિણીઓનું બજેટ ખોરવાયું છે. તેમાં પણ ખાસ કરીને ટમેટાંના ભાવો વધી જતા ગૃહિણીઓએ પોતાનું કિચનનું બજેટ સાચવવું મુશ્કેલ બન્યું છે. ૨૦ સપ્ટેમ્બર સુધી ૫૦ રૂપિયે કિલોના ભાવે મળી રહેલા ટમેટાંના ભાવ હવે વધીને ૮૦ રૂપિયે કિલો થઇ ગયા છે. એટલે કે માર્કેટમાં મળતા ટમેટાંના ભાવોમાં પ્રતિ કિલો ત્રીસ રૂપિયાનો સરેરાશ વધારો જોવા મળ્યો છે. હૉલસેલ અને રિટેલ બંને માર્કેટમાં ટમેટાંના ભાવ વધી ગયા છે. ગણેશોત્સવ દરમિયાન વાશીના એપીએમસી(એગ્રીકલ્ચર પ્રોડ્યુસ માર્કેટ કમિટી)માં ટમેટાં ૨૦થી ૨૫ રૂપિયે પ્રતિ કિલોના ભાવે વેચાઇ રહ્યા હતા, જે હવે ૪૦થી ૫૦ રૂપિયે પ્રતિ કિલો થઇ ગયા છે. જેને પગલે રિટેલ માર્કેટમાં પણ ટામેટાંની કિંમતમાં વધારો થયો છે અને અંધેરી, બાંદ્રા (વેસ્ટ), બોરીવલી (વેસ્ટ), વિક્રોલી અને મલાડ જેવા વિસ્તારોમાં તે ૭૦થી ૮૦ રૂપિયે પ્રતિ કિલોના ભાવે વેંચાઇ રહ્યા છે. ■

# ક્રિકેટર સલિલ અંકોલાની માતાએ આત્મહત્યા કરી?

પુણેઃ ભૂતપૂર્વ ક્રિકેટર સલિલ અંકોલાની ૭૭ વર્ષની માતા પુણેના તેના ફ્લેટમાં મૃત અવસ્થામાં મળી આવી હતી. તેનું ગળું ચીરાયેલું હતું. પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે પ્રાથમિક દૃષ્ટિએ ઇજાઓ જાતે કરેલી હોવાનું લાગે છે.

પુણેમાં ડેક્કન જિમખાના વિસ્તારના પ્રભાગ રોડ પર આવેલી ઇમારતના ફ્લેટમાં શુક્રવારે બપોરના માલા અશોક અંકોલા (૭૭) મૃત અવસ્થામાં મળી આવી હતી. નોકરાણીએ વારંવાર દરવાજો ખટખટાવ્યા છતાં અંદરથી કોઇ પ્રતિસાદ મળ્યો નહોતો. આથી તેણે સંબંધીઓને જાણ કર્યા બાદ ઘટના પ્રકાશમાં આવી હતી.

દરમિયાન ફ્લેટનો દરવાજો ખોલવામાં આવતાં માલા અંકોલા મૃત મળી આવી હતી અને તેનું ગળું ચીરાયેલું હતું. પ્રાથમિક દૃષ્ટિએ એવું લાગે છે કે ઇજાઓ જાતે કરેલી છે. જોકે અમે તમામ પાસાંની તપાસ કરી રહ્યા છીએ, એમ ડીસીપી (ઝોન-૧) સંદીપ સિંહ ગિલે જણાવ્યું હતું.

મૃતદેહને પોસ્ટમોર્ટ માટે હોસ્પિટલમાં મોકલવામાં આવ્યા બાદ પોલીસે આ પ્રકરણે તપાસ આદરી હતી. માલા અંકોલા કોઇ માનસિક બીમારીથી પીડાતી હતી, એમ ગિલે કહ્યું હતું.

અત્રે ઉલ્લેખનીય છે કે સલિલ અંકોલાએ ૧૯૮૯ અને ૧૯૯૭ દરમિયાન એક ટેસ્ટ અને ૨૦ વન-ડે મેચ રમી હતી. ફાસ્ટ-મીડિયમ બોલરે બાદમાં ફિલ્મો અને ટીવી સિરિયલોમાં અભિનય કર્યો હતો. (પીટીઆઇ)■

# વિક્રોલીમાં વિદ્યાર્થિનીનો વિનયભંગઃ શિક્ષકની ધરપકડ

મુંબઈઃ વિક્રોલીમાં ૧૧ વર્ષની વિદ્યાર્થિનીનો વિનયભંગ કરવાના આરોપસર ૫૧ વર્ષના શિક્ષકની ધરપકડ કરવામાં આવી હોવાનું પોલીસે જણાવ્યું હતું.

વિક્રોલી પૂર્વના ટાગોરનગરમાં આવેલી શાળામાં ગયા મહિને આ ઘટના બની હતી. આ પ્રકરણે શાળાના સંચાલકે વિક્રોલી પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદને આધારે મંગળવારે ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. ફરિયાદમાં આક્ષેપ કરવામાં આવ્યો હતો કે શિક્ષક ૨ સપ્ટેમ્બરે સવારે ક્લાસરૂમમાં આવ્યો હતો અને વિદ્યાર્થિની નજીક જઇને ઊભો રહી ગયો હતો. તે વારંવાર દરવાજા તરફ જોઇ રહ્યો હતો અને વિદ્યાર્થિનીના કાનમાં કંઇ બોલી રહ્યો હતો. બાદમાં તેણે વિદ્યાર્થિનીને અયોગ્ય સ્પર્શ કર્યો હતો. ■

# અનામતની ૫૦ ટકાની ટોચમર્યાદા દૂર કરવાની શરદ પવારની માગણી

સાંગલીઃ રાષ્ટ્રવાદી કૉંગ્રેસ પક્ષ (એનસીપી - એસપી)ના પ્રમુખ શરદ પવારે બંધારણીય સુધારો કરી શિક્ષણ અને સરકારી નોકરીઓમાં હાલની ૫૦ ટકાની અનામતની ટાંચ મર્યાદા વધારવા માટે શુક્રવારે ભાજપના નેતૃત્વ હેઠળની કેન્દ્ર સરકાર સમક્ષ આગ્રહપૂર્વક રજૂઆત કરી હતી.

સાંગલીમાં સંવાદદાતાઓ સાથેની વાતચીતમાં પવારે કહ્યું હતું કે 'આંદોલન કરી રહેલા મરાઠાઓને અનામત આપતી વખતે અન્ય સમુદાયો માટે બનાવવામાં આવેલી આવી મર્યાદાઓમાં ખલેલ ન પહોંચે તેની કાળજી રાખવી જોઈએ. હાલમાં અનામતની મર્યાદા ૫૦ ટકા છે. જો તામિલનાડુમાં ૭૮ ટકા (વિવિધ સમુદાયો માટે અનામત) હોઈ શકે છે, તો મહારાષ્ટ્રમાં ૭૫ ટકા અનામત કેમ ન હોઈ શકે. કેન્દ્રએ પહેલ કરી અનામતની મર્યાદા વધારવા માટે બંધારણીય સુધારો લાવવો જોઈએ. અમે આ સુધારાને ટેકો આપીશું.'

એનસીપી (એસપી)ના અધ્યક્ષે મરાઠીને અભિજાત ભાષાનો દરજ્જો આપવાના નિર્ણયને આવકારી કેન્દ્ર સરકારને અભિનંદન આપ્યા હતા. જોકે, પવારે કહ્યું હતું કે મહારાષ્ટ્ર સરકારે મરાઠી ભાષા શીખવાનું પસંદ કરતા વિદ્યાર્થીઓની ઘટતી જતી સંખ્યા અને રાજ્યમાં મરાઠી ભાષાની શાળાઓ બંધ થવાની ગંભીરતા ધ્યાનમાં લેવી જોઈએ. આ મુદ્દો હલ કરવાનો માર્ગ શોધવાની જરૂર છે.

ચૂંટણી સંદર્ભમાં પવારે કહ્યું હતું કે વિપક્ષી જૂથ મહા વિકાસ અઘાડી (એમવીએ)ના નેતાઓ વચ્ચે બેઠકોની વહેંચણીની વાટાઘાટો આવતા અઠવાડિયે પણ ચાલુ રહેશે. (પીટીઆઈ)■

# ગાયની સબસિડીમાં ૨૦ રૂપિયાનો વધારો, તિજોરી પર ૨૩૦ કરોડનો બોજો

મુંબઈઃ મહારાષ્ટ્ર સરકારે રાજ્યભરની ગૌશાળામાં ગાય દીઠ દૈનિક ૫૦ રૂપિયાની સબસીડીની જાહેરાતના ચાર દિવસ બાદ એવું ચિત્ર ઉપસ્યું છે કે રાજ્ય પ્રધાનમંડળે સૂચિત રકમમાં પશુ દીઠ ૨૦ રૂપિયાનો વધારો કર્યો હતો. પશુ સંવર્ધન વિભાગે દેશના અન્ય રાજ્યો અનુસાર ગાય દીઠ પ્રતિદિન ૩૦ રૂપિયાની સબસિડીનો પ્રસ્તાવ મૂક્યો હતો, પરંતુ કેબિનેટે છેલ્લી ઘડીએ રકમમાં વધારો કરી પશુ દીઠ ૫૦ રૂપિયા કરવાનો નિર્ણય લીધો હતો.

૧ લાખ ૨૩ હજારથી વધુ ગાય અને અન્ય ગૌવંશની વસ્તી ધરાવતી ૮૨૮ ગૌશાળાઓને નાણાકીય સહાય આપવાના નિર્ણયના કારણે રોકડ રકમની તંગી અનુભવતી રાજ્ય સરકાર પર વાર્ષિક ૨૩૦ કરોડ રૂપિયાનો બોજો આવશે. સરકાર અગાઉથી જ ૭ લાખ ૮૨ હજાર કરોડ રૂપિયાના દેવાના બોજ હેઠળ દબાયેલી છે. ગાય દીઠ ૩૦ રૂપિયાની સબસિડી મંજૂર કરવાથી વાર્ષિક ભારણ ૧૩૫ કરોડનું રહેવાનું હતું અને પરિણામે ૯૫ કરોડ રૂપિયાનો ઓછો બોજ આવ્યો હોત.

આગામી વિધાનસભાની ચૂંટણી પૂર્વે આ સબસિડી સત્તાધારી મહા યુતિનો હિન્દુત્વનું કાર્ડ ખેલવાના પ્રયાસનો એક ભાગ છે એ દેખીતું છે. ભારતીય સમાજમાં પ્રાણીઓના આધ્યાત્મિક અને સાંસ્કૃતિક મહત્ત્વને મજબૂત બનાવવા માટે ગાયને 'રાજ્યમાતાગોમાતા'નો દરજજો આપવામાં આવ્યો છે.

ગુજરાત, રાજસ્થાન, ઉત્તર પ્રદેશ અને મધ્ય પ્રદેશ જેવા રાજ્યોમાં પણ આવી જ યોજનાઓનો અભ્યાસ કર્યા બાદ પશુપાલન વિભાગે સબસિડી અંગે પોતાની ભલામણ કરી હતી. જોકે, આ રાજ્યોની સરકારોએ ગૌવંશ દીઠ પ્રતિદિન ૩૦ રૂપિયા ફાળવ્યા છે, જ્યારે મધ્યપ્રદેશે તાજેતરમાં આ રકમ વધારીને ૪૦ રૂપિયા કરી છે. હિમાચલ પ્રદેશની ગોશાળાઓને ગૌવંશ દીઠ માસિક ૭૦૦ રૂપિયાની સહાય અપાય છે. એક વરિષ્ઠ અમલદારના જણાવ્યા અનુસાર '૪૦ વિધાનસભ્યો અને ગૌશાળાઓની વિનંતીને ધ્યાનમાં લીધા પછી વિભાગે પ્રસ્તાવ તૈયાર કર્યો હતો. આ દરખાસ્ત રજૂ કરવામાં આવી ત્યારે પશુપાલન પ્રધાન રાધાકૃષ્ણ વિખે પાટીલે ગાયદીઠ પ્રસ્તાવિત ૩૦ રૂપિયાની રકમ બદલીને ૫૦ રૂપિયા કરી નાખી હતી.' ■

# વિચિત્ર સવાલોના વિસ્મયજનક જવાબ !

જિજ્ઞાસા એક એવો જાદુ છે, જે આબાલવૃદ્ધને એના જવાબ જાણવા માટે ચિત્ર-વિચિત્ર પ્રશ્નો પૂછવા ઉશ્કેરે છે. આવા અજાણ્યા પ્રશ્નના અવાક કરી મૂકે એવા જવાબ આપણે જાણીએ આ સવાલ-જવાબની સિક્વલમાં !




ક્લોઝ અપ
ભરત ઘેલાણી
feedback@bombaysamachar.com

આદિકાળથી આજે ડિજિટલ યુગના માનવીમાં એક જન્મજાત વૃતિ- પ્રકૃતિ કુદરતી રીતે વણાયેલી છે અને એ છે કશુંક નવું નવું જાણવાની જિજ્ઞાસા આમેય પ્રશ્નોથી અટવાતી ને પ્રશ્નોથી ઉકેલાતી આ જિંદગીમાં આપણાં મનમાં અનેક સવાલ નિરંતર જાગતા રહે છે. કેટલાંકના જવાબ મળે તો અમુક તો જિંદગીભર અનુત્તર રહી જાય છે.

એક ઉદાહરણ લઈએ :

'ચાંચિયા પોતાની એક આંખ કાળા રંગના ગોળ ચગદા-કાપડના ટુકડાથી કેમ ઢાંકી રાખે છે અને ચાંચિયા એમની સાથે પોપટ કેમ રાખે છે ?'

આ સવાલ તો બાળવાર્તા વાંચતાં હતા ત્યારથી મૂંઝવતો હતો,પણ ભાગ્યે જ એનો જવાબ આપણને મળ્યો છે! આવા લા-જવાબ રહેલા સવાલના સંતોષકારક જવાબ કોઈ પણ આયુએ જાણવા રસપ્રદ બની જાય છે.

આવા અનેક પ્રશ્નો અને માન્યામાં ન આવે એવા સરળ તેમજ થોડા અઘરા ઉત્તરોનું સંકલન કરેલું ડેવિડ ફેલ્ડમન લિખિત એક પુસ્તક 'ઈમપોન્ડરેબલ' આબાલ- વૃદ્ધોમાં ખાસ્સું લોકપ્રિય છે. (ઈમપોન્ડરેબલ'નો સરળ અર્થ છેઃ 'અંદાજ ન આવે એવું' કે 'કલ્પના ન કરી હોય તેવું..' !)

અનેક સવાલના માન્યામાં આવે અને ન પણ આવે એના જવાબ કે ખુલાસા પણ જાણવા જેવા હોય છે, જેમકે આપણું માથું ક્યાંક અથડાય ત્યારે ધોળે દિવસે તારા કેમ દેખાવા માંડે છે?

જવાબઃ 'કોલમ્બિયા યુનિવર્સિટી'ના નેત્ર નિષ્ણાત ડો. લેનવર્થ જહોન્સન આનો જવાબ આપતા કહે છે કે માથું અથડાય ત્યારે આંખની અંદર રહેલું પારદર્શક પ્રવાહી એ રીતે ખળભળી જાય કે રેટિના- નેત્રપટલનો બ્રેન-મગજ સાથેનો સંપર્ક કામચલાઉ તૂટી જાય છે. પરિણામે આપણને 'ધોળે દિવસે તારા દેખાયા' હોય એવો આભાસ થાય છે.

## આંધળી વ્યક્તિ શા માટે કાળા ગોગલ્સ પહેરે છે?

જવાબઃ નેત્ર-નિષ્ણાતે જેને સત્તાવાર રીતે 'દ્રષ્ટિહીન- આંધળી' જાહેર કરી હોય એમાંથી ૭૫ % વ્યક્તિ એવી હોય છે,જેને આછું-પાતળું પણ દેખાતું હોય. આવી વ્યક્તિની આંખ બહારનો તડકો કે તીવ્ર પ્રકાશ સહન નથી કરી શકતી એટલે એમણે ડાર્ક ગોગલ્સ પહેરવા જરૂરી હોય છે. ઉપરાંત આવા કાળા ચશ્માથી બીજાને ખબર પડે છે કે સામેની વ્યક્તિ દ્રષ્ટિહીન છે..

આ પ્રકારના અન્ય કેટલાક સવાલ આપણે આ અગાઉ પણ આ જ કોલમમાં જોઈ ગયા છીએ, પરંતુ અનેક વાચકો આવા જ નવા રસપ્રદ સવાલ -જવાબ જાણવાની જિજ્ઞાસા અવારનવાર વ્યક્ત કરે છે. આમેય આજકાલ સિકવલનો ટ્રેન્ડ છે માટે આજે અહીં કેટલાક અજાયબ નવા સવાલ 'ભાગ -૨' તરીકે રજૂ કરીએ...

હવે આ સવાલ સાંભળો...

## કોઈ જાણીતી વ્યક્તિની અંતિમયાત્રા વખતે શા માટે ૨૧ ગનની જ સલામી આપવામાં આવે છે ?

જવાબ :વિભિન્ન સંશોધન અનુસાર આવી ગન -સલામીની શરૂઆત છેક ૧૬મી સદીમાં થઈ હતી.આવી સલામી દ્વારા સંદેશ આપવામાં આવતો કે રક્ષણ થઈ શકે એવાં આ જીવલેણ ઘાતક શસ્ત્રો દ્વારા કોઈ વીર આત્માને શ્રદ્ધાંજલિ પણ આપી શકાય છે. અગાઉ કેટલી ગનની સલામી એની સંખ્યા નક્કી નહોતી. હાથમાં જેટલો દારૂગોળો હોય એ મુજબ નિર્ણય લેવાતો. સમય વીતતાં ૧૭૩૦માં સર્વપ્રથમ બ્રિટિશ નેવી અને પાછળથી ૧૮૯૯માં અમેરિકન નૌકાદળ દ્વારા ૨૧ ગન (કે તોપ)ની સલામી આપવાની શરૂ થઈ બસ, ત્યારથી આ પ્રણાલિકા ચાલુ છે.

## શા માટે કોઈ વરિષ્ઠ મિલિટરી ઓફિસરને અપાતાં મેડલ્સ એના યુનિફોર્મની ડાબી બાજુ જ ઝુલાવવામાં આવે છે?

જવાબઃ અગાઉ કોઈ પણ મિત્ર દેશ લશ્કરી ઓફિસરને આવાં મેડલ્સ એનાયત કરતાં ત્યારે નેપોલિયનના જમાનામાં આવાં જથ્થાબંધ મેડ્લ્સની જગ્યા ડાબી કે જમણી બાજુ ફરતી રહેતી ! હવે આવાં મેડ્લ્સ માત્ર ડાબી બાજુ જ જોવાં મળે છે.આના માટે કોઈ ખાસ કારણ જાણવા નથી મળતું ,પણ એવું મનાય છે કે માણસનું સૌથી અગત્યનું અંગ હૃદય ડાબી તરફ હોય છે એટલે ગૌરવવંતી કામગીરી માટે અપાતાં મેડલ્સ ડાબી બાજુ ઝુલાવવાની પ્રથા શરૂ થઈ ગઈ !

## બાળકને બ્લ્યુ-વાદળી અને બાળકીને પિન્ક- ગુલાબી રંગ સાથે કેમ સાંકળવામાં આવે છે?

જવાબ : યુરોપમાં સદીઓ જૂની એવી માન્યતા હતી કે નવજાત શીશુ પર અસૂરી તત્ત્વોની ખરાબ નજર હોય છે એટલે એના રક્ષણ માટે રંગોમાં સૌથી શક્તિશાળી મનાતા વાદલી રંગ પસંદ કરવામાં આવે છે, જ્યારે બાળકી જન્મે છે ત્યારે એને નઠારા તત્ત્વોનો ભય નથી હોતો,પણ એ જન્મે ત્યારે ગુલાબની પાંખડી જેવી કોમળ હોય છે એટલે એના માટે પિન્ક કલર પસંદ કરવામાં આવે છે.

## અજાણી વાત કે જેનો જવાબ જાણતા નથી એના માટે આપણે અંગ્રેજી અક્ષર X (ઍક્સ ફેક્ટર) કેમ વાપરીએ છીએ?

જવાબ : હાલમાં જેના જવાબ આપણી પાસે નથી એ દર્શાવવા આજે 'X' અક્ષર કે સંજ્ઞા વપરાય છે. શરૂઆતમાં અમેરિકાના એક જાણીતા ગણિતશાસ્ત્રી ડેવિડ જોઈસ અંગ્રેજી બારાખડીનો અંતિમ અક્ષર 'Z' વાપરતા, પણ સમય જતા એમને સમજાયું કે 'Z' દેખાવમાં ૨ -બે' ના આંક જેવો લાગે છે એટલે એમણે 'X' વાપરવું શરૂ કર્યું , જે આજે પણ અજાણી વાત માટે 'X' વપરાશમાં છે.

આ જ 'X' નો પ્રતીકાત્મક ઉપયોગ આપણે કિસ-ચુંબન દર્શાવવા કેમ કરીએ છીએ?

જવાબ : યુરોપના રાજવીઓ કોઈ પણ મહત્વના દસ્તાવેજ પર એમની પૂરી સહી કરવાને બદલે 'XXX' રૂપે ટૂંકાક્ષર કરતા. આને સત્તા અને વિશ્વાસની સંજ્ઞા માનવામાં આવતી. પાછળથી ઉમરાવો અને શ્રીમંતો પણ એમના પ્રેમપત્રોમાં ચુંબનને દર્શાવવા 'X' વાપરવા લાગ્યા. આજે ચુંબન અને આલિંગન માટે 'XOXO' સંજ્ઞા પણ યુવા પેઢીમાં ખાસી લોકપ્રિય છે.

## હવે આપણે શરૂઆતમાં પૂછેલા પેલા ચાંચિયાવાળા પ્રશ્ન પર પરત આવીએ

## ચાંચિયા પોતાની એક આંખ કાળા રંગના ગોળ ચગદા-કાપડના ટુકડાથી કેમ ઢાંકી રાખે છે?

જવાબઃ સામાન્ય માન્યતા એવી છે કે દરિયાઈ ઝપાઝપી વખતે ઈજા પામેલી - ફૂટી ગયેલી આંખને છુપાડવા એ કપડાની પટ્ટીથી ઢાંકે છે. હકીકત આવું નથી ચાંચિયાની ટોળકી રાતે અંધારામાં પોતાના શિકાર પર ત્રાટકે છે એના કલાકો પહેલાં એક આંખને કાળા રંગના કપડાના ટુકડા(આઈ પેચ)થી ઢાંકી રાખે છે, જેથી એની એક આંખ અંધારાથી ટેવાઈ જાય આ ઉપરાંત એમની ટોળકીનું વહાણ દિવસના પ્રકાશમાં દરિયામાં ભમતું રહે છે એટલે પ્રકાશ અને અંધારા વચ્ચે અંધારામાં ય સારી રીતે જોઈ શકાય એ માટે આંખ પર કપડાનું ચગદું પહેરી રાખે છે

આ દરિયાઈ ચાંચિયા એની સાથે પોપટ કેમ રાખે છે ?

જવાબ : સમુદ્રની લાંબી કંટાળાજનક મુસાફરીમાં એમનું મનોરંજન કરી શકે એવું બહુ 'બોલતું' પક્ષી પોપટ છે માટે દરિયાની રઝડપાટમાં કંપની મળે એ માટે ચાંચિયા ટોળકી હંમેશાં પોપટને સાથે ફેરવે છે!

આ પ્રકારના ઉત્કંઠા વધારે - ઉત્સુકતા જગાડે એવા તો અનેક પ્રશ્નો છે, જેના ઉત્તર પણ બહુ રસપ્રદ છે,પણ એ વિશે ફરી ક્યારેક. સિકવલ -૩ તરીકે ! ■

---

શરદ જોશી સ્પીકિંગ
સંજય છેલ
feedback@bombaysamachar.com

# સાહેબ અમેરિકા ગયા ને આવ્યા...



હમણાં આપણા વડા પ્રધાન અમેરિકા ગયા ને પાછા પણ આવી ગયા....પછી ભગવાન જાણે એ રશિયા, ફ્રાન્સ, જાપાન, બીજે ક્યાં ક્યાં જશે ને ફરીને પાછા આવશે. ચલો, સારું થયું, સાહેબ અમેરિકા જઇ આવ્યા. ભારતીય લોકશાહીની એક જરૂરી ધાર્મિક વિધિ જાણે પરિપૂર્ણ થઈ. આપણા દેશમાં એવી પરંપરા છે કે જે કોઈ વડા પ્રધાન તરીકે ચૂંટાય એટલે એકવાર તો એમણે મોઢું દેખાડવા અમેરિકા કે રશિયા જઈ જવું જ જોઇએ.ટૂંકમાં દરેક વડા પ્રધાને ફરજિયાત રીતે જવું જ પડે છે એટલે એ પણ જઈ આવ્યા અને એમણે કહ્યું : 'સાહેબ, હું ભારતનો વડા પ્રધાન છું. હું શાંતિ ઈચ્છું છું અને અમારો દેશ પણ શાંતિ ઈચ્છે છે. જો તમે સહકાર આપશો તો આપણે જ્યાં છીએ ત્યાંથી આગળ વધીશું. આમ તો અમે આગળ વધી જ રહ્યા છીએ પણ તમારી મદદ અને સાથ સહકાર મળશે તો શું છે કે વધારે મજા આવશે.' વગેરે વગેરે અમેરિકના રાષ્ટ્રપતિ વડા પ્રધાનની પીઠ થપ થપાવીને કહે છેઃ

'જેન્ટલમેન, તમને મળીને આનંદ થયો. તમારી પહેલા જે વડા પ્રધાન આવ્યા હતા એ પણ શાંતિ ઇચ્છતા હતા. એ પણ અમારો સહકાર માગી રહ્યા હતા. એ પણ સારા વડા પ્રધાન હતા, પણ તમે જરા વધારે સારા છો. અમે અત્યાર સુધી પાકિસ્તાનને મોટા બોમ્બ આપતા હતા અને શું છે કે એ દેશ અમારો જૂનો મિત્ર છે, પણ ચલો તમે શાંતિ ઈચ્છો છો તો હવે આ વરસે અમે મોટા બોમ્બને બદલે ૨૦૦ નાના બોમ્બ આપીશું. અને હા, ચિંતા કરશો નહીં. એમને અમે કહી દઈશું કે તમારા દેશ પર બોમ્બમારો ન કરે, કારણ કે તમે શાંતિ તો ઇચ્છો છો!'

આવા અમુક ગંભીર મુદ્દા પર ચર્ચા કર્યા પછી કેમેરા સામે હસવાની પ્રક્રિયા ચાલુ થાય છે. બંને દેશના વડા પ્રધાન એકબીજાને જોઈને હસે છે, પછી બંને એકસાથે કોઈ ત્રીજાની સામે જોઈને હસે છે. આ પણ જાણે કોઇ ધાર્મિક વિધિનો એક જરૂરી હિસ્સો છે. એમ કહી શકાય કે બેઉ વચ્ચે વાતચીત ખૂબ જ સૌહાર્દપૂર્ણ વાતાવરણમાં થઈ હતી અને ખૂબ ઉપયોગી રહી.

ભારતના વડા પ્રધાનને મળ્યા બાદ અમેરિકાનો ભારતમાં રાતોરાત રસ વધવા માંડે છે એટલે કે અમેરિકા, પાકિસ્તાનના સૈન્યને સહાયતામાં વધારો કરે છે અને ભારતમાં સી.આઈ.એ.ના જાસૂસોનો વધારો કરે છે. ભારત પ્રત્યે ઊંડો રસ દેખાડવાની આ એમની પહેલેથી જ આગવી સ્ટાઇલ છે.

અહીં દિલ્હી એરપોર્ટ પર કેટલાક લાચાર મુખ્ય મંત્રી, પોતાની ઈજ્જતનો કચરો કરવાવાળા કેટલાક ગવર્નરો, આજ્ઞાંકિત કેન્દ્રીય મંત્રીઓ અને પક્ષના નિષ્ક્રિય નેતાઓ રાહ જોઈને જ ઊભા હોય છે કે જેવા વડા પ્રધાનજી વિદેશથી પાછા ફરે ત્યારે અમે સાહેબને 'સલામ-નમસ્તે' કરીએ. જ્યારે વડા પ્રધાન વિદેશ જઈ રહ્યા હતા ત્યારે બરોબર આ જ લોકો સાહેબને વિદાય આપવા આવ્યા હતા. ત્યારથી એ લોકો દિલ્હી એરપોર્ટ પર અડ્ડો જમાવીને જ બેઠા છે.

ભારતીય લોકશાહીની એક જરૂરિયાત એ પણ છે કે આ લોકોનું સન્માન મેળવ્યા વિના આપણા વડા પ્રધાન ના તો વિદેશ જઈ શકે અને ના તો પાછા ફરી શકે.

જૂના જમાનામાં જ્યારે વડા પ્રધાન વિદેશ જતા ત્યારે આપણાં દેશના મંત્રીઓને એમની ગેરહાજરીમાં પત્તા રમવા અને ગોસિપ કરવા માટે થોડો સમય મળતો હતો, પણ હવે તો સેટેલાઇટ ટી.વી. વગેરે આવી ગયા છે એટલે મંત્રીઓએ બેસીને વડા પ્રધાનના વિદેશ પ્રવાસના સમાચારો ધ્યાનથી જુએ છે. ખબર નહીં કેમ, પણ મંત્રીઓને ડર લાગતો હોય છે કે, જો રખે ને ભૂલથી હું કોઈ સમાચાર જોવાના ચૂકી જઈશ તો આવનારી ચૂંટણીમાં મને ટિકિટ નહીં મળે તો? વડા પ્રધાનજી અમેરિકા જોઈને હસી રહ્યા છે અને આ લોકો ટી.વી.માં જોઈને હસતા હોય છે.

હવે આખા દેશના નેતાઓ અને મંત્રીઓ વડા પ્રધાનના બંગલે પહોંચશે અને ચિકણા-ચુપડા શબ્દોમાં કહેશે : 'સાહેબ, તમારી વિદેશ યાત્રા ખૂબ જ સફળ અને પ્રભાવશાળી રહી, હોં. ભારે કરી તમે. હવે બસ તમે એકવાર ચીન પણ જઈ જ આવો. હા...હા...હા...'

મૂર્ખ નેતાઓ અને ચમચાઓની આવી વાતો સાંભળીને વડા પ્રધાન મનમાં મલકાશે. ભારતીય લોકશાહીની એક ધતિંગવાળી ધાર્મિક વિધિ આ પણ છે!

(મૂળ લેખ- ૧૯૮૫-૮૬ની આસપાસ)■

ભાત ભાત કે લોગ

જ્વલંત નાયક
feedback@bombaysamachar.com

# ‘ગુરુ ઘંટાલો’ ને સ્ત્રીસશક્તીકરણ...

## ફેક પ્રોફાઈલ અને ફેક લાઈફ સ્ટાઈલને જોરે ગુરુપ્રસાદે સંખ્યાબંધ છોકરીઓને છેતરી, એમાં વાંક કોનો?

આજે ત્રીજું નોરતું છે. નવરાત્રિ એટલે માતાનું પૂજન કરવાનો અવસર. સનાતન સંસ્કૃતિમાં સ્ત્રીને સાક્ષાત શક્તિ સ્વરૂપ ગણવામાં આવે છે. પહેલાના સમયની સરખામણીએ આજની આધુનિક કન્યાઓ શૈક્ષણિક, સામાજિક અને શારીરિક કેળવણી બહુ આસાનીથી મેળવી શકે છે. આ પરિસ્થિતિ સર્વથા ઇચ્છનીય ગણાય, પણ કમનસીબે એની વિધાયક અસર સમાજમાં જોવા નથી મળતી. કન્યાઓ ઉચ્ચ શિક્ષણ મેળવ્યા બાદ પણ વારંવાર એવા લોકોની ચુંગાલમાં ફસાઈ જાય છે કે....

સુરતમાં તાજેતરમાં એક કેસ નોંધાયો, જે માત્ર મહિલાઓ માટે જ નહિ, પણ આખા સમાજ માટે આંખ ઉઘાડનારો છે. પોતાનાં બાળકોને ઉચ્ચ શિક્ષણ આપનારા માતા-પિતા એક વાતે નિશ્ચિંત થઇ જાય છે, કે અમારું સંતાન હવે પોતાની કેળવણીના બળે દુનિયામાં ટકી જશે. સારી પ્રોફેશનલ તકો ઉપલબ્ધ થવાને કારણે એ ગુનાખોરી તરફ નહિ વળે અને પોતે મેળવેલ કેળવણીને કારણે સંતાનમાં એટલી અક્કલ પણ આવી જશે કે બીજું કોઈ એનો ગેરફાયદો ન ઉઠાવી શકે!

જોકે, માતા-પિતાની આ બંને માન્યતા સર્વથા ખોટી સાબિત થાય એવા કિસ્સાઓનો આપણા સમાજમાં તોટો નથી.

તાજેતરમાં સુરત સાયબર ક્રાઈમ સેલમાં એક ફરિયાદ નોંધાઈ. મૂળ સુરતની એક તબીબ યુવતી અમેરિકામાં વસવાટ કરે. ૨૭ વર્ષની આ ડોક્ટરને અમેરિકામાં તગડો પગાર આપતી નોકરી ય ખરી. હવે થયું એવું કે આ યુવતી સોશિયલ મીડિયાની કોઈ એપ થકી એના જેવા જ ઉચ્ચ શિક્ષિત - ડોક્ટર થયેલા યુવાનના સંપર્કમાં આવી. પહેલા તો દોસ્તીનો નાતો બંધાયો, પણ પછી વાત આગળ વધી. એમાં ભાવનાઓમાં તણાઈ ગયેલી ઉચ્ચ શિક્ષિત યુવતી એવી ભૂલ કરી બેઠી, જે આજકાલ તરુણવયની અર્ધ શિક્ષિત કન્યાઓ કરતી રહે છે... તબીબ યુવતીએ પેલા યુવાન મિત્રની વારંવારની માગણીઓને વશ થઈને પોતાના ન્યૂડ ફોટોઝ શેર કર્યા! ફિર વહી હુઆ, જો અક્સર હોતા હૈ.... પેલા કહેવાતા ડોક્ટર યુવાને બ્લેકમેલિંગ શરૂ કર્યું. શરૂઆતમાં તો યુવતી મોં માગ્યા રૂપિયા ચુકવતી રહી, પણ બ્લેકમેલરની ડિમાંડ વધતી જ ચાલી.

ફોન કોલ્સ અને ઈ-મેલ્સ મારફતે એ વારંવાર લાંબી-ટૂંકી રકમ માગતો. એના ન્યૂડ ફોટોગ્રાફ વાઈરલ કરી દેવાની ધમકીઓની પેલી તબીબ યુવતી ઉપર એવી ઊંડી અસર થઇ કે એણે પોતાની સમગ્ર કમાણી બ્લેક મેલરને હવાલે કરી. તેમ છતાં પેલાની માગ સતત ચાલુ જ હતી એટલે યુવતીએ પોતાના સગા-સંબંધીઓ પાસે ઉછીના રૂપિયા માગવાનું શરૂ કર્યું.

આટલી ભણેલી-ગણેલી અને કારકિર્દીમાં તગડો પગાર મેળવતી યુવતીને પૈસા માટે કેમ હાથ લાંબો કરવો પડે છે, એ લઈને સગાઓને ચિંતા થઇ. તપાસ કરતા આખું ‘પ્રકરણ’ બહાર આવ્યું. પછી તો યુવતી અમેરિકાથી બધું છોડીને સુરત પાછી ફરી. પરિવારે તાત્કાલિક સાયબર ક્રાઈમમાં ફરિયાદ કરી. પોલીસે તપાસ શરૂ કરી, અને પેલા બ્લેકમેલરને પકડી પાડ્યો. અહીં સુધીની કથા સામાન્ય છે. આ પ્રકારના અનેક કિસ્સાઓ આપણી આજુબાજુ બનતા રહે છે, પણ પોલીસની તપાસમાં જે સત્ય બહાર આવ્યું, એ ખરેખર ચોંકાવનારું છે.


ગુરુપ્રસાદ નાયડુ

જે યુવક પેલી તબીબ યુવતીને ન્યૂડ ફોટોગ્રાફસને આધારે બ્લેકમેલ કરતો હતો એ પોતે હાઈલી એજ્યુકેટેડ છે. એણે યુવતી આગળ પોતે ડોક્ટર હોવાનું જુઠાણું ચલાવેલું, પણ હકીકતે એ એમબીએ થયો છે. એનું નામ ગુરુપ્રસાદ નાયડુ. મૂળે દક્ષિણ ભારતના નેલ્લુરુનો એ વતની. જો ધાર્યું હોત તો ગુરુપ્રસાદ પોતે પણ કોઈ કોર્પોરેટ કંપનીમાં જોડાઈને તગડો પગાર કમાતો હોત, પણ ભયંકર ટેક્નોસેવી એવો ગુરુપ્રસાદ કદાચ હાર્ડવર્કને બદલે ‘સ્માર્ટ વર્ક’માં માનતો હશે એટલે એણે સારી જોબ કરવાને બદલે જુદી જુદી યુવતીઓને બ્લેકમેલ કરવાનો શોર્ટકટ અખત્યાર કર્યો. પોલીસે એના લેપટોપની તપાસ કરી તો એમાંથી ઢગલેબંધ છોકરીઓ સાથેની અશ્લીલ ચેટ, ફોટોઝ, વીડિયોઝ મળી આવ્યા! પેલી ડોક્ટર યુવતી પાસેથી ગુરુએ ટુકડે ટુકડે કુલ ૧.૮૯ કરોડ રૂપિયાની તોતિંગ રકમ પડાવી લીધેલી! કોઈ યુવતીને બ્લેકમેલ કરી ઉઘરાવામાં આવેલી આ ખંડણીનો આંક ઐતિહાસિક હશે!

આ જ ગુરુપ્રસાદે બીજી નવેક જેટલી યુવતીઓ પાસેથી બીજા અડધો કરોડ ઉપરાંતની રકમ ઓકાવેલી!

ગુરુપ્રસાદની મોડસ ઓપરેન્ડી જોતા એવું લાગે છે કે માત્ર ૨૯ વર્ષનો આ યુવાન કુંવારી યુવતીઓની સાઈકોલોજીનો પાકો અભ્યાસુ છે. એણે યુવતીઓને ફસાવવા માટે સોશિયલ મીડિયા એપ્સ ઉપર એક ડઝન જેટલા ફેક પ્રોફાઇલ્સ બનાવી રાખેલા. યુવતીઓ આગળ એ પોતે ઓસ્ટ્રેલિયા રહેતો હોવાના ગપગોળા હાંકતો. પારકી યુવતીઓની વાત છોડો, ગુરુપ્રસાદનો ખુદનો પરિવાર પણ એમ જ માનતો કે એમનો કુળદીપક ઓસ્ટ્રેલિયામાં રહીને ભારે પગારની નોકરી કરે છે! હકીકતમાં એ આંધ્ર પ્રદેશના પોતાના ઘરેથી નીકળીને ચેન્નાઈની હોટેલ્સ કે ભાડાના રૂમમાં પડી રહેતો.

યુવતીઓને આકર્ષિત કરવા માટે ટેક્નોસેવી ગુરુપ્રસાદે ફેક જીપીએસનો પણ ભરપૂર ઉપયોગ કરતો, જેથી એની સાથે ચેટ કરનાર યુવતી ટેક્નિકલી સ્માર્ટ હોય તો પણ એને ગુરુપ્રસાદનું લોકેશન ઓસ્ટ્રેલિયામાં જ દેખાય!

ગુરુપ્રસાદના લેપટોપમાંથી પોલીસને જે નવ યુવતીના અશ્લીલ ફોટોઝ-વીડિયોઝ મળ્યા એ તમામ કોઈક સમયે એના પ્રેમમાં પાગલ હતી. ગુરુઘંટાલ એવા ગુરુપ્રસાદે કોઈક છોકરી આગળ પોતે ડોક્ટર હોવાની વાત કરેલી તો કોઈક આગળ પોતે જીમ ટ્રેનર હોવાનો દેખાડો કરેલો. બધામાં એક વાત કોમન હતી. તમામ કન્યા શ્રીમંત પારિવારિક બેકગ્રાઉન્ડ ધરાવતી હતી અને તમામ કન્યા માનતી હતી કે ગુરુપ્રસાદ પોતે પણ અત્યંત ધનાઢ્ય છે. ગુરુપ્રસાદ પણ લક્ઝરી યોટ ઉપરના પોતાના ફોટો કે પછી બીજી લક્ઝરી લાઈફસ્ટાઈલ દર્શાવતા ફોટોઝ પોસ્ટ કરી કરીને યુવતીઓને ભરમાવીને આ માન્યતાને દ્રઢ બનાવતો રહેતો

હવે અહીં જે પ્રશ્ન ઊભા થાય છે એની વાત. ગુરુપ્રસાદનું તો જે થવાનું હશે એ થશે, પણ મૂળ વાત એ છે કે ઉચ્ચ ભણતર મેળવેલી શ્રીમંત પરિવારની યુવતીઓની કોમન સેન્સ ખરે ટાંકણે જ દગો કેમ દેતી હશે? એવી માન્યતા છે કે સ્ત્રીની સિક્સ્થ સેન્સ પુરુષની સરખામણીએ ખાસ્સી સતેજ હોય છે. પુરુષ કશુંક છુપાવવાનો ગમે એટલો પ્રયત્ન કરે, તો પણ સ્ત્રીને સાચી વાતનો અંદાજ આવ્યા વિના રહેતો નથી. માનસશાસ્ત્ર પણ આ વાતમાં હકાર પુરાવે છે તો પછી ગુરુપ્રસાદ જેવા ગુરુઘંટાલો કયા હિસાબે સંખ્યાબંધ છોકરીઓને છેતરી જતા હશે?

એવી સાદી સમજ છે કે અભાવો વચ્ચે ઉછરેલી અર્ધશિક્ષિત યુવતીઓ શ્રીમંતાઈની છોળો ઊડતી જોઈને આસાનીથી ભોળવાઈ જાય છે, પણ અહીં તો તમામ યુવતી શ્રીમંત-અતિ શ્રીમંત પરિવારની, ભણેલી-ગણેલી હતી તેમ છતાં, કોણ જાણે કેમ...

આપણે સોશિયલ મીડિયા પર આધુનિકાઓને વખાણવામાં પાછું વળીને જોતા નથી. નવરાત્રિ કે મહિલા દિન જેવા અવસરે પણ સ્ત્રીશક્તિ વિષે બહુ વાતો થાય છે. એમાં કશું ખોટું ય નથી, પણ સોશિયલ મીડિયા કે છાપાનાં પાનાઓ પર થતી આ બધી વાહવાહી ને વખાણબાજી ઉપરછલ્લી જ હોય છે. મૂળ સુધી ઊતરતા સમજાય છે કે હજી કશુંક ખૂટે છે ના, બહુ મોટા પાયે ખૂટે છે! ■

મસ્તરામની મસ્તી

મિલન ત્રિવેદી
feedback@bombaysamachar.com

# કામચોરી પણ એક કળા છે



આજે ઓફિસમાં બોસ નથી આવવાના એવા સમાચાર વાયુ વેગે ફેલાઈ ગયા. કર્ફ્યુમાં અડધી કલાકની છૂટ આપી હોય અને આખા દિવસનો માલ ખરીદી કરવાનો હોય અને બજારમાં જે ભીડભાડ સર્જાય એવું વાતાવરણ ઓફિસમાં થઈ ગયું. એક ટેબલથી બીજા ટેબલ લોકો જાણે પિકનિક માણવા આવ્યા હોય તેમ ફરવા લાગ્યા. એટલામાં કોઈએ રાડ પાડી કે દસ મિનિટમાં સાહેબ આવે છે, પણ જુગારીઓ જેમ રેડ પડવાની ખબર મળતા જ બાજી અને ટેબલ સંકેલી લે અને જાણે કશું બન્યું જ નથી તેવું વાતાવરણ ઊભું કરે તેવું વાતાવરણ ઓફિસનું થઈ ગયું.

પછીની ૩૦ મિનિટ સરસ કામ થયું , પરંતુ સાહેબ આવ્યા નહીં. આમ અડધો દિવસ સુધી વાતાવરણ ‘આવે છે... નથી આવતા... આવે છે... નથી આવતા’ વચ્ચે ઘેરાયેલું રહ્યું. હવામાન ખાતાની આગાહી જેમ એક પણ આગાહી સાચી પડી નહીં પછી છેવટે જિગ્લીના વર કૌશલે જાહેર કર્યું કે ‘આજે સાહેબ નથી જ આવવાના...’ અને તે અંબાલાલની આગાહી જેમ સાચું પડ્યું.

વચ્ચે એક વાત કરી દઉં કે જેના બૈરા દાધારંગા હોય તે વર બૈરી ના નામે ઓળખાય. મળે ત્યારે પણ ‘મંગુડીના વર’ તરીકે મળે અને મરે ત્યારે પણ મંગુડીના વર તરીકે મરે. વર તરીકે કોઈ કારનામાં એવા કર્યાનો હોય કે સમાજમાં નામ થાય, પણ વહુ તરીકે મંગુએ આખું ગામ માથે લીધું હોય. તમારી આજુબાજુ પણ આવા કેટલાય ‘નીતલીનો વર’ કે ‘દકુડીનો વર. હશે જ.

હું પાછો આડા ફાટે ચડી ગયો... ચાલો, પાછા ઓફિસમાં આટો મારીએ. તો જે દિવસે સાહેબ આવવાના ન હોય તે દિવસે આઝાદીનું પર્વ ઉજવાય અમારે મન તો એ જ ૧૫ મી ઓગસ્ટ. અને બપોર પછીનો અમારો ઓફિસનો વિષય હતો ઈરાન- ઇઝરાયલ યુદ્ધ. ખબર પડે કે ના પડે પણ જેને સમય જ પસાર કરવો હોય તેને જ્ઞાન સાથે લેવાદેવા ના હોય એ ચર્ચામાં ઊતરી જ પડે. ખાસી એક કલાક ઊંઘ પતાવી અને મનુ મેદાનમાં આવ્યો અને ટપકું મૂક્યું ‘અમાસ’નું યુદ્ધ જમાવટ કરી ગયું છે. પાછળથી ટાઈપિસ્ટ રોઝી ખડખડાટ હસી પડી અને બોલી: ‘અમાસ નહિ.... હમાસ!’ મનુ કહે એ બધું એક જ તમે સમજી ગયા ને કેટલા બોમ્બ ઝીંક્યા.

જાની ચુટકી લેતો ચાની ચુસકી લેતો જગો બોલ્યો: તે બોમ્બ બનાવ્યા હોય તો કાંઈ દિવાળીએ ફોડવા માટેના ન હોય.અને બહુ વિચાર કરો ને તો આપણે ગયા વર્ષના બોમ્બ આ વર્ષે કેમ ફુશકી થઈ જાય છે. એમ આ બોમ્બ પણ પડ્યા પડ્યા નકામા થઈ જાય. અને ઉપરથી ધડાધડ જીકાતા હોય અને સુરસુરિયાની જેમ ફૂટે તો ઇઝરાયેલની આબરૂ પણ શું રહે?

વિચાર કરો કે પેલેસ્ટાઇનમાં આતંકવાદીઓની મીટિંગ ભરાણી હોય અને ઇઝરાયેલ ઉપરથી બોમ્બ ફેંકે અને જૂના બે ત્રણ વર્ષના હોય ફૂટે નહીં અને વાટ ખાલી સુરસુર થઈને બંધ થઈ જાય તો આતંકવાદીઓ છેલ્લે બધા બોમ્બની વાટ ભેગી કરી બોમ્બ અડધા અડધા ખોલી તેમાંથી દારૂગોળો કાઢી અને છોકરાઓને ઊંબાડિયા કરવા માટે આપી દે.

આ તો ઇઝરાયલ છે તેની પાસે દામાદ જેવી સંસ્થા પણ છે....!’ કોઈ નવી માહિતી આપતો હોય એમ એકાઉન્ટન્ટ નવીન કોલર ઊંચા કરીને બોલ્યો. બધાના કાન ઊંચા થયા કે આ કઈ સંસ્થાની વાત કરે છે બે ત્રણ જણાએ તો બિલ બાકી હતા એટલે નવીનનો વિરોધ ન કર્યો પરંતુ જેના બિલ પાસ થઈ ગયા હતા તે નવીનની સામે આવી અને ઊભા રહી ગયા કે ‘દામાદ’ની કોઈ સંસ્થા ન હોય. તે તો એકલા રખડતા હોય તું જે કહે છે તે ‘મોસાદ’ છે.! અને સાંભળ જો મોસાદને ખબર પડશે કે તું નામ બદલાવે છે તો પહેલો બોમ્બ તારા ઘરે ફેંકશે.... પછી તો આ ચર્ચા એ હદ સુધી પહોંચી કે બે વર્ગ પડી ગયા: એક ઇઝરાયલવાળા અને એક પેલેસ્ટાઇનવાળા. હકીકતમાં કોઈને ખબર ન હતી કે આ યુદ્ધ શેના માટે લડાઈ રહ્યું છે.... પણ ચર્ચામાં અહીં યુદ્ધ છેડાઈ ગયું.

ઇઝરાયલે સાડા પાંચસો બોંબ ઝીંક્યા.તો સામે પેલેસ્ટાઇન સમર્થકોએ કહ્યું કે વ્યાજબી રાખો એટલા તો એમની પાસે હતા પણ નહીં. જાણે કેમ પણ મોસાદની સંસ્થાનો રોજ રસોડાનો હિસાબ આ બધા રાખતા હોય એટલા વિશ્વાસથી દલીલો કરતા હતા.

કેટલા મર્યા તેમાં પણ વિવાદ થયો. મારી જેવા બે ચાર જણાએ સલાહ આપી કે આપણે ક્યાં ઘરે ઘરે ઉઠમણે જવાનું છે. અને આટલા બધા જો ગુજરી ગયા હોય તો બે-ચાર ઘરે ઉઠમણામાં નહીં જાવ તો પણ ચાલશે. વાતાવરણમાં ગરમી ફેલાઈ ગઈ હતી અને હવે મિસાઈલ કે બોંબની જેમ સામસામે પેપર ફેંકવાની જેટલી જ વાર હતી ત્યાં ફરી અવાજ આવ્યો: ‘સાહેબ એમના ઘરવાળા સાથે ઓફિસમાં પ્રવેશી ચૂક્યા છે....!’

બે જીણકા દેશ બાજતા હોય અને અચાનક યુએનનું પ્રતિનિધિ મંડળ નાક ઉપર આંગળી રખાવે અને મોટેથી રાડ પાડે ચૂપ અને નીરવ શાંતિ છવાઈ જાય તેવું વાતાવરણ ઓફિસમાં થઈ ગયું. જેટલી રિવોલ્વિંગ ચેર ઢસડી અને એકબીજાના ટેબલ સુધી પહોંચી હતી તે ફરી બેઠા બેઠા ઢસડી અને પોતાની જગ્યાએ પહોંચ્યા. સાંજે ઓફિસ ૫:૦૦ વાગ્યે છૂટી જાય પણ આ ચર્ચા કરવામાં છ વાગી ગયા હતા છતાં આખી ઓફિસનો સ્ટાફ હાજર હતો. સાહેબની એન્ટ્રી થઈ અને તમામ લોકો પોતપોતાના ટેબલ પર નીચી મૂંડીએ બેઠા હતા એ જોઈ અને સાહેબ ખુશ થઈ ગયા અને પત્નીને કહ્યું કે જો, આ મારો સ્ટાફ છે પાંચ વાગ્યે ઓફિસ છૂટી જાય છતાં કામના બહાર નીચે છ વાગ્યા સુધી કામ કરે છે. આવો સ્ટાફ ક્યાં મળે?

આજે તમામ ઓફિસના સ્ટાફને મારા તરફથી નાસ્તો કરાવવામાં આવશે. આખો સ્ટાફ વિચારતો રહ્યો કે રોજ વ્યવસ્થિત કામ કરીએ છીએ અને કોઈ દિવસ નાસ્તો ખાવા ન મળ્યો અને આજે ગામ આખાની મગજમારી કરી તો નાસ્તો ઝાપટવા મળશે. સાલુ, સમજાતું નથી કે કયું કામ કરવાથી શું ફાયદો અને શું ગેરફાયદો.... ■

**વિચારવાયુ:**

***ખરેખર આ ખાડી યુદ્ધ છે ને એની જગ્યાએ રોડ ઉપર કરે ને તો વ્યવસ્થિત બાજી-ઝગડી શકાય.***

સ્થાપત્યનું વાઈ-ફાઈ

હેમંત વાળા
feedback@bombaysamachar.com

# લોસ મિરાડોરેસ - કોર્ડોબા, આર્જેન્ટિના: હવામાં રહેવાનો અહેસાસ

**માનવીને** હવામાં તરવું ગમશે, પાણીની અંદર વસવાટ કરવો ગમશે, ઝાડ ઉપર રહેવું ગમશે અને જો શક્ય હોય તો ચંદ્ર કે મંગળ ઉપર પોતાનું ફાર્મ હાઉસ બનાવવું પણ ગમશે. સામાન્ય પરિસ્થિતિમાં તો બધા રહે, પરંતુ વિશેષ પરિસ્થિતિમાં રહેવું, એ મજાની વાત બની રહેતી હોય છે. વાસ્તવિકતા એ છે કે આ પ્રકારના ઘર સામાન્ય સંજોગોમાં શક્ય નથી હોતા. આની માટે વિશેષ વ્યવસ્થાની, પરિસ્થિતિની, તક્નિકની, સંપન્નતાની અને માનસિકતાની જરૂરિયાત હોય છે. છતાં આવું હૂબહૂ નહીં તો આવું કંઈક થોડું ઘણું હોય તો પણ ચાલી જાય. આર્જેન્ટિનાના કોર્ડોબા શહેરમાં આવેલું લોસ મિરાડોરેસ નામનું આ ચાર આવાસનું સંકુલ છે આવી કંઈક હવામાં તરતા હોવાની પ્રતીતિ કરાવે છે.

સ્થપતિ આન્દ્રેસ ઓલેન્સો દ્વારા વર્ષ ૨૦૧૮માં નિર્મિત ૪૬૭ ચોમીના આ પ્રત્યેક આવાસની ખાસિયત એ છે કે અહીં હવામાં ઝૂલતા હોવાનો અહેસાસ થાય છે. નાનપણથી વ્યક્તિને હીંચકાની મજા માણવાની ટેવ પડી જાય છે. હીંચકાથી જમીન સાથે નહીં પણ આકાશ સાથે જોડાયેલા હોવાની ફીલિંગ આવે છે, જ્યારે વ્યક્તિ નિષ્ક્રિય હોય ત્યારે હીંચકો તેને સાથ આપે છે. આ જ પ્રકારની વાત સ્થાપત્યકીય સ્વરૂપે અહીં જોવા મળે છે.







આ ચારે આવાસ એક રીતે સ્વતંત્ર છે અને સાથે સાથે સામાન્ય સવલતોની બાબતે તેઓ પરસ્પર જોડાયેલા છે. આમ તો આ ચારેય વચ્ચે સંપર્ક નથી, પણ આગળના ભાગમાં જે સ્વિમિંગ પૂલ અને બગીચાની સવલત ઊભી કરાઈ છે તે બધા વચ્ચે વહેંચાયેલી છે. એમ પણ કહી શકાય કે આ ચારે આવાસનો નીચેનો ભાગ જોડાયેલો જણાય છે. જ્યારે ઉપરના ભાગ પોતાનું વિશેષ અસ્તિત્વ સ્થાપી શકે તે પ્રમાણે અલગ બનાવાયા છે. આ પ્રકારની ગોઠવણ સાથે અહીં એક પ્રકારની લયબદ્ધતા ઊભી થાય છે.

આજુબાજુના કુદરતી વાતાવરણ પર દૃષ્ટિ કેન્દ્રિત કરવા માટે અહીં ખાસ પ્રયત્ન કરવામાં આવ્યો છે. એક રીતે જોતા આ પ્રત્યેક આવાસ કુદરતને નિરીક્ષણ કરવા - માણવા માટે જ બનાવાયા હોય તેમ પ્રતીત થાય છે. ઢાળવાળી જમીનનો સર્જનાત્મક ઉપયોગ, આજુબાજુના કુદરતી પરિપ્રેક્ષ્ય સાથે દૃઢ દૃશ્ય સંપર્ક, બે માળ વચ્ચેના દ્રશ્ય વિરોધાભાસ સાથે સ્થપાતી લયબદ્ધતા, ઉપરના માળના લટકતા ભાગ નીચે મળતા સ્થાનના વૈવિધ્યપૂર્ણ કૌટુંબિક ઉપયોગની સંભાવના, વ્યક્તિગતતા સાથે સામૂહિકતાનો સમન્વય, આવાસના જુદા જુદા ક્ષેત્રમાં આજુબાજુની પરિસ્થિતિ સાથે જુદા જુદા પ્રકારના જરૂરી સંપર્કનું વ્યવસ્થિત નિરુપણ, પ્રમાણમાં નાના કહી શકાય તેવા આવાસ માટે પણ ઊભી થતી ગૌરવની અનુભૂતિ, કોઈપણ પ્રકારના આડંબર કે દંભની સદંતર ગેરહાજરી - આ અને આવી બાબતો આ આવાસ સમૂહને ખાસ બનાવે છે.

ભૌમિતિક આકારોનો અસરકારક ઉપયોગ કરી બનાવાયેલ આ પ્રત્યેક આવાસ બે માળનું છે. આ બંને માળની અલગ અલગ ખાસિયત છે. વળી તે પરસ્પર લંબ ગોઠવાયા છે. જમીનના ઢાળથી જે પરિસ્થિતિ ઊભી થાય છે તેને કારણે નીચેના માળને જાણે જમીન સાથે જડી દેવામાં આવેલો છે તો તેનાથી વિપરીત ઉપરનો માળ જમીન સાથેના તમામ સંપર્કની બાદબાકી કરીને લટકતો રાખવામાં આવ્યો છે.

અહીં ઉપરના માળે કુટુંબની સામાન્ય સવલતોનો સમાવેશ કરાયો છે, જ્યારે નીચે શયનખંડ જેવાં વ્યક્તિગત સ્થાન ગોઠવાયા છે. ઉપરના ભાગને જાણે બે સમાંતર રેખાઓ વચ્ચે ગોઠવી દેવામાં આવ્યો છે. આવાસનો આ એ ભાગ છે જે દૃશ્ય સંપર્ક સ્થાપે છે અને તે માટે ચોક્કસ દિશા-નિર્દેશન પણ કરે છે - ચોક્કસ દિશામાં તે સંપૂર્ણ ખુલી જાય છે. આ ભાગને અંશતઃ નીચેના માળ ઉપર અને આગળના ભાગમાં એક અલાયદી ફ્રેમ ઉપર ટેકવવામાં આવ્યો છે. ભૌમિતિક આકારને કારણે આ ભાગ દૃઢતા રજુ કરે છે તો સાથે સાથે અનુભૂતિની દૃષ્ટિએ એ પ્રમાણમાં વધારે ચોક્કસ જણાય છે. તેનું રંગ અને બાંધકામની સામગ્રી પણ આ અનુભૂતિને ટેકો આપે છે.

પરંપરાગત આવાસમાં થતું હોય છે તેમ અહીં પણ નીચેના માળની છત રાત્રીના સમયે અગાસી બની જાય છે. અહીંના સ્થાનિક વાતાવરણમાં આ અગાસીનો ઉપયોગ સ્વાભાવિક છે. અહીં આવાસનું ઔપચારિક પ્રવેશદ્વાર પણ છે. મુખ્યત્વે રાત્રિના સમયે ઉપયોગમાં લેવાતો નીચેનો માળ વધુ બંધિયાર તથા જરૂરી માત્રામાં ગોપનીયતા જાળવી શકે તે પ્રમાણેનો છે. અહીંથી આગળની સામાન્ય સવલતોમાં પ્રવેશ પણ શક્ય છે.

આવાસ એ વ્યક્તિત્વનું પ્રતિબિંબ છે. કુટુંબની વ્યક્તિ કે સમગ્ર કુટુંબની વિચારધારા, અગ્રતાક્રમ, સંપન્નતા, સંવેદનશીલતા તથા પસંદ-નાપસંદ તેમના આવાસની રચના પરથી સમજી શકાય. ક્યારેક આવાસ ચારે તરફ ખૂલતું હોય તો ક્યારેક બંધીયાર. ક્યારેક આવાસ પરંપરાગત જીવનશૈલીને પ્રતિબિંબિત કરતું હોય તો ક્યારેય આધુનિક અલગાવને પોષાતું હોય. ક્યારેક આવાસ કૃત્રિમતા રજૂ કરે તો ક્યારેક તેમાં કુદરત સાથેનો દૃઢ સંપર્ક વર્તાઈ આવે. આ બધી બાબતો એક યા બીજા સ્વરૂપે તેના માલિક વિશે ઘણું કહી જાય છે. આવાસ જેમ તેમાં રહેનાર વ્યક્તિને જે તે સ્વરૂપે પ્રસ્તુત કરી શકે તેમ પ્રત્યેક આવાસ સ્થપતિની સંવેદનશીલતા અને સર્જનાત્મકતા પણ અસરકારક રીતે રજૂ કરે છે. આ લોસ મિરાડોરેસના આવાસ સમૂહમાં બંને પક્ષની પ્રશંસનીય વિચારધારા પ્રસ્તુત થઈ જાય છે.

કોમ્પ્યુટર દ્વારા વિકસાવવામાં આવતા જાતજાતના આકારોની અસ્વીકૃતિ, કુદરત સાથે વ્યવસ્થિત તાલમેલ, સાદગી સાથે સાંકળી લેવામાં આવેલ જરૂરિયાતો, સરળતા સાથે સર્જવામાં આવેલી સમૃદ્ધ દૃશ્ય અનુભૂતિ, ભૌમિતિક આકારનો રસપ્રદ તેમ જ અર્થપૂર્ણ ઉપયોગ, સ્થાપત્યકીય નિર્ણયોમાં વર્તાતી દૃઢતા અને પરિસ્થિતિને જેમ છે તેમ પ્રસ્તુત કરવાનો વિશ્વાસ આ મકાનને નોંધપાત્ર બનાવે છે. ■



પ્રકરણ ૭૯

# વેર - વિખેર

■ કિરણ રાયવડેરા

આ પણ વિધિની કેવી વક્રતા છે..!

એક તરફ એક હત્યારો એને બિન્ધાસ્તપણે મારી નાખવાની ધમકી આપતો હતો. બીજી તરફ એના જેવો ધનાઢ્ય સફળ ઉદ્યોગપતિ ડરીને એના ઘરમાં સંતાઈને બેઠો હતો....!

આટલી સમસ્યા ઓછી હોય એમ કરણે લગ્નના ખબર આપીને બધાંને ચોંકાવી દીધાં હતાં. કરણે લગ્ન કરી લીધાં એનું એટલું દુઃખ નહોતું, પણ કરણે જે રીતે ઉદ્ધતાઈથી વ્યવહાર કર્યો એનાથી જગમોહન ઘાયલ થયો હતો.

ઘડિયાળમાં આઠના ટકોરા પડ્યા.

જગમોહને ઘડિયાળ સામે જોયું. ગ્રાન્ડફાધર્સ કલોક. લખુકાકા પછી કોઈ વફાદાર હોય તો આ ઘડિયાળ છે. ચૂપચાપ પોતાનું કામ કરે છે, નિયમિત.

હમણાં લખુકાકા આવીને કહેશે :

'ભાઈ, ચાલો જમવા, બધાં આવી ગયાં છે.'

જગમોહને બારણાં સામે જોયું. કાચના દરવાજામાં કોઈનો પડછાયો દેખાતો હતો.

'કોણ છે?' લખુકાકા હોવા જોઈએ. એણે વિચાર્યું પણ લખુકાકા બારણાં પાસે ઊભા શા માટે રહે? જગમોહન ઊઠીને દોડ્યો. બારણાં બહાર કોઈ નહોતું... કોણ હશે?

ત્યાં સામેથી લખુકાકા આવતા દેખાયા: –

'ભાઈ, હું તમને જ બોલાવવા આવતો હતો.'

'લખુકાકા, તમે અહીંથી કોઈને જતાં જોયો?' જગમોહને પૂછ્યું.

'ના ભાઈ, અહીંથી તો કોઈ આવ્યું નથી, કેમ ભાઈ?'

'ના કંઈ નહીં, તમે જાઓ, હું આવું છું.'

લખુકાકા ગયા પછી જગમોહને એક નજર આસપાસ દોડાવી. કોઈ નક્કી એના બારણાં પાસે ઊભા રહીને એને જોઈ રહ્યું હતું.

કોણ હશે એ?

શું ફોન કરનાર દુશ્મન ઘરમાં ઘૂસી ગયો છે? કે પછી ઘરની જ કોઈ વ્યક્તિ એની દુશ્મન બની બેઠી છે?

એક નિસાસો નાખીને જગમોહન ડાઇનિંગ રૂમ તરફ આગળ વધ્યો...ત્યારે જે વ્યક્તિનો પડછાયો જગમોહને જોયો હતો એ વ્યક્તિ બીજા એક બારણાં પાછળથી જગમોહનની હિલચાલ પર નજર રાખી રહી હતી.

******************

'જય ક્યાં ગયો?' લખુકાકા જમવા માટે બોલાવે છે.' વિક્રમે બૂમ પાડી.

'એ કહીને ગયો છે કે તમે લોકો જમી લેજો. એના મિત્રને મળીને એ મોડો આવશે.' પૂજાએ બહાર નીકળતાં જવાબ આપ્યો.

ભાઈસાબ આવ્યા છે પોતાની અંગત સમસ્યાનો ઉકેલ શોધવા, પણ આવતાંવેંત જ યારદોસ્તોને મળવાનું શરુ થઈ ગયું... વિક્રમે વિચાર્યું.

'પૂજા, તારે એને કહેવું જોઈએ કે પપ્પાને મળવું વધુ જરૂરી છે.' વિક્રમે નારાજગી દર્શાવી.

'મેં એને કહ્યું પણ એ બધાંની સામે પપ્પાને મળતાં અચકાતો હતો. એને ડર હતો કે બધાંની સામે એના આવવાનું કારણ ચર્ચાય તો એ મૂંઝાઈ જશે.' પૂજાએ સ્પષ્ટતા કરી.

નાણાભીડમાંથી પસાર થતા માણસને એની સમસ્યા સિવાય કંઈ સૂઝે જ નહીં સાળાસાહેબને ભય લાગ્યો હશે કે બધાંની સામે એની કોલકાતા મુલાકાતનું પ્રયોજન છતું થઈ જશે તો કોઈ એની સમસ્યાને ગંભીરતાથી નહીં લે.

'ચાલો, પપ્પા આવી ગયા હશે.' પૂજા ઉતાવળ કરતાં બોલી.

'લખુકાકા કહેતા હતા કે પપ્પા આરામ કરે છે એટલે પાંચેક મિનિટ મોડા પડશે.' વિક્રમ બોલ્યો, પછી ઉમેરતાં બોલ્યો :

'પૂજા, તું જ મને કહે, આ સંજોગોમાં હું પપ્પાને જય બાબત કેવી રીતે વાત કરું? એક તો એક-બે દિવસથી અમારા વચ્ચે કામ સિવાય બહુ વાત થતી નથી. ગઈ કાલે હું પોતે ડાઈનિંગ ટેબલથી ઊઠીને આવતો રહ્યો હતો અને આજે એમને જઈને કહું કે આ મારા સાળા આવ્યા છે.. એમને ફક્ત પિસ્તાલીસ લાખની જરૂર છે. જરા ગણી આપજો ને!' ઈચ્છા ન હોવા છતાંય વિક્રમથી વ્યંગમાં બોલાઈ ગયું.

'દાઢમાં બોલવાની જરૂર નથી. વાંક તમારો હતો એટલે પોલીસ તમને લઈ ગઈ એમાં પપ્પા શું કરે? આપણે સખણા રહીએ તો પોલીસ આપણા ઘરે આવે શું કામ? તમે તો જાણે દેશની આઝાદી માટે જેલમાં ગયા હો અને તમારી પડખે કોઈ ઊભું ન રહ્યું હોય એવો વ્યવહાર કરતા હતા.' પૂજાના શબ્દો સાંભળીને વિક્રમ સમસમી ગયો.

'પૂજા, તેં શું નક્કી કર્યું છે કે જ્યારે તક મળે ત્યારે મને ઘા મારવો? વારંવાર કટાક્ષ કરવાની જરૂર નથી. હું તો એમ કહેતો હતો કે હાલની પરિસ્થિતિમાં પપ્પાને રૂપિયા માટે વાત કરવી અજુગતું લાગે છે.' વિક્રમ નરમ પડ્યો.

'એક રસ્તો સુઝાડું?' પૂજાએ નિર્દોષતાથી પૂછ્યું.

વિક્રમે જવાબ ન આપ્યો.

'જાણે શ્યામલીનો આ પ્રોબ્લેમ હોય એ રીતે તમે વિચારો તો તરત રસ્તો નીકળી આવશે. જયની સમસ્યા છે એ રીતે જોશો તો બોજારૂપ લાગશે.' કહીને પૂજાએ ચાલતી પકડી.

હ્મ્મમ ...પૂજાની વાત ખોટી તો નહોતી. એણે વિચાર્યું. શ્યામલીએ જ્યારે પહેલી વાર એને એની નાણાકીય સમસ્યા અંગે ઈશારો કર્યો હતો ત્યારે એ પાંચ લાખ લઈને એના ઘરે પહોંચી ગયો હતો, પણ એ પાંચ લાખ હતા, જ્યારે આ પિસ્તાલીસ લાખ! જોકે, એ જાણતો હતો કે શ્યામલીએ ગમે તેટલી મોટી રકમ માગી હોત તો પણ એ દઈ દેત.

જય માટે કંઈ વિચારવું પડશે, પપ્પાને કહેવું પડશે, વિક્રમે વિચાર્યું.

પપ્પા નહીં સાંભળે તો? એવો પ્રશ્ન ઉદ્ભવતાં વિક્રમ મૂંઝાઈ ગયો. આ સાળો પણ પોતાનો પ્રોબ્લેમ લઈને ખોટા સમયે આવ્યો છે, નુકસાન થયું કે દોડતો આવ્યો. નુકસાનની બદલે ફાયદો થયો હોત તે આવીને કહેત : 'જીજાજી, તમતમારે મૂંઝાતા નહીં, પિસ્તાલીસ લાખ કમાયો છું.' વિક્રમનો ગુસ્સો જય પર નીકળતો હતો.

એણે જોયું કે પપ્પા હજી ડાઈનિંગ ટેબલ પર આવ્યા નહોતા.

**************

ડાઈનિંગ ટેબલ પર પહોંચતાં જગમોહને જોયું કે એના સિવાય બધા આવી ગયા હતા.

વિક્રમ, પૂજા, કરણ, ગાયત્રી, રેવતી, જતીનકુમાર અને પ્રભા....

આવતા અઠવાડિયે એક પાત્ર વધુ ઉમેરાશે- રૂપા. સાથે એક બીજો વિચાર પણ ઝબકી ગયો. આવતા અઠવાડિયે એક પાત્ર ઓછું પણ થઈ જાય કદાચ....

જગમોહને પોતાના મનને બીજી દિશામાં વાળવાનો પ્રયાસ કર્યો. દાંતમાં કચરો ફસાયો હોય અને જીભ વારંવાર ત્યાં જ પહોંચી જાય એ રીતે એનું મન વારંવાર દુશ્મન- હત્યા વિશે જ વિચારતું હતું.

જગમોહને પોતાની સીટ પર ગોઠવાયો : આ રૂપા કેવી હશે? ગાયત્રી તો કહેતી હતી કે તમારા કુટુંબને લાયક નથી.....સંતાન એક ભૂલ કરે અને ઘરની સંવાદિતા ખોરવાઈ જાય. ઘરમાં એક અયોગ્ય વ્યક્તિ પ્રવેશે કે શાંતિ અને સમૃદ્ધિ ચૂપચાપ બીજા બારણેથી રવાના થઈ જાય.

'આપણે પહેલાં કરણભાઈને અભિનંદન આપવાં જોઈએ.'

ગાયત્રીએ ભારેખમ વાતાવરણને હળવું બનાવવાની કોશીશ કરી.

'કરણભાઈએ રૂપા સાથે લગ્ન કરી લીધાં છે.'

વિક્રમે પડખે બેસેલા કરણનો હાથ પકડીને અભિનંદન આપતાં આસ્તેથી કહ્યું :

'ગ્રેટ, આ બધું ક્યારે થયું?'

'આજે જ.' જગમોહન સામે જોઈને કરણે જવાબ આપ્યો. રેવતી અને જતીનકુમારે ઊભાં થઈને કરણને વધામણી આપી.

'બાપાની સામે બોમ્બ ક્યારે ફોડ્યો?' વિક્રમે ધીમેથી કરણને પૂછ્યું.

'આજે બપોરે જ.' કરણ ગણગણ્યો.

'વાહ, હિટલરે તને ગોળી ન મારી એ નવાઈ કહેવાય.' કોઈને સંભળાય નહીં એ રીતે વિક્રમ બોલ્યો.

'કોશિશ તો ઘણી કરી પણ હિટલર ફાવ્યો નહીં. આજકાલ આપણો હિટલર બીજા પ્રોબ્લેમમાં ઉલઝાયેલો છે.' કરણનો જવાબ સાંભળીને વિક્રમને રામપુરી યાદ આવ્યું.

'પપ્પા, તમે મગાવી હતી એ વસ્તુ હું લઈ આવ્યો છું.' જગમોહન સામે જોઈને વિક્રમે કહ્યું.

'હા, જમ્યા બાદ આપી દેજે' જગમોહને સૂચના આપી. માથું ધુણાવતાં વિક્રમ વિચારતો હતો કે જમ્યા બાદ જય અને રામપુરી બંનેને તમારી પાસે લઈ આવીશ.

લખુકાકાએ પીરસવાનું શરૂ કરી દીધું.

'કરણ',

જગમોહને વાતની શરૂઆત કરી. ગાયત્રીનો શ્વાસ અધ્ધર થઈ ગયો.

'કરણ, મારો અંગત અભિપ્રાય જે પણ હોય, તારાં લગ્ન થઈ ગયાં એ હકીકત છે એટલે મારી પસંદ-નાપસંદ કોરે મૂકીને તને અભિનંદન આપું છું.'

કરણ છોભીલું હસ્યો. ગાયત્રીને થયું કે કરણે ઊભા થઈને પિતાના પગે પડવું જોઈએ. કદાચ એ મૂંઝાઈ ગયો છે.

'એક બીજી વાત.' જગમોહને હવે બધાંને સંબોધીને કહ્યું :

'આજે સાંજના ફરી મને એક ફોન આવ્યો હતો. જે મને ધમકી આપે છે એણે કહ્યું કે આજની રાત મારા માટે છેલ્લી રાત છે...! '

બધાના કોળિયા હાથમાં અદ્ધર રહી ગયા.

ગાયત્રીને લાગ્યું કે જમ્યા બાદ આ વાત થઈ હોત તો યોગ્ય રહેત.

'પપ્પા, તો શું આપણે કંઈ ન કરી શકીએ?' રેવતીથી રહેવાયું નહીં. એણે પૂછી નાખ્યું.


'દીકરા, આપણે પોલીસમાં ફરિયાદ કરી દીધી છે. મકાનની ચારે તરફ પોલીસનો બંદોબસ્ત છે. એ સિવાય આપણે કરી પણ શું શકીએ? હા, પણ તમને બધાને કહેવાનો આશય ફક્ત એ છે કે બધા સાબદાં રહેજો. લખુકાકા, દરવાજો ખોલતા પહેલાં કોણ છે એ ચકાસી લેજો.'

લખુકાકાએ માથું ધુણાવ્યું.

'ડરવાનો કોઈ અર્થ નથી. હું તમને લોકોને પણ ડરાવવા નથી ઇચ્છતો. આપણે બધાંએ સાવધાન રહેવું જોઈએ એ વાત ચોક્કસ.' પછી થોડી ક્ષણના ભારેખમ મૌન બાદ જગમોહને ઉમેર્યું:

'હું તો કદી નહીં ઇચ્છું કે મારા લોહીના તરસ્યા થયેલા એ હત્યારાની ઇચ્છા પૂરી થાય. એવું હું થવા પણ નહીં દઉં. મને એ અડે એ પહેલાં હું જ એને ખતમ કરી નાખીશ, પણ બિઝનેસની જેમ જીવનમાં કોઈ પણ ક્ષેત્રે સફળતા અને નિષ્ફળતા બંને શક્ય પરિણામ છે. જો એ મરી ગયો તો કાલે આપણે આ રીતે જ અહીં બેસીને જમીશું, નહીંતર...' જગમોહને વાક્ય અધૂરું મૂક્યું.

'પપ્પા, પ્લીઝ એવું ન બોલો...' રેવતી રડમસ થઈ ગઈ. જગમોહને જોયું કે કરણ, વિક્રમ, પૂજા અને પ્રભા ચૂપ હતાં. કોઈ કંઈ બોલ્યું નહીં.




'હું આવી વાત કરીને વાતાવરણને ઈમોશનલ બનાવવા નથી માગતો. તમારા લોકોની સહાનુભૂતિ પણ લેવાનો મારો કોઈ ઇરાદો નથી. મારી ફરજ છે કે મારે તમને પરિસ્થિતિથી વાકેફ કરવાં જોઈએ એટલે તમને કહેવું ઉચિત લાગ્યું.' જગમોહન બોલતો હતો.

ગાયત્રીનું હૈયું ભરાઈ આવ્યું. આ માણસને જીવવાની ઇચ્છા થાય એવું એક પણ કારણ એની પાસે નથી, એણે વિચાર્યું. ગમે તેવો ધનવાન માણસ કેમ ન હોય, જેની પાસે જીવવાનો કોઈ હેતુ ન હોય, કોઈ કારણ ન હોય એ માણસ સૌથી વધુ ગરીબ કહેવાય.

'બિઝનેસમાં હું અત્યાર સુધી સફળ થતો આવ્યો છું. એ ગેમ મારા માટે જૂની થઈ ગઈ છે. એ ફિલ્ડમાં તો મારા દુશ્મનો પણ મને આંબી ન શકે એટલો આગળ હું નીકળી ચૂક્યો છું, પણ આ ફિલ્ડ મારા માટે નવું છે. ગુનો, હત્યા, ધમકી, હથિયાર - આ ક્ષેત્ર મારા માટે તદ્દન નવું છે એટલે મારે-આપણે સચેત રહેવાનું છે. જે પહેલો ઘા કરશે એ જીતી જશે...'

જગમોહને બધાં સામે દૃષ્ટિ ફેંકી. કોઈનું ધ્યાન જમવા પર નહોતું.

'પણ અમારા બંને વચ્ચે એટલે કે મારા દુશ્મન અને મારી વચ્ચે ફરક એટલો જ છે કે એ મને ઓળખે છે અને જાણે છે કોના પર ઘા કરવો. જ્યારે મને હજી સુધી એ જ ખબર નથી કે એ માણસ કોણ છે?'

જગમોહને વારાફરતી દરેક સામે જોયું, ગાયત્રીને થયું કે હાજર રહેલી વ્યક્તિઓમાં જ કાકુનો દુશ્મન હોય તો... એ વિચાર માત્રથી થથરી ગઈ.

જગમોહને પોતાની વાત ચાલુ રાખી :

'હા, પણ મારે એને ઓળખવાની જરૂર નથી. એને હરાવવો એ મારું ધ્યેય નથી. મારી જીત એ મારું ધ્યેય છે એટલે એ કોઈ પણ હોય, એ મને હરાવી નહીં શકે એની મને ખાતરી છે. મને ફક્ત એક જ વાતનો ડર છે કે અમારા બંનેની લડતમાં તમને કોઈને નુકસાન ન થઈ જાય.'

ડાઇનિંગ ટેબલ પર મૌન પથરાયેલું રહ્યું. ગાયત્રીને લાગ્યું કે સ્વાર્થનું આવું વરવું પ્રદર્શન એણે પહેલાં ક્યાંય નથી જોયું.

'અને હા, છેલ્લી વાત. આ લડાઈ છે. બની શકે હું જીતું કે એ જીતે. જો એ જીતે તો એટલું જરૂર કહીશ કે અત્યાર સુધી મેં કોઈ ભૂલ કરી હોય, જાણે-અજાણે તમારા કોઈનાં મન દુભાયાં હોય તો જાહેરમાં બધાની સમક્ષ માફી માગી લઉં છું.'

ગાયત્રીની આંખો ભરાઈ આવી. બધાં એવી રીતે ચૂપી બેઠાં છે જાણે જગમોહનને કંઈ થાય તો એ લોકોને બહુ ફરક પડતો નથી. કોઈ હમદર્દીના બે બોલ પણ બોલતું નથી. કોઈ જગમોહનનો ભાર હળવો કરવાની ઔપચારિકતા પણ નથી દાખવતું.

કુટુંબ માટે જેણે આટલાં બધાં વરસો ખરચી નાખ્યાં છે એ માણસ સામે આવું દુર્લક્ષ્ય, આવો વ્યવહાર?

સાચે જ, અમુક માણસોને જીવનભર જશ મળે જ નહીં. એ નાની ભૂલ કરે તો લોકો એને ફાંસીએ ચડાવી દે અને એ મોટું કાર્ય કરે તો કોઈ પીઠ પણ ન થાબડે.

ગાયત્રીએ જોયું કે કરણ કોઈ વિચારોમાં ખોવાયેલો હતો. કદાચ એ રૂપાના વિચારોમાં ડૂબી ગયો હશે. વિક્રમ અને પૂજા ચૂપચાપ જમી રહ્યાં હતાં. કદાચ પૂજા એના ભાઈ વિશે વિચારતી હશે અને વિક્રમ કોના વિશે વિચારતો હશે?

ગાયત્રીને હવે પહેલી વાર સમજાયું કે જગમોહને શા માટે આત્મહત્યા કરવાનો વિચાર કર્યો હશે. ગમે તેવો બહાદુર માણસ પણ આ પરિસ્થિતિમાં જીવી ન શકે. જીવવાની ઇચ્છા ન થાય અને મરવું એ પણ હાર લાગે એવી પરિસ્થિતિ સર્જાઈ હતી.

'મને ખબર છે કે તમારે કોઈને કંઈ કહેવાનું નહીં હોય માટે જે કહેવાનું હતું એ મેં કહી દીધું.' જગમોહને છેલ્લા શબ્દો ઉચાર્યા.

પ્રભાથી ન રહેવાયું: 'કોઈ પણ માણસ ધમકી આપે એટલે એ સાચી પાડે એવું જરૂરી થોડી જ છે? સાધનસંપન્ન કુટુંબોમાં આવી સમસ્યાઓ છાશવારે બનતી હોય છે.'

'મમ્મી, એનો અર્થ એ નથી કે આપણે એ વિસ્શે વિચારવું પણ નહીં.' વિક્રમને મમ્મીની વાત રુચિ નહીં.

'હા, મમ્મી, આપણે વિચાર તો કરવો પડે ને...' રેવતી પણ બોલી.

જતીનકુમાર આજે કદાચ પહેલી વાર આટલો લાંબો સમય મૌન રહ્યા હતા. એ બોલી ઊઠ્યા: 'એમ કોઈ સસુરજી પર વાર કરી જાય એ વાતમાં માલ નથી અને એવું કંઈ થશે તો હું છું ને...!'

ગાયત્રી હસી પડી :

'જીજાજી, આજે તમે અને રેવતીબહેન અહીં રોકાઈ જજોને...' ગાયત્રીએ કહ્યું.

'જેવી તમારી ઇચ્છા. આમેય સસુરજીની સુરક્ષા માટે મારે અહીં રોકાવું જોઈએ.' જતીનકુમારે ફરી ડંફાસ મારી.

જગમોહનના ચહેરા પર પણ સ્મિત ફરકી ગયું. એ જ મિનિટે લખુકાકા દોડતા દોડતા આવ્યા.

'શું થયું કાકા? ફરી પોલીસ?' જગમોહન બોલ્યો.

'ના ભાઈ, ભાગો... ઘરમાં આગ લાગી છે.' લખુકાકા હાંફતાં હતા. (ક્રમશઃ)■

---




'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી સોમવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

## ભાષા વૈભવ...

માતાજીની સવારીની જોડી જમાવો

| A | B |
|---|---|
| રવિવાર | ઐરાવતની સવારી |
| સોમવાર | સિંહની સવારી |
| મંગળવાર | ગરુડની સવારી |
| બુધવાર | નંદીની સવારી |
| ગુરુવાર | વાઘની સવારી |

## ઓળખાણ પડી?



ભક્તિ અને શક્તિના સંગમનો નવરાત્રી ઉત્સવ કયા રાજ્યમાં બિહુ નૃત્ય અને દુર્ગા પૂજાના સંયોજનથી ઉજવવામાં આવે છે એ કહી શકશો?

અ) મધ્ય પ્રદેશ બ) મેઘાલય ક) ઓડિશા ડ) આસામ

## ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ ત | ર | ૨ જુ | ૩ મો | ■ | ૪ અ | લં | ૫ કા | ર | ■ |
| ર | ■ | ૬ લ | ચ | ૭ ક | ■ | ■ | ર્ય | ■ | ૮ આ |
| ૯ પ | ર | મ | ■ | ૧૦ બૂ | ૧૧ ક | ર | ■ | ૧૨ સ | દા |
| ડા | ■ | ■ | ૧૩ ખ | લા | સી | ■ | ૧૪ અ | મ | ન |
| ૧૫ ટ | કો | ■ | ૧૬ લા | ત | ■ | ૧૭ તા | ન | ■ | પ્ર |
| ■ | ■ | ૧૮ ખ | સ | ■ | ૧૯ હા | ■ | ૨૦ વ | ર | દા |
| ૨૧ અ | ૨૨ ક્ષ | ર | ■ | ૨૩ વં | શ | ■ | ર | ■ | ન |
| ૨૪ હે | ર | ડો | ■ | દ | ■ | ૨૫ અ | ત | ૨૬ લ | ■ |
| વા | ■ | ■ | ૨૭ કા | ન | ■ | મ | ■ | ૨૮ ધુ | મ્બો |
| ૨૯ લ | વા | જ | મ | ■ | ૩૦ પ્રા | સ્તા | વિ | ક | ■ |

## શબ્દલાલિત્ય

સતીશ વ્યાસ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | | ■ | ૩ | | ૪ | ૫ | ૬ |
| | ■ | | ■ | ૭ | | ■ | ૮ | | |
| ૯ | ૧૦ | | ■ | ૧૧ | | | ■ | ૧૨ | |
| ૧૩ | | ■ | ૧૪ | | | ■ | ૧૫ | ■ | |
| | ■ | ૧૬ | | | ■ | ૧૭ | | | ■ |
| ■ | ૧૮ | ■ | ૧૯ | | ૨૦ | ■ | | ■ | ૨૧ |
| ૨૨ | | ■ | ૨૩ | | | | ■ | ૨૪ | |
| ૨૫ | | ૨૬ | ■ | ■ | | ■ | ૨૭ | | |
| | ■ | | ■ | ૨૮ | | ૨૯ | | ■ | |
| ૩૦ | | | | | ■ | ૩૧ | | | |

### આડી ચાવી

૧. હાજરી (૪)
૩. જુદા રૂપનું, બદલાયેલું (૫)
૭. વાગ્યા પર --- લગાડો (૨)
૮. એક છંદ (૩)
૯. કાવ્યનું તત્ત્વ (૩)
૧૧. શાંત પાણીમાં કાંકરી નાખો (૩)
૧૨. ઝભલું (૨)
૧૩. લોહી (૨)
૧૪. જીવનમાં --- પડતી આવ્યા કરે (૩)
૧૬. નમામિ દેવી ---- (૩)
૧૭. હંમેશાં (૩)
૧૯. શ્રવણે મા-બાપને --- કરાવી (૩)
૨૨. --- કાઢે તે સંઘવી (૨)
૨૩. રડવા જેવું (૪)
૨૪. પાણી, જલ, ભૂ (૨)
૨૫. ચોખા (૩)
૨૭. તફાવત (૩)
૨૮. મશહૂર, માનવંત (૪)
૩૦. નવેસરથી થતી રચના (૫)
૩૧. સમાપ્તિ, પૂરું કરવું તે (૪)

### ઊભી ચાવી

૧. ફાયદાકારક (૫)
૨. સ્થિર હોવું તે (૩)
૩. બાજ બહાદુર ને રાણી (૪)
૪. સાધના (૨)
૫. મહેનત, તપ, પ્રેક્ટિસ (૩)
૬. ભવાઇ કરનારા (૪)
૭. લેણદેણ (૬)
૧૦. --- કરવું એટલે રજૂ કરવું (૨)
૧૪. મોચી (૪)
૧૫. બધું જ, સઘળું (૩)
૧૮. ટૂંકાણમાં (૩)
૨૦. ડંકાનો અવાજ, એક એરપોર્ટ (૪)
૨૧. ઠરાવ-નિર્ણય કરવો તે, હાઇપોથીસિસ (૫)
૨૨. ચલાવવું, વ્યવસ્થા કરવી તે (૪)
૨૪. તમને બહુ --- લાગી (૨)
૨૬. થોડુંક (૩)
૨૭. છાપવા માટેનાં બીબાંનું ચોકઠું (૩)
૨૮. લઘુ (૨)
૨૯. ગુલામ, સેવક (૨)

## ગુજરાત મોરી મોરી રે

'પાવલી લઈને હું તો પાવાગઢ ગઈ'તી' ગરબામાં દર્શન માટે પાવાગઢ જવા ઉપરાંત અન્ય કયા સ્થળનો ઉલ્લેખ આવે છે એ જણાવો.

અ) કોડીનાર બ) પાલનપુર ક) રાજપરા ડ) ખોડિયાર

## જાણવા જેવું

ગુજરાતી વિશ્વકોશમાં જણાવ્યા અનુસાર ગરબી - ગરબો એટલે ઊર્મિકાવ્યનું ગેય કાવ્યસ્વરૂપ. તેમાં કાવ્ય ઉપરાંત નૃત્ય અને સંગીત પણ ભળેલાં છે. જૈન રાસાસાહિત્યની દોહરા, ચોપાઈ, ઝૂલણા વગેરે રચનાઓ ગાવાની હોવાથી તેમાં ગેયતા હતી. તેમાંથી દેશીઓ, ટૂંકી દેશીઓમાંથી પદ અને પદોમાંથી ગરબી તેમજ ગરબા આવ્યાં. આમ ગરબી - ગરબાનું મૂળ દેશીઓમાં છે.

## સુડોકુ-૬૦૯૯

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | ૧ | | ૬ |
| ૧ | ૮ | | | ૨ | ૪ | ૭ | | |
| ૭ | | ૩ | ૯ | ૧ | | | | |
| | | | | ૪ | | ૨ | | ૯ |
| ૯ | | ૭ | ૮ | ૬ | ૧ | ૪ | | ૩ |
| ૮ | | ૪ | | ૯ | | | | |
| | | | | ૫ | ૯ | ૩ | | ૮ |
| | | ૫ | ૪ | ૮ | | | ૬ | ૨ |
| ૬ | | ૮ | | | | | | |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોકસ છે અને દરેકમાં નવ ખાનાં છે. ૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

## સુડોકુ-૬૦૯૮

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૫ | ૭ | ૯ | ૧ | ૮ | ૩ | ૪ | ૨ | ૬ |
| ૬ | ૮ | ૧ | ૭ | ૪ | ૨ | ૯ | ૩ | ૫ |
| ૨ | ૪ | ૩ | ૬ | ૯ | ૫ | ૧ | ૮ | ૭ |
| ૩ | ૧ | ૨ | ૮ | ૫ | ૭ | ૬ | ૪ | ૯ |
| ૭ | ૯ | ૪ | ૩ | ૬ | ૧ | ૮ | ૫ | ૨ |
| ૮ | ૬ | ૫ | ૪ | ૨ | ૯ | ૭ | ૧ | ૩ |
| ૯ | ૩ | ૭ | ૫ | ૧ | ૪ | ૨ | ૬ | ૮ |
| ૪ | ૫ | ૬ | ૨ | ૭ | ૮ | ૩ | ૯ | ૧ |
| ૧ | ૨ | ૮ | ૯ | ૩ | ૬ | ૫ | ૭ | ૪ |

## ચતુર આપો જવાબ

માથું ખંજવાળો

માતાજીની આરતી 'જય આદ્યા શક્તિ' અનુસાર કઈ તિથિએ માતાજી દક્ષિણમાં પ્રગટ થયા હતા એ આપેલા વિકલ્પોમાંથી શોધીને જણાવો.

અ) પંચમી
બ) ચોથ
ક) સાતમ
ડ) ત્રીજ

## નોંધી રાખો

માતાજીની સ્તુતિ 'વિશ્વંભરી અખિલ વિશ્વતણી જનેતા'માં પ્રભુ ભક્તિ સાથે વિદ્યા ગ્રહણ અને આત્મશુદ્ધિને પણ મહત્ત્વ આપવામાં આવ્યું છે.

## માઈન્ડ ગેમ

ભારતનાં વિવિધ રાજ્યોમાં ૫૧ શક્તિપીઠ છે. આપણા કયા પાડોશી દેશમાં ગણ્ડકી મુક્તિનાથ શક્તિપીઠ આવેલી છે એ યાદ કરી જણાવો.

અ) ભૂતાન બ) શ્રીલંકા
ક) નેપાળ ડ) મ્યાનમાર

## ગયા શનિવારના જવાબ

ભાષા વૈભવ

| A | B |
|---|---|
| મલાજો | મર્યાદા |
| મલિન | ગંદું |
| મશક | કોથળી |
| મસાણ | સ્મશાન |
| મશગૂલ | લીન |

ઓળખાણ પડી
એલીફન્ટ એપલ

માઈન્ડ ગેમ
ઉત્તર પ્રદેશ

ગુજરાત મોરી મોરી રે
ગાભા

ચતુર આપો જવાબ
માથું ખંજવાળો
માર્ક વો

## ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) ડો. પ્રકાશ કટિકયા (૨) નીતા દેસાઈ (૩) ભારતી બુચ (૪) ભારતી પ્રકાશ કટકિયા (૫) મુલરાજ કપૂર (૬) પ્રતિમા પમાણી (૭) ગીતા ઉદેશી (૮) કિશોરકુમાર જીવણદાસ વેદ (૯) સુરેખા દેસાઈ (૧૦) સુભાષ મોમાયા (૧૧) અબ્દુલ્લા એફ. મુનીમ (૧૨) શીરીન ઔરંગાબાદવાલા (૧૩) તાહેર ઔરંગાબાદવાલા (૧૪) નયના ગિરીશ મિસ્ત્રી (૧૫) રશીક જુથાણી - ટોરંટો - કેનેડા (૧૬) પુષ્પા પટેલ (૧૭) શ્રદ્ધા આશર (૧૮) વિભા મહેશ્વરી (૧૯) મહેશ દોશી (૨૦) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૨૧) જ્યોતિ ખાંડવાલા (૨૨) મનીષા શેઠ (૨૩) ફાલ્ગુની શેઠ (૨૪) હર્ષા મહેતા (૨૫) અશોક સંઘવી (૨૬) મહેન્દ્ર લોઢાવિયા (૨૭) ભાવના કર્વે (૨૮) દેવેન્દ્ર સંપટ (૨૯) વિણા સંપટ (૩૦) અંજુ ટોલિયા (૩૧) પ્રવિણ વોરા (૩૨) નિતીન બજરિયા (૩૩) મીની કાપડિયા (૩૪) રજનીકાંત પટવા (૩૫) સુનીતા પટવા (૩૬) અરવિંદ કામદાર (૩૭) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૩૮) પુષ્પા ખોના (૩૯) જગદીશ ઠક્કર (૪૦) નયના ગિરીશ મિસ્ત્રી (૪૧) જ્યોત્સના ગાંધી (૪૨) રમેશ દલાલ (૪૩) હિના દલાલ (૪૪) ઈનાક્ષી દલાલ (૪૫) અલકા વાણી (૪૬) મહેશ સંઘવી (૪૭) ખુશરૂ કાપડિયા (૪૮) જગદીશ ઠક્કર (૪૯) નિખિલ બંગાળી (૫૦) અમીશી બંગાળી (૫૧) ધીરેન્દ્ર ઉદેશી (૫૨) જયવંત પદમશી ચિખલ (૫૩) નૂતન વિપિન

સ્પોર્ટ્સ મૅન
યશ ચોટાઇ
feedback@bombaysamachar.com

# બાંગ્લાદેશ સામે સારું રમનારને આઇપીએલમાં લાગશે લૉટરી

## ખાસ કરીને મયંક, અભિષેક, નીતિશ રેડ્ડી અને હર્ષિત સારું રમશે તો હરાજી પહેલાંના રિટેન્શન લિસ્ટમાં ફિક્સ થઈ જશે



અભિષેક શર્મા
નીતિશ રેડ્ડી
હર્ષિત રાણા
મયંક યાદવ

૨૦૦૮માં ઇન્ડિયન પ્રીમિયર લીગ (આઇપીએલ)ની શરૂઆત થઈ છે ત્યારથી ખેલાડીઓના પર્ફોર્મન્સની બાબતમાં આંતરરાષ્ટ્રીય ક્રિકેટ અને આઇપીએલ વચ્ચે એક એવી કડી બની છે જેણે અનેક ખેલાડીઓની કરીઅર બનાવી અને કેટલાકની કારકિર્દી વહેલી સમેટાઈ ગઈ અથવા કરીઅરમાં તેમણે લાંબો બ્રેક જોવો પડ્યો. ઇન્ટરનૅશનલ ક્રિકેટ મૅચ કે સિરીઝમાં સારું રમનારને એપ્રિલ-મેની આઇપીએલ પહેલાંના ઑક્શનમાં ધીકતી કમાણી થઈ છે અને આઇપીએલમાં ક્લિક થનાર નવા ખેલાડીને ભારતની ટી-૨૦ કે વન-ડે કે ટેસ્ટ ટીમમાં સ્થાન મળ્યું છે.

૨૦૨૪ની આઇપીએલની જ વાત કરીએ. મે મહિનામાં આઇપીએલ પૂરી થઈ ત્યાર બાદ રનર-અપ સનરાઇઝર્સ હૈદરાબાદના ૨૪ વર્ષના વિસ્ફોટક ઓપનર અભિષેક શર્માને ઝિમ્બાબ્વે સામેની ટી-૨૦ સિરીઝથી ઇન્ટરનૅશનલ ક્રિકેટમાં પ્રવેશ કરવા મળ્યો હતો. હૈદરાબાદની જ ટીમનો ૨૧ વર્ષીય ઑલરાઉન્ડર નીતિશ કુમાર રેડ્ડી પણ એ આઇપીએલ-સીઝનમાં ચમક્યો એટલે હવે તેને બાંગ્લાદેશ સામે આવતી કાલે (રવિવારે) શરૂ થનારી ટી-૨૦ સિરીઝમાં રમવાનો મોકો મળ્યો છે.

મયંક યાદવ ૨૦૨૪ની આઇપીએલમાં ભારતના ફાસ્ટેસ્ટ બોલર તરીકે ઊભર્યો એટલે તેને બાંગ્લાદેશ સામેની આગામી ટી-૨૦ સિરીઝથી ભારત વતી ડેબ્યૂ કરવાની તક મળી છે. જોકે લખનઊ સુપર જાયન્ટ્સના બાવીસ વર્ષના આ યુવાન બોલરને ફિટનેસની સમસ્યા નડી રહી છે જે તેના માટે મોટી ચિંતા છે.

રાજસ્થાન રૉયલ્સને કેટલીક મૅચો જિતાડી આપનાર ઑલરાઉન્ડર રિયાન પરાગ માટે પણ આઇપીએલ આશીર્વાદરૂપ બની છે. તેણે મે, ૨૦૨૪માં ઝિમ્બાબ્વે સામેની ટી-૨૦ મૅચથી ભારત વતી ડેબ્યૂ કર્યું અને પછી ઑગસ્ટમાં તેને શ્રીલંકા સામેની વન-ડે પણ રમવા મળી હતી.

મૅચ-ફિનિશર રિન્કુ સિંહ, વિકેટકીપર-બૅટર જિતેશ શર્મા અને 'મિસ્ટરી સ્પિનર' તરીકે જાણીતો લેગ-સ્પિનર વરુણ ચક્રવર્તી પણ આઇપીએલની જ દેન છે. વરુણ ૨૦૨૪ની આઇપીએલનો સર્વશ્રેષ્ઠ સ્પિનર હતો. તેણે કુલ ૨૧ વિકેટ લીધી હતી.

આ ચર્ચામાં ફાસ્ટ બોલર હર્ષિત રાણાનો ઉલ્લેખ અચૂક કરવો જોઈએ. ૨૬મી મેએ ચૅમ્પિયન બનેલી કોલકાતા નાઇટ રાઇડર્સ ટીમના આ મુખ્ય બોલરે ફાઇનલમાં જો હૈદરાબાદના નીતિશ રેડ્ડી (૧૩) અને હિન્રિચ ક્લાસેન (૧૬)ની વહેલી વિકેટ ન લીધી હોત તો મૅચનું પરિણામ કદાચ જૂદું હોત. હર્ષિતે આઇપીએલની વીતેલી સીઝનમાં ૧૯ વિકેટ લીધી હતી અને કોલકાતાને ચૅમ્પિયન બનાવવામાં આન્દ્રે રસેલ (૧૯ વિકેટ) જેટલું તેનું પણ યોગદાન હતું.

૨૦૨૫ની આઇપીએલના ઑક્શન પહેલાં તમામ ૧૦ ફ્રૅન્ચાઇઝીઓ જે છ ખેલાડીને રીટેન કરશે એની યાદી તૈયાર કરવા માટે એમની પાસે હવે બહુ ઓછો સમય છે. આવતી કાલે બાંગ્લાદેશ સામે શરૂ થતી ત્રણ મૅચની ટી-૨૦ શ્રેણી બાદ ગણતરીના દિવસોમાં ફ્રૅન્ચાઇઝીઓએ પોતપોતાનું રિટેન્શન લિસ્ટ બીસીસીઆઇને આપી દેવું પડશે. મયંક યાદવ (લખનઊ), હર્ષિત રાણા (કોલકાતા) અને નીતિશ રેડ્ડી (હૈદરાબાદ) આ સિરીઝમાં રમવાના છે અને જો એમાં સારું રમશે તો તેમનું ફ્રૅન્ચાઇઝી તેને રીટેન કરશે એમાં શંકા નથી, કારણકે ૨૦૨૪ની આઇપીએલનો તેમનો ધમાકેદાર પર્ફોર્મન્સ બધાની સામે જ છે.


આ વખતે રીટેન થનાર ખેલાડીને સમજો, લૉટરી જ લાગી જશે. કારણ એ છે કે બીસીસીઆઇએ રીટેન થનારા પાંચ ખેલાડી માટે (એક સીઝન રમવાના) કૉન્ટ્રૅક્ટ મની આ મુજબના રહેશેઃ રીટેન થનાર પ્રથમ પ્લેયરને ૧૮ કરોડ રૂપિયા, બીજા નંબરના પ્લેયરને ૧૪ કરોડ રૂપિયા, ત્રીજા નંબરના પ્લેયરને ૧૧ કરોડ રૂપિયા, ચોથા નંબરના પ્લેયરને ૧૮ કરોડ રૂપિયા અને પાંચમા નંબરના પ્લેયરને ૧૪ કરોડ રૂપિયા. રીટેન થનાર છઠ્ઠો ખેલાડી અનકૅપ્ડ પ્લેયર હશે જેને ચાર કરોડ રૂપિયા સુધીની રકમ આપી શકાશે.

૨૦૨૪ની આઇપીએલમાં રનનો ઢગલો જોવા મળ્યો અને હવે ૨૦૨૫ની સીઝન પહેલાં યોજાનારા મેગા ઑક્શનમાં પૈસાનો ધોધ વહેતો જોવા મળશે. ક્રિકેટપ્રેમીઓ આઇપીએલની મૅચોની ટિકિટ બુક કરશે એ પહેલાં ખેલાડીઓ હરાજીમાં કરોડો રૂપિયા બુક કરી લેશે. જોકે એમાંથી કોઈને આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં રમવા મળે કે ન મળે, પછીના વર્ષે આઇપીએલ તો રમાશે જ એટલે તેમના પર રૂપિયાનો વરસાદ થતો રહેશે એ નક્કી. ■

અરાઉન્ડ ધ વર્લ્ડ
પ્રતીક્ષા થાનકી
pratiksha.thanki@bombaysamachar.com

# ગ્લાસગોવ - લોખ લોમોન્ડથી આરગાયલ રીજન સુધી...









આ સમર વેકેશનનો સમય લાંબા સમય પછી ઇન્ડિયન સમરની મજા લેવામાં મે મહિનામાં અમદાવાદમાં વિતાવ્યો હતો. મે મહિનામાં હજી જર્મનીમાં સ્પ્રિંગ હતી. જોકે જે હોય તે, મન બની ગયું હતું કે આ વખતે મેની ગરમીનો સંતોષ અમદાવાદમાં લેવો છે. ઓલમોસ્ટ બે દશક પછી પણ મન માત્ર શિયાળામાં એનઆરઆઇ બનીને જ ઇન્ડિયા જવાય તેવું નથી બન્યું તેની રાહત અનુભવાતી હતી. તે પછીનો પ્લાન ઓગસ્ટમાં એડિનબરા ફ્રિન્જ માટે બની ચૂક્યો હતો. છેલ્લાં ઘણાં વર્ષોથી ભારતીય અંગ્રેજી સ્ટેન્ડઅપ કોમિક્સના જંગલમાં તો જલસા થાય જ છે, સાથે આંતરરાષ્ટ્રીય સ્ટેન્ડ અપ કોમેડી જોવાની પણ મજા મળતી રહે છે. ઘણી નાની ઉંમરથી શાહબુદ્દિન રાઠોડની કેસેટો અને ડાયરા અને લોકલ ગુજરાતી કોમિક સિનનો પરિચય રહ્યો છે.

લાઇવ મ્યુઝિક શોઝ પહેલાં કે વચ્ચે કોમિક રિલીફ માટે થોડી મિનિટ કોઈ કોમેડિયન આવતો. આજે તે પ્રકાર હવે અલગ જ સ્તરે પહોંચી ગયો છે. મુંબઈ, સુરત, અમદાવાદ, વડોદરા બધે પોતાનો આગવો કોમેડી સીન પણ છે. વળી અંગ્રેજી સ્ટેન્ડ અપ કોમેડીની કોન્ટ્રોવર્સીનાં અલગ ચેપ્ટર પણ ચાલુ જ છે.

એવામાં એડિનબરા ફ્રિન્જ પ્રત્યે અમને બંનેને અનોખું આકર્ષણ રહ્યું છે. ખાસ તો ફિબી વોલરબ્રિજની ખ્યાતનામ સીરીઝ 'ફ્લીબૅગ' એડિનબરા ફ્રિન્જમાં વન-વુમન શો તરીકે શરૂ થઈ હતી તે જાણ્યું ત્યારથી જિંદગીમાં કમસેકમ એક વાર તો ફ્રિન્જ જવું જ એ નક્કી હતું. અમે પહેલાં સ્કોટલેન્ડનું વિગતે ભ્રમણ કરી ચૂક્યાં હતાં. તે વખતે બધાં પોપ્યુલર ટૂરિસ્ટ ડેસ્ટિનેશન તો કવર થઈ ગયેલાં. આ વખતે એક અઠવાડિયામાં ફ્રિન્જના ત્રણ દિવસ બાદ કરતાં બાકીના દિવસો પહેલાં અન-એક્સ્પ્લોર્ડ આરગાયલ રિજન તરફ જવાનું હતું. પહેલાં તો મજા એ હતી કે ઓફિસનો દિવસ પૂરો કરીને ફ્લાઇટ લેવાની હતી. એટલે મોડી સાંજે ફ્લાઇટ લીધી અને ગ્લાસગોવની છેલ્લી ફ્લાઇટમાં રાત્રે બાર વાગ્યે અમે લેન્ડ થઈને સીધાં એરપોર્ટની બરાબર સામેની હોલીડે ઇન પહોંચી ગયાં.

બીજા દિવસે સવારે બ્રેકફાસ્ટમાં ટાટી સ્કોન સાથે જ સ્કોટલેન્ડ આવી ગયું હતું તેનો ઉત્સાહ વધી રહ્યો હતો. પછી એરપોર્ટની બાજુના રેન્ટલ કાર પાર્કિંગથી ગાડી ઉપાડી અને સાંજ સુધીમાં આરગાયલ રિજન પહોંચવા માટે સજ્જ થયાં. પારંપરિક સ્કોટિશ વેધર મુજબ વરસાદ ચાલુ જ હતો. વચ્ચે એકાદ દિવસ બાદ કરતાં રોજ વરસાદની આગાહી હતી. પહેલાં તો ગ્લેન કો તરફ અથવા બેન નેવિસની હાઇક તરફ જવાની અમારી ઇચ્છા હતી.

તે સાંજનું ફાઇનલ ડેસ્ટિનેશન તો જીપીએસમાં સેટ હતું, પણ હવે રસ્તામાં ક્યાં જઈશું તે નક્કી કરવા એક ગ્રોસરી સ્ટોરમાં રોકાયાં. થોડી સેન્ડવિચિઝ અને નાસ્તો ઉપાડ્યાં. સ્વાભાવિક છે, બેકરીથી સ્કોન પણ લીધાં. વરસાદમાં બેન નેવિસનું જોખમ લેવા જેવું ન હતું. તે સમયે વરસાદ બંધ હતો અને હવે ત્રણેક કલાક પછી ફરી વરસાદ પડવાનો હતો. એવામાં ગ્લેન કો સુધી પહોંચવાનો સમય ન હતો. અમારી પાસે બરાબર ત્રણ કલાકની વિન્ડો હતી. તે પછી અમારે આરગાયલ તરફની લાંબી ડ્રાઇવ ચાલુ કરવાની હતી. એવામાં લોખ લોમોન્ડ સૌથી નજીક હતો. ગ્રોસરી સ્ટોરથી દસ મિનિટની ડ્રાઇવ પર તો લોખ લોમોન્ડનું ટૂરિસ્ટ પાર્કિંગ આવી ગયું.

આ પહેલાં અમે લોખ લોમોન્ડ જઈ ચૂક્યાં હતાં. તે સમયે પણ વરસાદ ચાલુ હતો. ત્યારે એમ વિચારેલું કે ક્યારેક ડ્રાય વેધરમાં આવીશું ત્યારે અહીંની પોપ્યુલર હાઇક કરીશું. આ વખતે પણ તડકો તો નહોતો મળવાનો, પણ અમે ત્યાં હતાં એટલી વાર કમસેકમ વરસાદ નહોતો પડવાનો. સ્કોટલેન્ડની દર બીજી વાત વરસાદમાં કરેલા અનુભવોની વાત હોય તેવું લાગતું હતું. ઓગસ્ટ આમ જોવા જાઓ તો યુરોપ તરફનો સૌથી ડ્રાય મહિનો હોય છે. તે સ્કોટલેન્ડને લાગુ નથી પડતું. એવામાં અમે લોખ લોમોન્ડ પહોંચ્યાં. ત્યાં બે નાની હાઇક અમારી રાહ જોઈ રહી હતી.

પહેલાં તો લેકની આસપાસ જ હળવી વોકિંગ ટ્રેઇલ લીધી. તેમાં ટોમ વિયર્સ રેસ્ટ તરીકે ઓળખાતું નાનકડું ગાર્ડન પણ આવ્યું. આ ગાર્ડન ખ્યાતનામ એક્સપ્લોરર ટોમ વિયરને સમર્પિત છે. ત્યાં બોર્ડ્સ પર ઉપલબ્ધ માહિતી એટલી વિગતસભર હતી કે કદાચ તેની કોઇ ઓનલાઇન એનસાઇક્લોપિડિયા એન્ટ્રી કે આર્ટિકલમાં પણ આટલી વિગતો ન હોય તો નવાઈ નહીં. ઠંડા પવનમાં વિન્ડશિટર બરાબર બંધ રાખવું પડે તેમ હતું, પણ દરેક દૃશ્ય વધુ ને વધુ સુંદર થતું જતું હતું. આસાપાસની હિલ્સ પર હાઇક પણ શક્ય છે. લોખ લોમોન્ડ રિજનમાં વીસથી વધુ પહાડો ૩૦૦૦ ફૂટથી વધુ ઊંચા છે. એવા પહાડ ખાસ ત્યાં મુનરો તરીકે ઓળખાય છે. ત્યાંનો સૌથી ઊંચો પહાડ બેન મોરની હાઇટ ૧૧૭૪ મીટર છે. અમે આ વોકિંગ ટ્રેઇલ પતાવીને કોનિક હિલ પરની અઘરી ટ્રેઇલ પર પણ પહોંચી જ ગયાં. હાઇટના કારણે કોનિક હિલ મુનરો નથી કહેવાતો. જો અમારે મુનરો જ ચઢવો હોય તો નજીકમાં બેન લોમોન્ડ પણ છે. જોકે હવે અમારી પાસે આ રિજનમાં વિતાવવા માટે માંડ કલાક હતો. અહીં આવવાનું બરાબર લેખે લાગ્યું. જ્યાં પણ રોકાતાં હતાં, ત્યાંથી ઊઠવાની ઇચ્છા નહોતી થતી. વરસાદ ચાલુ થાય અને રસ્તા સ્લિપરી થઈ જાય તે પહેલાં પાછું પાર્કિંગ પહોંચવાનું હતું. આ લેકની બહાર આખો લોખ લોમોન્ડ નેશનલ પાર્ક તો આખું વેકેશન વિતાવી શકાય એવડો છે. ત્યાંનાં પોતાનાં હાઇલેન્ડ ટ્રેડિશન્સ પણ છે.

સારા વેધરમાં આ મીઠા પાણીના તળાવમાં સ્વિમિંગ પણ શક્ય છે. જ્યાં પણ લેકે પાસે સારી જગ્યા પડતી હતી ત્યાં લોકો પિકનિક મેટ પાથરીને બેસી ગયાં હતાં. આ વખતે લેકનો વિસ્તાર મન ભરીને માણ્યો. છતાંય ક્યારેક વધુ સારા વેધરમાં ક્યારેક આ નેશનલ પાર્કમાં લાંબું રહેવાની વાત થઈ. એ વાતોમાં અમારો આરગાયલ રિજનનો રસ્તો કપાઈ રહ્યો હતો. ■

ફોકસ
નિધિ શુકલ
feedback@bombaysamachar.com

# ચીનમાં વધી રહી છે વયોવૃદ્ધોની વસતિ



**જગતભરમાં** વિવિધ વસ્તુઓ એક્સપોર્ટ કરતું ચીન લોકસંખ્યામાં પહેલા નંબરે તો છે જ, પરંતુ હવે ત્યાં મોટી ઉંમરના લોકોની સંખ્યામાં પણ વધારો થઈ રહ્યો છે. આર્થિક વૃદ્ધિમાં મંદી, રિયલ એસ્ટેટમાં ફુગાવાને કારણે વધતું દેવુ અને વેપારમાં સરકારી હસ્તક્ષેપને કારણે ચીન ત્રસ્ત થઈ ગયુ છે. એવામાં તેના માથે વધુ એક સમસ્યા ભમી રહી છે અને એ છે વયોવૃદ્ધ લોકોની વધતી વસતી. એનો સામનો કઈ રીતે કરવો એનો ઉપાય તો ચીન પાસે પણ નથી.

ભારતમાં વધતી જનસંખ્યાને આપણે 'ભસ્માસુર' એટલે કે પ્રગતિમાં બાધારૂપે ગણીએ છીએ. એ વિષય પર શું નિર્ણયો લઈ શકાય એ માટે આપણે ચીનનો અભ્યાસ કરવો જરૂરી રહ્યો. ૨૦૨૧ માં ચીનની લોકસંખ્યામાં ઘટાડો નોંધવામાં આવ્યો હતો, જે આખી દુનિયા માટે આશ્ચર્યની બાબત હતી. લોકોને એવો અંદાજ હતો કે ચીનની લોકસંખ્યા આગામી ભવિષ્યમાં ઘટશે નહીં.

વધતી જનસંખ્યાને કારણે ચીને ૧૯૮૦માં 'એક બાળક'નું અભિયાન શરૂ કર્યું હતું. એને કારણે આજે ત્યાંની યુવાપેઢી પાસે સગા ભાઈ-બહેન તો નથી જ, પરંતુ સાથે જ મામા, ફોઈ, માસી અને કઝિન ભાઈ-બહેન પણ નથી, કારણ કે તેમના માતા-પિતા તેમના પેરન્ટ્સના એકમાત્ર સંતાન છે.

સામાજિક સ્થિતિ અને આર્થિક વિકાસના પરિણામને કારણે ત્યાંની મહિલાઓ એકલા રહેવાનો નિર્ણય લઈ રહી છે. કોઈપણ સમાજની લોકસંખ્યાને જાળવી રાખવા માટે એનો પ્રજનન દર બે કાં તો એનાથી ઉપર હોવો જોઈએ. એને જ આપણાં દેશમાં 'હમ દો હમારે દો' કહેવામાં આવે છે. ભારતમાં આ દર ૧.૦૯થી બે સુધી છે. અમેરિકામાં આ દર ૧૬ છે.

જાપાનમાં આ દર ૧.૨ છે. એને જોતાં જ ચીને ન વર્ષે પોતાના 'એક બાળક'ના નિયમને તોડીને લોકોને ગમે એટલા બાળકો પેદા કરવાની પરવાનગી આપી હતી. આઠ વર્ષ બાદ ઊલટાનું જન્મદરમાં ઘટાડો નોંધવામાં આવ્યો હતો.

એવામાં લોકસંખ્યા તો ઘટી ગઈ, પરંતુ એની સાથે વડીલોની સંખ્યા વધવા લાગી છે. ૨૦૦૧માં ચીનની કુલ જનસંખ્યામાંથી માત્ર ૧૫ ટકા લોકો ૬૦ની ઉપરના હતાં. તો એ ટકાવારી આજે ૩૦ ટકા થઈ ગઈ છે. ૨૦૫૦ સુધી ચીનની કેટલીક જનતા સેવાનિવૃત્ત થઈ ગઈ હશે. એને કારણે રિટાયર્ડ લોકોનો આર્થિક બોજ કાર્યક્ષમ લોકો પર આવી જાય છે. એથી ચીનના ભવિષ્ય પર વધુ આર્થિક મંદીના વાદળ ઘેરાઈ રહ્યાં છે. એવી માન્યતા છે કે જે દેશમાં પરાવલંબી લોકોની સંખ્યા જેટલી ઓછી હશે તેટલી જ તે દેશની પ્રગતિ વધુ વેગવાન હશે.

ભારતમાં વર્તમાન સ્થિતિ એનાથી એકદમ વિપરીત છે. ચીનમાં એક તરફ કાર્યક્ષમ લોકોની સંખ્યામાં ઘટાડો થઈ રહ્યો છે. તો બીજી તરફ ભારતમાં રોજગારની શોધમાં ઘરની બહાર નીકળતા યુવાઓની સંખ્યામાં વધારો થઈ રહ્યો છે.

લોકસંખ્યાની સરાસરી ઉંમરનો વિચાર કરવામાં આવે તો ભારત આજે 'તરુણ' દેશ તરીકે ઓળખાય છે. ભારતીયોની સરેરાશ વય ૨૯ વર્ષ છે. તો અમેરિકામાં ૩૮, ચીનમાં ૩૯, યુરોપમાં ૪૨ અને રશિયામાં ૪૯ છે. જુલાઈમાં સંયુક્ત રાષ્ટ્રએ લોકસંખ્યા સંબંધી ચર્ચા કરી હતી. તેમના અનુમાન પ્રમાણે ભારતની જનસંખ્યા ૨૦૬૦ સુધીમાં ૧૭૦ કરોડ કાં તો એનાથી વધુ હશે.

આ સદીનાં અંત સુધી તો ભારત જ સર્વાધિક લોકસંખ્યાવાળો દેશ બની જશે.

લોકસંખ્યામાં ઘટાડો થવાથી ચીનને ઉદ્યોગમાં પણ નુકસાની વેઠવી પડશે. ત્યાં કામ કરતા લોકોની ઊણપ વર્તાશે. એને કારણે જગતભરમાં વસ્તુઓની નિકાસ કરવુ ચીન માટે એટલુ સરળ નહીં રહે. સાથે જ ચીનની મેન્યુફેક્ચરિંગ કંપનીઓ અન્ય દેશોમાં પોતાનો બિઝનેસ લઈ જશે. એવામાં આ કંપનીઓ જો ભારતમાં આવી જાય તો નવાઈ નહીં. તો બીજી તરફ ભારતમાં કામ કરનારા લોકોની સંખ્યામાં વધારો થશે. ભારત સરકારે આમ પણ વિવિધ યોજનાઓ શરૂ કરીને કંપનીઓને આકર્ષિત કરવાનું કામ અગાઉ શરૂ કરી દીધુ છે.

ભારતમાં જે પ્રકારે જનસંખ્યા વધી રહી છે એને કારણે સાધનસામગ્રી, મૂળભુત સુવિધાઓ, તેમજ કુદરતી સંસાધનો પર બોજ પડશે. સાથે જ યુવાપેઢીને શિક્ષિત કરીને તેમને રોજગાર આપવો એ પણ એક પડકાર રહેશે. જોકે એ માટે પણ સરકારે કારગર પગલાંઓ લેવાનું શરૂ કરી દીધું છે. તેમણે 'કૌશલ ભારત મિશન' જેવી યોજના શરૂ કરીને અને ઇન્ડસ્ટ્રીમાં ઇન્ટર્નશીપ આપીને યુવાઓને નોકરી આપી રહી છે. સાથે જ દ્વિપક્ષીય કરાર કરીને ભારતીયોને શિક્ષણ કે પછી નોકરી માટે અન્ય દેશમાં કઈ રીતે મોકલી શકાય એ માટે પણ સરકાર પ્રયત્નશીલ છે. ■

# સેન્સેક્સમાં પાંચ સત્રમાં પાંચ ટકાનો કડાકો, રોકાણકારોની સંપત્તિમાં ₹ ૧૬ લાખ કરોડનું ધોવાણ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: ઇઝરાયલના વળતા હુમલાની ચિંતા વચ્ચે પશ્ચિમ એશિયામાં વધતા તણાવ અને વિદેશી સંસ્થાકીય રોકાણકારોની એકધારી વેચવાલી વચ્ચે સ્થાનિક બજારમાં એફએમસીજી, ઓટો અને એનર્જી શેરોમાં તીવ્ર ધોવાણ થવાથી ઈક્વિટી બેન્ચમાર્ક સેન્સેક્સ અને નિફ્ટી શુક્રવારે નેગેટિવ અને પોઝિટિવ ઝોન વચ્ચે અથડાતાં અંતે સતત પાંચમા સત્રમાં એકાદ ટકા જેવા કડાકા સાથે નીચી સપાટીએ ગબડ્યા હતા. સેન્સેક્સમાં પાંચ સત્રમાં પાંચ ટકાના કડાકા સાથે રોકાણકારોની સંપત્તિમાં રૂ. ૧૬ લાખ કરોડનું ધોવાણ નોંધાયું છે.

આ ઉપરાંત, ભૌગોલિક રાજકીય તણાવને કારણે પુરવઠાની અનિશ્ચતતા વચ્ચે વૈશ્વિક ક્રૂડ ઓઇલના ભાવમાં વધારો થવાથી પણ બજારના સેન્ટિમેન્ટે ફટકો પડ્યો હતો. સપ્તાહના અંતિમ સત્રમાં સેન્સેક્સ ૮૦૮.૬૫ પોઈન્ટ અથવા ૦.૯૮ ટકા ઘટીને ૮૧,૬૮૮.૪૫ પર સેટલ થયો હતો. બેન્ચમાર્ક દિવસ દરમિયાન ૮૧,૫૩૨.૬૮ ની નીચી સપાટી અને ૮૩,૩૬૮.૩૨ ની ઊંચી સપાટીએ પહોંચ્યો, જે ૧,૮૩૫.૬૪ પોઈન્ટ્સના સ્વિંગને પ્રતિબિંબિત કરે છે.

જ્યારે નિફ્ટી ૨૦૦.૨૫ પોઈન્ટ અથવા ૦.૭૯ ટકા ઘટીને ૨૫,૦૪૯.૮૫ પર આવી ગયો હતો. ઇન્ટ્રા-ડે, તે ૨૪,૯૬૬.૮૦ની નીચી સપાટી અને ૨૫,૪૮૫.૦૫ની ઊંચી સપાટીએ પહોંચ્યો હતો. સેન્સેક્સની ૩૦ કંપનીઓમાંથી, મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા, બજાજ ફાઇનાન્સ, એશિયન પેઇન્ટ્સ, નેસ્લે, ભારતી એરટેલ, અલ્ટ્રાટેક સિમેન્ટ, હિન્દુસ્તાન યુનિલિવર, આઇટીસી અને એચડીએફસી બેન્ક ટોપ ગેઇનર્સ અને તેનાથી વિપરીત, ઈન્ફોસિસ, ટેક મહિન્દ્રા, ટાટા મોટર્સ, એક્સિસ બેન્ક, ટાટા કન્સલ્ટન્સી સર્વિસિસ અને સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયા ટોપ લૂઝર્સ બન્યા હતા.

સેન્સેક્સ ૨૦૦ પોઇન્ટ નીચી સપાટીએ ખૂલ્યો હતો. નિફ્ટી ૨૫,૨૦૦ની નીતે ખૂલીને ત્રણ સપ્તાહની નીચી સપાટીએ સરકી ગયો હતો. મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા નબળા પરિણામ પાછળ છટકા જેવો તૂટ્યો હતો. સેફાયર ફૂડ્સમાં બ્લોક ડીલ હતી. આઇટી અને બેન્ક શેરોમાં ચમકારો હતો, જ્યારે સ્મોલ અને મિડકેપ શેરોમાં વેચવાલીનું દબાણ રહ્યું હતું. જર્મન કંપનીની બીએમડબલ્યુ અને મીની કારનું વેચાણ ભારતમાં જાન્યુઆરીથી સપ્ટેમ્બરમાં ૧૦ ટકા વધ્યું છે. ડિફ્યુઝન તેના રૂ. ૧૬૮ના ઇશ્યુ ભાવ સામે ૧૧.૯૦ ટકા પ્રીમિયમ સાથે રૂ. ૧૮૮ના ભાવે અને એનએસઇ પર ૧૫.૧૭ ટકા પ્રીમિયમ સાથે લિસ્ટેડ થયો હતો. અમંતા હેલ્થકેર લિમિટેડે ૧.૨૫ કરોડ ઇક્વિટી શેરના ફ્રેશ ઇશ્યૂ માટે સેબી પાસે ડીઆરએચપી ફાઇલ કરાવ્યું છે.

સ્ટરાઇલ લિક્વિડ પ્રોડક્ટ્સની વિવિધ શ્રેણીનું ઉત્પાદન અને માર્કેટિંગ કરતી આ કંપની ૧,૨૫,૦,૦૦૦ ઇક્વિટી શેરના ફ્રેશ ઇશ્યૂ સાથે મૂડીબજારમાં પ્રવેશવાની યોજના ધરાવે છે. ભરણાંના ભંડોળનો ઉપયોગ ગુજરાત ખાતે નવી ઉત્પાદન સવલતની સ્થાપના સહિતના હેતુસર થશે.

વૈશ્વિક ઇક્વિટી બજારોમાં એકંદરે સાવચેતીનો માહોલ હતો, કારણ કે અમેરિકાના પ્રમુખ જો બાયડને મધ્યપૂર્વના યુદ્ધ અને ઇઝરાયલ દ્વારા વળતા હુમલા અંગે અસ્પષ્ટ અને મૂંઝવનારા કથનો કર્યા છે. પત્રકારો સાથેની વાતચીતમાં તેમણે કહ્યું છે કે ઇરાનના ઓઇલ ઇન્સ્ટોલેશન પર ઇઝરાયલના હુમલા અંગે ચર્ચાવિચારણા ચાલુ છે. એ જ સાથે, તેમણે એમ પણ કહ્યું છે કે ઇઝરાયલ તાત્કલિક વળતો હુમલો કરે એવી શક્યતા ઓછી છે. આ બંને વિધાનો ઇક્વિટી માર્કેટને વિરોધાભાસી સંકેત આપે છે.

એક્સચેન્જ ડેટા અનુસાર વિદેશી સંસ્થાકીય રોકાણકારો (એફઆઇઆઇ)એ ગુરુવારે રૂ. ૧૫,૨૪૩.૨૭ કરોડની ઇક્વિટી ઓફલોડ કરી હતી. એશિયન બજારોમાં, સિયોલ, ટોક્યો અને હોંગકોંગ સકારાત્મક ક્ષેત્રમાં સ્થિર થયા. મેઇનલેન્ડ ચીનમાં રજાના કારણે બજારો બંધ છે. યુરોપીયન બજારો મધ્ય સત્રના સોદામાં ઊંચા વેપાર કરી રહ્યા હતા. ગુરુવારે યુએસ બજારો નીચા સ્તરે બંધ થયા હતા. છેલ્લા ત્રણ દિવસમાં રોકડ બજારમાં રૂ. ૩૦,૬૧૪ કરોડની જંગી એફઆઇઆઇની વેચવાલી જોવા મળી છે. એફઆઇઆઇએ મોંઘા ભારતથી સસ્તા હોંગકોંગમાં નાણાં ખસેડી રહ્યા છે. ગ્લોબલ ઓઇલ બેન્ચમાર્ક બ્રેન્ટ ક્રૂડ ૦.૯૯ ટકા વધીને ૭૮.૩૯ પ્રતિ બેરલ પર પહોંચી ગયું છે.

દરમિયાન નોંધવું રહ્યું કે, ગુરુવારે સતત ચોથા સત્રમાં ઘટીને બેન્ચમાર્ક સેન્સેક્સ ૧,૭૬૯.૧૯ પોઈન્ટ અથવા ૨.૧૦ ટકા ઘટીને ૮૨,૪૯૭.૧૦ પર સેટલ થયો હતો. દિવસ દરમિયાન તે ૧,૮૩૨.૨૭ પોઈન્ટ અથવા ૨.૧૭ ટકા ઘટીને ૮૨,૪૩૪.૦૨ પર આવી ગયો હતો. નિફ્ટી ૫૪૬.૮૦ પોઈન્ટ અથવા ૨.૧૨ ટકા ઘટીને ૨૫,૨૫૦.૧૦ પર આવી ગયો હતો.

## પશ્ચિમ રેલવે

### ટ્રેક ઈન્સ્પેકશન અને મોનીટોરિંગ સિસ્ટમનું પ્રોક્યોરમેન્ટ

ચીફ એન્જિનિયર, પશ્ચિમ રેલવે, ચર્ચગેટ ઈ-ટેન્ડર નં.: W૬૪૧-૨૨-૨૩-૦૬A (E-૪૩૪૩૧૨) તા. ૩૦.૦૯.૨૦૨૪ મંગાવે છે. સ્ટોર્સ ટેન્ડરનું વર્ણન - ટ્રેક ઈન્સ્પેકશન અને મોનીટોરિંગ સિસ્ટમ (TIMS)નું પ્રોક્યોરમેન્ટ. જથ્થોઃ ૧૬. કુલ ટેન્ડર મૂલ્યઃ રૂ. ૨૩૧.૯૮ crs. બાના રકમઃ રૂ. ૫૦ લાખ. WR HQ ચર્ચગેટમાં પ્રી બીડ કોન્ફરન્સઃ ૦૭.૧૦.૨૦૨૪ ૧૧.૦૦ કલાકે. ટેન્ડરને બંધ થવાની તારીખઃ ૦૬.૧૧.૨૦૨૪ ૧૧.૦૦ કલાકે. વધુ વિગતો માટે કૃપા કરીને અમારી વેબસાઈટ www.ireps.gov.inની મુલાકાત લો. 0588

અમને લાઈક કરોઃ facebook.com/WesternRly

## TENDER NOTICE

Sealed Tenders are invited from Resourceful Builders / Developers for Redevelopment of

**CHARKOP MUSKURAHAT C.H.S. LTD.**

Plot No. 02, S. No.157, Ganesh Nagar, Kandivali (West), Mumbai - 400 067.

Plot Area (Lease deed)-1397 m2

Occupied Area – 28,065 Sq.Ft.

**Tender forms available at CONSULTANT'S OFFICE**

**M/s Conquistus Project Management Consultancy Pvt. Ltd.**

B/8, Sai Aastha C.H.S.L., Mulji Nagar, Borivali (West), Mumbai - 400 092.

**Ph.: 022 2862 0757**

Tender Form available between **05/10/2024 to 26/10/2024** 11am to 6pm on working days

**Tender Submission on 26/10/2024**

Tender Cost **Rs. 5,900/-** inclusive of GST in Cash (Non Refundable)

# હોમથોન પ્રોપર્ટી એક્સ્પો ૨૦૨૪ વેચાણ માટે ₹૧૦,૦૦૦ કરોડથી વધુની ઈન્વેન્ટરી સાથે ૭૭ નવા લોન્ચ જુએ છે



મુંબઈમાં BKC ખાતે જીયો વર્લ્ડ કન્વેન્શન સેન્ટરમાં શરૂ થયેલ હોમથોન પ્રોપર્ટી એક્સ્પો ૨૦૨૪ના ઉદ્દઘાટન પ્રસંગે નરેડકોના સભ્યો

મુંબઈ: મુંબઈ મેટ્રોપોલિટન રિજનના અદ્દભુત પ્રદર્શનમાં હોમથોન પ્રોપર્ટી એક્સ્પોની ત્રીજી આવૃત્તિમાં વાઇબ્રન્ટ રિયલ એસ્ટેટ સેક્ટર, ૭૭ થી વધુ નવા પ્રોજેક્ટ લોન્ચ કરવામાં આવ્યા હતા જેનું આયોજન નરેડકો મહારાષ્ટ્ર દ્વારા કરાયેલ. ₹૧૦,૦૦૦ કરોડથી વધુની ઇન્વેન્ટરી MMR પ્રદેશમાં લોન્ચ કરવામાં આવ્યું છે અને એક્સ્પોમાં પ્રદર્શિત કરવામાં આવી રહ્યું છે. આ મેગા ઇવેન્ટ રજૂ કરે છે મુંબઈની સૌથી ગતિશીલ રિયલ એસ્ટેટમાં રોકાણ કરવાની જીવનભરની અદ્દભુત તક. ઈન્વેન્ટરીમાં પોસાય તેવા આવાસથી લઈને મિલકતોની વ્યાપક શ્રેણી છે વૈભવી રહેઠાણો અને પ્રીમિયમ જમીન પાર્સલ પણ છે.

આ એક્સ્પો ૬ઠ્ઠી ઑક્ટોબર સુધી ચાલશે અને મુંબઈ મેટ્રોપોલિટન રિજન અને મહારાષ્ટ્રના અન્ય ભાગોમાં પ્રોપર્ટી ખરીદવાના વિવિધ વિકલ્પોની શોધ કરવા માટે ત્રણ દિવસીય પ્રદર્શન માટે પહેલેથી જ નોંધાયેલા ૭૫,૦૦૦થી વધુ ઘર ખરીદનારાઓ સાથે ઉછાળો જોવા મળ્યો છે. આ વર્ષની રજિસ્ટ્રેશન સંખ્યા ગયા વર્ષની સરખામણીમાં લગભગ ત્રણ ગણી છે જે વિવિધ સ્થળોએ હાઉસિંગ પ્રોપર્ટીઝ માટે ખરીદદારો દ્વારા ઘરની માલિકીની વિશાળ માંગ દર્શાવે છે. શ્રી પ્રશાંત શર્મા, પ્રમુખ, નરેડકો મહારાષ્ટ્રએ હોમથોન પ્રોપર્ટી એક્સ્પો ૨૦૨૪ના ઉદ્દઘાટન પ્રસંગે આ હકીકત જાહેર કરી હતી. ■

# સ્મોલ ગ્રેડની ખાંડમાં ₹ ૧૦થી ૩૦નો ઉછાળો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

નવી મુંબઈ: મહારાષ્ટ્રની ખાંડ મિલો પર ગઈકાલે સ્મોલ ગ્રેડની ખાંડમાં સ્થાનિક તેમ જ દેશાવરોની માગ જળવાઈ રહેતાં ટેન્ડરોમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૩૬૧૦થી ૩૬૫૦માં ગુણવત્તાનુસાર ટકેલા ધોરણે થયાના અહેવાલ હતા. જોકે, સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં આજે ખાસ કરીને સ્મોલ ગ્રેડની ખાંડમાં રિટેલ સ્તરની માગ વધુ રહેવાની સાથે અમુક માલની ગુણવત્તા પણ સારી આવી હોવાથી ભાવમાં નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૩૦નો અને ઉપલા મથાળેથી રૂ. ૩૦નો ઉછાળો આવ્યો હતો, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડમાં ટકેલું વલણ રહ્યું હતું. તેમ જ નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારોની લેવાલીને ટેકે ભાવમાં ટકેલું વલણ રહ્યું હતું. આજે સ્થાનિકમાં અંદાજે ૨૮થી ૨૯ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલી અને રિટેલ સ્તરની માગ જળવાઈ રહેતાં ઉપાડ લગભગ ૨૭થી ૨૮ ટ્રકનો રહ્યો હતો.

BRIHANMUMBAI MAHANAGARPALIKA

**K.E.M. હોસ્પિટલ, પરેલ**

નંબર KEMH/૨૫૧૨/AEME તારીખ ૦૪.૧૦.૨૦૨૪

**ઈ-ટેન્ડર નોટિસ**

| | | |
|---|---|---|
| ડિપાર્ટમેન્ટ | : | ડિપાર્ટમેન્ટ KEM હોસ્પિટલ |
| બીડ આમંત્રણ નંબર | : | બીડ નંબર ૨૦૨૪_MCGM_૧૦૭૧૩૦૧ |
| વિષય | : | KEM હોસ્પિટલમાં વિવિધ સામગ્રીના કામો હાથ ધરવા |
| બીડનું વેચાણ | : | તારીખ ૦૫.૧૦.૨૦૨૪ના ૧૬.૦૦ ક.થી તારીખ ૧૨.૧૦.૨૦૨૪ના ૧૬.૦૦ ક. |
| વેબસાઈટ | : | http://portal.mcgm.gov.in |
| A) સંપર્ક અધિકારી | : | આસી. એન્જીનીયર (M & E) KEM |
| B) નામ | : | શ્રીમતી મનીષા જાદવ / શ્રી કેતન ગાવડે |
| C) ટેલીફોન | : | ૦૨૨૨૪૧૦૭૭૬૮/૭૪૫૭ |
| D) ઈમેલ ID | : | ae02me.kem@mcgm.gov.in |

સહી/-

ડીન (KEMH)

PRO/1547/ADV./2024-25

**વૃક્ષો વાવો, વૃક્ષો બચાવો.**

# મલયેશિયા પાછળ આરબીડી પામોલિનમાં ઉછાળો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: શિકાગો ખાતે સોયાતેલના ઑક્ટોબર, ડિસેમ્બર અને જાન્યુઆરી વાયદામાં ગઈકાલે અનુક્રમે ૯૭ સેન્ટ, ૮૯ સેન્ટ અને ૯૧ સેન્ટ વધી આવ્યાના ઓવરનાઈટ અહેવાલ ઉપરાંત આજે મલયેશિયાના બુર્સા મલયેશિયા ડેરિવેટીવ્સ એક્સચેન્જ ખાતે ક્રૂડ પામતેલના ઑક્ટોબર, નવેમ્બર અને ડિસેમ્બર વાયદામાં અનુક્રમે ૧૩૩, ૧૨૬ અને ૧૨૩ રિંગિટ વધી આવ્યાના નિર્દેશો સાથે સ્થાનિક જથ્થાબંધ ખાદ્યતેલ બજારમાં પણ આયાતી તેલમાં એકમાત્ર આરબીડી પામોલિનમાં ૧૦ કિલોદીઠ રૂ. ૩૫નો ઉછાળો આવ્યો હતો, જ્યારે અન્ય આયાતી તેલમાં ટકેલું વલણ રહ્યું હતું.

વધુમાં આજે સૌરાષ્ટ્રનાં મથકો પર સિંગતેલમાં સ્થાનિક તેમ જ દેશાવરોની માગ નિરસ રહેતાં તેલિયા ટીનના ભાવમાં ૧૫ કિલોદીઠ રૂ. ૪૦નો અને લૂઝમાં રૂ. ૨૫નો ઘટાડો આવ્યો હોવાથી સ્થાનિક સ્તરે સિંગતેલના ભાવ ૧૦ કિલોદીઠ રૂ. ૧૦ વધી આવ્યા હતા. તેમ જ સરસવના ભાવમાં મથકો પાછળ રૂ. ૧૦નો સુધારો જોવા મળ્યો હતો. બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે ડાયરેક્ટ ડિલિવરી શરતે રિલાયન્સ રિટેલ અને ગોલ્ડન એગ્રીના આરબીડી પામોલિનના ૧૦ કિલોદીઠ ભાવ રૂ. ૧૩૨૫ અને એએનએના રૂ. ૧૩૩૦ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે રૂચીના આરબીડી પામોલિનના રૂ. ૧૩૦૫, સન રિફાઈન્ડના રૂ. ૧૨૯૫ અને સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૮૨ ક્વૉટ થઈ રહ્યા હતા. જોકે, આજે એકંદરે વેપાર છૂટાછવાયા ખપપૂરતા રહ્યા હતા.

આજે હાજરમાં વિવિધ દેશી-આયાતી ખાદ્યતેલના ૧૦ કિલોદીઠ ભાવમાં આરબીડી પામોલિનના રૂ. ૧૩૧૦, સોયા રિફાઈન્ડ અને સનરિફાઈન્ડના રૂ. ૧૨૮૦, સિંગતેલના રૂ. ૧૫૨૦, કપાસિયા રિફાઈન્ડના રૂ. ૧૩૨૦ અને સરસવના રૂ. ૧૪૩૦ના મથાળે રહ્યા હતા, જ્યારે ગુજરાતનાં મથકો પર સિંગતેલમાં તેલિયા ટીનના વેપાર ૧૦ કિલોદીઠ રૂ. ૨૩૫૦માં અને લૂઝમાં ૧૦ કિલોદીઠ રૂ. ૧૪૭૫માં થયા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. આજે મધ્ય પ્રદેશનાં મથકો પર આજે સોયાબીનના જૂના-નવા માલોની અંદાજે ૨.૨૫ લાખ ગૂણીની આવક હતી, જેમાં ૭૫ ટકા નવા અને ૨૫ ટકા જૂના માલોનો સમાવેશ થતો હતો. આજે મંડીમાં સોયાબીનના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૯૦૦થી ૪૫૫૦માં અને પ્લાન્ટ ડિલિવરી શરતે રૂ. ૪૬૦૦થી ૪૭૦૦માં થયા હતા, જ્યારે રાજસ્થાનમાં સરસવની ૧.૬૫ લાખ ગૂણીની આવક સામે જયપુરની મંડીમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૭૦૨૫થી ૭૦૫૦માં થયા હતા.

BRIHANMUMBAI MAHANAGARPALIKA

**પબ્લિક હેલ્થ વિભાગ**

**કસ્તુરબા હોસ્પિટલ**

સાને ગુરુજી માર્ગ, મુંબઈ-૪૦૦૦૧૧.

નં. HO/૬૦૨૪/KH તારીખ ૪/૧૦/૨૦૨૪

**ઈ-ટેન્ડર નોટીસ**

BMCના મ્યુનિસિપલ કમિશનર માટે અને વતી મેડિકલ સુપ્રિ- કસ્તુરબા હોસ્પિટલ દ્વારા નીચેના સદર કામ માટે ઓનલાઈન ટેન્ડર મંગાવે છે.

| ક્ર. નં. | બીડ નંબર | આઈટમનું નામ | જથ્થો |
|---|---|---|---|
| ૧ | ૨૦૨૪_MCGM_ ૧૧૦૧૯૮૮_૧ | કસ્તુરબા હોસ્પિટલ ખાતે વોર્ડ ૯ની બાજુમાં વોટર ટેન્ક માટે મિલ્ડ સ્ટીલ બેઝ એસેમ્બલી અને સલગ્ન કામોનું ડિસ્મેન્ટલીંગ અને ફેબ્રિકેટિંગ | જથ્થો ના બીલ મુજબ |

બીડ પ્રારંભઃ ૦૫.૧૦.૨૦૨૪ ૧૦.૦૦ કલાકે
બીડ સમાપ્તિઃ ૧૧.૧૦.૨૦૨૪ ૧૬.૦૦ કલાકે

સંપર્ક ઓફિસરઃ ડૉ. ચંદ્રકાંત પી. પવાર, મેડિકલ સુપ્રિ.- કસ્તુરબા હોસ્પિટલ

ટેલિ. નં. ૦૨૨-૨૩૦૨૭૭૬૯ ઈમેલઃ ms01kasturba.phd@mcgm.gov.in

નિયત પ્રક્રિયા મુજબ બિડ ઓનલાઈન સુપ્રત કરવી જોઈએ. સંપૂર્ણ ઈ-ટેન્ડર દસ્તાવેજો મહા ટેન્ડરના પોર્ટલ https://mahatenders.gov.in/ પર ઉપલબ્ધ છે.

સહી/-

મેડિકલ સુપ્રિ.

કસ્તુરબા હોસ્પિટલ

PRO/1554/ADV./2024-25

**વૃક્ષો વાવો, વૃક્ષો બચાવો.**

# ડૉલર સામે રૂપિયો બે પૈસા નરમ

મુંબઈ: મધ્ય પૂર્વના દેશોમાં વધેલા તણાવ વચ્ચે આજે ક્રૂડતેલના ભાવમાં આગેકૂચ તેમ જ સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં નરમાઈનું વલણ અને વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં વેચવાલી જળવાઈ રહેતાં સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયો ગઈકાલના બંધ સામે બે પૈસાના ઘટાડા સાથે ૮૩.૯૮ની સપાટીએ બંધ રહ્યો હતો. જોકે, સ્થાનિક બજારમાં રૂપિયો નીચી સપાટી આસપાસ રહ્યો હોવાથી રિઝર્વ બૅન્ક ઑફ ઈન્ડિયાના સંભવિત હસ્તક્ષેપને પગલે રૂપિયામાં મોટો ઘટાડો અટક્યો હોવાનું ફોરેક્સ ટ્રેડરોએ જણાવ્યું હતું.

આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગઈકાલના ૮૩.૯૬ના બંધ સામે ભાવ ટૂ ભાવ ૮૩.૯૬ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૮૩.૯૮ અને ઉપરમાં ૮૩.૯૩ની રેન્જમાં અથડાઈને અંતે ગઈકાલના બંધ સામે બે પૈસાના ઘટાડા સાથે ૮૩.૯૮ના મથાળે બંધ રહ્યો હતો.

આજે રિઝર્વ બૅન્ક ઑફ ઈન્ડિયા દ્વારા નીચા મથાળેથી શોર્ટ ટર્મ ઑફ શૉર માર્કેટમાં ડૉલરનું વેચાણ થયું હોવાથી રૂપિયામાં ધોવાણ મર્યાદિત રહ્યું હોવાનું બીએનપી પારિબાસના વિશ્લેષક અનુજ ચૌધરીએ જણાવ્યું હતું. જોકે, હાલના તબક્કે મધ્ય પૂર્વના દેશો ઈરાન-ઈઝરાયલ વચ્ચે વધેલા રાજકીય-ભૌગોલિક તણાવ અને વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં વેચવાલીના દબાણને ધ્યાનમાં લેતાં આગામી ટૂંકા સમયગાળા દરમિયાન ડૉલર સામે રૂપિયો દબાણ હેઠળ રહેતાં ૮૩.૭૫થી ૮૪.૨૦ની રેન્જમાં અથડાતો રહે તેવી શક્યતા તેમણે વ્યક્ત કરી હતી.

દરમિયાન આજે વિશ્વ બજારમાં બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ આગલા બંધ સામે વધુ ૧.૧૨ ટકા વધીને બેરલદીઠ ૭૮.૪૯ આસપાસ ક્વૉટ થઈ રહ્યા હોવાથી તેમ જ સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ અને એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટીમાં અનુક્રમે ૮૦૮.૬૫ પૉઈન્ટનો અને ૨૦૦.૨૫ પૉઈન્ટનો ઘટાડો તથા ગઈકાલે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં રૂ. ૧૫,૨૪૩.૨૭ કરોડની ચોખ્ખી વેચવાલી રહી હોવાથી રૂપિયો દબાણ હેઠળ રહ્યો હતો.

BRIHANMUMBAI MAHANAGARPALIKA

**શિક્ષણ વિભાગ**

નં. EO/CPD/૭૦૩ તારીખ : ૦૪-૧૦-૨૦૨૪

**ઈ-ટેન્ડર નોટિસ**

BMCના શિક્ષણ વિભાગ ''વર્ષ ૨૦૨૪-૨૫ માટે BMC વિદ્યાર્થીના વાર્ષિક સાંસ્કૃતિક કાર્યક્રમની કલ્પનાત્મક, યોજના, રચના, આયોજન અને સંચાલન માટે એજન્સીની પસંદગી માટે ઈ-ટેન્ડર'' માટે પ્રતિષ્ઠિત અને અનુભવી બિડરો પાસેથી ઈ-ટેન્ડરો મંગાવે છે.

| બા.ર.ડી. | સાં. ૬.૦૦ કલાકથી બીડની ડાઉનલોડ કરવાની પ્રારંભ તારીખ | સાં. ૪.૦૦ ક. સુધી ઓનલાઈન બીડ સુપ્રતિ માટે પાકતી તારીખ | ટેન્ડર માન્યતા મુદત |
|---|---|---|---|
| રૂ. ૧૧,૧૦,૦૦૦.૦૦/- | ૦૫.૧૦.૨૦૨૪ | ૨૫.૧૦.૨૦૨૪ | ૧૮૦ દિવસ |

અન્ય તમામ વિગતો (https://www.mahatenders.gov.in) પર ટેન્ડર ફોર્મમાં ઉપલબ્ધ છે. ટેન્ડરરે ટેન્ડર દસ્તાવેજો ડાઉનલોડ કરતા પહેલા ઓનલાઈન પેમેન્ટ ગેટવે દ્વારા રૂ. ૧૬૫૦૦/- + ૧૮% GSTની ''ટેન્ડર સ્કુટીની ફી'' ચૂકવવાની રહેશે.

**પ્રી-બિડ મિટિંગ**

પ્રી-બિડ મિટિંગ શિક્ષણ ઓફિસર, ગ્રાઉન્ડ ફ્લોર, ત્રિવેણી સંગમ મ્યુનિ. સ્કૂલ બિલ્ડિંગ, મહાદેવ પાલવ માર્ગ, કરી રોડ (પૂર્વ), મુંબઈ-૪૦૦૦૧૨ની કોન્ફરન્સ હોલ, ઓફિસ ખાતે ૦૯.૧૦.૨૦૨૪ના બ. ૩.૦૦ કલાકે યોજાશે.

શંકા/જરૂરિયાતો સ્પષ્ટ કરવા માટે, જો કોઈ હોય તો.

શિક્ષણ ઓફિસર

બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન

PRO/1564/ADV./2024-25

**વૃક્ષો વાવો, વૃક્ષો બચાવો.**

## PUBLIC NOTICE પબ્લિક નોટીસ

BRIHANMUMBAI MAHANAGARPALIKA

**પબ્લિક નોટિસ**

**નંબર ACPN/૧૭૧૫/SR/AEM તા. ૦૪-૧૦-૨૦૨૪**

| | |
|---|---|
| વિભાગ | આસી. કમિશનર P/નોર્થ, મલાડ (પ), મુંબઈ-૪૦૦૦૬૪ની ઓફિસ. |
| સેક્શન | મેન્ટેનન્સ ડિપાર્ટમેન્ટ P/N |
| બીડ નં. | ૨૦૨૪_MCGM_૧૧૦૨૪૮૬ |
| વિષય | મનોરી ગામ, મલાડ (પ)ની S. નં. ૨૯૦, CTS નં. ૧૦૫૩ ખાતે હિંદુ સ્મશાનભૂમિનું બાંધકામ/સુધારો |
| ટેન્ડર તારીખ | તા. ૦૫-૧૦-૨૦૨૪, ૦૯.૦૦ કલાકથી તા. ૧૧-૧૦-૨૦૨૪, ૧૧.૦૦ કલાકે. |
| વેબસાઈટ | http://portal.mcgm.gov.in |
| સંપર્ક વ્યક્તિ | |
| a) નામઃ<br>b) ઓફિસ નંબર<br>c) ઈમેલ Id | શ્રી. હરિશચંદ્ર જાધવ, વોર્ડ એક્ષિ. એન્જિ. P/N<br>૯૦૮૨૦૨૩૩૪૬<br>ee.pn@mcgm.gov.in |

સહી/-

આસી. કમિશનર P/N

PRO/1523/ADV./2024-25

**પાણી બચાવો, પાણીનો દુર્વ્યય ટાળો.**

BRIHANMUMBAI MAHANAGARPALIKA

**जाहिरात**

**'एल' विभाग**

| | |
|---|---|
| खातेः | सहाय्यक आयुक्त एल विभाग |
| विषयः | प्रधानमंत्री खनिज क्षेत्र कल्याण योजना (PMKKKY) अंतर्गत एल विभागातील चांदिवली विधानसभा क्षेत्रातील गरीब गरजू महिलांचे सक्षमीकरण व जीवनमान उंचावण्याच्या दृष्टीने त्यांना स्वयंरोजगाराकरिता **मिक्सर ज्यूसर** खरेदी करण्याकरिता अर्थसहाय्य देण्याबाबत. |
| लाभार्थी पात्रता निकष | १) पिवळी / केशरी शिधापत्रिकाधारक.<br>२) वयोमर्यादा १८ वर्षे पूर्ण (उच्चतम वयोमर्यादा ६० वर्षे)<br>३) लाभार्थी एल विभाग अंतर्गत चांदिवली विधानसभा क्षेत्रातील रहिवासी असावा.<br>४) लाभार्थ्यांने यापूर्वी शासनाच्या / महानगरपालिकेच्या योजनेतून यंत्रसामुग्री योजनेचा लाभ घेतलेला नसावा. |
| अर्जासोबत सादर करावयाची आवश्यक कागदपत्रे | विहित नमुन्यातील अर्जासह खालील कागदपत्रांच्या स्वसाक्षांकित छायांकित प्रती सादर कराव्यात.<br>१) पिवळ्याकेशरी रंगाची शिधापत्रिका<br>२) आधार कार्ड<br>३) मतदान ओळखपत्र<br>४) पॅनकार्ड<br>५) अर्जामधील प्रतिज्ञापत्र (स्वयंघोषणापत्र) |
| अर्ज वितरीत करण्याचा कालावधी | दि. ०७/१०/२०२४ वेळः सकाळी ११.०० ते दु. ४.०० पासून<br>दि. ११/१०/२०२४ वेळः सकाळी ११.०० ते दु. ३.०० पर्यंत |
| अर्ज स्विकारण्याचा करण्याचा कालावधी | दि. ०७/१०/२०२४ वेळः सकाळी ११.०० ते दु. ४.०० पासून<br>दि. ११/१०/२०२४ वेळः सकाळी ११.०० ते दु. ४.०० पर्यंत |
| अर्ज वितरीत व स्विकारण्याचे ठिकाण | आवक जावक खाते एल विभाग कार्यालय, एस. जी. बर्वे मार्ग, कुर्ला (पश्चिम), मुंबई-४०००७०. |
| अ) संपर्क अधिकारी | समाज विकास अधिकारी (नियोजन) एल विभाग |
| ब) दूरध्वनी (कार्यालय) | ०२२-२६५०७२५० |

सही/-

सहाय्यक आयुक्त एल विभाग

04.10.24

PRO/1563/ADV./2024-25

**પાણી બચાવો, પાણીનો દુર્વ્યય ટાળો**

BRIHANMUMBAI MAHANAGARPALIKA

**ઈ-ટેન્ડર નોટીસ**

| | |
|---|---|
| ટેન્ડર દસ્તાવેજ નં. | ૨૦૨૪_MCGM_૧૧૦૪૦૯૫_૧ |
| સંસ્થાનું નામ | બૃહદ્ મુંબઈ મહાનગરપાલિકા |
| વિષય | મિકેનાઈઝડ પ્રાઈવેટ લોન્ડ્રીમાંથી ઈમરજન્સી ધોરણે મેજર હોસ્પિટલ B.Y.L. નાયર અને L.T.M.G. હોસ્પિટલના ગંદા લિનન્સ ધોવા. |
| સ્કુટીની ફી | રૂ. ૩,૩૦૦ + (૧૮% GST) |
| અંદાજિત ખર્ચ | આઈટમ રેટ ટેન્ડર |
| બીડ સુરક્ષા જમા/ બારડી | રૂા. ૧૯,૮૦૦/- |
| ટેન્ડર જારી અને વેચાણની શરૂઆત તારીખ | ૦૫.૧૦.૨૦૨૪ના ૧૬ ક. થી |
| ટેન્ડરની વેચાણ માટેની અંતિમ તારીખ અને સમય & બીડ સુરક્ષા ડિપોઝિટની પ્રાપ્તિ | ૧૧.૧૦.૨૦૨૪ ૧૬ ક. સુધી |
| પેકેટ A, B અને પેકેટ Cની સુપ્રતિ (ઓનલાઈન) | ૧૪.૧૦.૨૦૨૪ ૧૬ ક. સુધી |
| પ્રી-બીડ મીટીંગ | લાગું પડતું નથી |
| પેકેટ A ખુલશે | ૧૪.૧૦.૨૦૨૪ના ૧૬.૦૦ ક. પછી |
| પેકેટ B ખુલશે | ૧૪.૧૦.૨૦૨૪ના ૧૬.૦૦ ક. પછી |
| પેકેટ C ખુલશે | ૧૬.૧૦.૨૦૨૪ના ૧૬.૦૦ ક. પછી |
| સંચાર માટેનું સરનામું | એક્ષિ. એન્જિ મીકે. (સાઉથ), મ્યુનિ. વર્કશોપ, R.S. નીમકર માર્ગ, ભાયખલા (પ.), મુંબઈ-૪૦૦૦૦૮ની ઓફિસ. |
| બીડ ખુલવાનું સ્થળ | આસીસ્ટન્ટ એન્જિનિયર (મ્યુનિસિપલ પાવર લોન્ડ્રી), નાયગાંવ પોલીસ ટ્રેનિંગ સેન્ટર પાસે, સ્ટ્રીટ નં. ૩૯, સ્કીમ નં. ૫૭, ભોઈવાડા, પરેલ, મુંબઈ-૪૦૦૦૧૨ની ઓફિસમાં ઓનલાઈન |
| MCGM વેબસાઈટ | www.portal.mcgm.gov.in |
| ઈ-મેલ સરનામું | aempl.me@mcgm.gov.in |

આ ટેન્ડર દસ્તાવેજ ટ્રાન્સફરેબલ નથી.

BMC કોઈપણ કારણ આપ્યા વિના ઉપરોક્ત વિષય માટે મળેલ કોઈપણ અરજી સ્વીકારવા કે કોઈપણ કે તમામ અરજી નકારવાના હક્કો અનામત રાખે છે.

સહી/-

એક્ઝી. એન્જિ. (મીકે.) સાઉથ

PRO/1559/ADV./2024-25

**પાણી બચાઓ, પાણીનો દુર્વ્યય ટાળો.**

"MUMBAI SAMACHAR" Newspaper (Periodicity-Daily) Owners The Bombay Samachar Pvt. Ltd. Publisher and Printer Meherwanji Rustomji Cama, Printed at their Press "Mumbai Samachar" at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708 and Published from Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. **RNI Registration No. 1563/1957.** ''મુંબઈ સમાચાર'' પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ., પ્લોટ ક્ર. ૨૨,દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના ''મુંબઈ સમાચાર'' પ્રેસમાં મહેરવાનજી રૂસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રીઃ *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર). ઈ-મેઈલઃ **samachar.bombay@gmail.com** ટેલિફોનઃ ૨૨૦૪૫૫૩૧-૩૩. **R.N.I. No. 1563/1957.**




**Scorpio Enterprise** (Company Showroom) તુરખીયા પાક, સ્વામિનારાયણ મદિર ની પાસ, અમ. જી. રાડ. કાદીવલી (વસ્ટ) Tel. 022-28011957 / 58 • Helpline No. 99303 82445

| | |
|---|---|
| ચર્ની રોડ : યાશી માર્કેટીંગ | 98921 64745 |
| બોરીવલી : નવદીપ એન્ટરપ્રાયજેસ | 73042 73041 |
| ગોરેગાંવ : શક્તી ઈલેક્ટ્રૉનિક્સ | 98206 55110 |
| કાંદિવલી (વે) : શ્રીજી ઈલેક્ટ્રૉનિક્સ | 98194 21119 |
| માનખુર્દ : ન્યૂ નૅશનલ ઈલેક્ટ્રૉનિક્સ | 88506 68065 |
| મલાડ : ગાલા સન્સ | 98207 79679 |
| અંધેરી (ઈસ્ટ) : નવલ સેલ્સ કોર્પોરેશન | 93245 14717 |
| વિલેપાર્લે : અલ્ફા 3 | 99876 70762 |
| ભાયંદર (વેસ્ટ) : ભૈરવ ઈલેક્ટ્રૉનિક્સ | 79779 32497 |
| વસઈ : જ્ઞાન સેલ્સ | 93244 45559 |
| બોઈસર : ગાયત્રી હોમ અપ્લાયન્સીસ | 90969 24733 |
| પાલઘર : જયલક્ષ્મી હોમ | 92267 10296 |
| નાલાસોપારા : પ્રિન્સ હોમ | 93241 83393 |
| નાલાસોપારા : મહાદેવ સેલ્સ | 90286 73766 |
| સાનપાડા : મહાવીર ટ્રેડિંગ | 99678 64530 |
| પાલઘર : રૂચિત ઈલેક્ટ્રૉનિક્સ | 92251 19780 |
| સફાળે : સપના ઈલેક્ટ્રૉનિક્સ | 81493 62535 |
| ચેમ્બુર : મુરૂગન સ્ટીલ | 2521 1769 |
| ચેમ્બુર : નટારાજ એમ્પોરીયમ | 98203 81075 |
| ઘાટકોપર (વેસ્ટ) : દિપક સ્ટીલ | 98206 03020 |
| ઘાટકોપર : શ્રી અમાજ મા ઈલેક્ટ્રૉનિક્સ | 84335 55506 |
| પરેલ : ભવલ અપ્લાયન્સીસ | 79771 09677 |
| મુલુંડ (વેસ્ટ) : મેહુલ સ્ટીલ | 77180 67750 |
| પનવેલ : અક્ષર ડીઝીટલ | 72086 49864 |
| થાણા : પ્રિન્સ ઈલેક્ટ્રૉનિક્સ | 2533 7726 |
| કલ્યાણ (વેસ્ટ) : પ્રભાત કિચન | 92205 80000 |
| કલ્યાણ (વેસ્ટ) : સુપ્રીમ ટ્રેડર્સ | 90299 33773 |
| ઉલ્હાસનગર : લક્ષ્મી ક્રોકરી | 98222 33114 |
| કલ્યાણ : પ્રભાત કિચન | 99206 30001 |
| ભિવંડી : વસાની ઈલેક્ટ્રોનિક્સ | 8698472928/9822330132 |
| થાણા (વેસ્ટ) : શ્રીજી એન્ટરપ્રાયજેસ | 8291221226 |
| મિરા રોડ : સુપર ઈલેક્ટ્રોનિક્સ | 98211 39720 |
| વાશી : ટોપ ટેન ઈલેક્ટ્રોનિક્સ | 2781 0206 |
| ખાર : જય આમાજમા ઈલેક્ટ્રોનિક્સ | 99871 27071 |
| વાશી : મિલન સ્ટીલ | 99206 21869 |
| પનવેલ : મહાલક્ષ્મી સેલ્સ | 70457 38376 |
| પેન : પુનમિયા વેચાણ | 93261 77722 |
| રોહા : અમિત સેલ્સ | 97300 85777 |
| રોહા : એસકે ઈલેક્ટ્રોનિક | 97623 98049 |
| વસઈ : જય મા તુલસી | 80875 75605 |
| બોઈસર : પરફેક્ટ ઈલેક્ટ્રોનિક | 96374 41244 |
| વાડા - અંબાડી : કુલસ્વામિની ઈલેક્ટ્રોનિક | 98606 91879 |

ગ્લોડનલાઈન સીરીજ ડિસ્ટ્રીબ્યુટર્સ : સેંટ્રલ લાઈન – થાણા નિલકંઠ ટ્રેડલીંક – મો.: 81086 58838 મીરા રોડ – દહાણુ, રાજગુરૂ ઈલેક્ટ્રોનિક્સ, અપ્લાયન્સિસ – મો : 9773574102

Available at All Showrooms KOHINOOR | Digi 1 | croma | UB USHA AGENCY | Alfa-3 Vileparle | TOP TEN




(DGIPR 3954)